
પંજાબનું પ્રચંડ [illegible]



ગાંડીવ સાહિત્ય વાટિકા
પુષ્પઃ :ચોથું

પંજાબનું પ્રચંડ કાવતરૂં

(ખંડ ૧ લો તથા ૨ જો)

લેખકઃ
શ્રી શચીન્દ્રનાથ સાન્યાલ

૪

પ્રગટકર્તા—
ગાંડીવ સાહિત્ય મન્દિર
૧૮૦–કેળાંપીઠ
દોઢ] સુરત [રૂપિયો

ગાંડીવ સાહિત્ય વાટિકા

ગાંડીવ છાપખાનું કળાપીઠ સુરતમાં
છાપી ગાંડીવ સાહિત્ય મંદિરમાંથી
નટવરલાલ વીમાવાળાએ પ્રગટ કરી.

પંજાબમાં રાજદ્રોહ

પંજાબના શીખો, મુસ્લીમો, તેમજ હિન્દુઓમાંની લડાયક કોમો (રજપૂતો તથા જાટો) ભારે વીર્યવાન પ્રજા છે. તેમણે મહારાજ્યનાં યુદ્ધોમાં પોતાનાં લોહી વહાવ્યાં છે. મહારાજ્યના હિત કારણે તેઓ મુલક મુલકમાં, દૂર દૂર ભટકયા છે; અને છતાં એટલું તો સ્પષ્ટ જણાશે, કે કેળવણી તેમજ આર્થિક સંપત્તિની નજરે તેમને ભારે દુ:ખ–વધારેમાં વધારે મુશ્કેલીઓ ખમવી પડી છે. એમનામાંજ સૌથી મોટામાં મોટો અભણ વર્ગ છે. પંજાબના સૌ વર્ગોમાં એજ વર્ગોની પ્રગતિ થયેલ નથી—એમનોજ કંઈ વિકાસ થયો નથી. તેઓ કરજમાં ખૂબ ડૂબેલા છે. સરકારે એ વાત અવારનવાર કબૂલ કરેલી છે, એટલુંજ નહિ પણ સરકારી ઓદ્ધાઓની નીમણૂંકોમાં તેમને પસંદગી આપીને તેમજ માનચાંદની લહાણી અને ધારાસભાઓમાંની બેઠકોમાં તેઓમાંના કેટલાક આગેવાનોને નીમીને એ કોમોને સંતોષવા પ્રયત્ન પણ આદરેલો હોય એમ જણાય છે; પરંતુ આ હાસ્યાસ્પદ ઠીંગડા જેવા પ્રયત્નોથી સરકારનો હેતુ પાર પાડયો નથી. એ ઠીંગડઠુંગડ પ્રસાદથી આ અસંતુષ્ટ થયેલા વર્ગોમાં જરાયે સંતોષ પ્રગટયો નથી. તેમને તો ભણવાની અને પોતાની આર્થિક સ્થિતિ સુધારવાની તક જોઇએ છે. જ્યાં સુધી કેળવણીનો સર્વસામાન્ય પ્રચાર ન થાય, તેમજ એની શિવાયના બીજા ઉદ્યોગોની ખીલવણી અને જમીનની વધારે એક સરખી વહેંચણીના પ્રશ્નો ન ઉકેલાય, ત્યાં સુધી એ ન બને. સરકારે એ વાત કદી હાથ ધરવાની કાળજી ન રાખી, એટલે શીખો અને મુસ્લીમોએ સ્વાભાવિક રીતે પરદેશગમન તરફ પોતાનું ધ્યાન દોડાવ્યું.

મહારાજ્યના બીજા વિભાગો સંસ્થાનો આદિમાં વ્યાપારાદિ

ખેડવાનું જે ક્ષેત્ર પડેલું તેમણે નિરખ્યું તેના વડે તેમની દાઢ સળકી. તેમણે પોતાની દશાને એ પરદેશવાસીઓની સ્થિતિ સાથે સરખાવી જોઈ, અને પોતાને સૂઝે તેવા ખ્યાલ બાંધ્યા. મહારાજ્યને વધારવાના અને ખીલવવાના કાર્યમાં પોતે મદદ કરેલી, એટલે તેમને લાગેજ કે અમને એમાંથી કંઇ લાભ પ્રાપ્ત થવોજ જોઇએ. મહારાજ્યના અન્ય ભાગોમાં પોતાને ઠીક આવકાર મળે એવી તેમને આશા હોયજ. તેને બદલે તો આંગણામાંથીજ દરવાજા ભડાભડ દેવાઈ ગયા. જેમને અંદર જવાનું મળ્યું તેમનેયે ભારે સ્વમાનહાનિ વેઠવી પડી. તેમને હાંકી કાઢવાને તેમજ તેમનું જીવન કેવળ દુઃખમય કરી મૂકવાને માટે શકય હોય તેટલા પગલાં લેવામાં આવ્યાં. તેમનાં સ્ત્રી પુત્ર પરિવારને દાખલ થવાની મના થઈ, અને જાત જાતના તરેહવાર બહાનાંઓથી તેમનો પ્રવેશ અટકાવ્યો વા તો કાઢી મૂકયાં. મહાયુદ્ધ દરમ્યાન ઘદર પક્ષવાળા શીખો દેશ પાછા ફર્યા ત્યાં સુધી તો પંજાબમાં બળવાચળવળનો અંશ નહિ જેવોજ હતો. રાઉલાટ કમિટી સમજાવી નથી શકી કે શા કારણસર કેલિફોર્નિયા અને વાનકુવરના શીખો કેલિફોર્નિયાની બળવામંડળીના આગેવાન સંસ્થાપકો મનાતા હરદયાળ અને બરકતઉલ્લા સાથે ભળી ગયા ? તેમની અને એ બળવાવાદીઓની વચ્ચે સામ્ય તો કશુંયે ન હતું ! × × × વાંચક તુરત સમજી શકશે કે મૂળ કારણો શુદ્ધ આર્થિક છે. શીખોને કાનડા જવાનું કારણ શું ? એ સાહસ માટે તેઓએ શા સારૂ ભારે ભોગ આપ્યા ? તેઓ હિન્દ પાછા ફરવા કેમ રાજી નહોતા ? કારણ—

કારણ એજ, કે તેઓને દેશમાં ખાવાના ફાંફાં હતાં. પરદેશમાં રળવાને માટે સરસ ક્ષેત્ર હતું. દેશમાં તો પોતાની શક્તિઓ ખરચવા જેટલો જમીનમાં કસ નહોતો, અને આવકના સાધનની મારામારી હતી. ઘણુંખરૂં તો એવું બનતું કે જમીનની પેદાશ

શાહુકારનું કે સરકારનું ભરણું ભરવા જેટલીયે ન થતી. માત્ર સંસારી જંજાળ અને સ્વદેશવત્સલતા શિવાય હિન્દમાં તેમને સ્થાયી રહેવાને ઉત્સુક કરે એવી એકેય પ્રલોભના ન હતી. અને બહુ બહુ આફત વેઠવી પડે એટલે બાપડા શું કરે? વખાના માર્યા, દેવા ચૂકવવા સારૂ, અને પોતાની જમીનો છોડાવવાનું તથા કંઈ નવી ખરીદવાનું અને સુખે સંસાર નિભાવવાનું બને તેટલા સારૂ, તેઓ માતૃભૂમિ તજીને નીકળ્યા. દુનિયામાં બહાર પડીને જુએ છે તો ચોગરદમ તેમની અને સુખનાં સાધનોની વચ્ચે મોટા મોટા પહાડો અને અંતરાયો ઉભાં કરવામાં આવ્યા છે. મહારાજ્યને ઘડવામાં તેમણે મદદ કરેલી; મહારાજ્યમાં પોતાનાં પ્રજાજનોને પોષવાને પૂરતી, પૂરતીથીએ વધુ જમીન અને સાધન સંપત્તિ છે; પડતર જમીનને ખેડે અને મહારાજ્યનાં સાધનો ખીલવે તેટલા ખાતર મહારાજ્ય બીજાઓને તેડે છે અને બીજી પ્રજાઓના માણસોને સામી લાલચ આપી બોલાવે છે—અને એમને—માત્ર એમનેજ કોઈ ન પ્રવેશ કરવા દે—ન કોઇ આવકાર આપે!

અને બીજું, પંજાબ સરકારે રાજદ્વારી આંદોલનો અને તેના આગેવાનો સામે જે વર્તન ચાલૂ રાખ્યું હતું તે ધ્યાનમાં લ્યો. ૧૮૧૮ના ત્રીજા રેગ્યુલેશનને ફરી જીવંત કરવાની પહેલ કરનાર એજ સરકાર—એક દુષ્ટ કાયદાની સામેની કાયદેસરની ચળવળને પણ દાબી દેવા સારૂ સરકારે એમ કર્યું હતું. કોઇ ડાહ્યો અને ચપળ સુબેદાર તો એ કાયદો જતોજ કરે. પાછળથી શાંતિ જાળવવા તેમ કરવુંજ પડેલું. અવારનવાર દેશનિકાલીના પ્રસંગો અશાંતિના મૂળ ઉંડા ઉતાર્યે જતાં. બધાં કારણો ટુંકમાં ગણાવીએ તોઃ—

(૧) હિંદના બીજા સૌ હાકેમો કરતાં પંજાબના સુબેદાર વાણી અને લેખનની સ્વતંત્રતા સામે હમ્મેશા વધારે દમનનીતિ

ચલાવતો આવે છે.

(૨) એક કાળે આર્યસમાજીઓને દુઃખ દેવામાં અને પરમાનંદજી પાસેથી મળી આવેલા કાગળો પરથી કાગનો વાઘ કરવામાં પંજાબ સરકારે ઘેલું શરાતન (!) બતાવેલું.

(૩) રાજદ્રોહની બાબતોમાં પંજાબની અદાલતો એવી એવી કડક ક્રૂર સજા કરતી કે હિંદના ગુન્હાખાતાના ઇતિહાસમાં અપૂર્વ તરીકે ઝળકી રહે.

(૪) જાહેર જીવનને સાંધે તથા આડે દરેક માર્ગે દાબી નાંખવાની સરકારી વૃત્તિએ છૂપી ચળવળો કરવાનું સૂઝાડયું.

(૫) દિલ્હી કાવતરાં કેસમાં થયેલી સજાઓ, બંગાળામાં તેવાજ મુકદ્દમામાં અપાયલા ચુકાદાઓ કરતાં બહુજ સખત અને કડક હતી. ચારને ફાંસીએ લટકાવ્યા, તેમાંના બેને તો ગુન્હામાં શામેલગીરી ન હોવા છતાં માત્ર મંડળીમાં સભ્ય હોવા કારણેજ ગરદન માર્યા અને બીજા બેને સાતસાત વરસની સખત સજા કરી.

(૬) બજબજનું હુલ્લડ અને તેને લીધે જે ગંભીર જીવ હાનિ થઈ તે, નાજુક થઈ પહેલા મામલાને જોગવવાની કેવળ અશક્તિ અને મૂર્ખાઇભરેલી બેહુદી વ્યવસ્થા સૂચવે છે.

(૭) લાહોર કાવતરાં કેસમાં ૨૮ને શૂળીએ ચઢાવ્યા અને ૯૦ને લાંબી દેશનિકાલીની અને બીજી સજાઓ કરી. લોર્ડ હાર્ડીંજ ન હોત તો તો પચાસથીએ વધારેને શૂળીએ ચઢવું પડત. વળી એ ટુકડીઓના કેટલાક તોફાની સિપાઇઓને લશ્કરી અદાલતના કાયદાથી અને બીજા કેટલાક વાટપાડુઓ અને રેલભાંગુઓને સાદી અદાલત મારફત સજાઓ કરી. બંગાળામાં થયેલી સજાઓ સાથે વાંચક આને સરખાવે ત્યારે અત્રની કડકાઇ સમજી શકે.

હવે, સરકારને જોરજુલમથી ઉથલાવી પાડવાને કાવતરાં રચ-

નારાઓની તથા ખુનીઓ, ધાડપાડુઓ કે કાવતરાના અંગ તરીકે એવાજ બીજા ગુન્હા કરનારાઓની વર્તણુંકને અમે જરાયે સાચી ઠેરવવા ઇચ્છતા નથી. અમારા અભિપ્રાય મુજબ દેશની પરિસ્થિતિ ન સમજી શકનારા ઘેલા માણસોજ આવા ગુન્હાઓ કરી શકે. વળી સરકારે મહાવિગ્રહ દરમ્યાન શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે જે કડક પગલાં લીધાં તે માટે પણ અમે તેને ઠપકો દેવા ઇચ્છતા નથી. પરંતુ અમારે ફરી ફરીને ભાર મૂકીને કહેવું જોઇશે કે એ બધાનાં મૂળ કારણ આર્થિક છે અને ખુદ સરકારની તેવી નીતિને લઇનેજ ઉદ્‌ભવેલાં છે.

× × × ×

કારણો કેવળ આર્થિક છે એટલે એનો ઉપાય પણ આર્થિકજ હોઈ શકે. ભણતરને વહેવારૂ બનાવો, ઉદ્યોગોને પોષણ આપો. હિન્દના પુત્રોને માટે બધી સરકારી ઓફિસોમાં જગા કરો. લશ્કરી અને સનદી ખાતાના ખરચ ઘટાડી નાંખો તથા લોકોનેજ દેશની આર્થિક નીતિ ઘડવા દ્યો, એટલે જરૂર બળવાની ચળવળ શાંત પડી જશે. તદ્દન મરી તો નહિ જાય—જ્યાં સુધી પરદેશી સત્તાની ઝુંસરી અને દ્રવ્યલુંટ રહેશે ત્યાં સુધી મરી તો ન જાય. અરે, સ્વરાજ મળશે તોયે એ કેવળ બંધ નહિ થઈ જાય. એ તો રહેશે. હિન્દુસ્તાન એ સમસ્ત દુનિયાનું એક અંગ માત્ર છે અને સારી દુનિયામાં હમણાં તો બળવો અને હિંસાનું વાતાવરણ ફેલાયલું છે. પણ—પણ એને દમનનીતિ અને જપ્તાથી મારી નાંખવાનો પ્રયત્ન તો વ્યર્થ, મૂર્ખાઇભર્યો અને ફોગટજ નીવડશે *

લાલા લાજપતરાય

* The Political Future of India. (Huebsch)

પ્રસ્તાવના

'પંજાબનું પ્રચંડ કાવતરૂં' એ નામથી શ્રી શચીન્દ્રનાથ સાન્યાલના બંદીજીવનનો પહેલો ખંડ ચારેક વરસ પર બહાર પાડેલો. તેની કિંમત ૦–૬–૦ રાખી હતી.

તે આવૃત્તિ ખલાસ થતાં હવે એ પહેલા ખંડની સાથેજ બીજો ખંડ પણ જોડી દઇને બંને ખંડનું આ ભેગું પુસ્તક બહાર પાડવા હિંમત કરી છે.

પહેલો ખંડ બંગાળી પરથી લખેલો. તે જેમનો તેમ છાપ્યો છે. બીજો ખંડ બંગાળી પરથી નથી લખ્યો. બન્દીજીવન નામથીજ મૂળ બંગાળીનો હિન્દી અનુવાદ અલ્હાબાદથી બહાર પાડેલો છે અને મળી શકે છે, તેના પરથી બીજો ખંડ લખેલો છે. ગુજરાતમાં આવા ઇતિહાસપુસ્તક ગણ્યાંગાંઠયાં છે છતાં તે જરૂરના અને ઘણા મહત્વના તો છેજ. એટલે આ ચોપડીને પણ પૂરતું ઉત્તેજન મળશે એવી આશા રાખું છું.

નટવર વીમાવાળા

નવી આવૃત્તિ

વખતે બંને ખંડની ભાષામાં કેટલોક જરૂરી સુધારો કર્યો છે અને છપાઇની શૈલી સહેજસાજ બદલી છે. વધુમાં બીજા ખંડના ૧૧મા પ્રકરણમાં જે એસ. આર. રાણા નામના ગૃહસ્થની અને તેમણે કાઢેલી ત્રણ શિષ્યવૃત્તિઓની વાત આવે છે તે શ્રી રાણા ગઇ આવૃત્તિમાં (મૂળ પુસ્તક પરથી) જણાવ્યા મુજબ દક્ષિણી ગૃહસ્થ નહિ પણ આપણા ગુજરાતી છે એ વાત તરફ અમદાવાદના સુપ્રસિદ્ધ પત્ર નૂતન ગુજરાતમાં ધ્યાન ખેંચવામાં આવતાં મેં તેમની પાસેથી વધુ હકીકત માંગીને તેજ સ્થળે ફુટનોટમાં પ્રસિદ્ધ કરી છે. આ હકીકત મને મેળવી આપવા માટે નૂતન ગુજરાત પત્રનો અને તે પત્રના અંગભૂત શ્રી. રમણલાલ ભટ્ટનો ખાસ આભાર માનું છું.

ન. વી.

પંજાબનું પ્રચંડ કાવતરૂં

અથવા

બ્રિટીશ સલ્તનત

સામે

ખુલ્લા બળવાની તૈયારી

(૧)

જેમાં થોડી ગોઠડી કરૂં છું.

આજે, ગઈ ગુજરીની–વીતકોની કથા કહેવા બેસતાં, ગરવા ભૂતકાળનું અનંત મહિમાભર્યું ચિત્ર સાંભરે છે. કાળ જેવો અનંત છે, તેનો મહિમા પણ તેવોજ અગાધ–અપાર છે. વરવાશમાં પણ કાળ સુન્દરતા પૂરે છે; વિવિધતામાં પણ એકતાની એ રેખા દોરે છે. અકળ એ મહિમા, જે વડે અપ્રિયનાંયે સંભારણાં મનને આલ્હાદક બની રહે છે.

ગઇગુજરીનાં સંભારણાં બહુ મીઠાં લાગે છે—વીણાના નિદ્રાવશ તારને છેડવાથી તે મધુરો રણકારો કરી ઉઠે છે તેમ—.

ઘણી વેળા જૂનાં સંભારણાં દુઃખમય હોય છે. પણ એ દુઃખના અનુભવો સંભારવામાં પણ મીઠાશ રહેલી છે–એક જાતનો આનંદ મળે છે. અંતરનાં ઉંડાં ઉંડાં ગુફાદ્વાર પણ ખુલી જાય છે. જાણે એકાન્તમાં મન પોતાનીજ સાથે છૂપી છૂપી ગોઠડી કરી ન રહ્યું હોય!

અનુભવતી વેળા, સુખ દુઃખ જાણે જીવનભરનાં સંગાથી ન હોય, એમ લાગ્યાં જ કરે છે; પણ ખરેખર તો એકકે ઝાઝો કાળ ટકતું નથી—કાળપ્રસંગે સ્મૃતિના સરોવરમાં સરી જાય છે.

સ્મૃતિપટ પર અનેક નાની વસ્તુઓ વિરાટ રૂપ ધરે છે. મોટી વાતો સૂક્ષ્મ—ઝીણી બની જાય છે. અને કંઇક તો એવી લીન થઇ જાય છે, કે બહુ તપાસે પણ નથી જડતી.

કાશી કાવતરાં કેસમાં મને સજા થઇ. ઇ. સ. ૧૯૧૫ ની ૨૬ મી જૂને હું પકડાયો. ઇ. સ. ૧૯૧૬ ના ફેબરવારીની ૧૪ મી તારીખે જીંદગીભર કાળાંપાણીની સજા પામ્યો અને માલમિલ્કત પણ સરકારે જપ્ત કરી. થોડા દિવસ કાશીની જેલમાં કાઢયા બાદ આગસ્ટ મહિને આંદામાન ગયો અને ૧૮મી તારીખે ત્યાંના જેલ-મંદિરમાં દાખલ થયો. ફરી તે અકળકળાવિહારીની ઇચ્છાનુસાર મહારાજાધિરાજના જાહેરનામા મુજબ ઈ. સ. ૧૯૨૦ ના ફેબ્રુ-આરીમાં છૂટીને આવ્યો—એ, ટુંકમાં મારી કહાણી.

આટલો વખત મેં જેલ ભોગવી. તે વિષે લખતાં, જેલવાસો મને શા માટે મળ્યો તે બાબત પણ જણાવવી જોઇએ. હિંદુ-સ્તાનના ભાવી ઇતિહાસનાં થોડાંએક પ્રકરણો યોગ્ય રીતે પૂરેપૂરી વિગતસર રચાય, એવું વિચારી આજે કલમ ઝાલી છે. હિંદુસ્તાનનું નશીબ એક ભારે સંધિ ચૂકી પાછું ત્રણ ડગલાં આગળ નાકું છે. હિન્દની અન્દર અને બહાર, ભાગ્યવિધાતાની છૂપી છૂપી યોજના મુજબ જે ભયંકર વિપ્લવભડકો સળગી ઉઠેલો—જે વમળમય સૃષ્ટિ રચાયેલી, તેમાં એજ છઠ્ઠીના લખનારની અકળ કળા મુજબ હુંયે પડેલો. મારા જેવા કેટલાયે જુવાનો, અંતરના ઉંડાણમાં થતી વેદનાને પરિતાપે દાઝી ઉઠી, જાણ્યે અજાણ્યે, વિધાતાએ લખેલા લેખ સાચા પાડવા ભેગા મળ્યા હતા. એ બધાની પિછાન આપ-વાની, એ “લખ્યા લેખની” કહાણી કહેવાની ઇચ્છા મારા અંત-

રમાં કયાર કયારની ઘૂમી રહી છે. આજે, તેને અમલમાં મૂકવા પ્રયાસ કર્યો છે.

ઘણી ઘટનાઓને આપણે મોટું મોટું સ્વરૂપ આપીએ છીએ. પણ પડદા આડે રહી જે મહાશક્તિ સોગઠાં નચાવે છે, ઝીણી ઝીણી વાતોમાં પણ તેનાં ખેલનનું અદ્‌ભુત રહસ્ય રહેલું છે. સફળતાનો મોહ ડગલે ને પગલે આપણને ખેંચી રાખે છે. વિચારોમાં એ મોહને તોડીએ છતાં અંતરના ઉંડાણમાંથી એ પોતાની છાવણી ઉઠાવતો નથી. મોટી મોટી ઘટનાઓ કરતાં ઝીણી ઝીણી વાતોનું જીવનમાં જેવું તેવું સ્થાન નથી. બધીયે ઘટનાની માળા તો વિચાર-જગતમાંજ ગૂંથાય છે.

એ મુજબ, કોઇ માનવી વિષે લખતાં, ટીકા કરવી પડે તો તે તેને લાગુ પડેલી ન માનવી. જુદા જુદા માણસોની પિછાન આપ્યા વગર બધી વાત સમજાવાય પણ કેવી રીતે? એટલે વ્યક્તિચરિત્રને આલેખ્યા વિના ચાલ્યું નથી.

એ પ્રમાણે લખવા બેસતાં મારી અને મારી ટોળીની અનેક ખોડખાંપણો પ્રકાશમાં આવ્યા વિના રહેવાની નથી. પણ તેથી જે નિર્બળતા અને ત્રુટિઓને લીધે અમે પાંગળા થઇ ગયા હઇએ તેને છૂપાવવાનો ખોટો યત્ન કરવાની શી જરૂર? ખોટો તો ખરોજ; કારણ ગમે ત્યારે એક દિવસ સાચી વાત જણાયા વિના તો રહેવાની નથી. અને છૂપાવવા જતાં માત્ર સત્યનું ખૂન થાય એટલુંજ નહિ, પણ નિર્બળતા ઉલટી વધેજ. ઇતિહાસનાં પ્રકરણ લખતી વેળા "સત્યં બ્રુયાત્ પ્રિયં બ્રુયાત્ મા બ્રુયાત્ સત્યમપ્રિયમ્" એ સિદ્ધાંત લાગુ પાડેલો ખોટો છે.

(૨)

અનંત મૂળ

કલકત્તાના રાજાબજારમાં એક નાનકડી દુમજલી કામડકુટીયા ચાલી હતી. જોતાંજ લાગે, કે એમાં ગરીબગુરબાંનો વાસો હશે. ટ્રામ ચલાવનારાઓ અને એવાજ બીજા હલકી વર્ણના ગણાતા લોકો એમાં રહેતા.

એ ચાલીને ઉપલે માળે એક ઓરડામાં શ્રી શશાંકમોહન હાજરા નામનો એક જુવાન રહેતો હતો. એ જ્યારે પકડાયો ત્યારે બોમ્બના મસાલા સંગાથે યોગ તેમજ સાધના વિષયના કેટલાંક પુસ્તકો તેમજ લેખો એની કોટડીમાંથી મળી આવ્યાં. તપાસ ચાલતી વેળા કેટલાકે આ લેખો વિષે બોલતાં કહેલું કે એ કેવળ ઠગબાજી હતી—લોકોને ઉંધે રસ્તે દોરવવા માટેની યુક્તિ હતી. ખરી વાત હું જાણું છું—એ દગાબાજી નહોતી. અમે સાચેજ અમારા નિત્ય જીવનમાં યોગસાધના ઉતારવા પ્રયત્ન કરેલો. શ્રી પુરૂષોત્તમ સર્વ કર્મોના નિયંતા છે, એવું અમે માત્ર બકવાદ રૂપે નહોતા બોલતા; અંતરના ઉંડાણની સાચી શ્રદ્ધાથી એ મુજબ અમે માનતા. અમારૂં કામ ફતેહમંદીથી પાર પાડે—તેટલાજ સારૂ માત્ર ઇશ્વરને નહોતા સંભારતા: પણ તે અકળકળાવિહારીને વિષે ચર્ચા કરતાં—મનન કરતાં કંઈ કંઈ દિવસો વહી જતા, કંઈ કંઇ રાતોના અખંડ ઉજાગરા થતાં.

જે મહાન મોજું માતૃભૂમિ પર થઇને વહી ગયું છે અને હજુએ જાય છે તે એ અનાથનાથની આજ્ઞાથી ઉછળ્યું છે, એવો

મારો દૃઢ વિશ્વાસ છે. જે ભાવનાની સફળ પ્રેરણાને બળે હિન્દમૈયાનાં સેંકડો નવજુવાન બાળકોએ મૃત્યુભેટને નોંતરી અપાર દુઃખ અને આફતના મુખમાં પણ ગરવે વદને ધસારો કરેલો—જે લાગણીના જોશને પ્રતાપે તેમણે અનંત સંતાપ અને બેઇજ્જતી પણ ભારે સંયમથી સહન કરેલાં—તે પ્રેરણા, તે લાગણીની રેલ શું કોઈ કાળા માથાના માનવીએ દેશમાં આણી હતી? કે એના કાયમીપણાનો આધાર શું કોઈ અમૂક માણસના મતમતાંતર કે જીવવા મરવા પર નિર્ભર છે?

છેક બાળક હતો, ત્યારથીજ સ્વદેશ ઉદ્ધારના વિચારો મારા અંતરમાં ઘોળાયા કરતા. મને કોઇએ એ વારસા રૂપે તો નથીજ આપ્યા. મારી રગરગમાં એટલી નાની ઉમ્મરે કોણે એ પ્રાણજ્યોતિ પ્રકટાવેલી? બચપણથીજ નાનકડા ભાઇભાંડુ સાથે એ વિષે ચર્ચા કરતો આવ્યો છું. તે વેળા સ્વદેશી ચળવળનો એકડેએક પણ પાટી પર નહોતો ચીતરાયો. આધેડ ઉમ્મરે ઘણાની સાથે વાત કરતાં જણાયું છે, કે મારા જેવા દેશમાં બીજા ઘણાયે છે; જાણે પોતાના રચ્યા ઘાટ પાર પાડવા ઇશ્વરે પહેલેથીજ બધી ગોઠવણો કરી ન હોય!

(૩)

બળવાનાં બીજ

ઇ. સ. ૧૯૧૫ ની સાલ હિન્દના ઇતિહાસમાં બહુ અગત્યનું સ્થાન લેશે. એ વરસે બળવાની જે જબરદસ્ત યોજના અફળ નીવડી, તેવી મોટી યોજના સત્તાવનની સાલ પછી (પંજાબના

કુકા વિદ્રોહ શિવાય) બીજી થઈ છે કે કેમ એ વિષે મોટો શક છે. એ યોજના ફુટી ગયા પછીજ હિન્દ સંરક્ષણનો કાયદો દેશ પાર લદાયો; છતાંયે સ્વદેશ ખાતાના સભાસદ શ્રીયુત ક્રેડોક સાહેબ વડી ધારાસભામાં એ કાયદાની રજુઆત કરતી વેળા બોલેલા, કે "we had had anarchism for a long time in Bengal, but the situation in the Punjab was serious, in Bengal it was less so બંગાળમાંયે 'કાવતરાંબાજી' ઘણો કાળ ચાલી, પણ પંજાબમાં તો મામલો ગંભીર થઈ પડેલો; બંગાળમાં એટલે બધે દરજ્જે નહિ." ખરેખર, હિન્દુસ્તાનની દશા તે વખતે બહુ ભારે કટોકટીની હતી. પણ બંગાળા વિષે ક્રેડોક સાહેબને બહુજ ઓછી માહિતી હતી એ ચોક્ખું છે. કેટલાક દિવસ વીત્યા કેડે ક્રેડોક સાહેબે કબુલ કરેલું, કે પંજાબના 'કાવતરાંખોરો' સાથેના બંગાળના બોંબવાદીઓના સંબંધ વિષે મારો જે તર્ક હતો, તે હવે બદલાઇ ગયો છે.

ઉત્તર હિન્દુસ્તાનના ગણા 'કાવતરાં કેસો' દ્વારા બહુ બહુ વિગતો બહાર આવી છે. ઘણા માને છે, કે એ બધી વિગતોનો ઘણો ખરો ભાગ તો કલ્પિત—જૂઠોજ હશે. ઘણાએ મને કહ્યું હતું કે, સિપાઇડાઓએ જૂઠાં પાત્રો ઉભા કરીનેજ એ મુકદ્દમાના નાટકો ભજવ્યાં છે. દેશમાં ખરેખરજ એવાં 'કાવતરાં' યોજાયા હોય એમ લાગતું નથી.

એમના આવા શબ્દો સાંભળી મારૂં હૃદય વેદનાથી બળીને ખાખ થતું. લાગતું કે મારાં સ્વદેશભાંડુઓનું આત્મશક્તિનું જ્ઞાન એટલું બધું કટાઈ ગયું છે કે સ્વજાતિનાં કોઈ માનવી આવું કંઇ કરી શકે, એ વાત તેમની તર્ક શકિતની પણ બહાર જાય છે!? અને માનસિક દર્દને લીધે હૈયું ખોલી બધી વાત કરાતી નહિ એટલે એ વેદના ભારે દુઃખ દેતી.

અમેરિકન ચિણગારી

કોમાગાટામારૂના શીખ બેસારૂઓને કાનડામાં ઉતરવા ન દેવાથી તેમના અંતરમાં જે આગ સળગી ઉઠેલી તેના તણખા જ્યારે ચોમેર વિખરાતા હતા, ત્યારે માતૃભૂમિના એક પ્રાંતમાં બેસી આશાધૈર્યા હૃદયે, ને ચંચળ ચિત્તે હું તેને નિરખી રહ્યો હતો. પંજાબમાં જેઓ અમારા હતા તેમને કહી દીધેલું, કે કોમાગાટા-મારૂના મુસાફરો દેશમાં પગ મૂકે કે તરતજ તેમને આપણા પક્ષમાં ખેંચી લેવાના છે.

કોમાગાટામારૂના મુસાફરો સ્વદેશને કિનારે પગ મૂકે ન મૂકે ત્યાં તો એક ભારે બનાવ બન્યો. અમારૂં આશાવૃક્ષ ફૂલી ફાલીને નવપલ્લવિત થવા લાગ્યું. જોતજોતાંમાં કાનડા અને કેલિફોરનિયાથી ટુકડીઓ રૂપે બીજાએ કેટલા શીખો આવવા લાગ્યા. આ બધા હિન્દુસ્તાન આવતાં રસ્તે ઠેકઠેકાણે ઉતરી પડી શીખ પોલિસ અને શીખ લશ્કરી ટુકડીઓમાં જઈ વિપ્લવાગ્નિ ચેતાવતા. ઘણો ખરો વખત હિન્દ બહાર રહેવા છતાં આવી મોટી છૂપી બળવા યોજના રચાઇ કેમ, એ ઘણાને ન સમજાતું. તેથી ખુલ્લી રીતે, છચોક દરેક વહાણમાં અને દરેક બન્દરમાં તેઓ ક્રાન્તિની વાતો ફેલાવતા ફેલાવતા આવેલા. એને લીધેજ હિન્દી સરકાર ચેતી જવા પામી. જેમ જેમ શીખ મુસાફરોની ટુકડીઓ હિન્દુસ્તાનને કિનારે પગ મૂકવા લાગી તેમ તેમ સરકાર બહાદૂર તરફથી રિવાજ મુજબ તેમનું સ્વાગત કરવામાં આવતું ગયું. એ મુજબ એકજ ટોળાના લગભગ ત્રણસો માણસોને સીધા મુલતાનની જેલમાં મોકલી દેવામાં આવ્યા. એમાંના ઘણાકને સરકાર આગેવાન તરીકે ધારતી હતી. તેમ તેમાંના ઘણાની પાસે ઠીકઠીક પૈસો પણ હતો. અમેરિકામાં કેટલાંક વરસ ગાળી કમાઇને જે માલમતા એકઠી કરેલી તે લગભગ બધીજ એમણે સાથે આણી હતી,—નામદાર સરકારે બધીજ જપ્ત

પણ કરી. એ રીતે એક જણ પાસેથી રૂપિઆ ત્રીસ હજાર જેવડી મોટી રકમ મળી આવી હતી. વળી ઘણા તો પોતે ભેગું કરેલું દ્રવ્ય કેલિફોરનિયા યુગાન્તર આશ્રમમાં આપી આવ્યા હતા.

બળવાવાદીઓના અખાડા

હવે એ સૌમાંથી સરકાર બહાદુરની પ્રેમનજરમાંથી જેઓ છટકી ગયા, તેઓ આવીને પંજાબમાં એકઠા થવા લાગ્યા,—અને પોતપોતાનાં ટોળાં રચવા લાગ્યાં. શીખ લોકોનાં ધર્મમન્દિરોને ગુરૂદ્વારા કહે છે, અને ત્યાં આગળ એમના પુરોહિતો વાસો વસે છે. એમને ગ્રંથીજી કહેવામાં આવે છે. પ્રત્યેક ગુરૂદ્વારામાં એક એક ગ્રંથી હોય છે. આ બધા ગુરૂદ્વારાઓમાં બળવાવાદી શીખોના અખાડા હતા—ત્યાંજ તેઓ એક બીજાને મળતા. એક વેળા એક ગુરૂદ્વારામાં હું બેઠો હતો. એક શીખે આવીને ખબર આપી કે ફલાણાને ફલાણી ગુરૂદ્વારામાં દાખલ થતાં મેં જોયો હતો અને જઇ હું તેની સાથે મુલાકાત કરી આવ્યો. થોડીજ મિનિટો વીત્યા કેડે એ ટોળીનો આગેવાન અમારી ગુરૂદ્વારામાં આવી લાગો. તેની સાથે નાણાં સંબંધી વાતચીત નીકળતાંજ તેણે સોનાની ગોળ ગોળ ચકતીઓ અમારી સમક્ષ મૂકી દીધી. એ અમેરિકન ગિનિઓ ગણતાં લગભગ એક હજાર રૂપિયા હતા એમ ગણતરી થઇ. દરેક ટોળીમાં એવુંજ હતું. બળવાના કાર્યમાં, સ્હેજ પણ મ્હોં કટાણું કર્યા શિવાય, સંપૂર્ણ ઉલ્લાસથી પોતાની અઢળક સંપત્તિને કુરબાન કરતા અનેક શીખોને જોયા છે—બંગાળામાં તેવું કદિ નથી નજરે ચઢયું. ખરેજ, આવો ઉત્સાહ, સ્વતંત્રતાની આવી ઉંડી વાસના અમેરિકાથી પાછા ફરેલા શીખોમાંજ જોવામાં આવી છે. એ શિવા-યના પંજાબના બીજા રહેવાસીઓએ એમના પ્રત્યે કદિ લાગણી બતાવી નથી. ફક્ત પઠાણ અને શીખ લશ્કરી સિપાઇઓ સાથે તેમને ભારે સંબંધ બંધાયો હતો. એટલું તો ખરૂંજ, કે હિંદુસ્તા-

નની બીજી પ્રજાઓ કરતાં શીખ જાતિમાં એકસંપી અને એકદિલીની ભાવના બહુ મજબુત અને સવિશેષ છે.

અમેરિકાથી જેઓ પાછા ફર્યા હતા તેઓમાંના ઘણાખરા તો ત્યાં મજૂરી કરતા. જેના ત્રીસ હજાર રૂપિયા જપ્ત થયાનું ઉપર લખ્યું છે, તે કેલિફોરનિયામાં ખેતી કરીને આટલો માલદાર બન્યો હતો.

લશ્કરમાં પગપેસારો

એમના ઘણાં સગાંઓ હિન્દી સરકારના લશ્કરમાં હતા. હિંદમાં આવતાંજ તેમણે આ સિપાઇઓ સાથે મળી બળવાની તજવીજ શરૂ કરી. એ વેળા બંગાળા સાથે પંજાબનો જોગ બેઠો. બીજા બધા ગુણો છતાં બંગાળાના જેટલી વ્યવસ્થા શક્તિ (Organising Power) એમનામાં નહોતીજ. પણ બંગાળા સાથે સંબંધ જોડાયો ત્યારથી બહુજ સરસ રીતે કામ થવા માંડયું. ઉત્તર હિન્દની લગભગ બધીજ લશ્કરી છાવણીઓમાં અમારી આવજા શરૂ થઇ ચૂકી. નૈઋત્ય તરફ છેક બન્નુથી માંડીને દાનાપૂર સુધીની એકે છાવણી બાકી નહોતી. દરેક ટુકડીનું કહેવું એમ હતું, કે અમે શરૂઆત કરવાના નથી; પણ બળવાનું મંડાણ થતાંજ સ્વાતંત્ર્યવાદીઓના સંઘમાં નક્કી જોડાઈ જઇશું. ફક્ત લાહોર અને ફિરોજપૂરની ટુકડીઓએ પહેલેથી જ કામ શરૂ કરવાનું વચન આપ્યું. વિપ્લવવાદીઓએ કેટલી બધી ગંભીર રીતે બળવાની યોજના પગભર કરી હતી તેનું પહેલાં તો સરકાર બહાદૂરને જરા પણ ભાન નહોતું. તેમ નહોત તો તો તેઓ આટલો પગપેસારો નજ કરી શકત. આખરે પંજાબના પોલિસ ખાતાના એક મુસલમાન ડેપ્યુટી સુપ્રીટેન્ડન્ટે પોતાના એક જાસૂસને ખૂદ બળવાવાદી ટોળીમાં દાખલ કર્યો; અને એ કૃપાલસિંહેજ આખરે બધી યોજનાઓનું નિકંદન વાળ્યું—બધી વાતો ઉઘાડી પાડી દીધી.

(૪)

પોલીસને હાથતાળી

કૃપાલસિંહ કેવી રીતે બળવામંડળમાં દાખલ થયો, અને કેવી રીતે બધું ધુળ મેળવ્યું, તે વાત યોગ્ય વખતે યોગ્ય સ્થળે આવશે. અહિં તો આ શીખ બળવાવાદી મંડળની કેટલીક પિછાન વાંચકને કરાવી દઉં.

આ શીખમંડળની સંખ્યા કંઈ નાનીસુની નહોતી. જુદી જુદી ટોળીઓ રૂપે પણ છ થી સાત હજાર શીખો ઉત્તર અમેરિકા અને કાનડાથી દેશમાં પાછા ફર્યાં હતા. પણ ઈ. સ. ૧૯૧૪ના વરસવાળા Ingress Ordinance Act (પ્રવેશ વિષયક કાયદા) મુજબ ઘણાને તો તુરતજ જેલજ મળી, અને બીજા અનેકને નજરબંધી હેઠળ પોતપોતાના ગામમાં રહેવા કબૂલ થવું પડ્યું. જેમને નજરકેદ મળી તેઓ પણ બળવાના કામમાં ઝાઝી મદદ કરી નજ શક્યા. કેમકે સૂરજ આથમે ત્યારથી તે સૂર્યોદય થતાં સુધી તેમનાથી ઘર બહાર નીકળાતું નહોતું. ગમે તે વખતે પોલિસ આવી ખબર અંતર પૂછે–તપાસ કરે, તો જવાબ આપવો પડે. સૂરજ ઉગ્યા પછી પણ તેમને પોતાનું ગામ છોડી પરગામ જવાની રજા નહોતી. તેમ બીજા કોઇ પરગામના માણસ ખુલ્લેખુલ્લી રીતે એમની મુલાકાત પણ લઈ શકતા નહિ. પછી જ્યારે કામ ખૂબ સરસ, સુઘટિત રીતે શરૂ થઈ ગયું ત્યારે એમનામાંના કેટલાકનો સ્વદેશપ્રેમ પ્રબળ રીતે ભભુકી ઉઠવાથી તેઓ પોલિસની નજર ચૂકાવી, તેને હાથ-

તાળા આપી ગુમ થઇ ગયા. પછી પોલીસ તો શું પણ તેનાં પોતાનાં છેક પાસેનાં સગાંને પણ તેમની કશી ખબર અંતર મળવી બંધ થઈ.

બળવાવાદીઓની પુખ્તતા

જે ભાવનાથી ઉછળતે હૈયે આ બધા શીખો હિન્દુસ્તાન આવેલા, તેમાં અહિં પગ મૂકતાંજ ફેરફાર થયા વિના ન રહ્યો. છથી સાત હજાર પાછા ફરેલા શીખોમાંથી લગભગ અડધા તો પોતપોતાનાં કુટુંબ પરિવાર સાથે રહેવા ચાલ્યા ગયા. માત્ર બાકીના ખુબ મહેનતુપણે બળવાના કામમાં વળગી ગયા.

એમાંના ઘણાખરા શીખ હતા. અ-શીખ જૂજજાજ હશે. વધારેમાં વધારે ૨૫-૩૦ એવા હશે. તેઓ લગભગ બધાજ ખાસ્સા મોટા પાકટ ઉમ્મરના ગૃહસ્થો હતા. ઘણાને સ્ત્રી-પુત્ર-કન્યા આદિ પરિવાર પણ હતો. ચાળીસથી ઉપરની ઉમ્મરના પણ ઘણાને મેં જોયા હતા. કેટલાક તો બહુ ઘરડા પણ હતા. ભાઇ નિધાનસિંહ ભાઈ સોહનસિંહ, ભાઇ કાળાસિંહ, ભાઈ કેરસિંહ—એમાંથી કોઇ પણ નાની ઉમ્મરનું નહોતું.

'દિલ્હી કાવતરાં કેસ'માં જેઓ પકડાયેલા તેમાંના પણ ઘણાખરા મોટી ઉમ્મરના હતા. અમીરચંદની ઉમ્મર પચાસથી વધારે હતી. અવધબિહારી પાકટ વયનો હતો.

માત્ર બંગાળામાંજ ખાસ કરી દુધમલ બાળક જેવા જુવાનિયાઓ બળવાના છૂપા જંગમાં જોડાયેલા. ઘણાને તો સંસારવહેવારનું જરાયે ભાન પણ નહોતું. સોળ વરસથી વીસ બાવીસ સુધીની ઉમ્મરવાળાજ ઘણા તો હતા.

બંગાળ એટલે—

ઘણુંખરું એમ લાગે છે કે બંગાળામાં ત્રીસથી ઉપર ઉમ્મર

ગઈ એટલે જાણે બધો ઉત્સાહ ભાંગી જાય છે—બધું કામકાજ જાણે લથડે છે, પોતીકું ગુજરાન ચલાવવા સિવાય બીજું કંઈ પણ કરવાની વૃત્તિ રહેતીજ નથી. બંગાળની આશા તો એની નિશાળો—પાઠશાળાઓમાં ભણતા, ઉગતા, ઉછરતા જુવાન વર્ગ ઉપરજ રહેશે, કે તેઓ કંઈ પણ નૂર બતાવે. અને એટલું તો ખરુંજ કે બંગાળના બળવાવાદી જુવાનિયાઓને સંસાર વહેવારનું જ્ઞાન નહિ; પણ તેમણે ખીલતી જુવાનીમાંયે જે એકાગ્રતા, જે સાધકવૃત્તિ, જે તન્મનાટ બતાવ્યાં છે તે બંગાળ બહાર બીજે નજરે નથીજ પડ્યાં.

બંગાળીબાબુનું એક લક્ષણ છે. તે જ્યારે એક વાત પકડે છે, ત્યારે સમસ્ત પ્રાણ તેમાં રેડે છે—સાચા અંતઃકરણથી તેને વળગી રહે છે. એક દાખલો આપું. બૌદ્ધ યુગમાં બંગાળવાસીઓએ બૌદ્ધ ધર્મનો સ્વીકાર જેવા ખરા અંતરથી કર્યો હતો, તેવા સાચા હૃદયથી બીજી કોઇ પણ પ્રજાએ એ ધર્મ અંગીકાર નહોતો કર્યો; અને આખરે જ્યારે બીજી પ્રજાઓએ એકાવારે એ ધર્મને તજવો શરૂ કર્યો ત્યારે બંગાળા તેમની આંખમાં ખુંચવા લાગ્યું—કારણ બંગાળા તો પહેલાંની પેઠેજ એ ધર્મને સજડ વળગી રહ્યું હતું. હવે ઈંગ્રેજી અમલ હેઠળ બંગાળાએ પશ્ચિમનાં આચાર વહેવાર, રહેણીકરણી, શિક્ષાદીક્ષાને પોતાનું બીજું બધું ભૂલી એવી ઉંડી રીતે જીવનમાં ઉતારી દીધાં છે કે તેનો જોટો મળે તેમ નથી. ગુણ હોય કે દોષ હોય, બંગાળીઓનું આ એક લક્ષણ તો છેજ—કે જેને પકડે તેને તેઓ સજ્જડ વળગી રહે છે. એટલે હાલ પણ તેઓ સ્વદેશહિત પરત્વે જાગ્યા છે તે વાસના છૂટવાની નથી. સંસાર વહેવાર છૂટી જશે; પૈસો કમાવાનો બાજુએ રહેશે, પણ એ બધું છોડી બહાર ઝુકાવ્યા શિવાય તેમનાથી નહિજ રહેવાય.

એ બધા જુવાનિયામાંના ઘણાકને તો બહુ ઉચ્ચ આદર્શની

પ્રેરણાથી ઉભરાતા જોયા છે—ધાંધલની–તોફાનમસ્તીભરી વૃત્તિ જરાયે ન મળે. સ્વદેશસેવાને ઉંડી એકાગ્ર ધર્મસાધનાના એક અંગ રૂપેજ તેમણે ગ્રહણ કરી હતી. કેવી રીતે સાચા મનુષ્ય બનાય, ચારિત્ર્યશાળી થવાય એ ધગશજ તેમનામાં બહુ જોરથી ભભૂકતી.

શીખ લક્ષણો

પણ એવી ધગશ શીખો વિષે તો માત્ર બે ત્રણ જણ શિવાય બીજનામાં મેં જોઈ નથી. અને જોડીયા પ્રાંતોમાં જે બળવાવાદીઓના સમાગમમાં હું આવ્યો છું તેમની પાસે બંગાળાના આ આદર્શવાદ વિષે ચર્ચા ઉપાડતાં એ વાત તેમને તો જરા પણ ગળે ઉતરી નહિ. અરે, તેમને શ્રદ્ધા પણ ન બેઠી—ઘણાને મેં એ વાત પ્રત્યે અશ્રદ્ધાનું સ્મિતહાસ્ય કરતાં જોયેલા.

પણ શીખ લોકોનો ઉત્સાહ તો પ્રચંડજ. તેમની સાહસિકતા, અને ગમે એટલું દુઃખ બરદાસ કરી લેવા જેટલી કઠણાઇ તો વિરલજ ગણાય. તેમની સુવિશાળ મજબૂત કાયા, માંસલ અવયવો અને ભરાઉ છાતી સૌ કોઇની નજર ખેંચતાં; દાઢીમૂછવાળો ભવ્ય ચહેરો અને દૃઢતાથી દીપી ઉઠતી મુખમુદ્રા જોઈ હરકોઇ જાલિમ ત્રાસ પામ્યા વિના ન રહે. તેમની ચાલમાં પણ જાણે કંઈ ખાસ રહસ્ય દેખાતું—જાણે બન્ને પગ ઉપર સરખો ભાર મૂકીને મજબૂત રીતેજ તેઓ આગળ ધપે છે. પણ જેને મૂછનો દોરોયે ફૂટ્યો નહોતો એવા નાજુક બાંધાના દુધમલ બાળક જેવા શાંત બંગાળી બાબુઓ પેઠે તેમનું ચારિત્ર્ય ઉચ્ચ આદર્શો અને ભાવનાઓથી રંગાયેલું તો નહોતુંજ. આ હું એક સર્વસામાન્ય વાત કરૂં છું. અંગત વાત કહું તો કેટલાક શીખો માટે મને અપાર પૂજ્યભાવ છે. મારી આંદામાન–કથા કહેતી વેળા એ વિષે વધારે જણાવવાનો પ્રસંગ આવશે.

અમેરિકાનું વાતાવરણ

સાધારણ રીતે "સુશિક્ષિત" કહેતાં આપણા મનમાં જે કલ્પના બંધાય છે, તેવી રીતના ભણેલા ગણેલા તો આ અમેરિકાથી પાછા ફરનારાઓમાં ભાગ્યેજ કોઇક હશે,—કદાચ નહિજ હોય. હિન્દુસ્તાનના બીજા પ્રાંતના રહેવાસીઓ પેઠે માત્ર પૈસા કમાવાના ઉદ્દેશથીજ તેઓ અમેરિકા ગયેલા. સિંગાપોર, પિનાંગ, સિયામ, મલય દ્વિપકલ્પ અને ચીન દેશના જુદા જુદા ભાગોમાં તેમની આવજા શરૂ થઇ. બીજી બાજુ કાનડા અને ઉત્તર અમેરિકાના ઘણા ભાગોમાં પણ તેમણે એકજ હેતુથી પગપેંસારો કર્યો હતો. સિંગાપોર, પિનાંગ અને હોંગકોંગમાં મોટે ભાગે તેઓ ઈંગ્રેજ સરકારના લશ્કરમાં કે મિલિટરી પોલિસ ખાતામાં કામ કરતા. પણ ચીન, સિયામ ને મલય દ્વિપકલ્પમાં તો ઘણા મજૂર–હમાલનું કામ કરતા. કેટલાક કોન્ટ્રેક્ટરી વિગેરે જુદી જુદી જાતના બીજા સ્વતંત્ર ધંધાઓમાં પણ મશગૂલ હતા. કાનડા અને અમેરિકામાં તો તેઓ મોટે ભાગે મજૂરીના વ્યવસાયમાંજ રોકાયલા હતા. અમેરિકાના કેટલાક કારખાનાઓમાં તો અમેરિકાના મજૂર કરતાંએ તેમને વધારે માન મળતું. તેઓ અમેરિકન મજૂર કરતાં વેઠ–મહેનત વધારે કરી શકતા અને તેથી દ્રવ્ય પણ વધારે ભેગું કરી શકતા. આથી ઘણીક વાર તેમની અને ત્યાંના મજૂરોની વચ્ચે ગંભીર તકરારો પણ થતી. એમનામાંનાજ એકે મને કહેલું, કે એક વાર એક શહેરમાં એક બીજા વચ્ચે એટલી કડવાશ ઝામી હતી કે ભયંકર વઢવાડ શરૂ થઇ. પરિણામે શહેરમાંના બધા શીખો એક બાજુ, અને અમેરિકન મજૂરો બીજી બાજુ; હાથમાં ડાંગ દંડૂકા લઈ એક બીજાની ખબર લેવા મંડી પડ્યા—અર્થાત્ મારામારી શરૂ થઇ. ખાસ જાણવા લાયક અને યાદ રાખવા લાયક તો એ છે કે આ ઝગડામાં સરકાર તરફથી શીખોને બિલ્કુલ પજવવામાં

આવ્યા નથી! હિન્દુસ્તાનમાં આવું બને તો મામલો કેવું રૂપ ધારણ કરે એ સૌ કોઈ કલ્પી શકે છે.

ઠીક. આ સૌ અમેરિકાવાસી શીખો સુશિક્ષિત ન ગણાય એ કબુલ કરીએ; તોયે તેઓ પોતાની માતૃભાષામાં લખાયલાં પુસ્તકો વાંચી શકતા; એટલુંજ નહિ પણ પોતપોતાના ગામના જાતભાઇઓની ઉન્નતિ–પ્રગતિના વિષયમાં તેઓ ભારે ઉત્સાહ ધરાવતા.

ભણેલા નહિ પણ ગણેલા

પોતાના જાતભાઇઓની કેળવણીનું કામ આગળ ધપાવવા આ શીખ મજૂરોએ રૂા. દશથી પન્દર હજાર ભેગા કરીને દૂર દૂર અમેરિકાથી અહિં મોકલ્યા હતા. અમેરિકાની સ્વતંત્રતાથી ઉભરાતી આબોહવામાં વસીને અને મનમાનતું દ્રવ્ય પેદા કરવાથી તેઓની સ્વમાનવૃત્તિ અને આત્મશ્રદ્ધા તો અજબજ વધી ગઈ હતી. નવી દુનિયામાં વસવા છતાં ઘણાએ તો પોતાનો વેશપોશાક બદલ્યો નહોતો; એટલુંજ નહિ, પણ ઘણાક તો હાથે રાંધીને સંપૂર્ણ સ્વદેશી પદ્ધતિનુંજ ભોજન પણ લેતા. ટુંકમાં, આહારવિહારની શૈલી પૂરેપૂરી હિન્દી હતી. દેશથી જ્યારે તે બાજુ પહેલા ગયેલા ત્યારે તો ઇંગ્રેજી બોલતાં સુદ્ધાં ન આવડે–એક શબ્દ પણ ન ઉચ્ચારી શકાય. પરન્તુ અમેરિકા ગયા બાદ ધીમે ધીમે ભાંગુતૂટું ઇંગ્રેજી બોલવાનો મહાવરો થઈ ગયેલો. એમને મોંઢે એવું તૂટું ફૂટું ઇંગ્રેજી સાંભળવામાં મને ભારે રમુજ પડતી. એવા દૂર દેશમાં પણ તેઓ પોતાનું તમામ કામકાજ સુવ્યવસ્થિત રીતે ચલાવતા,–અને કમાતા પણ પુષ્કળ. છતાં એ દેશાવરમાં પણ સ્વદેશ સાથે તો તેમનો સંબંધ જેવો ને તેવો લીલોછમ હતો. મજૂરીનું કામકાજ કરવા છતાં પોતાની માતૃભૂમિમાં શી શી ઘટનાઓ બની રહી છે તે જાણવા તેઓ હમ્મેશ વ્યાકુળ રહેતા

બંગાળાની નવજાગૃતિની તરંગલહરી હિન્દુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં જેમ રેલાઈ ગઇ હતી, તેમજ અમેરિકામાં દૂર દૂર વસેલી હૃદયવીણાઓમાં રણકારો કરવાને તે સમર્થ થઇજ હતી. હિન્દુસ્તાનમાં વિપ્લવભડકાના તણખાઓ જેમ આસપાસ ધીમે ધીમે વેરાતા ઉડતા હતા, તેમ અમેરિકામાં વસતા ઘણાકના અન્તરમાં પણ એ અગ્નિજ્વાળા ભડભડવા લાગી હતી.

ઘદર પાર્ટી

એવે સમયે ભાઇ કરતારસિંગ નામનો એક જુવાન આવી એમનામાં ભળ્યો. એણે ઓઢિયાની રૅવેનસ કોલેજમાં પહેલા વર્ષનો અભ્યાસ કર્યો હતો અને પછી ખાસ કારણને લઇને અમેરિકા જવું ઠીક ધારેલું. એની ઉમ્મર છેક દુધમલ બાળક જેવી છતાં એની આગેવાની હેઠળ અનેક મોટી પાકટ ઉમ્મરના શીખોને પણ કામ કરતા મેં ભાળ્યા છે. પોતાના જેવાજ વિચારો ધરાવતા એએક બીજા ભાઈઓ સાથે મસલત કરી એક છાપું કાઢવાનો એણે નિશ્ચય કર્યો. એ વખતે પોતાની સેવાઓથી પ્રત્યેક સ્થળે પંકાઈ ગયેલા કર્મવીર લાલા હરદયાળ હિન્દુસ્તાનમાં રહી ત્યાંની સરકારને ઉથલાવી નાંખવાની તમામ આશા તજી દઇ અમેરિકાના સોશિયાલિસ્ટો—સમાજવાદીઓ સાથે ભળવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. કરતારસિંગ અને તેના ભાઇબિન્ધો આ કાળે હરદયાળજીની પાસે પોતાની છાપું કાઢવાની યોજના લઇને રજૂ થયા. સ્વદેશપ્રેમી હરદયાળ તો આવી કોઇ તકની ખોળમાંજ હતા, એટલે તેમણે તો તુરતજ એમાં પોતાની સહાનુભૂતિ દર્શાવી અને મદદ આપવાનું કહ્યું. આ પ્રકારે "ઘદર" નામથી ઠામઠામ ગવાઇ ગયેલા નામીચા પેપરની સ્થાપના થઈ; અને ધીમે ધીમે એની મારફતેજ ઘદરપાર્ટી—ઘદરમંડળનું સંગઠન શરૂ થયું. તેનું મથક કેલિફોરનીઆ યુગાન્તર આશ્રમ હતું.

મહાયુદ્ધ સળગ્યું

વીસમી સદીનો મહાન જંગ શરૂ થયો ત્યાં સુધી હિન્દુસ્તાનના વિપ્લવવાદીઓને જરાયે ખ્યાલ ન્હોતો કે ઇંગ્રેજની સાથે જર્મનને આટલું વહેલું સળગી ઉઠશે. એમણે રાજ્યક્રાન્તિની યોજનાઓ પણ એવી રીતેજ રચેલી કે ૧૦–૧૫ વરસ રહીને ખરેખરી આસમાની સુલતાની શરૂ થાય. આથીજ એ મહાન જંગ શરૂ થયો ત્યારે તેઓ ક્રાન્તિને કાજે તૈયાર નહોતા; એટલુંજ નહિ પણ તેમનો હિન્દ બહારના વિપ્લવવાદીઓ સાથે કોઇ જાતનો સંપર્ક પણ ન હતો. આજ કારણે અમેરિકાના વિપ્લવવાદીઓ ટુકડીબંધ અત્રે આવવા લાગ્યા, ત્યારે હિન્દવાસી બળવાપ્રેમીઓ તેમની સાથે એકાકાર થઇ શક્યા હોત તો ભારતની સ્થિતિ આજે કોઇ જુદીજ જાતની હોત.

અમેરિકાના ભમતારામો પણ નહોતા જાણતા કે મહાયુદ્ધ આટલું જલદી ભભુકી ઉઠશે. એથી તેમની યોજનાઓ પણ જુદીજ રીતે રચાઈ હતી. તેમનું ધારવું એમ હતું, કે હિન્દુસ્તાન બહારની કોઈ રાજસત્તાની મદદ લઇને યુદ્ધની ગોઠવણ કરી શકાશે. આથી તેઓ તે જાતની ગોઠવણમાં મંડ્યા હતા, એવામાં લડાઇ જાગી ઉઠી. બધા ગોઠવેલા ઘાટ તૂટીફુટીને મેદાન થઇ ગયા. આવું થયું એટલેજ ટુકડીબંધ હિન્દમાં આવી અત્રેના લશ્કરી સિપાઇઓને સાધી તેમની મારફતે સરકારને ઉથલાવી નાંખવી એજ એક ઉપાય બાકી રહ્યો છે એમ તેમને લાગ્યું. હજાર હજાર શીખો પરદેશમાંનો પોતાનો નેડો સંકેલી લઈ સ્વદેશ તરફ રવાના થયા.

સરકારની આંખમાં

પરન્તુ હિન્દુસ્તાનની સરકાર એમની ઘણી છાની છૂપી વાતો જાણી ગઈ હતી. કારણ તેઓ અમેરિકામાં ખુલ્લી રીતે હિન્દુસ્તાનમાં કરવા ધારેલા વિપ્લવ વિષે ભાષણો કરતા હતા. વળી ઘદર છાપું

પણ જાહેર રીતે છપાઈને બહાર પડતું અને વેચાતું. દશમી મે સત્તાવનના બળવાની એક જયન્તી તરીકે જાહેર રીતે ઉજવાતી. વળી લાલા હરદયાળની ઉપર ઇંગ્રેજ સરકારની સ્નેહાળ દૃષ્ટિ ખાસ ચોંટેલીજ રહેતી. કેટલીક વાર 'એમની નિત્યનોંધપોથીને પણ અજબ રીતે પગ થતા! છેવટે તેમને પકડવાની વાતો ચાલતી હતી ત્યારે એક અમેરિકને તેમને સાવચેત કરી મૂક્યા. તુરતજ હરદયાળ અને બીજા હિન્દીઓએ અમેરિકા તજી દઈ બીજે ભાગી જવાનું નક્કી કર્યું.

જુદા જુદા સ્થળોના જર્મન એલચીઓ (કોન્સલો) હિન્દુસ્તાનની સરકારને ઉથલાવી પાડવા ઇચ્છિનારાઓને જુદીજુદી રીતે સહાય કરી રહ્યા હતા. અમેરિકાથી પાછી ફરેલી બળવાવાદીઓની ટુકડીઓ પણ તેમની સાથે વાતચીત કરવાનો પ્રસંગ મળતાં તેનો લાભ લેવા ચૂકતી નહિ.*

છોટાબડા પરમાનંદજી

એ રીતે કેટલાએક યૂરોપ તરફ ગયા, અને બાકીના બધા હિન્દુસ્તાન તરફ ઉપડ્યા. રસ્તે જ્યાં જ્યાં તક મળે ત્યાં ત્યાં પોતાના વિચારો પ્રદર્શિત કરવા તેઓ ચૂકતા નહિ. એવું એક બારકસ જાપાનને બન્દરે આવી લાગ્યું. પરમાનંદ નામનો એક ઉછળતો જુવાન અહિં તેમની સાથે આવી મળ્યો. એનું મૂળ વતન ઝાંસી. આંદામાનમાં અમે એને છોટા પરમાનંદ કહેતા; કારણ મોટા–બડા પરમાનંદની પદવી તો લાહોરની ડી. એ. વી કોલેજના પહેલા પ્રોફેસર ભાઇ પરમાનંદજી એમ. એ. ને મળી હતી. એમને પણ લાહોર કાવતરાં કેસમાં જીંદગીભર કાળાપાણીની સજા થઈ હતી. પંજાબમાં શીખોની ચડતી દશા વખતે સ્વદેશ અને સ્વધર્મ કાજે જ્યારે નીડર દેશસેવકો મુસલ્માન જાલિમોની સમશેર પર હોંશથી શિર ઝૂકાવતા હતા, ત્યારે પરમાનંદજીના એક વડવાએ આત્મ-

* એ વિષે જાણવા 'બંગાળાનો બળવો' વાંચો. ગાંડીવ. ૧ાા રૂ।●

બલિદાનનો કોઇ અનેરો મહિમા જીવનમાં ગૂંથી ગયો હતો–તે વેળા મુસલ્માનોએ તેમના તરવારથી ટુકડા કર્યા હતા. તે કાળથી શીખોએ એ ગૌરવશીલ કુળને "ભાઈ" ની પરમ પ્રેમમય ઉપાધિ ભેટ કરી હતી. શીખોમાં આ "ભાઇ" નું સંબોધન બહુજ સન્માનનું સૂચક છે. એથીજ અમે સઘળા શીખોને તેમનાં નામ સાથે ભાઈ શબ્દ જોડીનેજ બોલાવતા.

આવેશ નહોતો !

ભાઇ ભગવાનસિંહ નામના શીખોના એક બહુ ઉત્સાહી આગેવાન હતા. એમનાં ભાષણો સાંભળીને કેટલાયે શીખો પોતાનો ધંધોધાપો તજી વિપ્લવકાર્યમાં મદદ કરવા સારૂ દેશ પાછા ફર્યા હતા. એમણે માત્ર ક્ષણિક આવેશમાં આવી જઇને બધું તજી દઈ વિપ્લવદીક્ષા લીધેલી એમ ધારવામાં ભૂલ છે. તેમનામાં ખરેખરજ સ્વદેશોદ્ધાર માટેની પ્રેરણા સફાળી જાગી ઉઠી હતી. આ રીતે દેશ પાછા ફરેલા ઘણાક શીખો સાથે મારે વાતચીત થઇ છે.—ખરેખર શરીરના અણુએ અણુમાં વ્યાપેલી પરાધીનતાના અગ્નિની ઝાળ ન સહેવાથી તેમણે આ કાર્યમાં ભાગ લેવો શરૂ કર્યો હતો. એમનામાંના કેટલાક હોંગકોંગમાં ચોકીબાન—પહેરેગીર—હતા, અને કેટલાક વળી બીજેજ કોઇ ધંધો ચલાવતા હતા. આ ટુકડીમાં પણ એમણે પોતાની સત્તા ઝમાવી.

પરણવા જાઉં છું

હિન્દ પાછા ફરેલા ટોળાઓમાં ઘણા ઇંગ્રેજ લશ્કરી ટુકડીઓમાં નોંધાયેલાઓ પણ હતા. કેટલાકે આઠ વરસ, કેટલાકે દશ તો કેટલાકે છેક અગિયાર વરસ સુધી પણ લશ્કરનું લૂણ ખાધું હતું. ત્રણ વરસથી ઓછા અનુભવવાળો તો કોઈજ નહોતો; કારણ કાયદા મુજબ ઓછામાં ઓછાં ત્રણ વરસ તો નોકરી બજાવવાને

સિપાઇ બંધાયજ છે. એમનામાં ઘણા મશીનગન ચલાવનારાયે હતા—તોપચી, ગોલંદાજો પણ હતા.

હિન્દુસ્તાન આવતાં રસ્તે પોલિસ ખાતાના અમલદારોએ એમને હિન્દ પાછા ફરવાનાં કારણો પૂછયાં. કોઈ કહે, કે પરણવા જાઉં છું; કોઇ કહે બહુ દહાડાનો વિજોગ થયો—હવે તો સગાં વહાલાંને ભેટું, વિગેરે. આગળ ઉપર અદાલતમાં મુકદ્દમો ચાલતી વેળા ન્યાયાધીશના એ જાતના સવાલોનો પણ એમણે એવોજ જવાબ વાળેલો. માત્ર એકજ જણે જુદી જાતનો જવાબ આપી ધ્યાન ખેંચ્યું હતું. ન્યાયાધીશે પૂછ્યું કે: દેશમાં પાછા કેમ ફર્યા? તે કહે: મારો સ્વદેશ છે તેથી. આ પંજાબી બ્રહ્મદેવનું નામ જગતરામ હતું. એ “ ગ્રદર ” પત્રના સંપાદક તરીકે નીમાયેલો હતો. ગ્રદર એટલે બળવો–રાજદ્રોહ, એ જણાવવું ભૂલી ગયો છું.

અંધેર

આ પાછા ફરેલા શીખોમાં કંઇ અજબ ઉત્સાહ હતો એ ખરૂં, પણ તેમને કામ કરવાની સાચી રીતિનીતિ તો નહોતીજ આવડતી એમાં શક નથી. એમનું નહોતું કોઈ મથક, કે નહોતી કોઈ શાખા. એક જણની દેખરેખ નીચે ૨૫ થી ૫૦ આદમી રહેતા. તેને એ આદમીઓનો સરદાર કહેવામાં આવતો. પણ આ સરદારો એક બીજાની સાથે કોઈ વાર ભેગા મળતા કે પરસ્પર મસલત કરતા, એવું કંઈ નહોતું. મતલબ કે એકત્ર ભાવે કામ કરવાની ચાવી તેમની પાસે નહોતી; કારણ મુખ્ય મથક જેવું કંઈ હતુંજ નહિ. આ પ્રમાણે કેટલાયે લોકો તદ્દન અવ્યવસ્થિત રીતે દેશમાં ધાંધલ મચાવતા પાછા ફરતા હતા, તેની ભાળ કોણ રાખે? જેઓ મુલતાનમાં જેલવાસી હતા, તેઓ માત્ર એટલું બોલતા કે હવે બળવો જલદી શરૂ થશે અને અમે છુટી જઇશું. તેને બદલે તેમને તો એક બીજીજ જેલમાં મોકલવામાં આવ્યા. સમાનધર્મી એક લક્ષ્ય-

વાળા મિત્રોને એક સાથે રહેવાથી જે આનંદ પ્રાપ્ત થાય, તેમાંથી પણ તેમને વંચિત કરવામાં આવ્યા.

આ બધા ટોળાં હિન્દમાં આવી બંગાળાના બળવાવાદીઓની શોધમાં પડયા. પણ પહેલેથીજ કોઈની સાથે સંબંધ જોડેલો નહિ, ઓળખાણ કરેલી નહિ એટલે પાત્ર અપાત્ર જેને તેને મોઢે પંજાબના બળવાની વાત કરવા લાગ્યા. એ જમાનામાં કલકત્તામાં રસ્તાના ચાલનારને મોઢેથી પણ મેં પંજાબના થનારા બળવા વિષે વાતો સાંભળી છે! હિંદ સંરક્ષણ કાયદો પસાર કરતી વેળા હારડીંજ સાહેબે પણ આ વાતનો ઉલ્લેખ કર્યો હતો.

ફોકટ પ્રયત્ન

કરતારસિંગે આ વખતે બંગાળાના એક સારા પંકાયેલા પ્રતિષ્ઠિત આગેવાનની મુલાકાત લીધી. તેણે તેને એવી સલાહ આપી કે તમે તમારે તમારી સગવડ અને ધારણા મુજબ કામ કર્યાં કરો. બંગાળા ખરી અણીની વખતે તમને મદદ કરવા નહિ ચૂકે.

હવે એમને થોડા ઘણા હથિયારોની જરૂર જણાઈ આવી. પંજાબના લશ્કરો પર આધાર રાખવાનો હતો એ ખરૂં. છતાં પોતાના બચાવ ખાતર પણ બનતાં સુધી દરેક કાર્યકર્તા પાસે હથિયાર હોવા જોઈએ—એ વિચારે થોડીક રિવોલ્વરોની જરૂર પડી. આ હેતુથી શ્રીયુત જગતરામને થોડાક રૂપિયા આપી કાબુલ તરફ મોકલવામાં આવ્યા. જગતરામ બાપડા પેશાવરમાંજ પકડાઈ ગયા અને જેલમાં સબડવા લાગ્યા. તે પછી એની સાથે આંદામાનમાં મારે મુલાકાત થઈ હતી.

ઝાંસીવાળા પરમાનંદને પણ આજ હેતુથી બંગાળામાં રવાના કર્યો હતો; પણ તેયે કામ સિદ્ધ કર્યા સિવાયજ પાછો આવ્યો.

—(o)—

(૪)

જુનો જોગી

• આ બળવાની ગોઠવણો ચાલતી હતી તે વેળા કાશીની બહારના લોકો સાથે વાતચીત મુલાકાત કરવા માટે અમે ખાસ મકાન નક્કી કરી મૂક્યાં હતાં. પંજાબથી કોઈ મુલાકાત સારૂ આવે એટલે એવાજ એક ખાસ ઘરમાં પહેલવહેલાં ઉતારો લે. ત્યાં આગળથી ખબર મળે અને દૂરથી, તેની જાણ વિના તેને નિહાળી ઓળખી લેવામાં આવે, તે પછીજ તેની સાથે મુલાકાત થતી.

એક દિવસ હું કાશીમાં હતો. પંજાબથી બળવાવાદી મંડળનો એક માણસ પંજાબની તૈયારીઓ વિષેની ખબર લઇને મારી પાસે આવ્યો. બળવામાં જોડાવા માટે એ ત્રણ હજાર શીખો સુનિશ્ચિત રીતે તૈયાર થઈ ગયા છે એ જાણી મારો અંતરાત્મા આનંદના આવેશથી જાણે નાચવા-ઉભરાવા લાગ્યો. પંજાબવાળાઓએ એની સાથે કહેવડાવેલું કે અમને રાસબિહારીજીની જરૂર છે. દિલ્હી કાવતરાં કેસના નાસી છૂટેલ આરોપી કર્મવીર રાસબિહારીનું નામ આ પ્રમાણે ઠેઠ અમેરિકા સુધી પંકાઈ ગયું હતું; આ શીખોએ એનું નામ ત્યાંજ સાંભળેલું.

અનેક કારણોસર રાસબિહારીનું પંજાબ જવું કંઇ બને તેવું નહોતું; એટલે મારે તે સ્થળની મુલાકાત લેવી એમ ઠર્યું. વાતચીતને અંતે નક્કી થયું કે પંજાબની પરિસ્થિતિ મારે જાતે ચોકસાઈથી તપાસી રિપોર્ટ કરવો, અને તે બાદ આગળ શું પગલાં લેવાં તે ઠરાવવું.

કરતારસિંગનો પ્રથમ પરિચય

આટલું તો પહેલેથીજ નક્કી હતું કે મારે જલન્ધર જઈ ત્યાંના શીખોના આગેવાનો સાથે વાતચીત કરવી. નવેમ્બર મહિનો પૂરો થવા આવ્યો હતો. ઋતુકાલના નિયમ પ્રમાણે ઠંડી પડતી જતી હતી. એ કકડતી ઠંડીમાં લુધિયાના આવતાં મારી જોડે મુસાફરી કરનાર પેલા ભાઇની પિછાનમાંનો એક શીખ સ્ટેશન પર સ્વાગત કરવા આવેલો જણાયો. પેલા ભાઇએ એની સાથે મારી ઓળખાણ કરાવી આપીઃ ભાઈ કરતારસિંગ. કરતારસિંગ ગાડીમાં બેસી ગયો અને અમારી સંગાથે જલન્ધર તરફ તેણે પણ મુસાફરી આરંભી. રસ્તે થોડી ઘણી વાતચીત થઈ. લુધિયાનામાં તે વેળા બસો ત્રણસો માણસો ભેગાં હતાં એમ મને ખબર મળી. એ બધાને જૂદે જૂદે કામે મોકલાશે. બધાય ગુરૂદ્વારામાં અધ્યયન કરવાને બ્હાને ભેગા થતા.

હજુયે બધું—બધું સાંભરે છે. આગગાડીના તે ખાનામાં અમે કેટલા બધા ભેગા મળ્યા હતા! પણ બધાનાં મનમાં કંઈ કંઈ જૂદી જૂદીજ ભાવનાઓ ઘોળાઈ રહી હતી. અમે ત્રણ જણા કંઈ કંઈ વાતો કરતા ખરા, પણ હૃદયમાં જૂદાજ ભાવોનું પ્રાબલ્ય હતું. હું તો આખે રસ્તે એજ વિચારી રહ્યો હતો કે કોણ જાણે આ શીખ મંડળના સભ્યો કેવીક જાતના હશે, તેમના અભ્યાસ ભણતર આદિની કેવી કક્ષા હશે? સાંભળ્યા પ્રમાણે ઘણાક ત્રીસ અને તેથી પણ વધારે ઉમ્મરના હતા. એ બધાઓની નજરમાં હું કેવો દેખાતો હઈશ—બાવીસ વરસનો દુધમલ જુવાનિયો—? મારૂં એમનામાં કંઈ વજન પડશે કે કેમ: આવા મોટા, ઉન્મત્ત જનમંડળને યથેષ્ટ કાબૂમાં રાખી મારી ધારણાઓ શી રીતે બર લાવી શકીશ?—એવા એવા સેંકડો સવાલોથી મારૂં હૃદય ખળભળી ઉઠયું હતું—અધીરૂં બન્યું હતું. સાથે અંતરની ઉંડી ઉંડી ગુફામાંથી છાની છૂપી રીતે એક આનન્દનું ઝરણું પણ વહેતું લાગતું—મનમાં થતું, કે સારાય

જીવનનું સપનું હવે સફલ થવાનું છે. જુગજુગના અંધારા ઉલેચતા નવયુગનાં તેજ હવે આવશે: પણ—પણ એક વાતનો વિચાર આવતાંજ મારૂં સારૂં શરીર ધ્રૂજી ઉઠતું—મને કંપારી છૂટતી.—બંગાળ ક્યાં ? સેંકડો હજારો વરસની બંગાળને કપાળે ચોંટેલી કાળી ટીલી મને હૃદયમાં ડંખ્યા કરતી. ભારે જોરાવર ઇચ્છા એમ પણ થતી, કે જાઉં બંગાળે, અને ત્યાંજ કામ કરૂં. પણ—પણ એ તો આપણે આડા ઉતર્યા.

લુધિયાના પછીનું બીજું સ્ટેશન આવી પહોંચ્યું. કરતારસિંગે "બુલેટીન" નામનું છાપું ખરીદ્યું. છાપું વાંચતાં જણાયું કે કલકત્તામાં મુસલમાન લત્તાની એક ગલીમાં બોમ્બકાણ્ડ બની ગયો છે. વળી જાસૂસ ખાતામાંના ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી વસન્ત ચટ્ટોપાધ્યાયના ઘરમાં બે બોમ્બ પડ્યા છે; એક હેડ કોન્સ્ટેબલનો પગ ઉડી ગયો, કેટલાક ઘાયલ થયા, ઘરની દિવાલ તૂટી ફૂટી ગઈ, ઘણો સામાન સરંજામ ઉડીને બહાર પડ્યો, અને ઘરના ઓટલા આગળનો ફાનસ સ્તંભ તો ચૂરેચૂરા થઈ ગયો. વસન્તબાબુ જીવતા છૂટયા ખરા. હું ! આ વાંચી મને ઘણીક વાતો સમજાઈ. પંજાબનો ઇતિહાસ પૂરો થયે, બંગાળાની ચર્ચા ઉપાડવાનો છું તે પ્રસંગે આ બધી વાત યોગ્ય સ્વરૂપમાં તમને જણાવવા નહિ ચૂકું.

શીખ આગેવાનો

આ પ્રમાણે ઠામ ઠામ બોમ્બ પડવાથી હિંદુસ્તાનમાં ચોમેર દેશસેવકોમાં હોહા મચી રહી. કોઈ વિરાટ બળવા–યોજનાની છૂપી તૈયારીના આ બહારના પરપોટાજ માત્ર છે એમ ઘણાને લાગ્યું–અને તેને અંગે એવી જાતનાં ગુપ્ત મંડળો થાય તો સારૂં એવી અધૂરી પૂરી ઇચ્છા જાગ્યા વિના ન રહી. કરતારસિંગનો તો આ ખબર વાંચી ગગનમાં પણ આનંદ ન માય. એક બીજાની સામું જૂએ, અને આંખોમાં આનંદના ચમકારા પ્રગટાવે. એમ ને એમ જલન્ધર

આવી પહોંચ્યા. સ્ટેશન પર કરતારસિંગજીના થોડાક લાગતા વળગતાઓ વાટ જોતા હતા. તેમની સાથે એને જે વાતચીત ગોઠડી કરવાનાં હતાં, તે થઈ ગયા બાદ અમે રેલપાટા ઓળંગીને નજીકમાંજ આવેલી એક વાડીમાં ગયા. ત્યાં આ બળવા મંડળના કેટલાક આગેવાનો હાજર હતા. તેમને જોઈ મારા જીવમાં જીવ આવ્યો, કે અહિં માત્ર હુંજ દૂધમલ બાળક ગણાઈ જવાનો નથી; મારા જેવડીજ ઉમ્મરના બીજાઓ પણ સામેલ છે ખરા. તે દિવસે હાજરમાં કરતારસિંગ, પૃથ્વીસિંગ, અમરસિંગ, રામરાખા અને બીજો કોઈ એક શીખ, એટલા હતા. કરતારસિંગજી ૧૯–૨૦ વરસના હતા. અમરસિંગ અને પૃથ્વીસિંગ બંને રાજપૂત હતા, પણ તેમનો વસવાટ પંજાબમાં હતો. તેઓની ઉમ્મર ૨૪–૨૫થી વધારે નહોતી. રામારાખા બ્રાહ્મણ લાગતો હતો અને તે પણ જુવાનીનાં આંગણામાંજ હતો.

આ બધા બાપડા રાસબિહારીને મળવાની આશામાં ને આશામાં ઉત્સુક હૃદયે બેઠા હતા. મારી ઓળખાણ બધાની સાથે થઈ. તે વેળા કંઈ મેં એમનાં બધાંનાં નામઠામ પૂછ્યા નહોતા; પરંતુ ક્રમે ક્રમે પ્રસંગોપાત મેં નામ જાણેલાં. અમારામાં એવી જાતની ઝાઝી પૂછપરછ શંકાની નજરે જોવાતી, અને નામઠામ પૂછવા–જાણવાની ખાસ જરૂર કોઇને લાગતી નહિ. રાસબિહારી ખાસ કારણોસર ન આવી શકવાથી પોતાના જમણા હાથ જેવા આ બાબુજીને મારી સાથે મોકલ્યા છે એમ કહી પેલા કાશી તેડવા આવેલા ભાઈએ મારી પિછાન કરાવી. કરતારસિંગે કહ્યું: પણ અમારે તો રાસબિહારીને જ મળવું છે.

મેં તેને સમજ પાડી કે અહિં આવતાં પહેલાં અહિંના સંજોગોથી વાકેફ થવાની તેમને ભારે જરૂર છે અને તે શિવાય હાલ તેઓ એવી અવસ્થામાં છે કે હજુ પણ ઘણા દહાડા તેમનાથી કાશી છોડી આ બાજુ આવવાનું નહિજ બને.

પછી મેં તેમને પંજાબના હાલ વિષે બધું પૂછ્યું: કેટલા માણસો જોડાયા છે, તેઓ એક બીજા સાથે કેવી રીતે મળે હળે છે, તેમના સાચે સાચા આગેવાનો કોણ છે? વિગેરે વિગેરે. પછી મેં કહ્યું: જે તમારો ખરેખરો આગેવાન હોય, તેની સાથે મારી મુલાકાત થવાની જરૂર છે,

અમરસિંગ કહે: વાંધોજ તે છે. અમારામાં કોઈ ખરેખરો પ્રભાવશાળી આગેવાન નથી, તેથી તો રાસબિહારીની જરૂર છે. અહિં અમે જે થોડા ઘણા છીએ તેમનું જ્ઞાન ઊંડાં જેટલું છે એટલે કોઈ જાતનું વ્યવસ્થિત કામ થઈ શકતું નથી. બંગાળાની મદદની અમને ખાસ, ખાસ જરૂર છે. બંગાળામાં તમે ઘણાક વખત થયાં કામ આરંભેલું છે એટલે આપનાં જ્ઞાન અને અનુભવ ઘડાયેલા છે.

ઉદ્યાપનની ગંભીરતા

કરતારસિંગે પણ આ વાત કબૂલ કરી. પણ પછી અમરસિંગને કહ્યું: દેખો ભાઈ, ઐસે હિમ્મત કયું હારતે હો? દેખ લેના, કામકે વખત પર તુમ્હારે હી ભીતરસે કિતને છીપે હુએ રૂસ્તમ નીકલેંગે!

મતલબમાં તે દિવસની વાતચીત પરથી મને એટલું સમજાયું કે જે મહાન સ્વાતંત્ર્ય વ્રતનું ઉદ્યાપન તેમણે ગ્રહણ કર્યું હતું, તેની મહત્તાનું તેમને પૂરેપૂરૂં ભાન હતું; અને પોતાની શક્તિનું માપ કાઢતાં કંઈક આત્મશ્રદ્ધા ખૂટવાથી બહારના કોઈ ટેકાની તેમને ઘણી જરૂર લાગતી હતી. સાથે એ પણ વાત ધ્યાનમાં આવી, કે એમનામાં કોઈ પણ સાચેસાચો કામ કરનાર હોય તો તે કરતાર-સિંગજ. એનામાં જેટલી આત્માશ્રદ્ધા જણાતી હતી તેટલી વિના કોઈ દહાડો કોઈ માણસ મહાન કાર્ય ન ઉકેલી શકે. ઘણી વ્યક્તિઓમાં અહંકારનો ભાવ હોય છે, પણ સાચી શુદ્ધ આત્મશ્રદ્ધા વિરલ છે. અહંકાર અને આત્મશ્રદ્ધામાં આસમાન જમીનનું અંતર છે. અહંકારમાં અન્યને ઉતારી પાડવાની વૃત્તિ રહેલી છે, જે

અહંકારમાં તેવી વૃત્તિનો સ્હેજ પણ અંશ નથી તેનું નામ આત્મશ્રદ્ધા.

એ તો ઠીક. પંજાબની અવસ્થા મેં આ લોકો પાસેથી જાણી લીધી. તેમાંની ઘણીક વાતો આગલાં પાનાંઓમાં આવી ગઈ. વાતચીતમાં મને એ જણાઈ ગયું કે :આમની બળવા–યોજનાનો મુખ્ય આધાર પંજાબનું શીખ લશ્કર છે. કરતારસિંગ અમેરિકાથી પાછા ફરેલા શીખોની પહેલવહેલીજ ટુકડીમાં અહિં આવેલો અને સપ્ટેમ્બર મહિનાથી આ કામમાં ગૂંથાયેલો એમ તેણે જાતે મને કહ્યું.

બંગાળાની તૈયારી

પછી કરતારસિંગે પૂછ્યું: બંગાળા હથિયાર ઓજારની બાબતમાં કેટલીક મદદ કરશે વારૂ? ત્યાં કેટલા હજાર બંદુકોનો સંગ્રહ છે? (વિગેરે)

મેં સામો સવાલ કર્યો: તમે શું ધારો છો? બંગાળાની તૈયારી બાબત તમને શું લાગે છે?

તે કહે: અમને તો લાગે છે કે બંગાળા પૂરતું તૈયાર છે. બંગાળામાં જોઇતો હથિયારસંગ્રહ થઈ ચૂક્યો હોવો જોઈએ. તમારી જન્મભૂમિ તો આજ ઘણા ઘણા વરસોથી આ જાતની તૈયારી કરતી આવી છે. અરે, અમારામાંના પરમાનન્દને તો તેના કોઈ બંગાળી દોસ્તે ૫૦૦ રિવોલ્વર આપવાનું વચન પણ આપ્યું છે. તેથી તો પરમાનંદ બંગાળા જઈ પહોંચ્યો છે.

મારે સાચી સ્થિતિ તુરત સમજાવવી પડી: જોજો, પરમાનંદને જેણે આમ કહ્યું હશે, તે કોઈ બીજુંજ માનવી દેખાય છે. બંગાળામાં કોઈ પણ સ્થળે ૫૦૦ રિવોલ્વરનો સંગ્રહ છે નહિ. જેણે આમ કહ્યું છે તે કોઈ બડો જૂઠો ગપ્પીદાસજ છે.

કરતારસિંગ બોલ્યો: ત્યારે તો પછી બંગાળ અમને શી મદદ કરવાનું હતું? પંજાબની સાથે સાથેજ બંગાળામાં બળવો નહિ ફાટી ઉઠે? ત્યાં તમારા હાથ પર અત્યારે કેટલાક માણસ છે?

બીજું કોઇ હોત—

બીજું કોઈ હોત, બીજો વખત હોત, તો આવા આટલા સવાલ હું પૂછનારને પૂછવાજ ન દેત. કદાચ પૂછત જ, તો હું જવાબ દેતે, કે—

"એ બધું જાણીને તમારે શી પંચાત? એમ માની લ્યો, કે બીજે કોઈ ઠેકાણે કોઇ જાતની તૈયારી નથી. એમ છતાં તમે આ યજ્ઞમાં જોડાશો ખરા? બધી વ્યવસ્થાનો પૂરેપૂરો ભાર તમારેજ માથે છે એવા ભાન સાથે તમે આ પંગતમાં ભળવા રાજી થશો? વિગેરે."

આવોજ જવાબ મેં આપ્યો હોત. અરે, આ તો ઠીક છે, પણ બંગાળામાં તો એવા પણ મહાવીરો હતા, કે અમારે ત્યાં "આવી આવી" જંગી તૈયારીઓ છે એમ ખોટાં ગપોડાં લગાવી પોતાના મંડળમાં માણસો ભેગાં કરવાનો પ્રયત્ન ચલાવતા. અસ્તુ.

સાચો ચિતાર

કરતારસિંગે આવો સવાલ પૂછ્યો, એટલે તેને હવે જવાબ તો દેવોજ જોઇએ. આથી મેં કહ્યું: જૂઓ. બંગાળમાં તમારી પેઠેજ લશ્કરમાં ધુસવાની તક અમને મળે તેમ હોત, તો તો અમે કયારનીયે સારી સલ્તનત ઉથલાવી પાડી હોત. બંગાળમાં મુખ્યત્વે કરી જુવાનિયાઓ અને વિદ્યાર્થી અવસ્થાના સભ્યોજ આ યોજનામાં ભળેલા છે અને એ જે સભ્યો ભળેલા છે તેની સંપૂર્ણ પસંદગી અમે એવી સુંદર કરેલી છે, કે તેમનામાંનો એકેએક અડધી રાતે પણ મૃત્યુનો ભેટો કરવાને માટે પથારીમાંથી ઉઠીને ઉભો થાય. મરણિયાઓનેજ અમે પસંદ કરેલા છે; એટલે અમારી પાસે સંખ્યાની નજરે બહુ ઓછાં માણસો છે. બહુ તો બેએક હજાર હશે.

આમ છતાં મારી શ્રદ્ધા છે, કે જે દિવસે ખુલ્લેખુલ્લો બળવો

અમે જાહેર કરીએ, તે દિવસે બીજા હજારો માણસો અમારી સાથે આવીને ભળ્યા વિના નહિ રહે. કામનું મંડાણ પંજાબમાં થાય, તો પણ એટલી વાતમાં તો નિશ્ચિંતજ રહેજો, કે બંગાળ એ હાકલને ઝીલવામાં પાછું નહિ પડે. બંગાળ કોઈ જબરદસ્ત પ્રયત્ન કરશે. ઈંગ્રેજને બંગાળમાંજ એટલી બધી શક્તિનો વ્યય કરવાની જરૂર પડશે, કે પંજાબ તરફ તેનાથી પૂરતું ધ્યાન નહિજ આપી શકાય.

એટલું કહ્યા બાદ વળી ઉમેર્યું: અત્યારેજ તિજોરી લુંટવી કે પોલિસ બરાખ પર હુમલો કરવો વિગેરે સાધારણ કામ તો બંગાળ કરી શકે તેમ છે. પણ તે પછી શું ? એ ભાવિનો વિચાર કરીનેજ હજુ સુધી બંગાળે કામ શરૂ કર્યું નથી.

અમારી સાથે વિચાર મસલત કર્યા શિવાય કશું કરશો મા, એમ મેં તેને ખાસ સમજાવીને કહ્યું-તેના મગજમાં ઉંડું ઠસાવ્યું. એણે કહ્યું:

તમે કહો છો તે વાજબી છે. આપણે બહુજ સાવધ રહી કામ લેવાનું છે, જેથી આટઆટલી સંઘરેલી શક્તિ એળે ન જાય. થોડી ઘણી હોહાદોડધામમાં કે સંગીન કાર્ય કર્યા વિનાજ તમામ શક્તિ વેડફાઇ ન જાય એ સંભાળવાનુંજ છે.

વ્યવસ્થિત થાઓ

મેં સલાહ આપી, કે ઘણાખરા ભાઇઓને પોતપોતાના ગામમાંજ રહેવાનું કહેજો. ફક્ત આગેવાનો અને પ્રસંગોપાત કામ ચાલુ રાખવા સારૂ જરૂર પૂરતા માણસોનેજ સંગાથે રાખવા. બાકીનાઓના થોડાક વિભાગો પાડી દઇને દરેક વિભાગ પર એક એક મુખી નીમી દેવો, એટલે જ્યારે જરૂર પડે ત્યારે તેની મારફત બધાને એકત્ર પણ કરીજ શકાય. એ રીતે છૂટીછવાઈ ટુકડીઓ રૂપે વિખૂટા પડી ન જશો તો બહુજ થોડા વખતમાં બધાજ પકડાઈ ગયા વિના નહિ રહે.

વળી એમ પણ જણાવ્યું કે:

તમારામાંથી એક જણ મારી સાથે ચાલો, તેને હું રાસબિહારી પાસે લઇ જાઉં. તેમની સાથે વાતચીત કરી તેમની સલાહ અનુસાર જે કંઈ નક્કી કરવું હશે તે થઈ શકશે.

મારૂં આ સૂચન તેને ગમી ગયું અને તે એણે ખુશીથી સ્વીકાર્યું. એમ ઠર્યું, કે પૃથ્વીસિંહ સાથે મારે લાહોરમાં ફરી મુલાકાત કરવી અને પછી તેનેજ સંગાથમાં લઈને રાસબિહારી પાસે જવું એ ઠીક છે.

હથિયારની માંગણી

કરતારસિંગે મારી પાસે થોડાં ઘણાં રિવોલ્વરાદિ શસ્ત્રો માટે માંગણી કરી. પોતાનું રક્ષણ કરવા સારૂ, કે કોઇ કોઈ વાર નાની ત્રિજોરી લુંટવાને, પણ પાસે હથિયાર તો જોઇએજ ને!

જ્યારે એ લોકો અમેરિકાથી દેશમાં આવ્યા, ત્યારે જુદે જુદે સ્થળેથી થોડી થોડી બંદુકો લેતા આવેલા. નામવર બ્રિટીશ સરકારના સમર્થ જાસૂસખાતાની નજર ચૂકાવીને પણ એ બન્દુકો દેશમાં પ્રવેશ કરવા પામી હતી. ડોલના તળીયામાં એક લાકડા કે પતરાનું ઢાંકણ જેવું બનાવી તેની અંદર રિવોલ્વરો લવાતી. કેટલેક દહાડે આ યુક્તિનું પોગળ ફુટી ગયું. પછી ઘણીક વાર તો હિન્દુસ્તાનને બન્દરે આવી પહોંચતી વેળા ખલાસીઓને તેની સોંપણ કરી દઈ જ્યારે તક અને અવકાશ મળે ત્યારે તેમની પાસેથી લાવી નાંખવાની યુક્તિ પણ લડાવવામાં આવી. આ પ્રમાણે કેટલાંક હથિયાર તેમના હાથમાં આવેલાં; પણ એટલાથી ચાલે તેમ નહોતું–બીજાની જરૂર હતી. મેં કાશીથી થોડીક રિવોલ્વર અને ગોળીઓ આણેલી હતી તે કરતારસિંગને આપી દીધી અને કહ્યું: હાથ ઉપર જેટલી હતી તેટલીજ આણી છે. પછી બીજી થોડી ઘણી આપી શકાશે.

સાથે સાથે એમ પણ કહ્યું, કે અમારી પાસે પણ ઝાઝો સરંજામ નથી, એટલે બહુ આશા રાખવા જશો તો છેતરાશો.

બોમ્બની બનાવટ

પણ બોમ્બબાજીના વિષયમાં મેં તેમને જણાવ્યું, કે બંગાળીઓ એ પ્રયોગમાં એક્કા બન્યા છે, એમાં શક નથી. અને જરૂર હોય તેટલા પ્રમાણમાં બોમ્બની જોગવાઈ કરી શકાશે ખરી. પંજાબીઓ પણ તે વેળા એક જાતના બોમ્બ તો બનાવતાજ હતા. તેઓ સીસા અને પિત્તળનો એક જાતનો ખડીઓ ઘડતા—એ બોમ્બનું ખોળીયું. આ ખડીયાના મોંઢા પર પેચદાર ઢાંકણું રહેતું તે ચઢાવી દીધું એટલે ખડીયો રીતસર સપ્પટ બન્ધ થઇ જાય. એમાં ભરવામાં સુરંગ (પત્થર) ફોડવામાં વપરાય છે તેજ મીક્ષ્ચર વાપરતા (ક્લોરેટ ઓફ પોટાશ વિગેરે). વચારામાં કાચની એક નાનકડી શીશી (દેશી) બનાવતા હતા; તેમાં સલ્ફ્યુરીક એસીડ ભરી તેનું મ્હોં બંધ કરી તેને પેલા ખડીયામાંની બખોલમાં ગોઠવવામાં આવતી. સ્હેજ અથડામણથી પણ ફાટી જાય. ઘણીક વાર આજ મશાલા સાથે ખાંડ પણ ભેળાતા. શીશી ફૂટતાંજ એસીડ, પોટાશ, અને ખાંડના સંયોગથી ધડાકો થઈ બોમ્બ ફૂટે અને પેલા ખડીયાની કચ્ચર કચ્ચર ચારે બાજુએ ઉડી પડે. આ બોમ્બ કંઇ ખાસ ઘાતક ન ગણાય. ઘણી વાર તો ફાટતોજ નહિ અને ફાટે તોયે હત્યા તો કરીજ નહોતો શકતો.

મેં તેમને બંગાળાના બોમ્બની વિગત સમજાવી. તે તો બહુજ ભયંકર વસ્તુ છે એ વાત તેમના મગજ પર મેં સારી પેઠે ઠસાવી.

કરતારસિંહને મેં કહ્યું કેઃ તમને જોઇએ તો પંજાબમાં જુદે જુદે સ્થળે કયાં કયાં કેટકેટલા બોમ્બ રાખેલા છે તે હું કહી શકીશ.

કેવું અંધેર ? !

કરતારસિંગે હરખભેર એ વાત જાણવા આગ્રહ કર્યો, એટલે મેં તેને પૂછ્યુંઃ હવે પછી તમારી મુલાકાત કયાં આગળ થશે ?

તે કહે: હું ક્યાં પડાવ નાંખીશ એનું કંઈ ખાસ નક્કી નથી.

મેં પૂછ્યું: એવું કાંઈ આપનું મથક નથી, જ્યાં જવાથી તમામ માહિતી મળી શકે ?

તે કહે: ના.

વળી તેણે કહ્યું કે: આ બધા તો જુદે જુદે ઠેકાણે કામે ચાલ્યા જશે. અને કામ થઈ રહે ત્યારે વળી પાછા એક નક્કી કરેલે ઠેકાણે ભેગા મળશે. પણ જો કાંઇ કારણથી ભેગા ન થઈ શકે તો ગુરૂદ્વારામાં તપાસ કરવા શિવાય ભાળ મેળવવાનું બીજું કોઈ સાધન નહિ એ વાત પણ ખરીજ.

આ સાંભળી મારી અજાયબીનો પાર રહ્યો નહિ. મને લાગ્યું, કે ખુલ્લે હૃદયે બધી પૂરેપૂરી વાતો મને જણાવાતી નથી કે શું ?

આવી જાતનો શક પડવાથી મારી ખાસ ટેવ મુજબ બીજી કંઈ પણ પૂછપરછ કરવાનું મેં માંડી વાળ્યું; એટલુંજ નહિ, પણ કોઇ જાતની સલાહ સૂચના પણ નજ આપી.

પણ એ મારી ભૂલજ હતી. આગળ ઉપર અમારો સંબંધ વધારે ગાઢો ઝામ્યો ત્યારે મને ચોકસ માલમ પડ્યું, કે એણે કહેલી બીના તદન સાચીજ હતી. જાણ્યું, ત્યારે એવી પરિસ્થિતિ ટાળવાને પ્રયત્ન કર્યા વિના પણ હું રહી ન શક્યો; પણ આ વેળા તો, જ્યાં આ બધી વાતચીત ચાલતી હતી તે બાગમાં આવી લાગ્યો, ત્યારથીજ હું સમજી ગયલો, કે આ બધાનું જલન્ધરમાં પણ કંઇ ઠરીઠામ મથક નથી. જેઓ હાજર હતા તે બધા જલન્ધરમાં બહારથી આવીનેજ ભેળા મળેલા. અને અહિં પણ એવો એ લોકોનો કાંઈ અખાડો નહોતો જ્યાં જઇને તેઓ નિરાંતે નચિંત જીવે બેસે.

અને—,

અને આવી અવ્યવસ્થિત સ્થિતિમાં તેઓ રાસબિહારીને અહિં આણવા ઇચ્છતા હતા ! ગાંડાનાં કંઈ જુદાં ગામ વસે છે ?

રૂા. સાડાસાત હજારનું તો જેને પકડવા સારૂ ઈનામ જાહેર થઈ ચૂક્યું હતું તેને આમ અજાણ્યે, જરા પણ ઈરાદા વિના આ લોકો સકંજામાં લાવી મૂકતજ ને !

એ તો ઠીક. આ બધું સાંભળ્યા બાદ મેં કરતારસિંગને અમૂક ઠેકાણે આવવા સારૂ ખબર આપી. તેણે આવવાનું કબૂલ પણ કર્યું. એમ પણ ઠર્યું કે તેજ સ્ટેશને મારે તેને લઈ જવો અને ત્યાં અમે બનાવી સંઘરી રાખેલા બોમ્બ આપવા.

પંજાબની "તરકારી"

ઘડિયાળમાં જોયું, તો આગગાડીનો વખત થવા આવ્યો હતો. સૌ પોતપોતાને કામે જવા માટે ઉઠયા. હું અને પેલો મારો (તેડાગર) મિત્ર બંને એક હોટલમાં ગયા. મારો ભાઇબંધ તો મત્સ્ય માંસ વિગેરેને અડતોયે નથી, એમ ત્યાંજ મેં જાણ્યું–આથી મારે પણ લાચારીથી ત્યાં ભાજીખાઉજ બનીને બેસી રહેવું પડયું. પણ પંજાબની ભૂંજેલી રોટી અને દાળ ભાવ્યાંએ ખરા, એ કબૂલવું જોઇએ. સુન્દર વાનગી છે.

હું પણ પહેલાં તો જબરો વનસ્પત્યાહારી હતો. પણ મેં એવી રીતે કેટલી વેળા માંસાહાર છોડયો–ગ્રહ્યો હશે :તેનો તો હિસાબજ નથી રહ્યો! એક વાત સાંભરે છે તે કહી દઉં.

એક વેળા હરદ્વારથી લક્ષાર (જંક્ષન) સ્ટેશને આવી ત્યાં હું રાસબિહારી–(દાદા)ની વાટ જોતો હતો. સાંજની ગાડીમાં દાદા આવનાર હતા. જંક્ષન પર સુન્દર ઉપાહારગૃહ હતુંજ, એટલે આપણે હાથ મ્હોં ધોઇ :ત્યાં આગળ પધાર્યા.

વૈટરે પુછ્યું, "કયા લાઉં ?"

હુકમ આપ્યો, "રોટી ઔર તરકારી લે આઓ."

એ તો લાવ્યો, સુન્દર દેખાવડી "રોટિયાં"–ઔર, ઔર–કયા ? તો કે માંસ! ભોગ મારા! હું જાણુતો નહોતો કે પંજાબમાં માંસનેજ તરકારી કહી સંબોધે છે. હું તો મોટી આફતમાં આવી પડયો. હવે

શું કરવું? ઓર્ડર આપ્યો અને આવી પડી તે વસ્તુ પાછીએ કેમ ઠેલાય?? આ લોકો મારે માટે કેવા વિચાર લાવે? ખૂબ ઘોળાઘોળ બાદ ખાઈ જવાનુંજ ઠરાવ્યું. હવે શી ગમ્મત બની તે જૂઓ.

સાંજે દાદા આવી લાગ્યા. તેમની સાથે હું તો ફરી ખાવા સારૂ ગયો. તેમણે રોટી અને માંસ લાવવા વરદી આપી. પણ વરદી આપ્યા બાદ તુરત અચકાઇ, મારા તરફ જોઈ ગણગણ્યા–"પણ તું તો માંસ ખાશે નહિ." એમ બબડી બીજી કોઇ વસ્તુ માટે વરદી આપવા જતા હતા, એટલે મારેજ તેમને અટકાવી દેવા પડયા, "કંઈ નહિ, જે આવે છે તે આવવા દ્યો. હું તો સ્હવારે વટલાયેલોજ છુ"—એમ કહી સ્હવારનો અનુભવ વર્ણવીને કહ્યું કે સ્હવારેજ ખાધું છે તો વળી અત્યારે ન ખાવાનો ઢોંગ શા માટે આદરૂં? પણ દાદા કહે, "ભાઈ, મનમાં કંઇ દિલગીર થવાપણું રાખીશ નહિ." હું હસ્યો. ત્યારથી વ્રત તૂટયું અને મેં માંસ ખાવું શરૂ કર્યું. માંસ ખાતો અને બોમ્બગોળા હાથમાં લઇને આમતેમ દોડધામ મચાવતો, છતાં હું ક્રૂર તો નથીજ.

ચેતવણી

એ તો ઠીક. ચોખાની રોટી અને દાળ ખાવા બાદ–પેટોબાને સંતુષ્ટ કરી તાજેમાજે થઈ કરતારસિંગને માટે બોમ્બ ભેગા કરવાને હું રવાના થયો અને મારી સાથેનો પેલો પંજાબી વીર લાહોર તરફ ઉપડયો. મારે ઠામઠેકાણે પહોંચ્યા બાદ હું તો અમારા મથક પર લાગલો પહોંચ્યો. ત્યાં અમારામાંનો જે મુખ્ય હતો તેને બીજી બધી વિગતો તો મેં નજ જણાવી, પરંતુ એટલું તો કહ્યું કે: મારે બોમ્બ જોઇએ છીએ; અને એક શીખ ભાઈ આવીને તે લઈ જશે.

શીખનું નામ સાંભળી સ્હેજ ચંચળ થઇને તેણે કહ્યું: જોજે ભાઇ સાન્યાલ! આ શીખ લોકોની સાથે ભળતાંહળતાં જરા

સંભાળવાનું છે હોં કે! એમના ઉપર સરકારની ખૂબ ખફાદૃષ્ટિ છે. એમની સાથે વધારે ન હળવામાંજ માલ છે.

મેં મનમાં ને મનમાં વિચાર્યું: આ તો ખરેખરી આફત! એક તો પૂરે ભરોંસોયે બેસતો નથી; અને વળી અહિં તો સંબંધ પણ તજવાની ભલામણ થાય છે!

બહારથી તો હા ભણી; પણ ઠરાવેલે વખતે હું સ્ટેશન પર જઈ હાજર થયો.

કરતાર ક્યાં?

ટ્રેન વખતસર આવી; પણ તેમાં કરતારસિંહ ન દેખાયો. તે પછીની ટ્રેનનો ટાઇમ પણ મેં સાચવ્યો. સારૂં સ્ટેશન હું ખૂંદી વળ્યો—કેટલાયે લોકોના મોંઢાં સામું મીટ માંડી ટગર ટગર જોયું, પણ કરતાર આવ્યો હોય તોજ મળે ને!

લાચારીથી હું ઘેર પાછો ફર્યો. હવે કરતારની સાથે ફરી ક્યાં અને ક્યારે મુલાકાત થશે તેનો મને જરાગે ખ્યાલ નહોતો. એમના મંડળમાંના કોઇને તેનો ખ્યાલ હોય એવો પણ સંભવ ન લાગ્યો. બેમ્બ બેમ્બને ઠેકાણે રહ્યા અને હું તો લાહોર તરફ રવાના થયો.

ત્યાં મારા આગલા પરિચયવાળાઓ સાથે વાતચીત કરીને તેમની પાસેથી પંજાબ વિષે માહિતી મેળવવાનો પ્રયત્ન મેં કર્યો.

આ પ્રમાણે જુદે જુદે સ્થળેથી મેં જે રંગબેરંગી માહિતી એકઠી કરી, તેમાંની ઘણી તો હું વાંચકને ચરણે રજુ પણ કરી ચૂક્યો.

પૃથ્વીસિંહ

સાંજે લાહોરમાં એક ખુલ્લા જગ્યાએ ઉભો રહી પૃથ્વીસિંહ મારી વાટ કાગડોળે જોઈ રહ્યો હતો. તેને મેં કરતારસિંહની ગેર-હાજરી વિષે વાત કરી. અલબત્ત એ પણ કરતારને વિષે કોઈ

જાતની ખબર અંતર તો આપી શકે એમ હતુંજ નહિ. કાશી આવવાની બાબતમાં એણે જણાવ્યું કે હાલ ત્રણ ચારેક દિવસ સુધી તો મારાથી નીકળાય તેવું નથી, તે પછી બને ખરૂં.

પાંચમી ડીસેંબરને દિવસે પંજાબ મેલમાં બેસી એણે કાશી આવી પહોંચવું એમ ઠર્યું. મારે તેને રાસબિહારીના રહેઠાણ આગળ લઈ જવો એમ મેં કબૂલ્યું. પણ હજુ સુધી દાદાનું નિવાસગૃહ કયે સ્થળે આવેલું છે તે વાત મેં એનાથી છૂપાવીજ.

બંગાળી વિ. ઉત્તરવાસી

લાહોર છોડતાં પહેલાં મેં જેમની સાથે મુલાકાત કરી હતી તેમનામાંના એકને વિષે મારે અહિં થોડું ઘણું કહેવું છે. ઘણું કરી એ પંજાબી ન હતો. પહેલા એનો વાસો જેટીયા પ્રાંતમાંના કોઈ એક પ્રદેશમાં હતો. પણ હવે તો એ અસ્સલ પંજાબીજ થયો હતો. એની રહેણી કરણી, આચાર વિચાર સર્વ કંઇ પંજાબી ઢબછબનાંજ થઇ ગયાં હતાં. પોતે કહે ત્યાં સુધી એ પંજાબી નથી એમ પારખવું બિલકુલ અશક્ય જ હતું. એમ તો ઘણા બંગાળીઓ પણ બંગાળ બહાર વસે છે; પરંતુ તેમની 'બંગાળવાસિતા' તેમનામાંથી સ્હેલાઇથી ભૂંસાઇ જઇ શકતી નથી. ત્રણ ત્રણ ચાર ચાર પેઢી સુધી—અરે તેથી પણ વધારે દિવસમાં વસવાટ કરવા છતાં તેઓ ઠેઠ સુધી બંગાળીજ રહે છે.—ઉલટું એવે એવે સ્થળે જાણે નાનકડાં બંગાળી સંસ્થાનોજ ઝામી જાય છે. પરંતુ ઉત્તર હિંદના ઘણા પ્રદેશના લોકોને મેં જોયા છે-તેઓ એકલવાયા બીજે સ્થળે ઘણો વખત વાસ કરવાથી પોતાનું પ્રાંતિકત્વ તો વીસરીજ જાય છે,—જે દેશમાં રહે છે ત્યાંના લોકો સાથે તદ્દન એકાકાર બની રહે છે.

વિલિક્ષણ વ્યક્ત

કાશી પાછા જતાં પહેલાં આવા એ ભાઈ સાથે થયેલી વાત-

ચીતમાં એક જાતની સંકોચવૃત્તિનો અનુભવ થવાથી મને અપાર દુઃખ થયું. જુદા જુદા વિષયો પર વાત થયા બાદ દિલ્હી કાવતરાં કેસ વિષે ચર્ચા નીકળી.

એ કહેઃ વસંતકુમારને માટે દ્રવ્ય અને બેરીસ્ટરની મદદ તો કરી, પરંતુ એકંદરે એ મામલામાં બંગાળે અમને બિલ્કુલ સહાય નથીજ આપી. એવા બીજા પણ તેણે બે ત્રણ આક્ષેપો બંગાળા ઉપર કર્યા. મને તો તે વેળાની બધી વાતો વિગતોની પૂરેપૂરી માહિતી નહોતી. પરંતુ મને જે કંઇ માલમ હતું તેને આધારે મેં પેલા ભાઇને જણાવ્યું કે મંડળ તરફથી અમે કોઇને કોઈ જાતની મદદ કરીજ નથી. વસંત બાબુને જે મદદ મળી હતી તે પણ તેના કોઇ આપ્ત કે સ્નેહી તરફથી ખાનગી રીતે–ખાનગી ખરચે મળી હતી.

પંજાબના આ નવા શીખ બળવાવાદી સંપ્રદાય વિષે મેં તેનો અભિપ્રાય પૂછ્યો. જાણે પોતે એ વિષયમાં બિલ્કુલજ અણવાકેફ હોય તેવી રીતે એણે જવાબ આપ્યો. એના જવાબ પરથી એટલું તો મને ખુલ્લું સમજાયું કે એ ઘણું જાણે છે, પરંતુ મને જણાવવા માટે બિલ્કુલ રાજી નથી.

એની પાસેથી કઢાવી શકાય, તેટલી માહિતી તો મારે કઢાવવીજ હતી. એનું કહેવું એમ હતું કે આ નૂતન બળવાવાદી શીખ સંપ્રદાય કેવળ સ્વતંત્ર રહેવા ઇચ્છે છે–કોઇની પણ મદદની એને અભિલાષા નથી.

મનની મોળાશ

એના બોલવાનો ધ્વનિ એવો હતો, કે છટ્ બંગાળા ! તારે આમાં ડાકું મારવાની શી જરૂર ?!

મેં પૂરી શાંતિ જાળવી. મારા મનોવિકારોનો મારા વદન પર જરાયે પડછાયો પડવા ન દીધો, અને પૂછ્યું, "વારુ, રાસબિહારી અહિં આવે, તો કાર્ય આગળ ધપાવવાનું વધારે જોરથી બને

ખઈ ને ?"

"એની ઇચ્છા હોય, તો આવે."

શબ્દે શબ્દે અવગણના તરતી હતી—ઉભરાતી હતી.

મને સમજ પડવા લાગી. રાસબિહારીને આ બાજુ લાવવા—તેડવા—નોંતરવા એને કંઇ ખાસ હોંશ કે ઇચ્છા ન હતી. એનો રાસબિહારી સાથે આગળનો જૂનો પરિચય હતો, એ હું કળી જઈ શક્યો.

'કોઈ કોઈ શીખ આગેવાનો સાથે મારો મેળાપ કરાવી આપશો?' એવી મેં માંગણી કરી જોઈ.

"એવા કોઈ ખાસ આગેવાનો સાથે મારો સંબંધ નથી." એણે જણાવ્યું. અને એજ—બરાબર એજ—જીહ્વા વડે એણે થોડીજ મિનિટો પહેલાં લાહોરમાં ભેગા કરેલા ત્રણસો રૂપિયા એક શીખ આગેવાનને આપ્યા હોવાનું કબુલ કર્યું હતું !

શીખ બળવાસંપ્રદાયની અનેક વિગતો એણે મારાથી છૂપાવવા પ્રયત્ન કર્યો—ભલેને, તેમ તો તેમ. મારા હૃદયને તેથી થોડોજ કંઈ આઘાત પહોંચવાનો હતો ?

હુંપદને દૂર હેલવાનો ગમે એવો પ્રયત્ન કરો છતાં એ કોઇ ઝીણામાં ઝીણા છિદ્ર મારફત પ્રવેશ કરેજ છે—મારો પોતાનો એવો અનુભવ છે. આ નરવીરના હૃદયની સંકુચિત વૃત્તિ જોઈ મને સાચેજ ક્ષોભ થયો. પણ વાંચકને એક ચેતવણી આપું છું. આ નમૂનો જોઈ મા ધારશો, કે બધાય પંજાબીઓનાં મન આટલાં મેલાં હતાં—આટલાં સાંકડાં હતાં ! ના, ના. જે ખરેખરા કામના કરનારા હતા તેઓ બીજા પ્રાંતભાઇઓ કરતાં તો બંગસંતાનો તરફ ઘણાજ વધારે સ્નેહભાવ અને શ્રદ્ધાથી વર્તતા. અરે ખૂદ પોતાનાં દેશજન—પંજાબી ભાઇઓ કરતાં પણ કેટલાક શીખોને તો બંગાળીઓ પર વધારે વહાલ ઉપજતું.

મને તો લાગે છે કે જેઓ ખરૂં રચનાત્મક કામ નથી કરી શકતા, તેઓજ બીજાઓની ટીકા કર્યા કરવાનું શીખે છે. આ ઉપર બતાવેલા ભાઈશ્રીએ પણ કેટલીક વેળા અમને અમારા કામ-કાજમાં થોડી ઘણી મદદ કરેલી ખરી. પરંતુ સરવાળે જોતાં તો તેઓ અમારાથી દૂરના દૂર જ રહેતા હતા, એટલે અમારો એમની સાથે એવો ખાસ ગાઢ સંબંધ નહોતો; પણ પંજાબની સાચેસાચી અવસ્થાનું સાર્વત્રિક અવલોકન કરવાના ખાસ હેતુથી મેં બધાયની પાસેથી માહિતી ભેગી કરવાનો મનસૂબો કર્યો હતો. અને એટલું તો ખરૂંજ, કે આફતકાળે ગમે તેવી લાલચોને વટાવીને પણ છૂપી વાતો એ કદી નહિજ ફોડે એ બાબત અમારી ખાતરી હતીજ. અરે, એક વાર એવો પ્રસંગ બની પણ ગયો હતો, અને ત્યારે એ અગ્નિસ્નાન કસોટીમાંથી એ અણિશુદ્ધ પાર પણ ઉતરેલોજ.

એક બ્હીક

અસ્તુ. બળવાનો એક નવો અધ્યાય શરૂ ગઈ ચૂક્યો છે એમ વિચારીને આગગાડીમાં બેસી હું કાશી તરફ તરતજ ઉપડયો. મનમાં ચટપટી થઈ રહી હતી કે ક્યારે કાશી સ્ટેશને ઉતરૂં અને જઇને રાસદાને સર્વ હકીકત નિવેદન કરૂં.

પંજાબની અવસ્થા જોઈ એક વાતની તો મારી સચોટ ખાતરી થતી જતી હતી;—કે આમ ભેગી થયેલ જીવનશક્તિને જો તુરતજ સુસંયત અને વ્યવસ્થિત કરવામાં ન આવે તો આ શીખ મરણિયાઓ તકની વાટ જોયા વિના કાળેઅકાળે એવું કંઇક કરી બેસશે, કે એ એકત્રિત થયેલી સર્વ શક્તિ કંઈ પણ કાર્યસિદ્ધિ કરવાને બદલે વ્યર્થજ છિન્નભિન્ન થઈ જશે. અરે, આટલો હું સાવધ હતો, આટલો ચેતેલો હતો, તોયે અનંત શક્તિવાળા એ સર્વેશની ઇચ્છાએ એ શક્તિ આખરે તો રેલાઇજ ગઈ—ઢોળાઇજ ગઈ. અલબત્ત આ જગતના વિકાસક્રમમાં તો સર્વ કંઇને સુયોગ્ય સ્થાન

છેજ; તેમ એ પણ સાંકળનો એક આંકડોજ, એમ ગણીએ તો એ એક જૂદું દષ્ટિબિંદુ ખરૂં. અસ્તુ.

આમ વિચારો કરતાં કરતાં રસ્તેજ મેં તો ઠરાવેલું, કે જેમ અને તેમ જલદી દાદાને–રાસબિહારીને એ બાજુ મોકલી આપવા; એટલુંજ નહિ, પણ અમારી બાજુ તરફ પણ સૈનિક વર્ગમાં કામ-કાજ શરૂ કરી દેવું. આટલા દિવસ એ તરફ ધ્યાન ન આપવાનાં કારણો તો આગળ બતાવીશ. મેં નિશ્ચય કર્યો, દાદાને પંજાબ મોકલી મારે એકદમ બંગાળા તરફ દોટ મૂકવી. ઘણા દિવસો થયાં મેં એ બાજુ પગ નહોતો મૂક્યો, અને ત્યાં જઈ કામ કરવાને હૈયું કુદાકુદ કરી રહ્યું હતું. એ બાજુ મને જવા દેવા માટે દાદાની પરવાનગી મેં ઘણી વાર જાચેલી; પણ એનો નન્નો તે નન્નોજ રહેલો.

મહાયુદ્ધ અને લશ્કરભરતી

પંજાબ પૂરો થયો. જોટીયા પ્રાંતમાંથી ગાડી સડસડાટ ચાલી જાય છે. સાંજનું ઝઝકળું પૂરૂં થવા આવ્યું છે. મારા ડબ્બામાં ઝાઝા કોઇ બેસારૂઓ હતા નહિ—અમે કુલ ત્રણ ચારેક હતા.

એ જમાનામાં એવું એકે સ્થાન નહોતું, કે જ્યાં વીસમી સદીના મહા વિલક્ષણ કુરૂક્ષેત્ર વિષેની ચર્ચા ન ચાલતી હોય! અમારી વચ્ચે પણ આસપાસમાં વાતચીત કરતાં એજ વિષય શરૂ થયો. મેં એક સહબેસારૂ (આ શબ્દ ભાષામાં ઉમેરવા જેવો નથી વારૂ ?) ને પૂછ્યું: “કેમ, તમારા ગામમાં સિપાઇભરતી કેવા પાયા પર ચાલે છે ?”

એણે કહ્યું, “લાલચો, કાલાવાલા અને ખટપટના તો પાર નથી; છતાં ભરતી તો નરમગરમજ ચાલે છે, એમાં શક નથી. સિપાઇઓ મેળવવાનું કામ કઠણ થઈ પડયું છે. ખૂબ ભારે પગારોની, અરે, એક મહિનાનો પગાર તો પહેલેથીજ આપી દેવાની પણ લાલચો બતાવાય છે. ખૂદ મામલતદારો અને બીજા ઓદ્દેદારો સિપાઇભરતીને

માટે ગામેગામ અલખ જગાવતા નીકળી પડયા છે. અને જેઓ વધારે પ્રમાણમાં ભરતી કરે-કરાવે છે, તેમને બહુ સારી દલાલી પણ અપાયજ છે. પણ એટએટલી ખટપટો છતાં લશ્કરમાં ઝાઝા નથી જોડાતા. સિપાઇ થવાની યોગ્યતાવાળા જુવાનિયાઓ એક ગામથી બીજે ગામ ભાગતા ફરે છે."

"ત્યારે તો ઇચ્છા મુજબ સિપાઇઓ મળી નથી શકતા એ વાત સાચી કેમ ?"

"અરે એ વાતનો ખ્યાલ તો તમે એટલું જાણશો ત્યારેજ આવશે, કે કેટલાક ગધેડાઓ મોહમાં ફસાઇને જોડાયા બાદ જ્યારે નોકરીનું ખરૂં સ્વરૂપ સમજાય છે, ત્યારે છોડવાની બહુ બહુ ઇચ્છા છતાં નોકરી છોડી શકતા નથી; અને પછી નાસવાનો પ્રયત્ન કરે છે, એટલે પોલિસ મારફત ગિરફતાર થાય છે."

પંજાબમાં પણ એવીજ ફજેતી થતી હોવાનું મેં સાંભળ્યું હતું,-ત્યાં પણ ભરતીનું કામ મન્દ પડી ગયું હતું.

ઇંગ્રેજ રાજ પર ગુસ્સો

પરંતુ આજ વેળાએ એક બીજી વસ્તુ પણ મારા ધ્યાનમાં આવ્યા વિના રહી નહિ. તે એ, કે ઠામઠામ જ્યાં આ વાતો ચર્ચાતી, ત્યાં અભણ વર્ગમાં તો શબ્દે શબ્દે ઇંગ્રેજો પ્રત્યેનો ગુસ્સો તિરસ્કાર તરી આવતો. એક કિસ્સો વર્ણવું.

એક દિવસ કાશીમાં પથ્થરના બાંધેલા એક ચોતરા પર બેસી હું એક હિંદુસ્તાની સાથે કોઇક અંગત વિષયની વાતચીત કરી રહ્યો હતો. પાસેજ એક ખેડુત ઘાસ કાપતો હતો. અચાનક અમારી પાસે આવીને તે હસતાં હસતાં કહે, "બાબુજી, ઇંગ્રેજનું રાજ હવે રહેશે ખરૂં ?"

મેં પૂછ્યું, "તને કેમ લાગે છે વારૂ ?"

"બાબુજી, હવે તો ઇંગ્રેજનું રાજ ચાલુ રહે એમ લાગતું નથી.

એમનો સમય હવે ભરાઈ ચૂકયો લાગે છે. જર્મનો કયારે આવશે?"

મેં તેને તુરતજ સમજાવ્યું, કે જર્મનો અહિં આવ્યાથી આપણને કોઇજ જાતનો ફાયદો નથી. પણ તે તો જીદજ લઇને બેઠો. "નહિ, નહિ બાબુજી! ઇંગ્રેજ લોકોનું રાજ ઇન્સાફી રીતે નથી ચાલતું. એ તો હવે આટલેથી પતે એજ ઠીક છે."

પછી મારે તેને જે સમજાવવું હતું તે મેં સમજાવ્યું. તેની ચર્ચા અહિં આપવાની જરૂર નથી જોતો. પણ એટલું ખરૂં, કે આવો આ અભણ ખેડુત પણ તેના વિચારોમાં "બાબુ" હકાર ન પૂરે તો તેની ઉપર ગુસ્સે થવા જેટલી પોતાના વિચારોમાં શ્રદ્ધા ધરાવતો.

હનુમાનજીનો ત્રાસ

પંજાબ મેલ બરાબર ત્રણેક વાગે કાશી આવી લાગ્યો. તે વેળા મારા ઉપર જાસૂસો અને છૂપી પોલિસનો ખૂબ પ્રેમ (!) હતો. સ્હવારના પહોરથી માંડી લગભગ નવદશ વાગ્યા સુધી એ હનુમાનજીઓ મારા ઘરના દરવાજાની સામે અથવા તો આસપાસમાંજ કોઈ સ્થળે બેસી રહે, અને હું જ્યાં જ્યાં જાઉં ત્યાં ત્યાં મારી પાછળ મારા પડછાયા કરતાં પણ વધારે ઝીણવટથી ફર્યા કરે. હું ઘર બહાર ન નીકળું, તો મારી મુલાકાતે આવનારાઓને પણ તેમના તરફથી કંઈ ને કંઈ ત્રાસ થતો તો ખરોજ. પોલિસોએ જાણવું જોઇએ કે ફલાણાની સાથે મારે ગાઢો સંબંધ છે, એટલે થઈ ચુકયું; તેની દશા બરાબર મારા જેવીજ થવાની.

એ યે એક જમાનો હતો, જ્યારે મારા જેવા સાથે ભળવું હળવું એ પણ એક સરકારી ગુન્હો હતો!

પણ—

પણ એવા એવા કરડા સરકારી પહેરા હેઠળ પણ પ્રત્યેક જાતનું કામકાજ નિયમિત અને હમ્મેશની રીત મુજબ કરતાં અમને

આવડતું. એટએટલા જાપતા હેઠળજ અમે બંગાળાથી બોમ્બ રિવોલ્વર કાશી આણેલાં અને કાશીથી પંજાબને જુદે જુદે મથકે પહોંચાડેલા.—કહો, સરકારી પોલિસની કેવીક ચતુરાઈ હશે ? જાસૂસની આંખમાં ધૂળ નાંખવી અને તેને હથેલીમાં ધોળે દિવસે પણ ચાંદ બતાવવો એ કામ અમને તો બચ્ચાંખેલ જેટલું સરળજ લાગતું.

શેરને માથે સવાશેર

કેવી રીતે અમે સરકારનો આવો કડક જાપતો પણ વટાવી દેતા તેનો સ્હેજસાજ ખ્યાલ આપું, અને પછીજ આગળ ચાલું.

ઘરની બહાર નીકળવાનો સમય અમે બહુજ ચતુરાઇપૂર્વક અને વિચાર કર્યા બાદજ સાધતા, જેથી પહેરા પર બેઠેલા માણસને જરાયે ખબર પણ ન પડે. છતાં કોઇ કારણસર તેમની જાણમાંજ બહાર નીકળવું પડે અને તે પીછો પકડે, તો તે વેળા જુદીજ યુક્તિ લડાવતા. તે વેળા મંડળનું બળવાબાજીનું કામકાજ ન કરતાં, આમ તેમ કોઇ બીજાને ત્યાંજ જઇ આવવું, કે બજારમાં આંટા મારવા, અથવા તો કંઈ બીજુંજ દુનિયાદારીનું સાદુંસીધું કામ પાર પાડવું એવી જાતનો ક્રમ રાખેલો હતો. ઘરનાં લોક મનમાં વિચારે,—કે "ઓહો, આજે કંઈ શચીન ખૂબ ડાહ્યો બની ગયો ને!" * તેમ ન બને તો કારમાઇકલ પુસ્તકાલયમાં જઇ ચોપડાં ઉથલાવી કે ચોપાનિયાંઓ—પેપરો વાંચી ઘેર પાછો ફરતો.

ખાસ કરીને ઉનાળામાં તો એ પ્રમાણે ખૂબ તરેહથી રખડપટ્ટી કર્યા બાદ ઘેર આવી માથામાં તેલફૂલેલ લગાવી, ચોળી, ગંગા મૈયાના પુણ્યજળમાં ડૂબકી મારવા પડતો, અને બાપડા હનુમાનજીને જરા નિરાંતે ઠરવા દેતો. મારી પાછળ ફરતાં ભટકતાં તેના પગનો કંઈ ઓછો ભૂકો થતો હતો ?

---

* શચીબાબુની તે વેળા કેવળ વિદ્યાર્થી અવસ્થા અને કાચી ઉમ્મરજ હતી.

સંતાકુકડીની રમત

એટલી વાત તો જણાવવી જોઇએ કે આ સરકારી જાસૂસને કોઇ જાતનો અંગત વિરોધભાવ કોઇની સાથે ન હતો; અમારી સામસામી "દષ્ટેદષ્ટ" મળતી અને પરસ્પર તારામૈત્રક રચાતું ત્યારે નવજુવાન પતિપત્ની પેઠે અમે બંને હસ્યા વિના નજ રહેતા. વળી કોઈ વાર ત્રીજા માળની બારી ઉઘાડી હું બહાર ડોકીઉં કરતો, કે જોઉં તો ખરો, જનાબ શું કરે છે? તે વેળા તે જો મને જુએ તો બાપડો શરમાઇ જાય અને મન્દ હાસ્ય કરી ધીમે ધીમે આમ તેમ ફરવા–રખડવા નીકળી પડે. આવી સંતાકુકડી રમતાં અમને તો ભારે મઝાજ પડતી. જ્યારે જ્યારે એની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયત્ન સફળ થતો ત્યારે ત્યારે ભારે ખુશાલી ઉપજ્યા શિવાય રહેતી નહિ. કદાચ પ્રયત્ન નકામો જાય તો યે થોડી ઘણી રમૂજ પેદા થતી. પરંતુ કોઇક વાર તેમના પહેરાને લીધેજ કોઇ ખાસ અગત્યની યોજના ભાંગી પડતી, ત્યારે તો એમના ઉપર ખરેખરો ગુસ્સો ચઢતો.

ઘણીયે વાર હું તેને સમજાવતો, કે "ભાઇરે, તું તારે તારી નોકરી ભલે કોઇ ઉપાયે ખડી રાખ. પણ આમ રાતદહાડો ઘરની બહાર દરવાજા આગળ પડ્યાપાથર્યાં રહેવું એ ઠીક નથી. ઘરનાં માણસો કે પાડપડોશીઓ શો વિચાર કરે? અને જો, નામદાર સમશેર બહાદૂર સરકારને તો લાગે છે કે હું કોણ જાણે કેવાંક ભયંકર કામમાં ગૂંચવાયેલો છું. પણ તેનો એ ખ્યાલ કેવળ ભૂલભરેલો છે. તું ગરીબ માણસ, તારી નોકરી ભલે ચલાવ્યા કર; પણ નાહક મને વારંવાર ચિઢવીશ નહિ."

આવા જાસૂસોમાંના કેટલાક તો બહુ ભલા, પરમેશ્વરનાજ માણસ હતા. તેઓ અમારી સાથે એટલી નમનતાઇથી અને માયાળુપણે વાત કરતા, કે તેમના પર મને જરાયે ગુસ્સો ન ચઢતાં

કેવળ દયા અને અનુકમ્પાની લાગણીજ થઈ આવતી. તેઓ પણ પછી તો બહુ તકલીફ ન લેતાં સાંજે માત્ર હું કાશીમાં છું કે નહિ તલાશ કરતા, અને બાકીનો વખત તો પાસેનીજ ગલીમાં કે મોટા રસ્તા પરની કોઇ દુકાને બેસી ગપ્પાં સપ્પાં હાંક્યા કરતા. અલબત્ત, મને પાસેથી નીકળતો જૂએ, તો તો તેમને પીછો પકડ્યા સિવાય ચાલતુંજ નહિ.

અરે, એક તો એવો મળેલો કે જાણે મારો સાત જનમનો દુશ્મન ન હોય, તેવી ચીવ્વટાઇથીજ મારો પીછો પકડતો. તેને બરાબર મેદાન આપવામાં હું પણ કંઈ કચાશ રાખતો નહિ. આમથી તેમ ખોટો ખોટોજ ભટકાવ્યા કરતો; એક ગલીમાંથી બીજીમાં, બીજીમાંથી ત્રીજીમાં, ત્રીજીમાંથી વળી કોઇ બીજેજ રસ્તે નીકળી માણસોના ટોળામાં ભળી જઇ ગમે ત્યાં છેક અંતર્ધાન થઇ જતો, અને એને ડાચું વકાસીને વિચારમાં પડી જવું પડતું. અને ભાગ-જોગે એવી સ્થિતિમાં કોઇ દારોગાની નજર પડી—મને છૂટો, કોઇ હનુમાનજી રૂપી પૂંછડા શિવાય ભટકતો દીઠો, અથવા એને એમ માથું ખંજવાળતો ભાળ્યો, કે બસ થઇ ચૂક્યું ! એને થોડોઘણો ખાટો મીઠો સવાદ ચાખવાનું મળતું.

અને આવા જુદી જુદી તરેહના જાસૂસોની સાથે આમ સંતા-કુકડી રમવાના અનુભવને પરિણામે અમને એક બહુ સરસ લાભ થયો હતો. અમે એકજ મિનિટમાં કોઇ પણ માણસ જાસૂસ છે કે કેમ તે ઓળખી કાઢતા. હવે તો બધી વાત ખુલ્લેખુલ્લી બહાર પડી છે, છતાં એટલું તો સ્પષ્ટ રીતે સરકારે જાણવું જોઇએ કે સાચેજ, અમે કદિ પણ સરકારની પોલિસના એવા પહેરાને લીધે ગભરાયા નથી કે અમારૂં કોઇ પણ કામ અટક્યું કે વિફળ નીવડ્યું નથી. અમારી પાછળ ફરવાથી પોલિસને એક પણ નવા માણસનો પત્તો કે ભાળ મળ્યાં નથી. જ્યારે અમારી ઉપર તેમનો સખત

જાપતો ચાલૂ હતો ત્યારેજ બોમ્બ અને રિવોલ્વર લઇને કાશીના જુદા જુદા લત્તાઓમાં હું જઈ આવ્યો છું, કાશીમાં બહારથી એવી વસ્તુઓ આણી છે અને કાશીની બહાર મોકલી પણ છે.

હથેળીમાં ચાંદ

એક દિવસ સ્હવારના પહોરમાં હું ઘેર આવતો હતો. આવીને જોઉંછું તો દરવાજા પાસેજ દારોગાજી ઉભેલા, અને સાથે તેનો એક અનુચર પણ હતો.

મને જોઈ હસતાં હસતાં પાસે આવીને તેઓ ઉભા, મેં પણ તેમની સાથે હાસ્યપ્રફુલ્લ વદનેજ વાર્તાલાપ માંડ્યો.

"કેમ ક્યાં ગયા હતા? સ્હવારની ઠંડકમાં ફરવા નીકળ્યા હતા કે શું?"

"હા, આ જરા લટાર મારી આવ્યો."

"ઓહો, જોઉં જોઉં, આ શું છે?" એમ કહી તેણે મારી પાસે એક ચોપડીનું જોસ્તાન હતું, તેમાંની ચોપડી પ્રત્યે આંગળી ચિંધી. મેં તુરતજ તે ચોપડી કાઢી એના હાથમાં મૂકી. તેમાં બીજું હતું યે શું? નેપોલિયનનાં કેટલાંક સુપ્રસિદ્ધ સદ્વાક્યો અને કેટલાક બીજા મહાપુરૂષોના ખાસ ચૂંટેલા જીવનપ્રસંગોના વિગતો શિવાય એમાં બીજું કશું યે ન હતું. ચોપડીને ચૂંથીને જોયા બાદ તેણે મને પાછી આપી અને પછી હસતા હસતા અમે છૂટા પડ્યા. બાપડાને શું ખબર, કે બરાબર એજ વખતે મારા કોટના અંદરના નીચેના ગજવામાં ગનકોટન અને એવાજ બીજા ભયાનક પદાર્થો છલોછલ ભરેલા હતા!

પોલિસમાશુક

હવે દૂરથીજ જાસૂસને હું કેવી રીતે ઓળખી જઇ શકું છું તે બતાવું.

સાધારણ પોલિસ તો તેના બુટ પરથીજ ઓળખાઈ જાય છે. વળી ઘણી વાર તેના માથા પરની ટોપી, ચાલવાની લઢણ, હાથમાં લાકડી ઝાલવાની પદ્ધતિ વિગેરે એવી વિશિષ્ટ પ્રકૃતિનાં હોય છે, કે અમારી ટેવાયેલી આંખો સમક્ષ તે કદિ છૂપાંજ ન રહી શકે. કેટલીક વાર તેમની સાથેના સોબતીઓ પરથી પણ તેમનો ધંધો પકડાઇ આવતો.

મોટા રસ્તા પર ચાલતી વેળા અમૂક રીતે અવલોકન કરવાની ટેવ અમને એવી તો સજડ પડી ગઇ, કે જેલથી પાછા ફર્યા બાદ પણ ઘણો વખત સુધી અનાયાસેજ તેવી જાતનું વર્તન મારાથી થઈ જતું.

રસ્તે ચાલતાં ચાલતાં અચાનક એક સ્થળે કોઇકની સાથે વાત કરતાં ઉભા રહી જવું, અને આગળ પાછળ જોવું, કે કોઈ પછવાડે આવે છે ખરૂં કે કેમ? એવી મને ટેવજ પડેલી. અરે, એ વેળાએ પણ, રસ્તે ઉભા રહીને પાછળ પાછળ તાકીને જોવાનો મારો હેતુ કે અર્થ જે ન સમજે એવા કેટલાઓ તો મારી ઠેકડી બનાવતા અને તેમાં મને રમૂજ મળતી. તેમ નહિ તો કેટલીક વાર કોઇની દુકાને કોઈ કામની વસ્તુ ખરીદવાને મિષે કે એવાજ કોઈ નજીવા બ્હાના હેઠળ બેસી જઈ આગળ પાછળ દૂરબીન ફેંકી લીધા શિવાય મને ચાલતું નહિ. સદાસર્વદા મારા મનમાં એ લગની તો રહેતીજ કે સ્હેજસાજ ગફલત પણ થઈ, તો માત્ર એક મૂરખાઇને લીધે આખો બળવાવાદી સંપ્રદાયજ હવામાં ઉડી જશે એ નક્કી છે.

પરન્તુ રસ્તે ચાલતાં ચાલતાં એકાદ ઠેકાણે પણ થોડી વેળા ઉભા રહેવાનો ડોળ કર્યા શિવાય તો હું કદિજ પાછો ફરતો નહિ. એકનું એક સ્નેહાળ મુખડું બે ચાર વાર દેખાય એટલે મને તેના ઉપર એકદમ હેત ઉભરાઈ આવતું, અને તેની ચોકકસ ખાતરી કરવા માટે હું એકાદ નાનકડી નિર્જન ગલીકુચીમાં પેસી જતો. એ

રીતે કર્યાં તો મારી માશૂકનો બુરખો પડી જતો અથવા તેને પોતાનું અભિસારિકાપણું તજી દેવું પડતું.

આવી રીતે જાસૂસ પંજામાં સપડાય એટલે તેને હાથતાળી આપવી એજ મારૂં પ્રથમ કર્તવ્ય બની રહેતું. અને તેમ કરવા માટે મારી પાસે યુક્તિ એ હતી, કે ઉજ્જડ રસ્તાઓ પર થોડો વખત ફેરા આંટા કર્યા બાદ કોઈ ખૂબ આવજા અને ધમાલવાળા રસ્તા પર નીકળી પડી જનમંડળીમાં ભળી જઈ છૂપાઈ જવું. એ શિવાય, ઘર બહાર નીકળવાનો વખત સાધવામાં બહુ વિચારશક્તિ દોડાવવી પડતી અને કેટલીક વાર મળસ્કે અંધારામાંજ બહાર નીકળી જવું પડતું. એમ કરતો, ત્યારે ઘેર પાછા ફરતી વેળા માલમ પડતું કે મારો જાસૂસ હું ઘરમાંજ છું માની ઘર બહાર બેઠો બેઠો બગાસાં ખાધાં કરે છે!

પોલિસ સાથે મારો આવો સંબંધ હતો.

કાશીની પ્રવૃત્તિ

ઠીક. હવે આગળ.

હું ત્રણ વાગે કાશી આવી પહોંચ્યો અને જાસૂસી નજર ચુકાવી ઘેર ગયો અને ત્યાંથી પાછો દાદાને મુકામે ઉપડ્યો. તે વેળા રાસબિહારી કાશીમાંજ હતા. પોલિસને આ વાતની કે અમારી હિલચાલની જરા ગંધ પણ નહોતી.

દાદાની સાથે મસલત કરતાં એમ ઠર્યું કે જોડીઆ પ્રાંતોના લશ્કરીઓમાં બળવાનું પ્રચારકાર્ય શરૂ કરી દેવું અને એ બાબતની ખબર તુરતજ બંગાળે પણ પહોંચાડવી.

હવે હું ડીસેમ્બરની રાહ જોવા લાગ્યો; કારણ પૃથ્વીસિંહની સાથે મુલાકાત થઈ ગયા બાદજ બંગાળા તરફ વિદાય થવું, એ જાતનો કાર્યક્રમ ગોઠવાયો હતો. એ દરમિયાન કાશીની લશ્કરી બરાકોમાં કેવી રીતે પગપેસારો મેળવવો તેની બારી હું ખોળવા લાગ્યો.

ભંગાણનાં બીજ

એએક દિવસ રહીને નીચેની વાત મેં છાપાંઓમાં વાંચી:

કોઈ એક અમેરીકન શીખ ટાંગામાં બેસી ગામ જતો હતો. છૂપી પોલિસને શક આવ્યો. તે તેની પાછળ પડયા અને તેને પકડતાં તેની પાસેથી રિવોલ્વરો વિગેરે મળી આવ્યું, પણ એને પકડવાનું કામ મોંઘું તો પડીજ ગયું. તેણે ગોળી છોડવાથી એક પોલિસ સખ્ખ્ત ઘવાયો. પછી ખબર મળી કે એ શીખ ચોક્કસ કોઈક ત્રિજોરી લૂટવા સારૂજ નીકળી પડયો હતો, પણ એનામાં ઓછી કુશળતા એટલે એને જોતાંજ પોલિસને એના ઉપર શક ઉપજ્યો.

આ મામલામાં તો ગામલોકે પણ પોલિસને મદદ આપી હતી. અલબત્ત, તેમનો ખ્યાલ એવો હતો, કે પોલિસ આવા (સામાન્ય) ચોર ડાકૂઓ (!) ને પકડે છે તો તેને મદદ શા સારૂ ન આપવી?

પ્યારાસિંહની પરહેજી

બીજો એક કિસ્સો સુણાવું. તે વેળા તો અમારી આખીયે યોજના ધૂળમાં પણ મળીજ ગયેલી હતી.

પંજાબમાં પકડાપકડીની ધૂમ મચી રહી હતી. ભાઈ પ્યારાસિંહ નામના નવજુવાન પંજાબીને પકડવા માટે પોલિસની દોડાદોડી ચાલૂ હતી. અકસ્માત એક દિવસ એક પોલિસ ઘોડેસ્વાર એક જુવાનને પકડવાને તેની પાછળ વાયુ વેગે દોડતો નજરે પડયો. એમ ને એમ પેલા જુવાને ત્રણ માઈલ સુધી તો ખેંચ્યું. ઘોડાની સાથે હરિફાઈમાં ટકાય એમ હતુંજ નહિ. અધૂરામાં પૂરૂં તે જુવાનનોજ કોઈ ગામભાઈ એટલામાં વચ્ચે કાંટા રૂપે આવીને ઝીંકાયો, અને પેલાનો રસ્તો તેણે ઘેર્યો. મિનિટ માત્રમાં તો પેલા ઘોડેસવારે ભાઈ પ્યારાસિંહના હાથમાં હાથકડી પહેરાવી દીધી. જ્યારે ગામલોકે જાણ્યું, કે આ પકડાવી દીધેલો માણસ કોઈ સાધારણ ડાકૂ કે ફાંસીઓ નહોતો, પણ

તેમનોજ વ્હાલો અને સુપરિચિત ભાઇ "પ્યારે" હતો, ત્યારે તેમનાં દુઃખદરદનો પાર રહ્યો નહિ!

આ ભાઇ પ્યારાસિંહની સાથે જે કોઇને પરિચય થયેલો, જેમને એના સમાગમનો લાભ મળેલો, તે સૌ એના ચારિત્ર્યની મીઠાશ અને સ્વભાવની સુન્દરતા પર ફિદા થયેલાં. બધાં કહેતાં, કે એનું નામ "પ્યારા" ખરેખર સાર્થકજ છે. એની નમ્રતાનો પાર નહોતો, અને એનો શાન્ત, સુશીલ સ્વભાવ અને તેજસ્વી પ્રતિભા બધાંને મોહ પમાડતાં. ગામલોક બધાં એના પર વ્હાલથી ઉભરાતાં, છતાં એજ ગામલોકને હાથે ભાગ્યવિધાતાએ એ પ્યારાસિંહને પકડાવી દેવડાવ્યો! અસ્તુ.

બરાખોમાં પગપેસારો

પંજાબમાં આ પ્રમાણે પરહેજગીરીનું પ્રકરણ શરૂ થયેલું જોઈ હું સ્હેજ ગભરાયો. દરેક મિનિટે મને થતું કે આવી મહાસંધિ સ્હેજસાજ ભૂલચૂક કે ગફલતથી એળે જવી નજ જોઈએ. અમારી ટોળકીમાંના એકાદ બે ચતુર જુવાન વીરોને પણ મેં આ વિષયમાં ચેતાવી દેવાનું દુરસ્ત ધાર્યું, અને ત્યાર બાદ બીજી કોઇ પણ બાબતો તરફ લક્ષ રાખ્યા વિના કેવળ લશ્કરને ફોડવાના કાર્યમાંજ અમારી બધી શક્તિ રેડી દેવી એમ પણ ઠરાવ કર્યો.

એક દિવસ હું અને એક મરાઠી વીર લશ્કરી બરાખ તરફ ગયા. બરાખ તરફ સીધા ન જતાં પહેલાં તો અમે કેન્ટોન્મેન્ટ સ્ટેશન પર જઈ લાગ્યા. કારણ કે કદાચ કોઇ અમારો પીછો પકડતું હોય, તો પણ અમારો તે તરફ જવાનો હેતુ તે કળી ન જાય તેજ ઈષ્ટ. સ્ટેશને પહોંચ્યા બાદ ધીમે ધીમે રેલ્વેને પાટે પાટે અમે બરાખ તરફ પ્રયાણ કર્યું. આવી રીતે કરવાથી કોઇ પણ માણસ પાછળ છે કે કેમ તે જાણી જવું બહુ સહેલું થઈ પડે એવીજ સગવડ હતી. કારણ રેલપાટે ચાલતાં અમારી જાણ શિવાય કોઈ

અમારો પીછો પકડી શકે એમ તો હતુંજ નહિ. અને એ પણ ચોક્સ, કે લશ્કરમાં જતી આવતી વેળા અમારો પીછો કોઇ પકડતું નહોતું. રેલની લાઇન લશ્કરી બરાખોની પાસે થઇને, મોટો ધોરી રસ્તો કાપીને આગળ ચાલી જાય છે.

બે જુવાનો

એ ધોરી રસ્તાના વાંક આગળ આવીને અમે જોયું, તો જણાયું, કે બે શીખ નવજુવાનો લશ્કરી બરાખમાંથી નીકળી બનતાં સુધી બજારની દિશામાં જઇ રહ્યા છે. અમે તેમની પાસે ગયા એટલે તેઓ તરતજ ઉભા થઈ રહ્યા. તેમની પાસે જઇને અમે પણ ભાતભાતની પૂછપરછ ચલાવી. તમે મૂળ ક્યાંના? તમારી પલટણ કયી! તમારો નાયક કોણ છે? પહેલાં તમે શું કરતા? હમણાં બદલી ફદલી થશે ખરી? વિગેરે સવાલોનો ધોધમાર અમે તેમના તરફ રેલાવ્યો. વળી ઇંગ્રેજ બરાખોમાં કેટલું લશ્કર છે, તેઓ ક્યારના મુકામ કરી પડયા છે, અને કેટલા દિવસ હજુ પડયા પાથર્યા રહેશે, એ બાબતની તલાસ કરવા માટે અમે મુદ્દાસરના સવાલો પણ પૂછીજ લીધા.

અમારી બધીયે વાતોનો રીતસર અને યોગ્ય ખુલાસો કર્યા બાદ તેમણે મ્હોં મલકાવીને પૂછ્યું, "કેમ, શો વિચાર ધાર્યો છે? આટઆટલી ચોકસાઇથી તપાસ કરો છો, તે અમારા પર મધરાતે છાપો તો નથી મારવોને?"

સમજ પડી

અમેયે ખડખડ હસી પડયા. તેમના મનમાંથી શંકાડાકણી અમારા હાસ્યને ચમકારે તદ્દનજ ઉડી જાય એવી રીતે અમે હાસ્ય કર્યું. તે પછી તેઓ પોતાને રસ્તે પડયા, અને અમે બરાખની પાસે થઇને ચાલવા લાગ્યા. બરાખની અંદર ઘૂસી જવાની હિમ્મત હજુ

ચાલતી નહોતી.

થોડી વારે એક બીજો શીખ રસ્તે મળ્યો.

"જય ગુરૂ જય ગુરૂ' × × × હવાલદારજીનો મુકામ કયી બાજુ હશે વારૂ?" અમે હવાલદારનું નામ લઇને તેની પાસે પૃચ્છા કરી.

"ઓહો!" તેના વદન પર સ્મિત ફરકયું: "પે...લે પ્હણે થઇને જાઓ" આંગળીથી બતાવીને—"તમે બરાબર ધારેલે ઠેકાણે પહોંચી જશો."

અમારો મુદ્દો પાર પડ્યો. એટલું તો સ્પષ્ટ સમજાયું કે સામાન્ય આમવર્ગના લોકોનો પણ આ લશ્કરી બરાખોમાં અવરજવર તો ચાલીજ શકે છે. તે બાબતમાં કોઇ પ્રકારની બંધી છે નહિ.:

છતાં તે દિવસે તો હિમ્મત નજ ચાલી. કોઇના સીધા અને થોડા ઘણા પણ અંગત પરિચય શિવાય બરાખમાં ઘૂસવાનું ફાવશે નહિજ એમ અમારી ખાતરી હતી. એટલે દેશી તેમજ ગોરા લશ્કર વિષે મળી શકે એટલી તમામ માહિતી મેળવીને અમે ઘર તરફ વળ્યા.

ભારે તાલ આવે!

મારા ઉત્સાહનો પાર ન્હોતો! "હાં!... ત્યારે કાશીમાંયે શીખ લશ્કરની છાવણી છે ખરી!" પંજાબના મારા અનુભવે એટલું શીખ્યો હતો, કે શીખોને ઉત્તેજિત કરવાનું કામ ભારે સ્હેલું છે. થોડા દિવસ વધારે આ શીખોનો મુકામ અહિં ટકી રહે, તો પંજાબથી તેમનીજ જાતિના કેટલાક આગેવાનોને તેડાવી મંગાવી તેમના દ્વારા કાર્યસિદ્ધિનાં ઘણાએક પગથિયાં ખૂબીથી પાર પાડી શકાય. બસ! તે દિવસે તો મારી મોટામાં મોટી આકાંક્ષા એજ થઈ પડી કે આ શીખ સૈન્ય હજુ કેટલોક કાળ આજ સ્થળે ગાળી નાંખે તો ભારે તાલ આવે! એવી આકાંક્ષા ઉપજે એ જરા સ્વાભાવિક હતું. કારણ એ અરસામાં કોઈ પણ એક ટુકડીને એકી સ્થળે વધુ ટકવા ન

દેવાની નીતિનો અમલ પૂર બહારમાં જારી હતી. આ ટુકડી પણ કંઈ કંઈ ગામનાં પાણી પી આવેલી હતી, એટલે કયી પળે તે કયાં ગેબ થઈ જશે, એ વિષે જરાયે ભરોસો ન્હોતો !

એવે તો ૫મી ડીસેમ્બર આવી પડી !

વખતસર હું તો સ્ટેશને જઈ પહોંચ્યો. ધમધમાટ પંજાબમેલે છાપરામાં પ્રવેશ કર્યો. પંજાબ મેલના ઇંજીનને જોઇ મારા મનમાં પણ કંઇ કંઇ તરંગો સ્ફુર્યા. અમારી તૈયારીમાં ઇંજીનદેવનો પાઠ પણ કંઈ નાનાસૂના મહત્વનો ન ગણાય ! બભ્રુવાહને શેષનાગને બાણ સાથે ચિઠ્ઠી મોકલી, કે માર્યા પડેલા અર્જુનને સજીવન કરવા અમૃત ઘડો મોકલી આપો ! આ ઇંજીન પણ જાણે એવું ચિઠ્ઠી વહી આણનારૂં અને યુદ્ધ જગાડનારૂં બાણ ન હોય ! એમ હું વિચારી રહ્યો હતો ! હમણાંજ બળવાના તણખા આ પ્રાંતમાંયે વેરાશે !

બહુ બહુ ખોળ કરી, પણ પૃથ્વીસિંહ ક્યાં ?

એ રામ એના એ !

મારા ગુસ્સાનો પાર રહ્યો નહિ. અરે રામ ! પંજાબીઓ આમજ સ્વતંત્રતા લેશે કે ? હવે શું કરવું ?

એની તપાસમાં તે કેટલોક વખત ગાળવો ? હું પહોંચ્યો દાદા પાસે.

"કેમ શચીન ! શા સમાચાર ?"

"આફતના ! મેલ ખાલી !..."

"ના ના ?! ચોકસ તપાસ કરી હતી ?"

"મારા સમ ! એ તરફનું ચલિયુંયે ફરકયું નથી ! કંઈ નવું ઈદંતૃતિયમ તો નહિ નીપજ્યું હોય ને ?"

"જા રે જા ! કંઈ અડચણ આવી હશે; એ તો આ નહિ ને બીજી ગાડીમાં આવશે ! તપાસ કરજે."

પણ એ રામ એના એ !

બે દિવસ લાગલાગટ સ્ટેશને મેં તપાસ કર્યા કીધી, પણ પરિણામ શૂન્યમ્.

(૫)

બંગાળે

દાદાની સલાહ મુજબ હવે વધુ ઢીલ કરવી યોગ્ય ન ધારી હું તો બંગાળે ઉપડ્યો.

સાચું કહીએ તો તો દાદાજ સારા ઉત્તર ભારતની બળવાની તૈયારીના ખરેખરા આગેવાન, હોં! છતાં અમારા મંડળની ચાલતી આવેલી રૂઢિ અનુસાર અમારો કાર્યક્રમ અમારે બીજા એક બે જણને પણ બતાવવો પડતો. પહેલાં તો રાસબિહારી બીજા ઘણાએકની પેઠે કેવળ અતિ સાધારણ અને ક્ષુદ્ર કાર્યવાહકજ હતા; પણ પોતાની અદ્ભુત કાર્યકુશળતા અને પ્રચંડ શક્તિને બળે બીજાઓના ધ્યાનમાં આવે તે પહેલાં એમણે કામનો સઘળોજ બોજો પોતાને માથે ઉપાડી લીધો અને પોતાનું નૂર ચમકાવ્યું. અસ્તુ. પણ એ તો આપણે આડા ઉતર્યા.

એ વેળા અમારા મંડળનું પ્રચારકાર્ય પૂર્વ બંગાળાના છેલ્લા સિમાડાઓ વટાવી પંજાબ તરફ ધસારો કરવાની તૈયારીમાં હતું. અમારા મુખ્ય આગેવાનો તેમજ પૂર્વ બંગાળના કેટલાક નેતાઓને પંજાબની ચાલૂ પરિસ્થિતિથી વાકેફ કરવા સારૂજ હું બંગાળે આવ્યો હતો. પણ મને કલકત્તામાં તો કોઇની સાથે મુલાકાત ન થઇ. કેવળ યોગ્ય સ્થળે મેં એટલો સંદેશો પહોંચાડી દીધો, કે જેમ બને તેમ જલદી અત્રેથી એકાદેક જણે કાશી આવી જવું

જોઇએ. ત્યાર બાદ મથકના આગેવાનો પાસે જઈ પંજાબની સર્વ પરિસ્થિતિઓથી મેં તેમને સંપૂર્ણ રીતે પરિચિત કર્યાં.

તેમના હૃદયમાં તો ઉત્સાહ અને ઉમંગની છોળ ઉડતી હતી, ઉભરાતી હતી ! પણ મને તે ઉભરો એટલો બધો આવેશમય ભાસ્યો, કે તેના ચિરસ્થાયીપણા વિષે તો મારા મનમાં ભયજ પેઠો ! વાતો કરતાં કંઇ કંઈ રાતોની રાતો અમે વીતાડી.

ખરેજ જો બળવો જાગે, અને કંઇ ખાસ સંજોગોસર સામી છાતીએ જુદ્ધ કરવાનું માંડી વાળી પાછું હઠવું પડે તો કયાં આશરો શોધવો; એ વેળા ખાધખોરાકી માટે શી શી જોગવાઈ કરવી; અને છૂટા છૂટા વિખરાઇ જવા છતાં એક સૂત્ર રૂપે કેવી રીતે સંકળાઈ રહેવું વિગેરે જુદા જુદા વિષયોની લાંબી ચર્ચાઓ અત્રે આપવી હું દુરસ્ત નથી ધારતો. તે વેળા પણ પરદેશથી કંઇ કંઈ શીખ ટોળાં પાછાં ફરતાં, તે કલકત્તે ઉતરી, થોડા દિવસ ત્યાં ગાળી પછી પંજાબ રવાના થતાં. આ શીખ ટોળાંઓ સાથે ભળવા હળવાની અને તેમને આપણામાં ભેળવવાની પેરવી કરવીજ જોઇએ એવી આગેવાનોને મેં ખાસ ભલામણ કરી; અને પછી એ ચર્ચા પણ ચલાવી, કે જલદી પુષ્કળ બોમ્બગોળા તૈયાર કરવાની અને તેને માટે યોગ્ય વ્યવસ્થા યોજવાની ખાસ જરૂર છે.

છેવટે જૂની પુરાણી છતાંયે હમ્મેશની નવી આત્મત્યાગની ચર્ચા પણ ઝામીજ. કુરબાનીના યોગની એ મહાકથા જ્યારે મંડાતી ત્યારે તે પૂરીજ ન થતી ! પંથ જૂદા હોય, આદર્શ પણ જૂદા હોય, પણ આ એક કથાં તો સૌ કોઈને મોંઢે નવે નવે પોશાકે પણ એક ને એક દેહ ધારણ કરી નીકળતી. એકજ ભાવનાથી રંગાયેલા, એકજ રસ્તાના મુસાફરો છતાં અમારામાં માંહોમાંહે કંઈ કંઈ વિચાર ભેદ હતા–કંઈ કંઈ તફાવત હતા. ગાનારો એકજ સૂર આલાપી રહ્યો હોય છે, પણ તેની જુદા જુદા સાંભળનારાઓ પર કેવી

ભાતભાતની અસર પડે છે! તેમાં એકતાયે છે—ભિન્નતા પણ છે. જે આદર્શથી પ્રેરાઈ અમે સ્વાતંત્ર્યવાદીઓ અંગત અને ભેળું જીવન ગાળી રહ્યા હતા, તેના મોજાં એકજ સ્થળેથી નીકળવા છતાં જુદી જુદી જાતના ધાટધાટમાં ઉછાળા મારી રહ્યા હતાં. કેટકેટલી વેળા એવું બનતું કે અમારા એ તરંગો વચ્ચેનો તફાવત માંહોમાંહે ખૂબ ચર્ચાતો, ચૂંથાતો ને એ ચર્ચા-ચૂંથણામાં અખંડ રાત્રિ વહી જતી, છતાં પરસ્પર વિચારો જેના તે રહેતા. ને સહવાર પડી જતી એટલે બહાર જવાનું થતું, તે વેળા સમજાતું કે રાત્રે કરેલી માથાફોડને લીધે પગ અને આંખો કેવો ફડફડાટ અને બળવો આરંભે છે! અમારા ત્રાસનો પાર ન રહેતો. પ્હોર પૂરો ફાટે તે પહેલાંજ સૌ સૌને રસ્તે પડતા અને પછી પોતપોતાના કામમાં એવા તો ગૂંથાઈ જતા, કે આગલી રાતની ચર્ચા તો વિસારેજ પડતી અને કેટલાયે દિવસોના ગાળા પછી કદાચ ઉપડતી. એ પ્રમાણે હૈયાનો ઉમંગ અને કામ કરવાનો ઉત્સાહ અમારા જીવનને ચિત્રવિચિત્ર રંગે રંગતો.

(૬)

પલટણવાળા સાથે પરિચય

કાશી આવ્યો તો દાદા પાસેથી ખબર મળી, કે કામ ખૂબ વેગે આગળ ધપતું જાય છે. તેમણે જણાવ્યું કે "આજે × × × બાગમાં સાંજે એક સિપાઈ આવનાર છે. વાત થઈ ચૂકેલી છે, ને તારે ત્યાં જવાનું છે."

મને એમ પણ ખબર મળી કે પેલી શીખ પલટણ તો બદલી થવાથી કાશી છોડીને ચાલી ગઈ છે, પણ તેને બદલે બીજીજ એક

પલટણુ આવીને છાવણી નાંખી પડી છે.

સાંજે હું બાગમાં ગયો.

જે ભાઈની સાથે હું ત્યાં ગયેલો તેને મેં રસ્તે જતાં પૂછ્યું, "તમારો પરિચય એમની સાથે કેવી રીતે થવા પામ્યો ?"

સ્હેજ મ્હોં મલકાવીને તે બોલ્યો, "ઓ હો હો! એમાં, શું? એ લોકોને ખરીદી કરવા સારૂ શહેરમાં બજાર આવવું પડેને! એક દહાડો લાગ જોઈ તેમનામાંથી કેટલાક શહેરમાં આવતા હતા ત્યારે તેમની સાથે ભળ્યો, નહિ વાતની વાત કાઢી ને તેમની સાથે ચાલવા માંડયું. પછી કાઢી આ યુરોપની મહા લડાઈની ચર્ચા. પછી તો હિન્દુ મુસલમાન, હિન્દુઓની હાલની મહા દુર્દશા વિગેરે વિષે ખૂબખૂબ વાતો કરી."

એમ કહી તે સ્હેજ સગર્વ ખુંખાર્યો.

પછી પાછું આગળ ચલાવતાં બોલ્યો, "પછી મેં તેમની સાથે થોડી અંગત વાત કરવી છે, કહીને તેમનાં નામઠામ જાણી લીધાં. ને તે દિવસે તો એમની વિદાય લીધી.

"પણ બીજે દિવસે વળી પાછા ગંગા મૈયામાં ઝબકોળાઇ પોતાનું શરીર પવિત્ર કરવા સારૂ તેઓ શહેરમાં આવ્યા તે વેળા હું તેમની સાથેની વાતોમાં સ્હેજ ઉંડો ઉતર્યો. ચાલુ મહાયુદ્ધ વિષે થોડી ઘણી વાતચીત કર્યા બાદ મેં તેમને આપણા દેશની સ્થિતિ ને સ્વદેશ પ્રત્યેનો આપણો ધર્મ શો છે, તે વિષે થોડુંએક સમજાવ્યું.

"મેં કહ્યું, 'પરદેશીઓ કાજે તમે ખુશીથી જાન કુરબાન કરો છો; તો સ્વદેશની સ્વતંત્રતા માટે કેમ તમે તમારા સર્વસ્વની આહૂતિ ન આપો?'

"મારાં વચનો તેમનાં અંતરમાં ઠસતાં હોય, તેમના હૈયા પર સ્થાયી અસર પાડતાં હોય એમ મને લાગ્યું.

"—અને પોતાની પલટણમાં બીજા કેટલાક સહકર્મીઓ સાથે

આ વિષયમાં મસલત કરીને તેઓ આજે મને ફરી મળવા આવનાર છે."

એ થંભ્યો, રૂમાલ વડે મ્હોં લૂછ્યું ને દૂરની દિશા તરફ જોવા લાગ્યો.

બરાખમાં ગયા.

દશબાર મિનિટ ભાગ્યેજ વીતી હશે. એટલામાં તો કેટલોક બજારૂ સામાન હાથમાં લઇને આવતી એક વ્યક્તિ દૂર નજરે પડી.

"જુઓ, પેલું કોઈ આવે......! એજ હોય એમ લાગે છે."

માથાથી તે પગ સુધી એણે ધોળો પહેરવેશ ધારણ કરેલો, જાણે હૃદયની નિખાલસ શુદ્ધતાના બહાર પણ અજવાળાં નીતરતાં હોયને! હિન્દુની સ્વભાવસિદ્ધ નમ્રતા ને નરમાશ તેના ચ્હેરા પર ઉભરાઈ ઉઠતી હતી. એનામાં ઉત્સાહ પૂરો હતો, ભાવનાનો વેગ જરાયે ઓછો નહિ,—ને છતાં ક્ષણિક ઉત્તેજના કે ખોટા ઉભરાની લાગણી મેં ન જોઈ. તેની સાથે અમે તુરતજ બરાખમાં ગયા અને એના નાનકડા ખાટલા પર બેસી કંઇકિંઈ વાતો કરી.

અમે તેના ખાટલા પર બેસી વાતો કરી રહ્યા હતા, તે દરમ્યાન એણે તો અમારા આદરસત્કાર માટે બજારમાંથી મિઠાઈ મંગાવવાની પણ ગોઠવણ કરી !

મારા જીવનમાં પહેલીજ વાર ઇંગ્રેજના લશ્કરની બરાખમાં હું આજે આવ્યો. જાણે એ સ્થળે શું શું હશે, એ વિષેની ઝાંખી ઝાંખી રહસ્ય–જીજ્ઞાસા અત્યાર સુધી મારા હૃદયમાં ઉગ્યા કરતી, ને આજે એજ બરાખમાં બેઠા બેઠા પણ કંઈ અવનવી રહસ્યજાળ આસપાસ ગૂંથાયેલીજ છે એમ તો થયાંજ કરતું હતું. અહા, અમારાં સૌ સપનાં કેવાં આ બરાખોની સાથે સંકળાયેલાં છે !

લાંબી બરાખોમાં બે બાજુ ખાટલાઓની હારો પડેલી હતી. કેટલાકો ખાટલાપર પર પડયા પડયા પુસ્તકો વાંચતા હતા, કેટલાક ગપાટા હાંકતા હતા, કેટલાક આમથી તેમ આવજા કર્યા કરતા હતા.

વેશ ભજવ્યો

પિછાનવાળા પેલા લશ્કરીઓ સાથે અમે બહુ સ્ફુર્તિભેર વાતો કરી રહ્યા હતા, છતાં મનમાં બ્હીક, આશ્ચર્ય, હરખના કંઈ કંઈ સેળભેળ ને ન સમજાય, ન કળાય એવા ભાવો તરવરી રહ્યા હતા.

અમારા બીઝબાને મિઠાઈ મંગાવવા માટેનું જે ધાંધલ મચાવ્યું તે બાબતમાં પહેલવહેલાં તો અમે ભારે વાંધો દર્શાવ્યો, પણ એનો સાચા હૃદયનો આગ્રહ જોઈ નમતું મૂક્યું.

બીજી બાજુ મિઠાઈ આવતાં બહુ ઢીલ થઈ. અમે મનમાં ને મનમાં ખૂબ ડરવા લાગ્યા, કે જાણે અમલદારોની પાસે અમારો ભેદ ફોડી દેવા તો કોઈ ન ગયું હોય!

એટલામાં તો આસપાસના બધા સિપાઈઓ અમારી નજીક આવી ટોળે વળ્યા ને અમારી સાથે વાતે ચઢયા. અમે "રજપુત છીએ" એવી રીતે ઓળખાણ આપી હતી. કાશીમાં ફક્ત રાજપૂતોનેજ માટે એક નિશાળ અને કોલેજ છે; તેમાં કે તેના છાત્રાલયમાં રાજપૂત શિવાય કોઈને દાખલ કરતા નથી. પહેલવહેલી જેની સાથે પિછાન થઈ હતી તે લશ્કરીની સલાહ મુજબ આ કોલેજના છાત્ર તરીકે અમે અમારી ઓળખાણ કરાવી.

"તમારૂં નામ શું?" એકે પૂછ્યું.

અમે અદ્ધરજ હાંકયું, "મારૂ નામ અમરસિંહ."

"મારૂં જગતસિંહ."

દિલ્હાસિંહ

ગભરાયા વિના નામો અડાવ્યાં તો ખરાં, પણ વખતે પોગળ ફૂટી તો ન જાય એવી બ્હીક મનમાં પેદા થયા વિના ન રહી. અલબત્ત અમે પહેરવેશ તો મૂળ બંગાળી ન રાખતાં બદલેલોજ હતો. એકે પહેરેલી પાઘડી, ને બીજાએ ટોપી. પહેરણ પણ હિંદુસ્થાની

ડબ્બાઓનાં. મને પાઘડી બરાબર ફાવતી નહિ, એટલે હું ટોપીમાં સજ્જ હતો.

પેલા પરિચિત લશ્કરીએ અમને કહેલું કે હું એક હવાલદાર સાથે તમને મેળવી આપીશ.

તેણે કહેલું, "મેં એ હવાલદાર સાહેબ સાથે તમારા વિષે વાતચીત કરી છે અને તેણે તમારી વાતો પ્રત્યે પોતાની સંમતિ દર્શાવી છે."

આ હવાલદાર સાહેબ હવે પધાર્યા.

નામ એનું દિલ્લાસિંહ.

એની વાતો કરવાની પદ્ધતિ મને જરા સંકુચિત લાગી ને વધારે તો એ બેઠો પણ નહિ. થોડી વાર પછી "હમણાં આવ્યો" કહી ગયો, તે ગયોજ.

હું ગભરાયો. પહેલેથીજ મને દિલ્લાસિંહ પર જરા અણવિશ્વાસ ઉપજેલો, ને તેમાં વળી તે આવી રીતે ગેબ થઈ ગયો એટલે તો મારા મનમાં સજડ ચિંતા ઉત્પન્ન થયા વિના નહિ રહી; અને મેં ખૂબ ભાર દઇને પેલા ભાઇને પૂછ્યું, "દિલ્લાસિંહ ખરેખર ભરોસાપાત્ર તો ખરાજ ને?"

"હા, હા, તમારે ગભરાવા જેવું નથી." કહી તેણે દિલાસો આપ્યો.

છતાં દિલ્લાસિંહ વિષેની મારી કલ્પના જલ્પનાઓ મેં તેમનાથી જરાયે છૂપાવી નહિ ને જ્યાં સુધી દિલ્લાસિંહ ન આવ્યો ત્યાં સુધી વારે વારે ગાળે ગાળે મેં પૃછયા કર્યું, "કેમ, હજુ કેમ ન આવ્યા?" એ વેળા અમે બે જણા એક બીજા સામું જોઈ જરા આંખો લડાવતા ને મંદ હસતા.

એ તો ઠીક. આખરે તો મારૂં શંકાજાળું વિખરાયુંજ. ઘણા વખત સુધી અમારી આંખ તણાવ્યા બાદ છેવટે તેણે પોતાનું વદનકમળ

અમને દેખાડ્યું ખરૂં જ; ને તે વેળા તો ઇધરઉધરની સાધારણ વાતોમાં સાંજ ક્યાં ને ક્યાં વીતી ગઈ, એટલે છેવટે કંઈક ખાનગી મસલત કરવા સારૂ દિલ્લાસિંહ અને પેલો ઓળખીતો સૈનિક અમારી સાથે બરાખની બહાર આવ્યા.

દિલ્લાસિંહની સાથે પછી પેટ ભરીને વાતો કરી. પછી એણે કહ્યું:

"વારૂ ત્યારે, હું બીજાઓમાં એ વાત અને વિચારો ફેલાવવાનું માથે લઉં છું."

ત્યારબાદ એ તો ગયો.

એ ગયો, છતાં પેલા ભાઈ થોડી વાર અમારી સાથે ગોઠડી કરતા ઉભા. તેની આગળ ફરી અમે અમારૂં શંકાશીલ હૈયું ઠાલવ્યું. તેણે અમને બેધડક રહેવાને ફરી સમજણ આપી ત્યારે એક ઉંચી પાયરીનો હવાલદાર પણ છેવટે અમારામાં ભળ્યો છે, એમ જાણી અમને ખૂબ આનંદ થયો.

પાંખો પ્રસારી

આ પ્રમાણે લશ્કરી બરાખોમાં અમારો પગપેસારો ને અવરજવર થયાં. બેએક મહિનાના અરસામાં અમે કંઈ નહિ તો બાર તેર વાર એ સ્થળની મુલાકાત લીધી. એમાંના ઘણાએ સૈનિકો અમારે ત્યાં આવેલા; અને અમે તેમને રસગુલ્લાં ને સન્દેશ (બંગાળી મિઠાઇઓ) ખવડાવવાનો લ્હાવો પણ કંઈ ઓછો નથી લીધો.

મને લાગે છે, કે સારા હિંદમાં એકે એવું તો શહેર નજ હોય, કે જેમાં બોમ્બમંડળના ભણકારા પણ ન વાગ્યા હોય. ને હુંયે ખરેખરોજ એ ટોળીનો સભ્ય છું એનું પારખું બતાવવા મેં આ બધાયે લશ્કરી ભાઇઓને બોમ્બ, રિવોલ્વર, પિસ્તોલાદિ બતાવવામાં પાછી પાની કરી નહોતી.

પછી કેટલેક દિવસે પંજાબના લશ્કરીઓમાં કેવી રીતે

બળવાનો આરંભ કરવામાં આવનાર છે તેની વિગતો મેં જણાવી. એમની આગળ આ વાત કરવાનું જોખમ કંઈ મારાથી અજાણ્યું ન્હોતું. સરકારને કાને સ્હેજ પણ અણસારો જાય, જરા પણ ભણકારા પડે તો સારીયે યોજના ચૂંથાઈ જાય—ધૂળધાણી થઇ જાય, એ વાત મારા ધ્યાન બહાર નહોતી. પણ કહ્યા વિના ચાલે તેવું નહોતું. ને જ્યારે મેં આ વાત કરી ત્યારે વધારામાં એટલું પણ કહ્યું કે "જો તમને મારી હકીકત પર ભરોસો ન પડતો હોય, તો તમારામાંથી એકાદ વિશ્વાસપાત્રને થોડાએક દિવસ મારી સાથે પંજાબ મોકલો, એટલે હું તેમને અમારી સાથે ભળી ચૂકેલી ટુકડીઓ સાથે મુલાકાત કરાવી આપું"—ત્યારેજ એ લોકોનો મારા પર પૂરેપૂરો વિશ્વાસ બેઠો.

આવી રીતે ત્રણ ચારેક જમાદાર અને કેટલાયે સિપાઇઓ સાથે અમારો સંબંધ બંધાયો.

કટોકટીનો પ્રસંગ

ઘણું ખરું અમે સાંજે અથવા તેથીયે મોડા છાવણી તરફ જતા. પણ એકાદ બે વાર દિવસે ખરે બપોરે પણ જવાનું થયેલું. એવી રીતે એક વેળા અમે બે જણા બરાખની નજીકમાંજ ઝાડાની ઘટાઓ તળે વાટ જોતા ઉભા હતા અને એક સાથી છાવણીમાં એક બે સિપાઇઓને બોલાવવા ગયો. દશ મિનિટ થઇ, પન્દર થઈ, વીશ થઇ, પણ પેલાનો પત્તોજ ન મળે. જેમ જેમ વિલંબ થતો ગયો, તેમ તેમ અમારી ગભરામણ વધવા લાગી. કદાચ કંઈ આફત આવી હોય, સાથી પકડાયો હોય, તો અહિં ઉભા રહેવું પણ આપઘાતક થઈ પડે એમ લાગ્યું. તે છતાં સાથીને પણ એકલો તજી જવાનું હૃદયે માન્યું નહિં. અમને ગભરાટ થતો હતો છતાંયે તેથી અમારા બાહ્ય સ્વરૂપ પર તેનાં ચિન્હો ન્હોતાં—મારી તો શ્રદ્ધા છે કે તલભાર પણ મારા ચ્હેરા પર ગભરાટની ઝાંખપ કે કાલિમા

નહિજ આવી હોય. એટલું તો ખરૂં, કે જેટજેટલીવાર છાવણી તરફ જતા, તેટલી બધી વેળા આ એક સાહસ છે ને કદાચ જીવતા ઘેર નયે અવાય, એવી લાગણી તો મનમાં રહેતીજ; ને ઘેર જતા ત્યારે જાણે ઇકરિયો ગઢ જીતાયો એમ લાગતું; છતાંયે વળી પાછા જતા તો ખરાજ.

આજે તો વાટ જોઈ જોઈને થાકયા પણ પેલાનો પત્તોજ ન મળે! થયું, કે જરૂર કંઇ અઘટિત ઘટના બની હશે. એમ પણ લાગ્યું, કે અમે બંગાળી જુવાનિયા. આ પ્રમાણે શંકાસ્પદ વેશે છાવણીની પાસે ઝાડાની ઘટા તળે કંઈ ઘૂસપૂસ કરતા ઉભા હઇએ ને કોઈ લશ્કરી અમલદાર આવી ચડે તો તે શું ધારે?

આવી આવી ઘોળાઘોળ મગજમાં ચાલી રહી હતી, ત્યાં તો પેલો સાથી બેએક સિપાઈ બન્ધુઓને લઇને આવતો દેખાયો. અમે "હા...શ" કરીને એકદમ બેંચ્યા—જાણે મોટો પથરો હૈયા પરથી ખસી ગયો.

"ભારતનું લશ્કર?"

આવા આવા કંઈ કંઇ હૃદયને ડહોવનારા ને તનમનાટ ઉપજાવનારા કિસ્સાઓ બનતા. એક વાર સહવારે અમે બરાખમાં આવેલા, ત્યારે સિપાઇઓ તાલીમ—કવાયદ કરતા હતા. અમારીજ પિછાનના જમાદારો તેમને કવાયદ કરાવતા હતા; તે વેળા જાણે "બસ આ ટુકડી તો આપણીજ," "જાણે સ્વરાજનું—ભારત મૈયાનું લશ્કર કૂચકદમ કરી રહ્યું છે" એમ કલ્પી હૃદય થનગન થનગન નાચી રહેલું. તે વેળા તો એક બે ઇંગ્રેજ અમલદારો પણ ત્યાંથી ઘોડેસ્વાર 'થઇને પસાર થયલા—પણ તેમણે અમારા તરફ લેશ માત્ર ધ્યાન ન આપ્યું—ન ઝૂકીને જોયું સુદ્ધાં.

એક કિસ્સો મનમાં ખાસ્સો રમી રહ્યો છે, તે કહી દઉં.

તે વેળા હું પંજાબમાં ફરી એક આંટો મારી આવેલો હતો,

ને બળવાની તૈયારીઓ બધી પાકી થવા આવી હતી. એજ ઘટાદાર વૃક્ષો તળે ઇંગ્રેજના લશ્કરની છાવણીની નજીકમાં તેનીજ સલ્તનતને ઉથલાવી નાંખવાના ઘાટ બળવાવાદીઓ ઘડી રહ્યા હતા. હુંયે તેમાં ખરેસ્તો. ત્રણ ચારેક જમાદાર ને કેટલાક સિપાઇઓયે હતા. પાસે પાસે થઇને રેલપાટા ને મોટો ધોરી રસ્તો પસાર થતા. રસ્તાને નાકે એક ઝાડ આડે તો કોઈ આવતું તો નથી તે જોવા ને આવતું દેખાય તો ઇશારતે સૂચવવા બે ચાર સિપાઇઓને ચોકીબાની પર બેસાડેલા હતા.

ડોકાં ઉડી જાત—!

તે દિવસે શી ગોઠડીઓ કરી હતી! બસ, તક પાસે આવી લાગી છે, ભારતની મુક્તિનો અવસર હવે દૂર નથી, એવી એવી લાગણીઓથી રંગાયેલા અમે કંઇ કંઈ વાતો કરી રહ્યા હતા,—વિષય તો એનો એજ ને! ૧૮૫૭ના બળવા પછી દેશભરમાં તાણ્ડવ મચાવી મૂકનારો આ મહાપ્રયોગ હવે જલદીજ આરંભવાનો છે, એ વિચારે સૌનાં રોમેરોમ ખડાં થઇ રહ્યાં હતાં. સૈનિકો પોતાનાં હૈયાં ખોલી રહ્યા હતા.

—ને એ વેળા કદિ કોઇકે જઇને અમલદારોને આ મસલતને વિષે રહેજ પણ ઈશારો કર્યો હોત, તો—

—તો સૌનાં ડોકાં, કોર્ટ માર્શલને ન્યાયાન્યાયે, ધડથી જુદાં થતાં વાર ન લાગત!

મેં તો ઘણીકવાર ના કહેલી, કે આવી રીતે વાતો કરવા બેસવું, ને વળી દૂર ચોકીબાનો બેસાડવા, અને વળી શંકાની નજરે વચમાં વચમાં આમતેમ ડોકીયાં કરતાં જવું—એ બધું કદિક સત્યાનાશ વાળી નાંખશે. કારણ આવી રીતભાત સંશયનો કીડો ઉત્પન્ન કર્યા વિના રહેજ નહિ. આ દિવસે પણ મેં તો તેમને બેધડક ભાવે વર્તવા ને એવી ચોકીબાનીની પદ્ધતિ ટાળવા

સમજાવેલું, પણ તેઓની સરળતા અને કોઈ પણ જાતનું જોખમ આવે તોયે પકડેલા પંથને વળગી રહેવાની વૃત્તિ જોઇ હું ખરેખર મુગ્ધ થયો.

એમની રીતભાત સંશય ઉત્પન કરે એવી રહેતી, તે ઉપરથી તો ઉલટી ખાતરી થતી, કે એમનું અમારા કાર્ય પ્રત્યેનું વલણ અતિ શુદ્ધ ને સંપૂર્ણ છે.

ને આ દિવસે તો એમનો સ્વભાવિક પૂરેપૂરો પ્રેમમય ભાવ જોઈ મને જરાયે સંશય રહ્યો નહિ. એ દિવસે મને જાણે અચૂક શ્રદ્ધા બેઠી, કે ખરેજ સ્વતંત્રતાનો રૂડો સ્વપ્નદિવસ નજીકમાંજ છે!

પિંગળેજી: અમૃતની કુપ્પી

આ બાજુ જેમ અમે લશ્કરમાં પગપેસારો કર્યો, તેમ બીજી બાજુ બંગાળમાં વળી જૂદોજ રંગ ઝામી રહ્યો હતો. ત્યાં આગળ અમેરિકાથી પાછા ફરેલા એક મરાઠી નવજુવાને આ પ્રવૃત્તિમાં બંગાળને પંજાબ સાથે સાંધી લેવા માટે જબરો પ્રયત્ન કર્યો. આ દક્ષિણી યુવક તે પિંગળે. એનું આખું નામ તો હાલ કંઈ સાંભરતું નથી. એનું ટોળું જ્યારે પાતાળ (અમેરિકા) થી પાછું ફર્યું, ત્યારેજ તેમણે અંદર અંદર નક્કી કરેલું, કે એણે બંગાળા જઈ ત્યાંના બળવાવાદીઓ સાથે ભળીહળી તેમની પૂરી ભાળ મેળવી પાછા પંજાબ આવવું.

કલકત્તા આવી, આગલી કેટલીક પિછાનો હતીજ, તે દ્વારા એ ભાઇએ વિપ્લવમંડળમાં પ્રવેશ મેળવ્યો, અને ઘણીક મુલાકાતો લીધી. આથી પંજાબની તૈયારીઓ વિષે કલકત્તાને તો જાણે પૂરી માહિતી મળી ગઈ.

વળી પિંગળેના કેટલા સાથીઓ સાથે અમારામાંના કેટલાકને ભાઇચારો હતોજ, એટલે એ રીતે પણ તે અમારામાં પૂરો ભળ્યો. તે અમારા મંડળના સંસર્ગમાં આવ્યો કે તુરતજ તેને કાશી મોક

લવામાં આવ્યો. એણે કલકત્તામાં ઘણાકની પાસે બોમ્બની મદદ માંગી. એ વેળા સારા બંગાળમાં અમારૂં મંડળજ બોમ્બ બનાવનારૂ ને પૂરા પાડનારૂં એકલું મથક હતું. આ કારણે બોમ્બને અંગે અમારે પિંગળે સાથે જરા વધુ ગાઢો સંબંધ ઝામ્યો.

બરાબર એજ,–એજ સમયે મારા મનમાં પંજાબ સાથે બરાબર ઘાટ ખાશે કે કેમ, એવી જાતનો ડર જાગ્રત થતો હતો. પૃથ્વીસિંહ પાંચમા ડીસેમ્બરે આવવાનો હતો, તે તારીખ તો વીતી ગઈ ને છતાંય ન આવ્યો, ને પંજાબની બીજી કંઈ ખબર અંતર પણ નથી. હવે શું? બરાબર એ કાળે પિંગળેજીનું ફૂટી નીકળવું ખરેખર અમૃતની કુપ્પી સમાન થઇ પડયું. મને હૈયે ટાઢક વળી.

વોહિ રંગ લગ ગયા

પિંગળેની સામર્થ્યવાળી કાયા, તેનું ગોરૂં પ્રભાવશાળી વદનમંડળ, તે વદન પર નરવરી રહેલી અપૂર્વ બુદ્ધિની લસલસતી પ્રતિભા—એ બધાની મારા મન પર ઉંડી ઉંડી છાપ પડી. એને જોઈ, એની સાથે થોડી વાતોચીતો થયા બાદ મારા અંતરમાં ખરેખરી શ્રદ્ધા જન્મી કે આ માણસ અમારા પંથને દીપાવશે, મંડળનું કામ કોઈ જબરદસ્ત અંશે આગળ ધપાવશે. પરંતુ–

ધારે છે માનવી કાંઇ,
ઈચ્છા જગનાથની જુદી!

—ને ગીતા તો એને આખી મોઢેજ હતી. એની સાથે જીંદગીના આદર્શો વિષેની ચર્ચા ઉપડતાં, કોણ જાણે કેવી રીતે ગીતા વિષે વાત નીકળી, ત્યારેજ મેં એ તો જાણ્યું.

"તમને ગીતા મોંઢે છે ને?"

એણે રહેજ મ્હોં મલકાવ્યું. "અરે, આ દેહે તો કંઇ કંઈ અનુભવો લીધા છે. આ કાયા સાધુરૂપે દુનિયાનો ત્યાગ કરી સારૂં

હિંદુસ્તાન પણ ઘૂમી ચૂકી છે."

"તમે દુનિયા તજેલી?"

"હા, અને એ કાળે આખી ગીતા પર મેં મેળવાય તેટલો કાબૂ મેળવેલો છે. ને સારું હિન્દ ઘૂમ્યો તો ઘૂમ્યો, પણ અમેરિકાય જઈ આવ્યો."

"ત્યાં શું કરતા?"

"મિકેનિકલ ઈજનેરું ભાગી કાઢ્યું." તે જરા હસતાં બોલ્યો, "ને ત્યાં જ તો આ ધદરિયાઓનો ભેટો થયો, ને ત્યારથી **વોહી રંગ લગ ગયા!**"

(૭)

મારો સ્વભાવ

મારા સ્વભાવ વિષે અહિં વાંચકને થોડું ઘણું કહ્યા વિના ચાલે તેમ નથી. આ મારા સંભારણાંઓ હું લખું છું, તેમાં કેટલાકને હું એ સ્વભાવને લીધેજ પૂરતો ન્યાય કરી શકતો નથી. જે જે બનાવો, પ્રસંગો, ચર્ચાઓ, વિગેરે મારા સ્વભાવને અનુકૂળ, રૂચી જાય એવાં બને છે. તેની મારા ઉપર ઘણી ઉંડી છાપ પડે છે, અને તે ઘણા લાંબા કાળ સુધી યાદ રહે છે; પણ બીજા મહત્વના બનાવો યે જો એથી વિરૂદ્ધ પ્રકૃતિના હોય તો મારા સ્મૃતિપટ પરથી લપસી જાય છે–સરી જાય છે; કદાચ કોઇક યાદ રહે છે, તો તે એવુંજ કે જેને વિષે મારે બહુ જોરથી વાંધો ઉઠાવવાનો હોય–વિરોધ દર્શાવવાનો હોય; ને તે યે તેટલા પૂરતુંજ.

આ કારણથી આંદામાન હતો ત્યારે, રામેન્દ્ર બાબુના વિચિત્ર

પ્રસંગને લઇને મારા પર અસર થવા પામી ને મેં અનુભવવૃત્તાંત એક નોટબુકમાં લખી રાખવા માંડયો. લખીને અવારનવાર ઉપેનદાને બતાવતો. તેઓ વખાણ કરે, ત્યારે હરખાતો. એ નોટબુક કેમ નાશ પામી તે વાત આગળ કાળાપાણીની કહાણી આરંભીશ તેમાં આવશે.

પિંગળે પંજાબમાં

પિંગળે તો કાશી આવ્યો કે તરત એક બે દિવસમાંજ એને પંજાબ મોકલવાનું થયું. એનો ખાસ આગ્રહ હતો કે પંજાબવાળાને અમારે પુષ્કળ પ્રમાણમાં બોમ્બ પૂરા પાડવા. અમે એને જવાબ આપેલો કે ભાઇ, અમને તો કંઇ વાંધો નથી. પણ એકેક બોમ્બ પાછળ ચૌદ ચૌદ રૂપિયાનો ખરચ છે; અમને નાણાંથેલીની મદદ મળે તો અમારાથી તેમ કરવાનું બની શકે.

એ ઉપરાંત મેં એને કરતારસિંગ અને પૃથ્વીસિંહ વિષે પણ મારા અનુભવની વાતો કહીને સમજણ પાડી. એટલે પિંગળે નાણાંની ગોઠવણ કરવા તેમજ એ પંજાબીઓ વિષે પૂરતી ભાળ મેળવવા પંજાબ ગયો. કેટલાંકનાં સરનામાં એની પાસે હતાંજ, એટલે એને મેળાપ કરવાની મુશ્કેલી નહોતી.

એકાદ અઠવાડિયામાં તો એ પાછો ફર્યો. પિંગળે આવ્યો એટલે રાસુદાને પણ હવે પંજાબ જવામાં અડચણ જેવું નહોતું; છતાં તેઓ જાય તે પહેલાં એકવાર હુંજ પિંગળેની સાથે તે બાજુ ઉપડયો.

મૂલાસિંહ

ડિસેમ્બર મહિનો ચાલતો હતો. ટાઢ તો કહે કે મારૂં કામ. અમે હિન્દુસ્તાની પહેરવેશ પહેર્યો હતો. સ્હવારને પહોરે અમે અમૃતસર ઉતર્યા. મને પંજાબી બોલતાં નહોતું આવડતું, પિંગળેજી

તેમાં ઉસ્તાદ હતા. અમે એક ગુરૂદ્વારાએ જઈ પહોંચ્યા. અહિં મૂલાસિંહ નામના એક પંજાબી આગેવાન સાથે પિંગળેએ મારી મુલાકાત કરાવી.

મૂલાસિંહ શંઘાઇમાં પોલિસખાતામાં હતો. ત્યાં એ ખાતામાં હડતાળ પડાવવામાં એણે સરદારી લીધેલી.

વળી પિનાંગના પણ કેટલાક કામદારો સાથે મારે ઓળખાણ થઇ. ઉપરાંત, આ વેળા અત્ર ગામના સાધારણ શીખ વર્ગનો અવરજવર પણ મને ઘણો વધી ગયેલો માલૂમ પડ્યો. મોટે ભાગે તેઓ મજુર હતા, પણ ધન્ય છે શીખ સંસ્કૃતિને!—તેમનામાં સ્વદેશભાવના પૂર જોશથી ઉછળતી હતી. ને શરીર તો પ્રત્યેકનાં જાણે ગટોરગચ્છના જેવાં!

આ તકે મૂલાસિંહને મેં એક મુખ્ય મધ્યસ્થ મથકની જરૂરિયાત સમજાવી. તેણે એ કામ કરવાનું માથે લીધું. પણ, અફસોસ, મૂલાસિંહે આ કામ ન ઉપાડ્યું હોત તોજ ઠીક થાત!

પંજાબમાં જુદા જુદા જીલ્લાઓના કાર્યવાહકો કામકાજને અભાવે અને ખાવાપીવાની અગવડને લીધે અકળાઈ ગયા હતા અને તેમનામાં અસંતોષના બીજ રોપાઈ ચૂકયાં હતાં. એ બધાની જવાબદારી મોટે ભાગે આ મૂલાસિંહ પરજ હતી. એ બધા વીરો ઠેઠ કયાં કયાંથી સ્ત્રી પુત્રાદિ તેમજ ઘરબાર તજીને દેશને ખાતર આટલે દૂર આવેલા હતા. તેઓ હાલ કંઈ કમાતા નહોતા—તેમ કરવાની સગવડે નહોતી. ને એવી હાલતમાં પેટને ખાતર આગેવાનો આગળ વારંવાર તગાદાપૂર્વક ભીખ માંગવી પડે તે કોઈનાથી સાંખ્યું નજ જાય. બધા રહેતા'તા ગુરૂદ્વારામાં ને ખાતા'તા પાસેનીજ હોટલમાં.

સેવકો અને પૈસો

મારે કહેવું જોઇશે કે આપણા દેશમાં દેશને માટે બહાર પડનાર

સેવકો ઘણી વાર કેટલીક ક્ષુલ્લક બાબતોને લીધે મહાદુઃખ પામે છે ને આખરે કંટાળીને દેશની સેવા તજી દે છે. ઘણી વાર મનમાં લાગી જાય છે કે પૈસા બાબત સ્વતંત્ર થયા શિવાય આ કામમાં માથું મારવા જેવું નથી. ને પછી પૈસાની પાછળ પડયા. કે દેશ વીસરાયોજ સમજી લેવો. દેશનું કામ પુરો આત્મા રેડીને ન કરાય, ત્યાં સુધી કંઈ થઈ શકતું નથી. વળી કેટલીક વાર કામને અભાવે પણ ભેગાં થયેલાં મંડળ તૂટીફૂટીને મેદાન થઈ ગયાં છે.

આ કાળે પંજાબમાં જે વિપરીત દશા હતી તે એ, કે કોઈ સારા યોગ્ય નેતાને અભાવે ઘણા કામદારોનાં મન ઉંચાં થઈ ગયાં હતાં. કામ નથી થતું તેથી તો દેશની દશા બગડતી જાય છે—ને કામ કરવું કયાં, કેવી રીતે, કયું, તે સમજાતું નથી!

રાસબિહારી એકજ એવો આગેવાન હતો જે ઉત્સાહથી ઉછળતા કામ કરનારાઓને અને પ્રજાને લગામમાં રાખી શકે. મારાથી બને તેટલે અંશે આ બધો ગોટાળો મટાડવાનો પ્રયત્ન મેં કીધો. મૂલાસિંહે તો મને કહ્યું કે ઘણીક લશ્કરી ટુકડીઓએ બળવો શરૂ થતાંજ દેશની હરોળમાં ભરાઈ જવાનું વચન આપી દીધું છે. જે ટુકડીઓમાં હજુ અમારો સંદેશો પહોંચ્યો નહોતો તેમની એક યાદિ કરી તે પંજાબવાસી જુદા જુદા કામદારોને મોકલી આપવાની મેં વ્યવસ્થા કરી.

મુકતેસરનો મેળો

મૂલાસિંહની સાથે મારી ઓળખાણ કરાવી દીધા પછી પિંગળે પોતાના બીજા ઓળખીતા શીખ સિત્રાની ભાળમાં મુકતેસરના મેળા તરફ ઉપડયો. આ મુકતેસરના મેળાની આગલી પાછલી કહાણી સુણાવી દઉં નહિ ત્યાં સુધી મને ચેનજ નહિ પડે.

આનંદપુરના કિલ્લામાં ગુરૂ ગોવિન્દસિંહ એક વાર પોતાના કુટુમ્બકબીલા સાથે લગભગ સાતેક મહિના સુધી પૂરાઈ રહ્યા

હતા. આ ઘેરામાં બન્ને પક્ષને પુષ્કળ મુશ્કેલીમાં આવી જવું પડયું હતું. મુસલમાનો ગુરૂને કહેતા હતા કે તમે આનંદપૂર તજી ભાગી જાઓ. પણ ગુરૂને એ કબૂલ નહોતું. એક બે વાર નહિ, પણ ઘણીક વાર મુસલમાનોએ આવું કહેણ મોકલ્યું છતાં એમણે કંઈ દાદ ન દીધી. ગુરૂજી તો જીદ લઇ બેઠા છે, એવું જોઈ બહાર ચાલ્યા જવાની લાલસાવાળા શીખોએ ગુરૂમાતા ગુજરીને સમજાવી પટાવીને બહાર જવા બાબતમાં સંમત કર્યાં. છતાં ગુરૂજી તો એકના બે ન થયા.

નાફરમાની

ઘેરાને લીધે પડતી અનેક અગવડો અને ભૂખને દુઃખે કેટલાક શીખોની તો અધીરાઈનો પાર રહ્યો નહોતો. પેટોબાની ભંભેરણીને લીધે તેઓ ગુરૂના ફરમાનને પણ તોડવાને તૈયાર થઇ ગયા.

ત્યારે ગુરૂ બોલ્યાઃ—

"તમે અત્યાર સુધી મારા છાંયા હેઠળ હતા. હવે ભૂખને દુઃખે તમે ભાગીને શઠ લોકોની જાળમાં કૂદી પડવા તૈયાર થયા છો; પણ મને મારી જવાબદારીમાંથી તમે છૂટો ન કરો, ત્યાં સુધી ન જવાય. 'તમે જવાબદાર નથી' એવું મને લખી આપીને ખુશીથી જયાં જવું હોય ત્યાં જઇ પહોંચો."

માત્ર ૪૦ માણસો શિવાય બીજા બધાજ આ પ્રમાણે લખી આપીને ત્યાંથી ચાલી ગયા. આખરે તો ગુરૂ ગોવિન્દસિંહને પણ એ મથક તજી નાસવું અને ઠામઠામ ભટકવું પડયું. પણ પેલા ૪૦ વીરોએ કોઈ પણ દિવસ ગુરૂજીનો સંગ તજ્યો નહિ.

"અમે શીખ નથી!"

એમ ફરતાં ગુરૂજી મદ્રદેશ આવી લાગ્યા. સૌથી પહેલા

નાસીને છૂટા થયેલા પેલા શીખોમાંના કેટલાક તેમને અહિં ફરી મળ્યા અને સલાહ આપવા લાગ્યા, કે શત્રુ સાથે ખેંચી તાણવામાં સાર નથી, પણ તેની સાથે સલાહ કરી દેવી એજ ઠીક છે.

ગુરૂ કહે, "તમારે સુલેહ કરવી હોય તો કરો. તેમનામાં જઇ ભળવું હોય તો '**અમે શીખ નથી,**' એવું મને લખી આપી ખુશીથી ત્યાં જાઓ."

વળી ૪૦ શીખ એવા નીકળ્યા જેમણે આવું પણ લખી આપવાની ડાંડાઇ કરી. ગુરૂજીને તજીને તેઓ ગયા, પણ થોડા દહાડા વીત્યા કેડે તેમનું હૃદય ડંખવા લાગ્યું, અને ખરેખરો પસ્તાવો થવા લાગ્યો.

અજબ કુરબાની

બીજી બાજુ એવું બન્યું, કે ગુરૂજી પર ખેદરાના તળાવ નામના સરોવરની પડોશમાં શત્રુએ સજડ હુમલો કર્યો. લડાઈની ધૂમ સખત મચી રહી. લડતાં લડતાં ગુરૂજીએ જોયું, કે બીજીજ એક ટુકડીએ શત્રુના ઉપર બીજી બાજુએથી આવી હલ્લો કર્યો છે. એ ટુકડી કોણ ? કોની ? તે કંઈ ગુરૂજીને સમજાયું નહિ. મુસલમાનો આ નવા હુમલાથી ગભરાઈ અકળાઈ ગયા. પણ થોડીવારમાં તેઓએ નવા હુમલાવાળાઓને જમીનદોસ્ત કરી નાંખ્યા. આવી રીતે પડવામાં પેલા ભાગી છૂટેલા અ–શીખ શીખોને પસ્તાવાને પંથે લાવનાર માઇભાગો નામની બાઈ પણ હતી. લડાઈ પત્યા બાદ ગુરૂ ગોવિન્દસિંહ રણક્ષેત્રમાં પ્રાણની કુરબાની કરનાર મહાવીરો પાસે જઈ તેમને યથાશક્ય આશ્વાસન આપી સારવાર કરી રહ્યા હતા. એવામાં હજુ થોડો થોડો પ્રાણ રહ્યો છે એવો એક શીખ–મહાસિંહ–તેમની નજરે પડયો. તેનું માથું ખોળામાં લઈ તેના પર સપ્રેમ હાથ ફેરવતાં ફેરવતાં ગુરૂજીએ 'તારી કંઇ છેલ્લી ઇચ્છા છે ?' એવો સવાલ પૂછ્યો.

મહાસિંહની આંખોમાં ઝળઝળિયાં ભરાઇ આવ્યાં. તે બોલ્યો, "એકજ માત્ર વાંછા રહી ગઇ–'અમે શીખ નથી' એવા આપેલા અમારા પત્રો તમે ફાડી નહિ નાંખો ?"

કુરબાનીનું તીર્થ

ગુરૂજી બધો ઘાટ સમજી ગયા. પેલા ફેરારી શીખોએજ લડાઇમાં આવી ગુરુજીને ખાતર પોતાનું લોહી રેડ્યું હતું. ચાળીસે ચાળીસ જણાએ કુરબાની કરી હતી. ગુરૂજીએ ત્યાંજ પેલા પત્ર ફાડી નાંખ્યા ને ત્યાં ઉભેલા પોતાના તમામ ચેલાઓને સંબોધીને બોલ્યાઃ

"જે 'ખાલસા'માં આવા મહાપ્રાણ હજુ પડ્યા છે તેનો સહેજે નાશ નથી સંભવતો. એકાદ પણ ભક્ત જ્યાં આત્મભોગ આપે છે તે સ્થળ પવિત્ર બની જાય છે. આટલા બધા શહીદોએ અહિં કુરબાની કરી છે, એટલે હવે પછી આ સ્થળનું નામ મુક્તસર રહેશે; અને આ તળાવમાં જે કોઈ નહાશે તે મુક્ત થશે."

એ પ્રમાણે મુક્તસરના મેળાની મૂળ કથા. અહિં શીખોનો ભારે મોટો મેળો ભરાય છે. કંઈ નહિ તો લાખ શીખો ભેગા મળે છે. શીખોના પ્રત્યેક ઉત્સવપર્વના મૂળમાં આવોજ કોઈ કોઈ પ્રેરક ઇતિહાસ રહેલો છે અને શીખ જાતિ તેનીજ પ્રેરણા પીને ઉછરે છે. મને લાગે છે કે સારાય ભારતની એ એક અજબ શક્તિવાળી પ્રજા છે.

રાસુદા કયારે આવશે ?

ઠીક. આપણે પાછા આપણી વાત પર આવી જઇએ. પિંગળેજી મુક્તસરના મેળામાંથી પાછા પધાર્યા, ત્યારે કરતારસિંહ, અમરસિંહ વિગેરે તો ગુરૂદ્વારામાં આવી લાગ્યા હતા. મને જોતાં કરતારસિંહનો હરખ તો માય નહિ; એકદમ પૂછ્યું, "રાસુદા કયારે આવશે ?"

મેં કહ્યું, "કયારે આવશે કયારે આવશે શું ? તમારે ત્યાં તેના

રહેવા મૂકવાનો ચોક્કસ બન્દોબસ્ત થાય, કામકાજની પણ સુવ્યવસ્થા થાય ત્યારે સ્તો."

એટલું કહીને મેં એને મધ્યસ્થ મથકની ઉપયોગિતા અને જરૂર બરાબર સમજાવી. મૂલાસિંહે એની જવાબદારી માથે લીધી છે એમ પણ કહ્યું.

વળી મને દાદાએ પહેલેથીજ સૂચના આપેલી તેમ બે અમૃતસરમાં ને બે લાહોરમાં એમ ચાર ઘર એમને રહેવાને માટે ભાડે લેવાં જોઇએ એ વાત મેં તેને ગળે ઉતારી.

એ વ્યવસ્થા કરવાનું નક્કી ઠર્યું. અમૃતસરવાળું ઘર તો મેં જાતે જોઇને પસન્દ કર્યું. લાહોરમાં પસન્દગી કરવા બીજા એકને મોકલી આપ્યો.

પંજાબના સંજોગો વિષે કરતારસિંહની વાતો સાંભળીને મારૂં આશાભર્યું હૈયું નાચી ઉઠ્યું. "હાં, હવે બેડો પાર!" એમ વિચારી મારૂં માથું જાણે આનંદે ડોલ્યું.

વળી બીજી એક વાત. આજ વખતે અમેરિકાથી શીખોની એક વધુ ટુકડી અમૃતસર આવી લાગી. એમના કેટલાક આગેવાનો સાથે મારે વાત થઇ. એમાંનો એક તો એટલો ઘરડો હતો કે જાણે તેનાં ગાત્રોયે ઝૂલી ગયાં હતાં. મને સાંભરે છે ત્યાં સુધી એજ ઘરડા શીખે આન્દામાનમાં અદ્દભુત રીતે જીંદગી વીતાડી ૬૦ કે ૭૦ વરસની ઉમ્મરે પ્રાણ તજેલો. ઘરડો ઘરડો પણ આન્દામાનમાં કેદીઓએ હડતાળ પુકારી, ત્યારે તેમની સંઘમાં રહેવામાં એ પાછો નહોતો હઠ્યો. એણે પોતાની કમાણીમાંથી ૫૦૦ રૂપિયા પણ અમારા કામમાં આપ્યા હતા.

કરતારનું કામ

કરતારસિંહના વહિંતરાનો પાર નહોતો. રોજ સાઇકલ પર ૪૦–૫૦ માઇલ ઘુમી ભટકી ગામડાંઓમાં એ પગપેંસારો કરી

રહ્યો હતો. જેમ જેમ વહિંતરું કરતો, તેમ એનો જુસ્સો વધતો. એમ ફરી આવ્યા પછી જે લશ્કરી ટુકડીઓ હજુ બાકી રહી ગઈ હતી તે પર તેણે મોરચો માંડ્યો.

સરકારને સહેજ સણસારો પડેલો એટલે ઘણાકનાં નામ પર વારંટ તો હતાજ, તેમ કરતારસિંહને પકડવા સારૂ પણ પોલિસને ફરમાન હતું. એક વાર એને પકડવા પોલિસે એક ગામ પર ઘેરો નાંખ્યો. એટલે કાર્યકુશળ કરતાર આસપાસમાંજ હતો તે સાઇકલ પર સવાર થઈ ત્યાં આવી લાગ્યો. પોલિસ કંઇ તેને ઓળખતી નહિ. પોતાની અપ્રતિમ ચાલાકીથી કરતાર છટકી ગયો—નહિ તો એનું આવીજ બન્યું હોત.

દગાબાજો

હવે ખરચપાણી એટલાં તો વધી ગયાં હતાં, કે ફાળા તરીકે આવતી રકમોથી નીહતું નહોતું: અને ધાડો પાડવાની જરૂર પડવા લાગી. છેક છેવટે જણાયું કે મૂલાસિંહ ભરોસાપાત્ર માણસ નહોતો. મંડળીના પૈસા ઓહીયાં કરી જવાનું નીચ કામ કરતાં એ પકડાયો. એક વાર તો પીધેલો—છાકટો થયેલો નજરે પડયો. ને પોતાની અંગત દુશ્મનાવટને અંગે એણે એક માણસને ત્યાં ચાહીચલાવી ધાડ પડાવી. આવા એવફા ફાઈીઓ અમને નથી મળ્યા, એમ ન સમજવું. મોટી મોટી હીલચાલો ચાલે ત્યાં મનુષ્ય-સ્વભાવની ત્રુટીઓને લીધે એવા ઘઉંમાં કાંકરા નીકળે છે. ખુદ લેનિનને પણ ફરિયાદ કરવી પડી છે કે મારા બોલ્શેવિકોમાં ૭૯ બદમાસ અને ૬૦ ગધેડા આવીને ભળાયા હતા. શરત ચેતરજી બાબુને મોંઢેજ મેં સાંભળ્યું છે કે દાસબાબુ કહે છે: વકીલાત કરતાં કરતાં મને પળિયાં આવ્યાં ને સેંકડો ચોટ્ટા લુચ્ચા મારા હાથ તળે આવી ગયા. પણ આ અસહકારની હીલચાલમાં ભરાયેલા ચોટ્ટાઓ જેવા હરામી મેં મારા જન્મારામાં કશે ભાળ્યા નથી!

પંજાબનું પુરૂષાતન

આ વેળા પંજાબીઓની સાથે અઠવાડિયુંક રહી મેં તેમની રહેણીકરણી બરાબર ભાળી. આટલી ઠંડીમાં પણ સ્હવારે વહેલા ઉઠીને નહાઈ ધોઈ તેઓ ગુરૂ ગ્રંથસાહેબનો પાઠ કરતા. પણ જમતા હોટલમાં, એટલે તે જાતની ચોકખાઈ ન મળે. આપસઆપસમાં બહુ વિવેકથી વર્તે; સરસ વિશેષણ શિવાય એકમેકને ન બોલાવે.

ભાઈ નિધાનસિંહ સાથે આ વેળા મુલાકાત થઈ. એમની ઉમ્મર પચાસેકની હશે. તેમાંથી ૩૦-૩૨ વરસ દેશ બહાર કાઢેલા. ચીનમાં રહી ત્યાંથી એક ચીની સુન્દરીનું પોતાને પુંછડું વળગાડી દીધેલું. પણ એની ધર્મિષ્ટતાનો પાર નહિ. સ્ટેશને જાય તો પ્લેટફોર્મ પર બેસીને યે કંઈ ધર્મગ્રંથ વાંચતાજ હોય. લોકોને દેખાડવા સારૂ નહિ, કારણ આંદામાનમાં કોણ જોનારૂં હતું? એના મુખ પર જે નૂર વિલસતું, તે કદિ નવજુવાનોના વદન પરે જણાયું નથી.

સામાન્ય રીતે ચારિત્ર્યની બાબતમાં પંજાબીઓ અને ખાસ કરી શીખો છેક ઢીલાઢબ ને હલકી કોટિનાજ ગણાય છે. એક તો એમની રાજસી તામસી પ્રકૃતિ ને વળી સ્ત્રીઓની સાથે વારંવાર અથડામણમાં આવ્યા કરીને એ પ્રજાની સંસ્કૃતિ જાણે ચુંથાઈ ગઈ છે. પણ એ પ્રજા એવી છે, કે જેમ અવનતિમાં પડી જતાં તેને વાર ન લાગે, તેમ ચઢવા માંડે ત્યારે સપાટામાં ઉન્નતિને શિખરે પણ ચઢી જઈ શકે. એથીજ આવા પડેલા શીખોએ પણ "નાનકાના સાહેબ" આગળ આટલું શૂરાતન બતાવ્યું છે!

પંજાબનું સ્ત્રીત્વ

પંજાબમાં પુરૂષ કરતાં સ્ત્રીની પ્રતિષ્ઠા વધારે કલંકિત ગણાતી હોવા છતાં એનામાં સતીત્વના એવા તો વિરલ દૃષ્ટાંતો હમણાં પણ કોઈક વાર દેખા દે છે, કે એની કલ્પનાયે આ કલિયુગમાં કોઇને ન આવે. લાહોર ડી. એ. વી. કોલેજના પહેલાંના પ્રો. પરમાનંદના

પિતરાઈ ભાઈ બાળમુકુન્દ દિલ્હી કાવતરા કેસમાં પકડાયા હતા. એ બાળકૃષ્ણના પેઢીઓના પૂર્વજ મોતીદાસે શીખોના અભ્યુદયકાળે કરવતથી વહેરાઈ પ્રાણ મૂકયો હતો. આ બાળમુકુન્દજી પકડાયા તેને આગલે વરસેજ પરણ્યા હતા. તેમની સ્ત્રી રામરાખી–ઉમ્મર લાયક યુવતિ–રૂપરૂપનો અંબાર હતી. પતિ પકડાતાં તેના દુઃખનો પાર રહ્યો નહિ. બહુ સંયમપૂર્વક તે જીંદગી વીતાડવા લાગી. પતિને ફાંસીની સજા થયાનું સાંભળી તે તેમને મળવા ગઈ. અકળામણના આવેશમાં તે કશી વાતોયે ન કરી શકી. ઘેર આવી અર્ધમૂર્ઈ અવસ્થામાં દિવસ ગાળવા લાગી. એક દિવસ પોતાના ઓરડામાં બેઠાં બેઠાં તેણે બહાર લોકોના રડવાનો ધીમો સંવાદ સાંભળ્યો. બહાર જોતાંજ તેને સમજાઈ ગયું, કે બસ, સ્વામી હવે આ લોક છોડી ગયા. નીરોગી સતીસાધ્વી સ્વામીને ધ્યાને સમાધિ લગાવી બેઠી ને સ્વામીમય થઈ ગઈ–તેનો આત્મા સ્વામીના આત્માની શોધમાં ઉડી ગયો ! ખોળીયું માત્ર પડી રહ્યું !

કયાં છે, કહો, દુનિયાભરમાં આવો રોમાંચ ખડા કરે તેવો આત્મિક પ્રેમ ? કેવો એ સ્વામી, કેવી એ સ્ત્રી ! પણ હાય, ભારત ! એ તારાં નસીબમાં નહોતાં ! એ તો સ્વર્ગનાં અધિષ્ઠાતા થવા ચાલ્યાં ગયાં !

(૮)

કાશી

પંજાબથી નવઉત્સાહભેર હું કાશી ફર્યો એટલે તુરત થયું, કે જાણે અંધેર અવ્યવસ્થામાંથી છૂટયો. કાશીની શી મઝા ! એની

પવિત્રતા મને ખૂબ ખેંચવા લાગી. એ કેમ બન્યું એ સમજાતું નથી. કાશીમાં બહુ રહ્યો પણ એવી લાગણી ફરી પાછી થઈ નથી. પણ આ વેળા તો કાશીનો પવન વાયો, કે તુરતજ જાણે દેહ શુદ્ધ થઈ જતો લાગ્યો. મનમાંથી ગ્લાનિ દૂર ભાગતી ભાસી. યોજના ભાંગી પડ્યા બાદ રાસુદા જ્યારે કાશી આવ્યા, ત્યારે તેને પણ કંઇક આવી લાગણી થયેલી ખરી.

યતીનદા

કાશીમાં પૂર્વ બંગાળાના એક આગેવાન જોડે વાતચીત થઈ. તે વેળા બીજા ઘણાક સાથીઓ પકડાઇને જેલ જઈ બેઠા હતા, તે બહુ સાલતું હતું. શ્રીયુત યતીન્દ્રનાથ મુખોપાધ્યાય કલકત્તાના આગેવાનોમાંજ ગણાય. વિપ્લવયુગમાં એમનો ફાળો નાનોસૂનો ન સમજવો. તમામ દેશોના ઇતિહાસ સાક્ષી પૂરશે, કે જ્યારે રાષ્ટ્રની સ્વતંત્રતા કાજેનાં મોટાં આંદોલન ઉભા થાય છે ત્યારે તે ઉભા કરનાર મૂળ વ્યક્તિઓનું ચારિત્ર્યબળ અખૂટ હોય છે, ને તેથીજ તેના પંથ કે મંડળનો પ્રભાવ ભારે પડી શકે છે. યતીન્દ્રબાબુ વિપ્લવપંથના આત્મા સમા હતા, ને એમના ચારિત્ર્યબળ વડે એમણે કેટલાયે જુદા જુદા સંપ્રદાયો પર સત્તા ઝમાવી હતી.

આવી બળવાની તૈયારીઓનું કામકાજ હંમેશા છાની છૂપી રીતે થતું હોવાથી એવા મહાપ્રભાવશાળી વીરોની છાયા હેઠળ જૂદાં જૂદાં કેટલાંયે મંડળો સ્થપાયાં હશે. તે બધાંનો ઇતિહાસ મળી શકવો મુસ્કેલ છે. એ ઠીક કે નહિ, તેયે મને તો હજી નથી સમજાતું. એવાં વિવિધ મંડળોને ભેગાં કરીને મોટું એકત્ર વિરાટ દળ બનાવવા સારૂ બહુ બહુ પ્રયત્ન થયેલો, પણ કોઇ તેવા લાયક અને પૂરતી પ્રતિભાવાળા આગેવાનને અભાવે તે તો બન્યું નહિ— પોતપોતાની સ્વતંત્રતા ગુમાવવા કોઇ રાજી નહોતું. વળી આગેવાનોને પણ પોતાની સત્તા ટકાવી રાખવી હતી. કોઇ નૂતન આદર્શથી

માણસ પ્રેરાઈ ઉઠે છે ત્યારે તે અદ્‌ભુત આપભોગ આપી દે છે, છતાં નાની નાની બાબતોમાં અહંતા અને સ્વાર્થ તેને સતાવ્યા વિના નથી રહેતાં એવો મારો અનુભવ છે.

પણ યતીન્દ્રબાબુની આગેવાની હેઠળ બંગાળાના ઘણા ઘણા મંડળ ભેગાં મળવાનું થઇ શક્યું હતું. તેઓ પોતે કંઇ એવા ભણેલા કે વિદ્વાન નહોતા, પરંતુ ઘણા ભણેલાઓને નમાવી શકતા. એમની સાહસિક વૃત્તિ અને નિખાલસ ઉદારતા સૌને એમના તરફ ખેંચતી. ને જ્યારે પંજાબ ને બંગાળ બન્નેના ચિત્રવિચિત્ર ભેજાં-ઓનો શંભુમેળો એકઠો થયો ત્યારે પણ પોતાનું વર્ચસ્વ એમણે ટકાવ્યું, એ જેવી તેવી શક્તિની વાત નહોતી !

બે મંડળો

સાચું પૂછો તો બંગાળામાં એ વેળા બેજ બળવા મંડળીઓ હતી. એકના પ્રમુખમાં આપણા યતીન્દ્રબાબુ. બીજીના બે ભાગ પાડી શકાય. એક બંગાળની બહાર કામ કરનારો અને બીજો તેના ભીતરમાંજ પાંખ પ્રસારનારો. તેમાં આગલા વર્ગની ઝૂંસરી રાસ-બિહારીને માથે હતી. પાછલાને આગેવાન જેવું કોઈ નહોતું.

આવે વખતે આખા ઉત્તર હિન્દને એક સાંકળે ગૂંથી લેવાના ઇરાદાથી યતીન્દ્રબાબુને કાશી બોલાવ્યા. પંજાબથી માંડી ઠેઠ આ-સામના સીમાડાઓ સુધી દેશ બળવાને માટે પૂરતો તૈયાર થઇ ગયેલો હતો. ને પંજાબના સિપાઇઓની અધીરાઈનું તો પૂછશોજ માં. એમને કાબુમાં રાખવા પડતા તેથી લાભ થયો કે નુકસાન તે તો ઇશ્વર જાણે, પણ અમે ન અટકાવ્યા હોત તો તેમણે કાચુંપાકું કામ ડફણાવી દીધું હોત—પરિણામ શું આવત, તે કોને ખબર ? બધે એક સામટો ટંકાર કરવા સારૂ અમે તેમને દાબી રાખતા.

પુસ્તકનો વિષય

યતીન્દ્રબાબુ કાશી આવ્યા તે વિષે સરકારને કાચીપાકી કંઇ ખબર હતી કે નહિ તે મને માલુમ નથી. એ વાત કેમ છેડવી પડી તે કહું. હજુ સુધી આ લખ્યું તેમાં છૂપી તો મેં એકે વાત નથી બતાવી. જે વાતો 'કાવતરૂં' ફૂટી જતાં ને અદાલતે ચર્ચાતાં બહાર આવેલી અને પૂરવાર થયેલી તેટલીજ માત્ર મેં જણાવી છે. જે વાતો પૂરવાર કરવાને સરકાર પાસે કંઈ સાધન નથી તેવી વાતો સરકારને માલુમ છે, છતાં તે મેં જવા દીધી છે. જે વાતો પ્રગટ કરવાથી કોઇને કંઇ નુકસાન થવાનો સંભવ નથી, ને જે સરકારને પૂરેપૂરી માલમ હોવા છતાં, દેશવાસીઓને ઝાંખા ખ્યાલ રૂપે પણ અડધીઅધુરીજ માલમ છે તેવી વાતો મેં મોટે ભાગે આપી છે.– મારી અદના શક્તિ મુજબ.

રાઉલાટ અહેવાલ

કાવતરાંઓના ખટલા ઘણીકવાર તો જેલમાંજ ચાલ્યા હતા, તેથી આમવર્ગને તે વિષે ઝાઝી વાકેફગારી થવા પામેલી નહિ. કેમકે ગમે તેવી જાહેર પુરવાર થયેલી બીના પણ પોલિસની ઇચ્છા ન હોય, તો મગદૂર શી કે બહાર આવી શકે–લોકોની આંખે અથડાઇ શકે? મને એવી ખાસ ઇચ્છા થઇ છે કે સરકાર જાણે છે તે મારા દેશભાઇઓ પણ જાણે તો સારૂં. દેશના ઇતિહાસનું સાચું વિવરણ વાંચી પોતાની ખામી, ઊણપ ને શક્તિ સમજાશે—શ્રદ્ધા અને ડહાપણ બંને વધશે. બળવો વિરાટ પાયા પર રચાયલો–તે કેમ, ક્યાં, કેવી રીતે યોજાયલો એ ભલે સૌ જાણે, ને ચર્ચે. મારૂં આખું લખાણ વાંચશે તેઓ સમજશે કે એ કંઇ થોડા જુવાનિયા, ઉધમાતીઆઓએ જુવાનીના ઉત્સાહની છોળ વડે કરેલી ખોટી ધાંધલ કે ધમાધમ નહોતી. તેમ રાઉલાટ કમિટીના અહેવાલમાં આપ્યા મુજબની એ અંધેરિયા પ્રવૃત્તિયે નહોતી. રાઉલાટ કમિટીમાં

એક અમૂક મુદ્દો ધ્યાનમાં રાખીને બધું લખ્યું છે. તે મુદ્દો એ, કે એ વાંચીને લોકોમાં આત્મશ્રદ્ધાનું બળ સ્ફુરવું ન જોઇએ. વાતોને એવી રીતે રંગી છે કે બળવાવીરોની ઠેકડી કરવાનુંજ વાંચનારને મન થાય. હિન્દીઓના હૃદયમાં જે વાંચી આશા ને શ્રદ્ધાનાં અંકુર ફુટે એમ લાગે તે વાતને દાબીજ દેવાનો એમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. કેટકેટલું દુઃખ ભોગવી, અપાર સંકટ વેઠી, કેવાં કેવાં પરાક્રમ કરીને કેવાં રત્નો ભેગાં કરેલાં, ને એ રત્નો પણ કેવી કસોટીમાંથી પસાર થયેલા, એ કંઈ રાઉલાટ અહેવાલ વાંચ્યે ન સમજાય. દિલગીરી સાથે જણાવવું પડે છે કે એ બધી આખી કથા કહેવાની તો મારી તત્પરતા નથી; પણ જેટલું બને તેટલું આપું છું.

સરકારને શિખામણ

ઘણાકને એમ લાગે છે, કે આ રીતે આવી બધી વાતોને બહાર પાડવી એ ઠીક નથી. (જાણે બધું હજુ છાનુંજ રહ્યું હોયને, તેમ !) એમ થવાથી સરકારને પોતાનો જુલમ વધારવાની તક મળે છે. આના જવાબમાં મારે કહેવાનું એટલુંજ કે જે બળવાની આગ એક વેળા કેવળ બંગાળામાંજ ધૂમાયા કરતી હતી, તેના તણખા આજ સોળ સત્તર વરસમાં એજ જુલમ નીતિને પ્રતાપે ઠેઠ રાવળપિંડી ને પેશાવર પર્યંત જઈ વેરાયા છે. અને જેઓ સરકારની આ જુલમનીતિને દૂર કરવા ઇચ્છે છે, તેમને મારૂં કહેવું છે, કે ગયા દાયકાના એ બળવાના પ્રયાસોને હસી કાઢવામાં કે તેમની અગત્ય ઓછી લેખવામાં ફાયદો નથી; પરંતુ તેને બદલે સરકારના મગજમાં એટલું ઠસાવવાની જરૂર છે, કે દેશની સાચી અભિલાષાઓને દાબી દેવાના પ્રયત્નો કરવાથી અથવા કાયદેસરની ચળવળોની ગતિ અટકાવવાથી આવી છૂપી ચળવળો અવશ્ય પેદા થશે, થશે ને થશેજ. ને એમ પણ ન ધારવું, કે ખુલ્લી

કાયદેસરની ચળવળ કરતાં છૂપી ચળવળો કોઇ રીતે ઓછી જોરાવર કે ઓછી સાધન સામગ્રીવાળી હશે. વિલાયતમાં ખુલ્લી ચળવળને પૂરતું સ્થાન છે, અને હરેક માણસ તેમાં છૂટથી ભાગ લઈ શકે છે. એજ કારણે યુરોપના ફ્રાન્સ રૂશિયા આદિ દેશો કરતાં તેમાં છૂપી ચળવળોનું પ્રમાણ ઘણું અલ્પ છે. અસ્ત પામતી જતી પ્રજાને જુલમનીતિથી જેર કરી શકાય, પરંતુ ઉન્નતિને પંથે ધપતી જાતિના આત્મસાક્ષાત્કારના યત્નોને દાબી શકાય નહિ. એ વાત દેશજનો તેમજ સરકાર બંનેએ પોતાના મગજમાં ઠસાવવાની છે.

યતીન બાબુની યોજના

આજે યતીન્દ્રબાબુ હયાત નથી, એટલે તેમને વિષે લખતાં હવે સંકોચ નથી. એ વેળા એક સામટું આખું ઉત્તર હિન્દ એકજ દિશામાં કામ કરી રહ્યું હતું, તે ઘણાકને—ખૂદ કેટલાક બંગાળી બળવાવાદીઓનેયે માલમ નહોતું.

યતીન્દ્રબાબુનો ખાસ આગ્રહ એવો હતો, કે બળવાની તારીખને પાછળ હઠાવવી, મોડું કરવું. તે દરમ્યાન પોતે બંગાળે જઇને એએક મહિના કમ્મર કસી કામ કરે ને પૈસા પણ ભેગા કરે. તેમનો એવો ખાસ મત હતો, કે પૈસાના પૂરતા સહાયા વિના આ બાજી ખેલવી ઠીક નથી. પણ "પૂરતાપણા"નો તેમનો ખ્યાલ કંઈ અજબ ભારે હતો—તેટલા કદિ મળે નહિ, ને કામ થાય નહિ!-એટલે છેવટે તો એટલી બધી આશા ન રાખવાનું યતીન્દ્રબાબુએ પણ કબૂલેલું.

પંજાબી સિપાઇઓની અધીરાઇ

પણ તેઓ પંજાબની સ્થિતિ બરાબર સમજી ન શક્યા. પંજાબી સિપાઇઓ હવે છેક અધીરા ને આકળા બન્યા હતા. તેમ બનવાનું કારણ એ હતું, કે તેમને પશ્ચિમના રણમેદાન પર રૈંસાવાને

ક્યારે ધકેલી દેવામાં આવશે તેની જરાયે ચોક્કસ માહિતી નહોતી. હિન્દમાં ને હિન્દમાં તો લશ્કરી ટુકડીઓની એકથી બીજે ને બીજેથી ત્રીજે ઠેકાણે બદલી બદલી થયાંજ કરતી હતી. એટલે જો અણી ચૂક્યા ને કોઇક દક્ષિણને મથકે જઈ પડ્યા, તો બધી મહેનત છૂટી પડશે એમ તેમને લાગતું હતું.

આ રીતે પંજાબના લશ્કરી જુસ્સાને દાબી રાખવાનું કામ મુશ્કેલ થઈ પડ્યું હતું; વળી એ સિપાઇઓને બીજે કશે મોકલી દેવાય તો અમારૂં કામ કથળી જાય એ બ્હીક અમને પણ ભારે હતી. આ બધા કારણોને લીધે યતીન્દ્રબાબુના આગ્રહને માન આપી ન શકાયું. ખુદ મારે માટે પૂછો તો હું પણ આ સોનેરી તક જવા દેવાની તરફેણમાં નહોતો. એટલે એક બાજુ સિપાઇઓને શાન્ત રાખવા પ્રયત્ન કરતો, છતાં બીજી બાજુથી આખો બળવો સામટો જેમ બને તેમ સત્વર પ્રજ્વળી ઉઠે તેમ કરવાને માટે પણ તનતોડ મહેનત કરી રહ્યો હતો. ચિવટથી સમજાવ્યું, એટલે યતીન્દ્રબાબુ પણ મારા મતનાજ થયા.

પરદેશી મદદની સંતલસ

મારો હમ્મેશનો એવો ખ્યાલ ખરો, કે અભણ આમવર્ગને ઉશ્કેરી તેને ફૂદાવવો એ રમત જેવું કામ છે. પણ તેને કુદાવવાથી કંઈ કારજ સરી જાય કે ગદ સર થાય, એવી ભ્રમણા મને નહોતી. તે તરફ મેં લક્ષ પણ નહિ આપેલું. મને થતું કે દેશનો ભણેલો નવજુવાન વર્ગ જો બરાબર સંગઠિત થઈ જાય, ને પછી દેશી સિપાઇઓને વટલાવી લેવાય, તો બળવાનો ધડાકો પૂર જોસથી ફૂટી શકે. પણ સાથે સાથે કોઈ બીજી પરદેશી પ્રજા સાથે સંતલસ ન રાખી હોય, તો બધું કેવળ નકામું!

સરંજામની ગોઠવણ

સૌથી મોટી ભૂલજ એ. ઘણી વાર માંહોમાંહે અમારે ચર્ચવું

પડેલું કે આ ચળવળની સાથે સાથે જો મોટા પ્રમાણમાં લશ્કરી સરંજામ હથિયાર ઓજાર-વિગેરે બહારથી ટાંકણાસર આવી લાગે એવો બન્દોબસ્ત થાય તો ઠીક; છતાં આગેવાનો બધાજ એ બાબત પ્રત્યે બેદરકાર દીસતા હતા. તેઓ કહેતા, કે હજુ એનો વખત આવ્યો નથી. પણ આગ લાગે ત્યારે તે કૂવો ખોદાતો હશે ? જ્યારે એનો સમય આવ્યો, ત્યારે પછી તક મળે શાની, ને જોગ બેસે શાનો ? આખો દેશ ટટાર ન થયેલો એ ખરૂં, છતાં બંગાળ ને પંજાબના જુવાનવર્ગનો જે આ ઝમાવ થયો હતો તે બહુ વ્યાપક ને મોટા પાયા પર હતો. તેમાં બંગાળની તૈયારી તો અપ્રતિમજ હતી, એમ કહેવું પડશે. ગમે એટલી માથાકૂટ વડે ન થાત, તેવી ઝમાવટ પરસ્પરના ઉત્સાહ અને સહકારને લીધે થઈ ગઈ હતી. એટલે ખરેખરી સંઘશક્તિ બંગાળમાંજ એકઠી થઇ હતી—પંજાબમાં તો મોટે ભાગે પરદેશથી પાછા ફરેલા શીખોનીજ એમાં સામેલગીરી હતી. દેશના આમવર્ગ સાથે તેમનો બહુ ઓછો પરિચય (આ નજરે) હતો ને આમવર્ગ પણ તેમના પ્રત્યે બેદરકાર હતો. બંગાળાની પ્રજાને છેક તેવું સરટીફીકેટ ન આપી શકાય.

કોઈ પણ મંડળના માણસો જેટલા ભાવનાશાળી ને ચારિત્ર્યશીલ તેટલું તે મંડળનું સામર્થ્ય વધારે. તે જોતાં બંગાળનો જોટો ક્યાંથીજ મળે ? ને તેમાં એજ પ્રાંતના જુદા જુદા આદર્શોનાં દ્વંદ્વ આથડેલાં પણ તરેહવાર રીતોએ.

બંગાળ વિષે લખવા બેસીશ ત્યારે એ ચર્ચા આગળ ચલાવીશ. હાલ તો માત્ર બંગાળની બહારની ચળવળ વિષે લખવા બેઠો છું. બહારનું પ્રકરણ એક સાદું બળવા પ્રકરણ છે. બંગાળનું પ્રકરણ સારા ભારતવર્ષની રાષ્ટ્રીય જાગૃતિ સાથે અનેક પ્રકારે સંકળાયલું છે, ને વિશાળ ચર્ચા માંગે એવું છે.

બંગાળ-પંજાબની હરિફાઈ

બંગાળીઓને બીજા પ્રાંતોની પેઠે લશ્કરી ટુકડીઓમાં સિપાઇગીરીની સગવડ મળતી હોત તો અત્યાર સુધીમાં શુંનું શું થઈ ગયું હોત. છતાં આ વેળા પંજાબમાં જે વેગથી કામ ચાલતું હતું તે જોતાં અમને બંગાળ પાછળ પડી જશે એમ ખૂબ લાગતું. પાછલા ઇતિહાસમાં બંગાળને માથે ચોંટેલી કાળી ટીલીઓ સાંભરતાંજ મને ભારે દુઃખ થતું ને ઘણીવાર ત્યાં દોડી જઈ કામ કરવાને મન ઉશ્કેરાતું. આથી યતીન્દ્રબાબુ બંગાળે પાછા ફર્યા ત્યારે મારી ઉત્સુકતા દાબતાં દાદાને પણ ભારે મુશ્કેલી પડી.

દાદાએ મને સમજાવતાં કહ્યું. “ હું પોતે પંજાબ જનાર છું. અને તારે બંગાળ-પંજાબ બેની વચ્ચેના મધ્ય પ્રદેશમાં રહી બન્ને પ્રાંતની જ્વાલા સચેત રાખવાની છે.”

લાચારીથી મારે કાશીમાંજ મારૂં થાનક રાખવું પડ્યું.

ધાડાનો આરંભ

બંગાળમાં હવે લૂટફાટ અને ધાડાનો આરંભ થયો. પુષ્કળ પૈસો હાથ લાગ્યો. રોડા કમ્પનીની ૫૦ પિસ્તોલો ને પચાસ હજાર કારતૂસોની ચોરી કરવામાં આવી. યતીન્દ્રબાબુ કમ્મર કસીને તેમજ ખાઇપીને કામે મંડ્યા. તેને લીધે ત્યાં અદ્દભુત જોમની રેલ આવી ને ધમધોકાર કામ ચાલ્યું. એમણે પોતાની શક્તિ બતાવી તે વડે સૌ કોઈ આશ્ચર્ય પામ્યા.

બીજી બાજુ રાસબિહારી પંજાબ રવાના થયા. તેમને પકડવાને ૭૫૦૦ રૂપિયાનું ઇનામ જાહેર થયું હતું. તે છૂટા હોવાને કારણે સરકાર પર મહેણાં ને ઠપકાનો વરસાદ વરસ્યો જતો હતો. સરકાર ખૂબ ભાંજઘડ ને ખટપટ પણ કરીજ રહી હતી.

સરખામણી

એક બાજુ મહા દુર્દાન્ત વિકરાળ બ્રિટીશ સિંહની સારા દેશને વ્યવસ્થિત સાંકળો વડે જકડી રહેલી રાજશક્તિ—ને બીજી બાજુ અમારૂં ગરીબડું બળવા મંડળ! એવું ગરીબ, કે (ધન્ય છે એ મહાવીરને!) રાસબિહારીએ પકડાઈ જઈને અમારા હાથમાં ૭૫૦૦ની રકમ મૂકવાની પણ માંગણી કરેલી!—જેને ગમે એટલો પ્રેમ છતાં દેશના લોકો કદિ મદદ ન કરી શકતા, (ને આગેવાનોને તો ઓળખતાજ નહિ) તેમનો સમસ્ત ભરોસો કેવળ પોતાની અમાપ દૃઢતા ને આત્મશ્રદ્ધા પર હતો! બધી દિશામાંથી તેમના પર મારો હતો.

છતાં માત્ર આત્મરક્ષા કરીનેજ તેઓ શાંત ન રહેલા: સરકારને પજવવાને અને હેરાન કરવાને તેમણે કંઇ કંઈ તરકીબો લડાવી. રાસબિહારીને સરકાર પકડી ન શકી એનું મુખ્ય કારણ અમારા મંડળની ચાલાકી અને પાકી વ્યવસ્થા. એવી વ્યવસ્થા ન હોત તો "જાસૂસી ચક્કર" માં સપડાઇ જવાનુંજ રાસબિહારીને ભાગે આવત. પણ તેમનું નસીબ સારૂં ને હોંશિયારી પણ ભારે. કેટકેટલી વાર તેઓ જરાજરામાં પકડાતા છટકી નાઠેલા, તેની વાતો સાંભળીએ તો રૂંવેરૂંવા ખડા થઇ જાય—ઇશ્વરની કૃપાજ એ. બીજું શું?

માત્ર એમનીજ નહિ પણ બીજા કેટલાયે નવજુવાનોના છૂપા વાસની ને અમે જાસૂસોને હાથતાળી આપ્યાની કથાઓ લખાશે ત્યારે ભારતના ઇતિહાસમાં એક નવુંજ પાનું ખુલશે. દાદાની કેટલીક વાતો હું બીજા ખંડમાં કહેવાનો છું.

ગાડીમાં ભય

ઠીક. રાસબિહારી રાતની ગાડીમાં દિલ્હી થઇને પંજાબ રવાના થયા. એ વેળાથી અમે કોઇ ને કોઈ ચોકીબાન તરીકે

એમની સંગાથે રહેતાજ. દિલ્હી સુધી કંઈ બનવા પામ્યું નહિ. પણ ગાડીએ એ સ્ટેશન છોડ્યું કે તુરત એમને પોતાનાજ ડબ્બામાં પોતાની પિછાનનો એક દારોગો (ડીટેક્ટિવ ખાતાનો) બેઠેલો જણાયો. હવે એમના મનની સ્થિતિ કલ્પી લેજો. પણ ભાગ્યબળે ને પોતાની કાનઢાંકણી ટોપીની મદદથી દાદા છટકી જવા પામ્યા. બીજે સ્ટેશને બીજા ડબ્બામાં જઈ બેઠા. દાદા સઘળું જાણીબુઝીને શાન્ત ચિત્તે આ ઉકળતા તવામાં આનંદે ઝંપલાવતા હતા.

અમૃતસર પહોંચ્યા.

લશ્કરી માહિતી

આ બાજુ જોડીઆ પ્રાંતો, બિહાર તેમજ બંગાળની જુદી જુદી લશ્કરી છાવણીઓમાં અમારા લોકોનો પગરવ ચાલુ હતો. થોડા દિવસ રહીને કરતારસિંહ ને બીજો એક, પંજાબની ખબરો લઈને કાશી આવી લાગ્યા. તે વેળા સારા ઉત્તર હિન્દની તમામ લશ્કરી છાવણીઓની માહિતી અમારી પાસે આવી એકત્ર થઈ હતી.

અમે જાણતા હતા કે ગોરૂં લશ્કર બહુ જૂજ છે. જે હતું તેયે કાચા, નવલોહિયા દુધમલ બાળક જેવા જુવાનોનું. તેમને જોઈ હાથ અજમાવવાનો અવસર ક્યારે આવે એવી ચેળ પણ અમને ખૂબ થતી. બે ત્રણ મોટી છાવણીઓ અને કાબુલના સીમાડા શિવાય એકે સ્થળે ૩૦૦ થી વધુ ગોરા નહોતા. ને એ મોટા થાનકોએ પણ બહુ તો હજાર પન્દરસોની ટુકડીઓ હતી.

નાની નાની છાવણીઓમાં જે હથિયાર ઓજારનો સરંજામ હતો તેના વડે કંઈ નહિ તો વરસેક સુધી તો સરકારને ખુશીથી હંફાવી શકાય એવું હતું. ને માલમસાલાની બધી પૂરેપૂરી વિગતો તો અમારી પાસે ખરીજ; પણ દેશી સિપાઈઓનું મગજ ખૂબ ચકડોળે ચઢેલું હતું. પ્રત્યેક પળે વિલાયત લડાઈમાં જવાની ફરજ પડશે તે ચિંતા તેમના મગજને ઘેરી રહેતી. અમારા જુવાન બળ-

વાવાદીઓ તેમની પાસે જતા ત્યારે તેમની સરભરા કરી તેમની વાતો ખુબ રસ લઈ લઈને તેઓ સાંભળતા. એક વાર એક યુવકની પાસે ખૂબ ઉંચા દરજ્જાનાં જમાદારો સિવાય સઘળાનું ટોળું વળેલું, ને તેની સાથે તડાકા મારતું હતું. છેવટે તેમણે કહ્યું, "અમે શરૂઆતમાં તો બહુ આગળ નહિ પડીએ. પણ દારૂગોળો બીજાના હાથમાં ન જાય એ વિષે સાવચેત રહીશું. ખરેખરૂં કામ ચાલશે એટલે યાહોમ ઝૂકાવીશું."

છાવણીમાં આવજા

હું જાતે પણ કાઝીની છાવણીમાં ઘણીકવાર પાછો ગયો હતો. દિલાસિંહ શિવાયના બીજા બધા ત્યાં મજાના માણસ હતા ને દેશને ખાતર આગમાં કૂદી પડવા તૈયાર હતા. દિલાસિંહ એક-વાર કહે: "બાબુજી, દેશમાં સ્વરાજ થાય, તો મને એકાદી જાગીર મળશે ખરી કે નહિ?"

એકવાર હું ગનકોટન લઈને તેમની પાસે ગયો, ને અમારી કરામતો દેખાડી. એનાથી કેવું ઝપ દઈને સઘળું બળી જાય ને રાખોડી શિવાય કશું રહે નહિ એ સમજાવ્યું. જોઈને બધા ચકિત થયા. એ રીતે જુદે જુદે પ્રકારે દિલાસિંહ અને તેના લાગતાવળ-ગતાઓને અમારા સંપ્રદાયમાં વટલાવવાનો હું યત્ન કરતો.

પાછળથી પણ એ ટુકડીના કેટલાક સાથે મારે મુલાકાત થઈ છે. તેઓ મળે કે તરત માથું નમાવે ને પ્રેમથી વાતો કરે. એક વેળા કહે, "બાબુજી, મારી સાથેવાળા બધાએ મરણ પામ્યા. હું જ એકલો બચ્યો છું. મોતને કાંઇ આવ્યો; પણ તેનો મને ડર નથી. તમે મારા ગુરૂ છો, કેમકે તમેજ મારૂં મન સંસારમાંથી વાળી ઈશ્વરમાં લગાડ્યું છે."

ઘણી ટુકડીઓ અમારી સાથે થોડું હળ્યાભળ્યા બાદ બદલી

થવાથી બીજે જતી, અને એમ અમારા તણખા દૂર ને દૂર વિખેરાઈ પડતા.

આમ વર્ગ

ઉપરાંત હવે ગામના સામાન્ય પ્રજાવર્ગમાંએ પગપેસારો કરવા માંડયો હતો. જેડીયા પ્રાંતોના ઘણા ગામડાઓમાં માત્ર રજપુતોનો વાસો છે. સરકાર પણ તેમનામાંથી લશ્કરમાં ભરતી કરે. પણ આ આમવર્ગ ને બંગાળના આમવર્ગમાં ભારે તફાવત છે. એક તો તેઓ શરીરે બળવાન છે. બીજું ભૂતકાળનું ગૌરવ હજુ પણ તેઓ સગર્વ સંભારે છે. અભણ ખરા, પણ રાજદ્વારી સંસ્કારો એમના ઉંડા. બંગાળ કરતાં ધર્મ પર પ્રીતિ ને શ્રદ્ધા ઘણી વધારે. જો હોંશીયાર આગેવાન મળે તો એ લોકો અસંભવિતને પણ સંભવિત કરી બતાવે.

એમનામાં પણ મારી આવજા શરૂ થઈ હતી ને તેમના તરફથી જે પડઘો પડતો હતો તેગે આશાભર્યો હતો.

પંજાબમાં દાદા સિપાઇઓની સાથે વાતચીત મુલાકાતનો પ્રસંગ પાડતા હતા. તેઓ જ્યાં રહેતા ત્યાં તો કોઇને મળતાજ નહિ. પણ મુલાકાતીઓ માટે એક ખાસ ઘર રાખેલું હતું. લાહોરના બે સિપાઇઓની વાત ખાસ યાદ રાખવા જેવી છે તે જણાવી દઉં.

યાદગાર કિસ્સો

એકનું નામ લછમનસિંગ. બીજો મુસલમાન હતો, તેનું નામ ભૂલી ગયો છું. બંને જમાદાર હતા. સિપાઇઓ પર લછમનનો ખુબ દોર હતો. કહે છે કે, લછમનસિં હજીઘણા વખતથી ટુકડીમાં પોતાનુંજ એક મંડળ ઉભું કરી રહ્યા હતા. બધા અવારનવાર એક ઠેકાણે ભેગા મળે અને શીખ ધર્મગ્રંથો વાંચે તથા જુદી જુદી ચર્ચાઓ કરે. ગોરા અમલદારોએ આ વાત જાણી ત્યારે તેમણે તે બંધ

કરવા હુકમ કર્યો. વળી બંધ થાય, વળી ચાલે, એમ અવારનવાર લાગલગાટ કેટલાંએ વરસો સુધી ચાલ્યું. ટુકડીમાં ચારિત્ર્યશાળી અને ધર્મિષ્ટ મર્દ તરીકે લછમનનું માન બહુ સારૂં હતું. લછમનને ફાંસીનો હુકમ થયો, ત્યારે પેલા બીજા મુસલમાનને જીવતદાનની લાલચ આપી કેટલીક છુપી વાતો ફોડી દેવાને ખુબ સમજાવવામાં આવ્યો.

"એ કાફરની સાથે તું ફાંસી જશે?"

એ મુસ્લીમ ભાઇએ જે જવાબ દીધો તે આજના સૌ હિન્દુ મુસલમાને વિચારવા જેવો છે. અંતરમાં ઠસાવવા જેવો છે. "યા અલ્લાહ! કાફર!!! જે લછમનસિંહ સાથે મને ફાંસી ચઢાવે તો તો જન્નત મારે માટે ખુલ્લુંજ છે!"

બન્ને હસતે વદને ફાંસીએ ચઢ્યા.

ગોઠવણ

જેમ જેમ બળવાનો દિવસ પાસે આવતો ગયો તેમ તેમ અમારા મનમાં ઉલ્કાપાત થવા માંડ્યો: "શું થશે? આટલું પ્રચંડ કામ પાર પડશે?"

ખરે, અમે કશું કરવામાં બાકી રાખ્યું નહોતું. અમારી શક્તિને પૈએ પૈ ખરચી નાંખી હતી; આવી કંપારી છુટતી. દાદાને પણ પંજાબ જતાં પહેલાં કેટલીક વાર એવા ઉદ્ગાર કાઢતા સાંભળ્યા હતા, તો બીજાનું શું ગજું?

અમારી ગોઠવણ એવી હતી કે એકે દિવસે આખા ઉત્તર હિન્દમાં ઓચિંતા જ્યાં જ્યાં છાવણીઓ હતી ત્યાંના ગોરા સિપાઇઓ પર તૂટી પડવું ને જેઓ કબજે થાય તેને કેદ કરવા. કામ રાત્રે શરૂ કરવું ને તુરતજ તાર તોડી, ગોરા અમલદારો વિ. ને કબજે કરી, ખજાનો લૂટી, જેલનાં પંખીને ઉરાડી મેલવા અને પછી શહેરની રખેવાળી એક જણને સોંપી બધાએ એકઠા થઈ

પંજાબમાં જવું. અમે એવા ખોટા કુલણજી નહોતા, કે સામી લડાઇએ ઇંગ્રેજ સાથે જીતવાની આશા રાખીએ. પણ એટલી તો શ્રદ્ધા કંઇક હતીજ, કે અમારૂં કામ શરૂ થતાંજ આખા દેશમાં એ ચેપ ફેલાશે અને એવી તો અંધાધુંધી ચાલુ થશે કે જો વરસેક સુધી અમે સરકારને હંફાવી શકીએ તો પરદેશી રાષ્ટ્રો અને ઇંગ્રેજ સરકારના શત્રુઓની મદદથી દેશ જરૂર સ્વતંત્ર બની જવા પામે. આમ બનવું અશક્ય નહોતું લાગતું.

તારીખ ઠરી: અધરતાલ હૈયાં !

એક દિવસ પંજાબથી કોઇ એક ખબર લાવ્યું કે ૨૧ મી ફેબ્રુ. ની તારીખ શરૂઆત માટે ઠરી છે.

તે દિવસે વાર રવિ હતો. રાત્રે કામ શરૂ કરવાનું હતું. ખબર સાંભળતાં આખા શરીરમાં જાણે વિજળીના ધક્કાથી થાય એવો ઝણઝણાટ શરૂ થયો. નહોતો એ આનંદ, નહોતી એ બ્હીક !—એના સંમિશ્રણ રૂપી એ ભાવનું મારાથી વર્ણન થઇ શકે તેમ નથી.

માત્ર એક અઠવાડિયાની ઢીલ હતી. તમામ મથકોએ ખબર ગઈ હતી.

બધી તૈયારીઓ ધમધોકાર ચાલી રહી હતી. એ ગાળામાં અમારામાંના ઘણાકને તો જરૂર ખૂબ બ્હીક અને શંકા પીડતાં હતાં; હુંયે અચૂક શ્રદ્ધા તો નહોતો રાખી શકતો કે ખરેખર બળવો હાર પડશેજ.

સેંકડો વરસની દીન હીન ગુલામી દશાને પ્રભાવે આત્મશ્રદ્ધા તો એવી ઉઠી ગઈ હતી કે સ્વતંત્રતા શી ચીજ છે એની કલ્પના કરી શકાતી, તેને માટે તનતોડ પ્રયત્નો કરાતા, છતાં ઇચ્છાના અટલ દુર્ગને તોડીને પણ મનમાં બ્હીક પેસી જતી કે વખતે બળવો શરૂજ નહિ થાય ! સારી જીન્દગાનીનો દુઃખિયારો માણસ, એકાએક સુખનો સુરજ ઉગે છતાં જેમ માની શકતો નથી—એથેથી તગતયલા, બધાથી

હીણાયલા ને પ્રેમના આશ્વાસનને અભાવે બળીજળી રહેલાને કોઈ અચાનક વ્હાલસોયું સ્વજન મળી આવે ને તેની આંખો કહ્યું ન કરે–માનવાની ના પાડે, તેમ—બરાબર તેજ પ્રમાણે હિન્દનો ભાગ્યોદય અમારાં હૈયાં બરાબર કલ્પી નહોતાં શકતાં.

તૈયારી

કામ તો ધમધોકાર ચાલ્યું. બંગાળાના નવજુવાનો માટે અડધી પાટલૂનો શિવાઈ ગઇ. પંજાબમાં જંગી રાષ્ટ્રીય વાવટો પણ તૈયાર થયો. એ વાવટામાં શીખોએ પોતાનું ખાસ નિશાન મૂકવાનો આગ્રહ કર્યાથી હિન્દુ, મુસ્લીમ, શીખ અને બીજી બધી જાતો માટે મળી ચાર રંગનો તયાર કર્યો. સ્થળે સ્થળે કયાં કયાં મોટરો, લોરીઓ વગેરે હતી તેની યાદીઓ તૈયાર થઇ.

આખાય ઉત્તરના બળવાવાદીઓ પંજાબ સામે મીટ માંડી દહાડા ગણવા લાગ્યા. કયારે સંકેતની સિસોટી વાગે ને કૂચકદમ શરૂ થાય–ચિતામાં બળતું લગાડાય. શ્રી શ્રી પ્રભુ જગબન્ધુ બોલેલા, કે બાર વરસ તપ કરીને ગુફાથી હું પાછો ફરીશ ત્યારે હિન્દની સ્વતંત્રતાનો યુગ આરંભાશે, એમ નક્કી સાંભળ્યું હતું. તેઓ પણ ૧૯૧૫ના ફેબ્રુઆરીમાં બહાર આવ્યા. તેમને અમારી તૈયારીઓ વિષે ગંધ પણ નહોતી એ ખરૂં; તેઓ બહાર આવી હજુ કંઇક વાર છે, એવો ઇશારો કરી ફરી પાછા તપ કરવા લાગ્યા.

ધૂળધાણી

ઇશ્વર શું ધારે છે કે ઇચ્છે છે તે કંઈ કળાતું નથી. હજાર વરસ થયાં હિન્દની બધી મર્દાનગી જાણે ધૂળ મળી છે.–**પંજાબનું પ્રચંડ કાવતરૂં**–આવું મોટું એ નિષ્ફળ નીવડયું! કળિ પ્રફુલ્લિત થઇને ખીલી ફૂલ થાય તે પહેલાંજ તે ચૂંટાઇ ગઇ ને તેનું બલિદાન લેવાયું–દેવાયું. એ કહાણી હવે સાંભળો.

પંજાબના છૂપી પોલીસ ખાતાના એક મુસ્લીમ ડેપ્યુટી સુ-પ્રીં૰એ કૃપાલસિંહ નામના એક શીખને પોતાના જાસૂસરૂપે બળવા મંડળીમાં દાખલ કરી દીધો. કૃપાલનો દૂરનો કોઈ એક સગો (ભાઇ જેવો) લશ્કરમાં હતો, તે બળવામાં જોડાયલો. ઘણું કરી તેનીજ મદદથી એ "હેડા" અખાડામાં ઘૂસી જવા પામ્યો. થોડાજ દિવસમાં એની શકભરી ચાલચલગત પર ઘણાને વહેમ ગયો. ને પછી એના પર આંખ રાખવાનું ઠર્યાં બાદ એજ દિવસમાં માલમ પડયું કે એ રોજ નિયમિત રીતે પોલીસના વડાને ત્યાં જાય છે. હવે આ બાજુ બળવાને માત્ર થોડા દિવસનીજ ઢીલ રહેલી છે. એ અવસ્થામાં જો ખૂન કરીએ, તો એકદમ એવું મોટું ધાંધલ ઉભું થાય, કે અમારૂં બધું કર્યું કારવ્યું ધૂળ મળે. એટલે એ વાત છોડી દેવી પડી. પૂર્વ બંગાળામાં હોત તો તો એનો ધડોલાડવો થઇજ જાત.

તારીખ બદલી

એ તો ઠીક. પણ ધીમે ધીમે જાણવામાં આવ્યું કે પોલિસ-ખાતાને ચોક્કસ ઠરાવેલી તારીખ પણ માલમ પડી છે,—કૃપાલસિંહ-દ્વારા. એટલે એમ ઠર્યું કે કૃપાલને હવે ઘરની બહાર નીકળવાજ દેવો નહિ અને બળવાની તારીખ ફેરવી ૨૧ને બદલે ૧૯મી કર-રવામાં આવી.

પણ હાય, નસીબ! આ નવી તારીખની ખબર જે માણસ છાવણીમાં પહોંચાડવા ગયો તે જ્યારે ખબર આપી દાદા પાસે આવી લાગ્યો ત્યારે કૃપાલ ત્યાં બેઠો હતો. પેલાને કૃપાલ વિષે ખબર નહિ એટલે તે બિચારો નિર્દોષ ભાવે બોલી ગયો કેઃ તા. ૨૧ને બદલે ૧૯ ઠરાવ્યા બાબત ચોક્કસ ખબર આપી આવ્યો છું!

તે દિવસે ૧૯મી ફેબ્રુ. હતી. બપોરે પેટપૂજા કરવાને બધા ઠામ ઠામ વિખરાઈ ગયા હતા. ત્યારે કૃપાલ પણ ઉઠી બહાર જવા ઉભો થયો. જે તેની પાસે બેઠો હતો તેણે ચટ દઇને તેનો હાથ પકડયો

ને બીજી ખેંચતાણ ન કરતાં તેની સાથે ને સાથે રહ્યો. કૃપાલ ઘર બહાર નીકળ્યો કે તુરતજ પોલીસ ખાતાનો એક જાસુસ સાઇકલ પર ત્યાં આવી લાગ્યો. કૃપાલે તેને તારીખ બદલાયાની વાત કહી દીધી.

ધરપકડ

બસ ખલાસ! ફૂટયું નસીબ તારૂં, ભારત!

બે ચાર કલાકમાંજ ધરપકડો શરૂ થઈ. જે ઘરમાં કૃપાલ હતો ત્યાંથી ૭–૮ પકડાયા, તેમાં આગેવાનો સુદ્ધાં હતા. દાદાનું રહેઠાણ તો એક બે ખાસ મળતિયા શિવાય કોઈની જાણમાં નહતું, કારણ તેઓ સઘળાની મુલાકાત બીજેજ સ્થળે લેતા.

આ બાજુ દારૂગોળાની લગામ દેશી સિપાઇઓના હાથમાંથી ફટ દઇને ગોરા લશ્કરીઓને સોંપી દેવામાં આવી. બધા ગોરા વોલંટિયરોને લડાઇને માટે તૈયાર રહેવા સૂચવાયું. છાવણી ચોક્કસ ગોઠવાઈ લડાઈના વ્યુહશાસ્ત્રમાં જેને પિકેટ કહે છે, (સાવચેત–સાવધાન રહેવા વિષે) તેનો ડંકો વાગી ગયો. ઇંગ્રેજ સિપાઇઓ રાઈટ લેફ્ટ કરતા સારા શહેરમાં ધામધૂમથી ઘૂમવા લાગ્યા. લાહોર, દિલ્હી, ફિરોઝપૂર–બધેજ એ પ્રમાણે સમજવું.

સાધારણ જનસમૂહમાં ઘણાને એમ લાગ્યું કે આ બધું યુરોપમાં ચાલતી મહા લડાઇને અંગેજ હશે; પણ દેશી સિપાઇઓ જેઓ અમારી સાથે ખરડાયેલા હતા તેઓ સમજી ગયા, કે સત્યાનાશ!

વળી બળવાની તારીખ આગળ આણવાથી ગામના બધા લોક બધે ભેળા થવાનું બન્યું નહિ. માત્ર કરતારસિંહ ૭૦–૮૦ માણસને લઇને ફિરોઝપુરની છાવણીમાં ઠર્યા મુજબ જઈ રજુ થયો; તો ત્યાં ઉપર મુજબની સ્થિતિ હતી. લાહોરમાંયે એમજ હતું, તેની એ બાપડાને શી ખબર?

કરતાર

બરાબમાં આટલી સ્થિતિ ફેરવાયેલી છતાં પણ કરતાર દેશી સૈન્યના જમાદારને જઈ મળ્યો.

તે કહે "ભાઈ, હમણાં કંઈ નહિ બને; થોડા દિવસ વાટ જુઓ તો કંઈ વળે. હમણાં તો વગર મોતે માર્યાં જઈશું."

કરતારસિંહ સમજી ગયો કે ખલાસ. એની ચતુર બુદ્ધિએ તુરત કળી લીધું—એ ચાર દિવસ પછી શું બનવાને નિર્માણ થયું છે તે. છતાં તેણે ઘણી માથાફોડ કરી. "ભાઈ, જો આજે કંઇ નહિ બને, તો ભવિષ્યમાં તો કશુંજ નથી થવાનું!"

જવાબમાં ડોકું ધુણાવી તેણે પેલા ગોરા પિકેટો પ્રત્યે આંગળી કરી. "હમણાં જો કંઈ કરવા જશો, તો ફાંફાં ફોગટ છે. જાણી બુઝીને કોઈ અજગરના ડાચામાં પગ નહિ ખોસે!"

પણ હાય!

એ દિવસે આવા વિશ્વાસઘાતના જખમને અવગણીને પણ એ બળવો હારોહાર ઝામત, જો હિન્દીઓ પાસે પૂરતા પ્રમાણમાં લશ્કરી સરંજામ હોત તો; અથવા પહેલેથીજ ભણેલા અને હોંશિયાર લોકો બળવાની દીક્ષા લીધા બાદ ઇંગ્રેજના લશ્કરમાં સિપાઇઓ તરીકે જઇ ઘૂસ્યા હોત, તો પણ.

હાહાકાર

પણ, લાચાર!

હતાશ દિલે કરતાર પાછો ફર્યો. લાહોર ગયો. ઠામ ઠામ ધરપકડો ચાલી રહેલી હતી. જેઓ પકડાય છે તેમાંના કેટલાક નબળાઈ અને સ્વાર્થવૃત્તિથી બીજા પાંચને પકડાવે છે. ને કેટલેક ઠેકાણે તો આખાં ગામનાં ગામ ઇંગ્રેજ સૈનિકો ઘેરી લે છે ને જે આવ્યા તેને ધુમ પકડે છે. દેશી સિપાઇઓમાં હાહાકાર વર્તી રહ્યો

છે. રાવલપિંડીની એક પલટણને વિખેરી નંખાઈ. લાહોરમાં જડતી, જપ્તી અને પોલિસ તપાસોની ધમાચકડી મચી રહી. શીખ નજરે પડયો ને સ્હેજ વહેમ પડયો, કે ફટ દઇને પકડયો ને ઘોંચ્યો થાણામાં! કોઇક કોઇક ઠામે ગોળીબાર પણ ચાલે છે.

બહુ જૂજ સમયમાં આમ સંજોગો બદલાઈ ગયા. મંડળમાં પણ એક બીજાનો વિશ્વાસ કરવો કપરો થઈ પડયો. કરતારસિંહ બહુ ચપળ હતો. લાહોર જઈ તે રાસબિહારીને રહેઠાણે પહોંચ્યો. તે સ્થાન સૌથી અજાણ્યું ને ઘણુંજ સુરક્ષિત હતું.

રાસબિહારી પાસે

દાદા નિરાશ હૃદયે નિર્જીવ પ્રાણી પેઠે ઢીલા થઇને એક ખાટલા પર પડયા હતા. કરતાર જઈ શાન્ત ભાવે પાસેના બીજા એક ખાટ પર એવીજ રીતે જઈ ઢળી પડયો.

બન્ને મુંગા બેઠા. બન્નેનાં અંતર જળી જતાં હતાં. આખે શરીરે જાણે કોઈ તલ્વારના જખમ ન કરી રહ્યું હોય, એવી વેદના થતી હતી. આવા ભારે ઘા ખમવા તેય ઝાઝાના નસીબમાં નથી લખેલું હોતું!

હાય! તેમની સર્વ આશાઓ વેરણખેરણ થઈ ગઈ હતી. તેમની વિરાટ મહાયોજના પળવારમાં ખેદાનમેદાન થઈ ગઈ હતી!

આવા શિક્ષિત ને પ્રગતિમાન માણસ પર આટલી અસર થાય તો પછી અભણ સિપાઇઓનું તો પૂછવુંજ શું? તેમને લાગ્યું કે મહાયુદ્ધના આવા સરસ ટાંકણે પણ આવો બળવો આ લોકો ન નિભાવી શકયા! તક ગઈ,......ગઇજ!!

પુનઃશ્ચ હરિ ૐ

ને છતાં—આવો વાર સહ્યા બાદ પણ ફરી કમ્મર કસી તેઓ કામે વળગ્યા. તેમનું હૃદયબળ, તેમની આશા, અખૂટ હતાં. અંધકારથી છવાયેલા જીવનપંથ પર ફરી તેમણે યાત્રા શરૂ કરી. માનસિક

આઘાત જબરો હતો છતાં તેમના ઉત્સાહને તે કેવળ કચડી ન શકયો.

ખરેજ ! એટલું હૃદયબળ કોઇકનુંજ હશે !

વીરજ વીરની કદર કરી શકે છે. એ બળવા સંપ્રદાય તરફ ઈંગ્રેજો જે નજરે નિહાળે છે તે નજરે હિન્દીઓ કયારે જોઇ શકશે ? સદાસર્વદા તેના તરફ હિન્દીઓ તો બેદરકારજ રહ્યા છે. એમની એ બેદરકારી અમારા ઉત્સાહભર્યા નવજુવાનોની કમ્મર ખચકાવી નાંખતી, તેમના ટાંટીયાનું જોર ચૂંથી નાંખતી ! જેઓની પાસેથી તો સહાનુભૂતિની આશા, તેજ કેવળ તિરસ્કાર કરે, એટલે પછી ગમે એવું સબળું હૃદય પણ નિરાશાની રેલમાં ડૂબીજ જાય ને ?

ને અમારો પ્રાણ તો કંઈ કંઈ સ્વપ્નાં નીરખી રહ્યો હતો. તેને કાંઈની પરવા નહોતી. કોઈના પર શ્રદ્ધા નહોતી.

આ ચળવળ ભલે નીષ્ફળ નીવડી પણ પરિણામ પરથી ચળવળોનાં માપ નથી અંકાતાં–નથી આંકવાનાં ! એની પાછળ કેવા મોટા આદર્શો રહેલા હતા, અને એ આદર્શોને સિદ્ધ કરવાને કેવા કેવા વિરલ ત્યાગભોગ અપાયા હતા એ સૌ કોઇએ લક્ષમાં રાખવું ઘટે.

ખંડ બીજો.

(૧)

વાંચકના કાનમાં—

આપણામાંથી કેટલાયે વિચાર્યું હશે-આપણું હિન્દીવાનોનું સારૂં જીવનજ બન્દીવાન જેવું છે-મુક્ત નથી, તે? આપણી જીવનયાત્રાની મિનિટે મિનિટ, આપણાં ધર્મ કર્મ ને સમાજવહેવારમાં, આપણાં ભણતર ને રળતરમાં, રે, આપણા રાષ્ટ્રીય જીવનને પ્રત્યેક પગથિયે આપણે મુક્તિના ખેલ ખેલીયે છીએ કે ગુલામીના, એ વિચારવાની ગત આપણામાંના કેટલાને હશે? મુક્તિનો—સ્વતંત્રતાનો મીઠો સ્વાદ આપણે ચાખ્યો નથી, એ વસ્તુ મુક્તિ મેળવવા ઈચ્છિનાર ગુલામના હૃદયમાં સોંસરી ને સચોટ પેંસવી જોઇએ-તેને વિષેની વાસના તેના અંતરમાં ઉભરાઈ ઉઠે એટલું તો સૌ પહેલું થવુંજ જોઇએ. તો એવી રીતે મુક્તિનાં સ્વાદ ચાખવાની વ્યાકુળતા જેને રોમેરોમ પ્રકટેલી, પ્રજાના જીવનમાં ચેતન રેડવાનો પ્રયત્ન કરતાં જેમણે પોતાનો જાન પણ કુરબાન કર્યો, ભારતનાં સઘળાં બંધનોને બસ તોડી ફોડી મેદાન કરવામાં જેને પોતાના જીવનની સાર્થકતા લાગેલી એવા, ભારતના કેટલાક બળવાવીરોની પિછાન પ્રજાને કરાવવા સારૂ મારો આ લેખ લખાય છે.

ગયા મહાયુદ્ધ વેળા સારા ઉત્તર હિન્દમાં એક સામટો બળવો ઉઠાવવાની જે જબરદસ્ત બાજી રચાઈ હતી તેનો ખ્યાલ આપવાનો મેં પહેલા ખંડમાં પ્રયાસ કર્યો છે. આ બીજા ભાગમાં હું હવે આગળ ચાલીશ. પંજાબની બાજી ધૂળ મળ્યા બાદ ફરી કાવતરું કેમ રચાયું ને વળી વિશ્વાસઘાતના રાહુએ તેનો ગ્રાસ કેમ કર્યો; અમારે છાનાછૂપા કેવું ભટકવું પડયું–એ બધી રહસ્યમય કહાણી હું હવેજ સંભળાવીશ. આ ભાગમાં વળી લાહોર, કાશી, કલકત્તા ને આંદામાનની જેલોની કથનીઓ પણ વિગતવાર જણાવીશ. જુદા જુદા પ્રાંતવાસીઓનાં પરાક્રમો વર્ણવવા ઉપરાંત જેલની આબોહવાએ અમારા જીવનમાં કેવું ઝેર રેડયું તેનો ખ્યાલ પણ આપવા ધારૂં છું. આ ફાની દુનિયાની આસપાસજ બીજી કેવી વિચિત્ર ને બ્રહ્માની રચેલી આ આલમથી જુદી જાતની સૃષ્ટિ છે તેનો–મરણની પેલી પારની બાજુનો પણ મને જે કંઈ ઝાંખો ને દર્દભર્યો આભાસમય અનુભવ થયો છે, તે ગે, વાંચક! તારી જાણ માટે હું પ્રગટ કરવા ધારૂં છું.

એ કેમ બન્યું ?

પંજાબની બાજી ધૂળ મળી, પણ તેથી કંઈ હિન્દુસ્તાનમાં કાવતરાં રચાતાં અટક્યાં નહિ. એક પછી એક બળવાવીરોનાં પાસા ઉંધા પડયા, એક એક કરતાં કેટલાયે હસતે મ્હેરે ફાંસીને લાકડે ચઢયા, ને જેલમાં પૂરાઈ કેટલાયે આ જીવનમાંજ નરકથીયે વધારે ઉંડી વેદના સહન કરવા લાગ્યા, અને કેટલાંયે ઘર સ્મશાનવત્ વેરાન, રે, બેદાનમેદાન થઈ ગયાં; કેટલાયની માતાઓ ગાંડી થઇ ગઇ, કેટલાયના બાપ સરકારી નોકરી જવાથી આખા કુટુમ્બને લઈ ભીખ માંગવા લાગ્યા–ભીખના ટુકડા ચાવવા લાગ્યા–તેમની દુનિયામાં હાહાકાર વર્તી ગયો; પણ, બળવાકારો અટલ, અડગ ને અચળ રહ્યા–કહો, એ કેમ બન્યું હશે ?

ભારતનું દુર્ભાગ્ય

હિન્દના ઇતિહાસ પ્રતિ નજર કરો, ખાસ કરી તેના સ્વતંત્રતાના પ્રયાસોની નવી રચાતી જતી તવારીખ પ્રતિ. તમને માલમ હશે કે કોઈ કોઈ વિશિષ્ટ ને શક્તિશાળી આગેવાનની નિશ્રેબાની હળ ભારતે કંઇ અદ્દભુત કૃત્ય કરી છે—કોઈ અજબ ચમત્કારિક ગરવી પ્રગતિ દાખવી છે, અસંભવિતનેયે સંભવિત કરી બનાવી જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધું છે. પણ હાય, દુર્ભાગ્ય તારૂં ભારત! જ્યારે, જ્યાં નેતા નથી હોતો, ત્યારે ત્યાં તું પાછું કુંભકરણની ઉંઘમાં પડે છે—એવું ઘોરે છે, એવું પડે છે, કે જાણે એ ભારત પેલાંથી બીજાું તો નહિને? એવો બુદ્ધિભ્રમ પેદા થાય!

રણજીતસિંહની પછી શીખ કોમને આગેવાન ન મળ્યો. એ કોમ જેમની તેમ આળસમાં અથડાય છે.

રાણા રાજસિંહના મૃત્યુ પછી રાજપૂતાના.

છત્રસાલ પાછળ બુદેલખંડનો પણ એજ ઘાટ.

આનું કારણ છે. ભારતવર્ષના પુણ્યબળે, અહિં ક્ષણજીવી પુરૂષોનો જન્મ થતો હોવા છતાં તેનો જીવનપ્રવાહ તો ટકી રહ્યો છે પણ તેમાં હજુ પ્રાણપ્રતિષ્ઠા થવા નથી પામી, એટલે એક પછી એક ઉપરાઉપરી મહાપુરૂષો જન્મ પામવાનું બનતું નથી.

નેતાઓ ખસી ગયા!

પણ આ નવી ચળવળની ખાસ મહત્તા એમાં છે કે તે કોઈ પણ અમૂક માણસ પર નિર્ભર નથી. દેશમાં આદર ને લોકપ્રિયતા પામેલા નાયકોનું વહેવું એક દિશામાં છે—આધાર સહાય કે સંપત્તિ વિનાનો, યુવક સંપ્રદાય અનેક આફતોમાં થઇને—અપાર સંકટો સહીને પણ બીજીજ અને કદાચ નિષિદ્ધ દિશામાંજ વહી રહ્યો હતો. અપાર બુદ્ધિશાળી લોકમાન્યે જેલમાંથી બહાર આવ્યા બાદ પોતાના આગલા વિચારોમાં આદર્શભ્રમ જોઈ તેમને ફેરવ્યા હતા અને છેવટે તો દેશ

ત્યજી જર્મની ચાલ્યા જવાને પણ વિચાર જાહેર કર્યો હતો. વિચારક બિપિન પાલ વિલાયતથી પાછા ફર્યા બાદ હિન્દમાં સંપૂર્ણ સ્વતંત્રતા શક્ય છેજ નહિ એ વિચારો ફેલાવવામાં પોતાની બધી શક્તિ ખરચવા લાગ્યા. ઋષિ અરવિન્દ તો રાજદ્વારી ક્ષેત્રમાંથી ખસી જવાની અચ્છી તક સાધી ભગવાનની લીલાનું રહસ્ય ખોળવા કામે લાગી ગયા; અને પૂર્ણ યોગનો આદર્શ ગૃહસ્થ ધર્મ અને સંન્યાસી-ધર્મની એકાકારતા, જગત મિથ્યા નથી પણ ઈશ્વરનું એ સારૂં લીલાક્ષેત્ર છે વિગેરે ભાવનાઓ એમણે ફેલાવવા માંડી. ચાલો હવે કોઈ રહ્યું? કોઈજ નહિ. આ આંગળીને વેઢે ગણાય એટલા આગેવાનો. સૌ પૂર્વે પૂર્ણ સ્વતંત્રતાના ઉપાસક હતા-તે આદર્શ નજર સન્મુખ રાખતા. તેને લીધે સમાજમાં જે પ્રાણજાગૃતિ આવી તે જાગૃતિના તરંગો હજુ પણ કેટલાક અંતરાત્માને ડોલાવે છે. ઉપર ગણાવ્યું તેમ એ જણે જૂના આદર્શ તજી દીધા, ત્રીજાએ મૌન ધારણ કર્યું. હિંદના રાજદ્વારી ક્ષેત્રમાં દિશાદર્શક કોઇ રહ્યું નહિ. ને પ્રાણ તો જાગી ઉઠેલો. એટલે નવજુવાન વર્ગ તો પોતાના મત પર મક્કમ રહ્યો. તેમણે પોતાની પ્રવૃત્તિ આરંભતાં કંઇ નાયકોની સંમતિ કે સલાહ લીધી નહોતી; તેમ તેમની મદદની આશા રાખી નહોતી. આગેવાનો જે આદર્શો ફેલાવતા તે સાધવાનો તેમનો પ્રયત્નજ નહોતો; એ આગેવાનો એવા. કે એક બે અપવાદો શિવાયના તો જે ઠીક લાગતું હોય તે બહાર બોલે નહિ, ને ઘણી વાર જે બોલે તે આચરણમાં મૂકે નહિ; મતલબ કે જે આદર્શ પોતે રજૂ કરે છે તેને સાધવાને જેટલી હદ સુધી કામ કરવું જોઇએ તેટલી હદ પર્યંત આગળ ધપતા નથી.

જુવાનોનું જોસ

પણ જુવાન વર્ગને માટે આવો મત નહિ આપી શકાય. દેશના આગેવાનો કદાચ પોતાના ગજા પ્રમાણે દેશનો ઉન્નતિક્રમ

ઘડતા હશે. પણ જુવાન વર્ગે તો પોતાના ગજાનો, પોતાની શક્તિનો લેશ માત્ર વિચાર કર્યો નથી; તેને તો બસ લાગી જવું જોઇએ કે- "આ આપણો ધર્મ"—એટલે થઇ ચૂક્યું. તેઓ તેમાં ઝંપલાવવાનાજ.

આમ હોવાથી જુવાન વર્ગમાંથી બળવાખોરો નીપજી આવ્યા. અને એ કારણેજ એમણે કોઈ પણ નેતા કે આગેવાનની નિર્ઘેબાનીની અથવા સફળતા નિષ્ફળતા રૂપી પરિણામની પરવા રાખી નહિ. જે ચારિત્ર્યબળ જીવનના બધા સંગ્રામોમાં પણ આદર્શવાદીને અટલ ટકાવી રાખે છે, તેવું અવિચળ ચારિત્ર્યબળ કોઇક કોઇક મહાપુરુષોને બાદ કરતાં આ બળવાખોરોમાંજ દેખાયું છે—સમાજના બીજા કોઇએ અંગભૂતોમાં નહિ; અને એ હતું તેથીજ અપાર આફતોમાં તેઓ ટકી રહ્યા, ને ગભરાયા વિના ઝૂઝી શક્યા.

પંજાબની ધરપકડો

એથીજ પંજાબનો પ્રયત્ન ધૂળ મળવા છતાં યે બળવાનો અગ્નિ હોલવાયો નહિ. નીચ વિશ્વાસઘાતકતાને ફળે પંજાબમાં બસો ધરપકડો થવા પામી. જાણે પંજાબમાં તો બળવાનું વૃક્ષ મૂળમાંથી છેદાઈ ગયું. જેઓ શિરને માટે સઘળી રમત રમી રહ્યા હતા તે કેદી બન્યા, જીવતા મૂઆ. તેમની રમત બળતી ઝાળ સાથે હતી, એ સાબીત થઈ ચૂક્યું. આજના અમારા સાથી કાલે 'પોલિસના બંદી થઈ રહ્યા. બીજા કેટલાક આજના શ્રદ્ધાળુઓ કાલે શ્રદ્ધા ખોઇ ક્ષુદ્ર સ્વાર્થોમાં રચીપચીને દુન્યવી બન્યા. બધાં સથકો ઉઘાડા પડી ગયા. લાહોરમાં ચકલે ચકલે ને શેરીએ શેરીએ જપ્તી ને પકડાપકડીની બૂમો પડવા માંડી. કોઈક સ્થળે બોમ્બ, કોઇક સ્થળે રિવોલ્વર, તો બીજે ક્યાંક કારતૂસો મળી આવ્યાં.

રાસબિહારીનો જ્યાં મુકામ હતો, તે સ્થાન બે ચાર ખાસ પોતીકાં માણસો સિવાય કોઇ જાણતું ન હતું. એટલે તેમને બહુ ભય ન હતો, પણ વખત સતત બદલાયા કરે છે. ઇશ્વરની ઇચ્છા

ફળાતી નથી. ફરી પાછી બળવા માટે નવેસરથી તૈયારીઓ થવા માંડી. ત્રણ શીખોને લાહોરની બહાર મોકલી આપવાનું ઠર્યું. એ કિસ્સો હવે સાંભળો.

ત્રણ શીખોનો કિસ્સો

ટાંગો ભાડે કરીને આ ત્રણ શીખ બંધુઓ ઉપડ્યા. એક ઠેકાણે રસ્તાના વાંક આગળ પોલિસે ટાંગો અટકાવ્યો—જોયું તો અંદર શીખો છે. તે વેળા દરેક શીખ નામે સરકારનો શત્રુ લેખાતો ને તેની જડતી લેવાતી.

હવાલદારે કહ્યું: "તમારે થાણે આવવું પડશે."

"કેમ વારુ ?"

"તમારું નામઠામ લખાવો. પૂરતી ખાતરી આપશો એટલે જવા દઈશું."

શીખો જરા ગભરાયા. તેમની પાસે રિવોલ્વર હતી. વળી તેઓ પોલિસને કંઈ ખાતરીદાયક ઉત્તર આપી શકે તેમ હતું જ નહિ. થાણે જવું એ તો નાહક ખટપટ, છેવટે જેલજ મળવાની. યા અલ્લા ! જે બને તે ખરું ! ભાગ્યનો પાસો નાંખ્યો. રિવોલ્વરના બાર થયા ને પોલિસમાંના કેટલાક ઘાયલ થઈ પડ્યા. એક નાઠો. બીજાને રસ્તે ચાલનારા કોઇ જાડા મુસલમાને પકડી રાખ્યો. ત્રીજાને પોલિસે કબજે કર્યો. આમ ફેજ થયો.

મુસલમાને જેને પકડેલો એનું નામ જગતસિંહ. એ વિશાળ-કાય મહાવીર કદિ ભૂલાવાનો નથી. પોલિસને નસીહત આપી ભાગી જઇ શાન્ત સ્વસ્થ ચિત્તે અને નિરાંતભાવે તે એક જાહેર નળમાંથી પાણી પી મ્હોં લૂછતો હતો ત્યાં તો પાછળથી કૂદકો મારી પેલા મુસલમાને તેને એવો તો જકડ્યો, કે તેનાથી આમ કે તેમ જરા ચસાયું નહિ. તે પડી ગયો.

છેવટે એને ફાંસી મળી.

આમ ને આમ રાસબિહારીના જમણા હાથ જેવા કેટલાયે વિશ્વાસુ લોકોની દુર્દશા થઈ પડી. હવે લાહોરમાં તેનેયે કોનો આશરો? તેની મદદમાં ફક્ત કેટલાક દુધમલ બાળકો જેવા શીખ જુવાનિયાઓ હવે બાકી હતા–બીજું બધુંયે ભાંગી પડયું હતું!

રાસબિહારી કલમો પઢે છે!

અપાર સમુદ્રમાં જાણે સુકાન વિનાની હોડી આમતેમ વહ્યાં કરે તેવી એની સ્થિતિ હતી. જે પોલિસ સિપાઈ મૂઆ કે ઘાયલ થયા તે યે હિંદવાસી હતા, જે જુવાનો પકડાયા ને ફાંસીએ ચઢ્યા કે જેલમાં સડવા ગયા તે પણ હિંદવાસી હતા અને આ બંનેમાં માંહેમાંહે કશોયે દ્વેષ કે વેરભાવ નહોતો.

કંઇક પહેલાં મુસલમાનોમાંયે બળવાની બાજીઓ રચાવા માંડી હતી. આગળ આ મુસ્લીમ જાગૃતિ વિષે લંબાણ વિવેચન કરવું પડવાનું છે તેથી અહિં એટલુંજ જણાવવાથી ચાલી રહેશે કે તુર્કી ઇટાલીયન યુદ્ધથી હિંદના મુસલમાનોમાં એક નવીજ જાતના ચેતનનો સંચાર થયો હતો. પરંતુ જે વેળાની વાત હું અહિં રજુ કરૂં છું તેજ વખતે મુસ્લીમ મંડળ સાથે અમારા મંડળનું જોડાણ થયું હતું. એમની સાથે મસલત કરી રાસબિહારીએ નક્કી કર્યું કે પહેલાં કાબુલ જઈને આશરો લેવો અને ત્યાં ઠરી ઠામ થઈ ત્યાંથીજ હિંદની બળવાબાજીને બરાબર ગોઠવવી. એક મૌલવી પાસે કલમા પઢવાનું તેઓ શીખી ગયા, જેથી શુદ્ધ મુસલમાન તરીકે ખુશીથી કાબુલ ચાલ્યા જવાય. થોડાક શીખ આગેવાનો પણ રાસબિહારીની સાથે જવાના હતા. બધુંયે નક્કી થઈ ગયું હતું અને મુસાફરી કરવાની તમામ તૈયારી થઈ હતી; એટલામાં તો એક દિવસ બપોરે બે વાગે રાસબિહારી અચાનક બોલી ઉઠયા: ના ભાઈ, કાબુલ અત્યારે નથી જવું. મને થયાં કરે છે કે આ વેળા કાબુલની દિશામાં જવાથી જરૂર કંઇક આફત આવી પડશે ને વળી બીજી બાજુ લાહોરમાં તો એક ઘડી

પણ વધારે રહેવાય એવું છેજ નહિ, કેમકે અહિં પણ ઢીલ થઇ ગઈ તો નક્કી ફસાઇ પડવાના છીયે.

ગંગારામ

રાસબિહારી હૃદયમાં જે ઉર્મિ આવી પડે તેનાથી વિરૂદ્ધ કદિ ન વર્તે. એટલે એજ વખતે નક્કી કરી નાંખ્યું કે રાતની ગાડીમાં કાશી તરફ રવાના થઈ જવું. કાશીના બે જુવાન એ વેળા એમની સંગાથે હતા, એકનું નામ વિનાયકરાવ કાપલે. એ મરાઠો હતો, પણ ઘણા દિવસ કાશીમાં વસેલો. બીજા જુવાનનું નામ આપણે 'ગંગારામ' રાખીશું તો ચાલશે. (એ ઘણા દિવસ સુધી નાસભાગમાં રહેલો) રાસબિહારી અને વિનાયકરાવ રાતના આઠ વાગ્યાની ગાડીમાં બેસી રવાના થયા. એમ ઠર્યું હતું કે ગંગારામે થોડાક શીખ નેતાઓને સાથે લઇ ને બેએક દિવસ પછી કાશી આવવું. ને કરતારસિંહ, હરનામસિંહ અને બીજા થોડાક શીખ આગેવાનોએ કાબુલ જવું એમ નક્કી કર્યું.

રાસબિહારી જે મકાનમાં રહેતા એ મકાન સૌથી સલામત હતું, કેમકે એની ભાળ ઘણા માણસોને નહોતી; ને વળી પોતે જે મકાનોમાં જુદા જુદા લોકોની સાથે મુલાકાત મેળાપ કરતા તે સૌ મકાનો સાથે આ ગાળામાં કશો સંપર્ક ન રખાવો જોઇએ એવી રાસબિહારીની ખાસ ભલામણ હતી. એમ છતાં ગંગારામે રાસબિહારીને સ્ટેશન પર પહોંચાડી પાછા ફરતી વેળા એ જુના મકાનમાં ડોકીઉં કરેલું-એવી ઇચ્છાથી કે કંઈ વાંધોવચકો ન પડે તેમ હોય તો પોતાનાં ઘણાંક કપડાં ત્યાં પડેલાં તે ત્યાંથી લઈ જવા. પરન્તુ પોલીસે પહેલેથીજ આ બધા મકાનોની ચોમેર પોતાના માણસો ફરતા રાખેલા હતા. ગંગારામે એ મકાનની પાસે જઈ ડોકીઉં કરવાનો પ્રયાસ કરતાંજ પોલીસે તેને ગીરફતાર કર્યો.

પકડાયા પછી થોડાક દિવસમાં ગંગારામે પોલીસ પાસે ઘણીક

વાતો કબુલ કરી દીધી. એના એ ખુલાસાથી જે ઘરમાં છેલ્લી વાર રાસબિહારીએ આશરો લીધેલો તેની ભાળ પણ પોલીસને મળી ગઈ. તેની જડતી લેતાં પોલીસને એમના હાથના લખેલા બે કાગળ પણ મળી ગયા. આ પહેલાં જેમણે ખુલાસા આપેલા તેમની પાસેથી પોલીસને એટલી વાત તો મળી ગયેલી કે રાસબિહારી ફરી પંજાબ ગયા હતા અને લાહોરમાં પણ રહેલા. ગંગારામને પકડ્યા પછી તો તેમણે એ વાત પણ જાણી લીધી હતી કે ભયંકર ધરપકડના ગાળામાં પણ રાસબિહારી લાહોરમાંજ હતા. પોલીસને એ પણ જણાયું કે રાસબિહારી કાશીથી આવ્યા હતા તે પાછા કાશી ચાલ્યા ગયા હતા.

ગેબી બચાવ

મોતના જડબામાંથી પણ આ પ્રમાણે રાસબિહારી ઘણીકવાર બચ્યા હતા. બહુજ આગળની વાત છે. એક બીજીજ વેળા રાસબિહારી લાહોરમાંજ આવેલા. તે વેળા સુધી એઓ દહેરાદુનમાંજ નોકરી કરતા હતા ને થોડા દહાડાની રજા લીધી હતી, તેમાં દિલ્હી થઈ લાહોર તરફના મંડળનું કામકાજ જોવા માટે આવેલા. આ બાજુ દિલ્હીમાં જડતીઓ લેવાનું ને ધરપકડોનું કામ શરૂ થઈ ગયું. રાસબિહારીને એ વિષે કશી ખબર નહોતી. દિલ્હીની જડતીઓને પરિણામે પોલીસને દીનાનાથ નામના લાહોરી જુવાનનું સરનામું મળ્યું ને એક માણસના ઘરમાંથી રાસબિહારીની ટ્રંક અને કપડાં-લત્તા વગેરે પણ મળી ગયું. પરંતુ લાહોરમાં રાસબિહારી પોતે નક્કી કઈ જગાએ છે તેની ગંધ સરખી પોલીસને કાને જઈ શકી નહિ; પણ દીનાનાથનું ઠેકાણું મળી ગયું હતું એટલે તેને પકડી લીધો; તોયે રાસબિહારી લાહોરમાંજ હતા. દીનાનાથ જે દિવસે પકડાયો તેને બીજે દિવસે સાંજે ડી. એ. વી. કૉલેજ બોરડીંગના એક વિદ્યાર્થીએ રાસબિહારીની પાસે જઈ તેને દીનાનાથના પકડાવાની ખબર આપી. ત્યાં સુધી એમને કશી ખબર નહોતી. સૌની સલાહથી

ઠર્યું કે એજ રાત્રે રાસબિહારીએ લાહોર તજી દેવું. તે દિલ્હી ઉપડી ગયા. આ પ્રમાણે સલાહ મસલત કરવામાં મોડી રાત વીતી ગયાથી પેલો વિદ્યાર્થી બોર્ડીંગમાં પાછો ન ફર્યો ને ત્યાંજ સૂઈ રહ્યો. સ્હવારે તો પોલીસે મકાનને ઘેરો ઘાલ્યો અને એ ત્રણેક જુવાનિયાએ પકડાયા; પણ રાસબિહારી તો છટકીજ ગયા. દીનાનાથ પકડાયો તે પછી બીજે દિવસે રાત્રે તેણે પોતાની બધી વાત કબુલી લીધી. એણે જો આગલે દહાડે કબુલાત આપી દીધી હોત તો રાસબિહારી પણ પોલીસના પંજામાં આવી ગયા હોત.

અજ્ઞાતવાસ

બીજી બાજુ દિલ્હી આવી રાસબિહારી અમીરચંદના મકાન તરફ જવાનાજ હતા; ત્યાં તો રસ્તામાં થાણા પાસે એમણે અમીરચંદના મકાનવાળા નોકરને ક્યાંક જતો દીઠો. મનમાં સ્હેજ શક પેઠો ને તેથી નોકરને પૂછ્યું—અમીરચંદ ક્યાં છે? નોકરે શેઠના મિત્રને પિછાન્યા અને તરત ગભરાટમાં બોલી ઉઠચોઃ બાબુજી, અમારા મકાને ન જશો. શેઠને પોલીસ પકડી ગઈ છે, ને હું તેમને માટે પોલીસ થાણા પર ખાણું લઈ જાઉં છું!

રાસબિહારી પાસે કલકત્તા જવાય એટલી ટિકીટ લેવાનાજ પૈસા હતા. ફરીથી સ્ટેશને જઈ એકદમ ચન્દ્રનગર ચાલ્યા ગયા. એ દિવસથી રાસબિહારીનો અજ્ઞાતવાસ શરૂ થાય છે. તે દિવસથી 'આ પકડાયો તે પકડાયો' થવાથી તેઓ ક્યાંના ક્યાં ફર્યાં કરતા તે જણાતું નહિ. આ પ્રમાણે વારંવાર વળી પાછા કંઇને કંઈ આફતમાં પડવાજ કરતા.

(૨)

કાશી વિભાગની કહાણી (૧)

કાશીમાં એઠાં બેઠાં અમને પંજાબની દુર્દશાની કશીજ ખબર પડી નહતી. તો યે ઘણા દિવસ સુધી પંજાબની કશી ખબર ન મળવાથી અમે ફિકર કરવા લાગ્યા. રાસબિહારી પહેલવહેલા પંજાબ ગયા ત્યારે કહી ગયા હતા કે હું પંજાબથી તુરતજ શીખ કાર્યકર્તાઓને મોકલી આપીશ, કેમકે શીખોની પલટણમાં કરવાનું પ્રચારકાર્ય શીખને જ હાથે થાય તો ખૂબ ફળદાયી નીવડશે. પંજાબથી જ્યારે કરતારસિંહ એક વાર કાશી આવેલા ત્યારે એમણે પણ કહેલું કે રાસુદા સત્વર કેટલાક શીખોને અહિં મોકલવા ઈચ્છે છે. ત્યાં સુધી કાનપુર, લખનૌ, ફૈજાબાદ (અયોધ્યા) વગેરે શહેરોમાં અમારાં માણસો ગયા નહોતા. બળવો નક્કી શરૂ ક્યારે થશે એ બાતમી લઇ એક માણસ અમારી પાસે આવેલો, એટલુંજ. તે પછી પંજાબના કશા સમાચાર મળ્યા નહોતા. પંજાબથી થોડા માણસો સીધા ફૈજાબાદ આવેલા ખરાં, અને કાનપુર તથા લખનૌમાં પણ જુદે જુદે વખતે પંજાબથીજ માણસ મોકલાયલાં. બીજી બાજુ અમે લોકો કાશીની લશ્કરી છાવણીમાં આવવા જવા લાગ્યા. ૨૧ મી ફેબ્રુવારી ૧૯૧૫ ને રવિવારે બળવો શરૂ કરવાની વાત હતી ને અમે ઠેઠ શનિવારની રાત સુધી તો કાશીની છાવણીમાં આવજા ચાલુ રાખેલી. બીજી બાજુ પંજાબમાં બળવાની તારીખ ૨૧મી થી ફેરવીને ૧૯મી કરી દેવામાં આવેલી તેની અમને કશી ખબર ના મળે. શનિવારે રાત્રે પણ કાશીની પલટણના હવાલદાર, નાયબ હવાલદાર વગેરેએ અમને

હુંફ આપેલી કે બળવો શરૂ થતાંજ સામે નક્કી બળવામંડળને અમારો સાથ દઇશું.

કુટુંબનું શું ?

પરન્તુ એ વેળા કેટલાક વિચારે અમે માનસિક ધડમથલ અનુભવી રહેલા. અમે વિચારતા હતા કે અમે તો ઈંગ્રેજોની સામે બળવાનો ઝુંડો ઉઠાવવા નીકળ્યા છીયે તો જ્યારે બળવો ખરેખર શરૂ થઈ જઈ જશે ત્યારે અમારા કુટુંબકબીલાને ક્યાં ને કેવી સ્થિતિમાં રાખીશું ? બળવો શરૂ થતાંજ બળવામંડળને દિલ્હી લઈ જઈ ત્યાંના બીજા મંડળ સાથે ભેળવી દેવું પડશે. એ દશામાં જો ઈંગ્રેજ લશ્કર કાશી પરજ હુમલો કરે તો અમારા કુટુંબકબીલાનું શું થાય ! આ વિચારે મારા મનમાં જે તે અકળામણ નહોતી થઈ!

બળવા ખરેખર શરૂ થયા પછી પલટણના સિપાઇઓ અને શહેરના મવાલી ગુંડાઓને કાબુમાં રાખવાનું કામ કેવું મુશ્કેલ ને વિપરીત હતું એ અમે ભૂલ્યા નહોતા. બળવાના ગાળામાં સેંકડો હજારો કુટુંબોનું ભલુંબુરૂં થાય એની જવાબદારી પણ અમારા લોકોના માથા પરજ હતી એ વાત કદી અમારા ધ્યાન બહાર ગઇ નથી. પણ બળવો કરવાનોજ હતો એટલે પછી એ કોયડાઓ ગમે તેવા મુશ્કેલ હોય તોયે શું ? અમારે કોઈ પણ રીતે તેનું સમાધાન કરીજ લેવાનું હતું.

બીજી અકળામણ

એક બીજો વિચાર પણ અમને અકળાવતો હતો. અમે એ વિચારતા હતા કે જો બીજા સ્થાનોમાં બળવો શરૂ થઈ જાય અને અમારે ત્યાં ન થાય તો પોલીસની કૃપાદૃષ્ટિમાં અત્યાર પૂર્વેજ સપડાઈ ગયેલા એવા અમે કેવા ભારે વિપદમાં આવી પડીશું; અને બીજે સ્થળે બળવો શરૂ થયો કે નહિ તેની ખબર પણ કેમ પડે? એ

દશામાં બીજા કેન્દ્રોની વાત પાકે પાયે જાણ્યા શિવાય કાશીની પલટણને ખડી કરી દેવાનું ઠીક થઈ પડશે કે કેમ એ બહુ વિચારવા છતાંયે અમે નક્કી કરી શક્યા નહોતા. અમે જાણુતા હતા કે કાશીમાં અમારૂં મંડળ ઠીક જોરાવર હતું ને તેથી કાશીની ઈંગ્રેજ છાવણી પર હુમલો કરી શકાય તેમ હતું. એ દશામાં દેશી પલટણને પણ કોઈ એકાદ પક્ષ લેવો તો પડેજ અને તેમાં તેઓ અમારી બાજુજ લેશે એવી અમારી ખાતરી હતી. એ રીતે અમે જાણુતા હતા કે ધારીએ તો કાશીમાંયે બળવાનું મંડાણ કરી શકાય તેમ છે. પરંતુ બીજા સ્થળોની બાતમી જાણ્યા વિના–ખાસ કરીને પંજાબની માહિતી મળ્યા શિવાય કશું કરવાની હિંમત નહોતી થતી. કદાચ અમારી પાસે પૂરતા હથિયાર ઓજાર હોત તો વળી સહેજસાજ હિંમત થાત; પણ એમ નહોતું. આવા બધા સંજોગોને લઇને અમે નક્કી કરેલું કે રેલ્વે સ્ટેશન તથા તાર ઓફીસ આગળ તપાસ રાખ્યા કરવી કે પંજાબથી આવતા તારો સંબંધે કંઈ ભાંગફોડ થઈ છે? કેમકે બળવો શરૂ કરતાં પહેલાં ચોતરફ તાર કાપી નાંખવાની સંતલસ તો કરેલીજ હતી. સ્ટેશન પર આગગાડીઓની આવજામાં પણ ગોટાળો થશે એવી અમને આશા હતી.

બંગાળી સ્વયંસેવકો

અમે નક્કી કર્યું હતું કે આવી રીતે બીજા સ્થળોની માહિતી મળ્યા પછીજ કાશીની ઇંગ્રેજી ટુકડીઓ પર હુમલો કરવો અને રાતને વખતે મોટા મોટા ઇંગ્રેજ આગેવાનોને જેલમાં નાંખી જેલના કેદીઓને છૂટા કરી દેવા. અમે ધાર્યું હતું કે આવી રીતે અમારી મદદથી છૂટેલા કેદીઓ અમને જરૂર સાથ દેશે. અત્યાર સુધી અમે જેલ તરફ ગયા નહોતા, એટલે ત્યાંની અવસ્થા શી છે તે બિલ્કુલ જાણુતા નહતા. પછીથી અમને માલમ પડ્યું કે એ અમારી ગણતરી કેવળ ખોટી ને વગર સમજની હતી. ગમે તેમ, પણ અમારી મતલબ

એ હતી કે રાત્રે દારૂગોળો અને ખજાનો હાથ કરી થોડા માણસને અલાહાબાદ તથા દાનાપુર બળવાના સમાચાર સાથે મોકલી દેવા અને સ્હવારે જાહેર સભામાં પ્રજાને બોલાવી શહેરના માલદાર વર્ગ પાસે ધનની મદદ લઈ શહેરના જુવાનોને વોલંટીયર બનવાની વિનંતિ કરવી.

એ વેળા કાશીમાં અમારા બંગાળી લોકોની કેટલીક પ્રગટ મંડળીઓ–સમિતિઓ હતી. કાશીમાં જેટલા ભલા છોકરાઓ હતા તે બધા એના સભ્ય હતા. આવી મંડળીઓના સભ્યોની સંખ્યા કમમાં કમ ૨૫૦ હતી. એટલુંજ નહિ પણ એ સર્વે લખવા વાંચવામાં સ્વભાવચારિત્ર્યમાં તેમજ શારીરિક સામર્થ્યમાં કાશીની બંગાળી વસતીના એક ગૌરવ સમા હતા. એ કારણથી કાશીની ભણેલી ગણેલી વસતી એમના તરફ ઘણો ભાવ રાખતી. કોલેજોના પ્રોફેસરો, શાળામાં માસ્તરો, મોટા મોટા વૈદ ડાકટરો, મ્યુ. કમિશનર–બધા બંગાળી હતા અને એમનો કોઈ ને કોઈ સગો આવી સમિતિમાં મેમ્બર ખરોજ. જુદા જુદા તહેવારો અને મેળાઓમાં કાશીમાં આજ સમિતિઓના સભ્યો જાત્રાળુઓના આવવા જવાની અને તેમના ભોજન સ્નાનાદિની વ્યવસ્થા એવી સરસ રાખતા કે સૌ અજાયબીજ પામે. આ સમિતિઓ દ્વારા ખાનદાન કુળની વિધવાઓને તેમની મુશ્કેલીઓમાં સહાય કરવામાં આવતી, ને ચેપી રોગોના સમયમાં પણ ઘેરેઘેર ફરી સભ્યો માંદાઓની સારી પેઠે માવજત કરતા. કાશીના ગરીબ નિશાળીયાઓને ભણવા ગણવા માટે આજ સમિતિઓના સભ્યો નિશાળો ખોલી ચલાવતા. એ પ્રમાણે આ સમિતિઓનું વજન બહુ પડતું. તેથી અમે નક્કી કર્યું હતું કે બળવાના ગાળામાં કાશીમાં શાંતિ અને વ્યવસ્થા રાખવાનો ભાર આજ કમિટીઓના સભ્યો પર નાંખવો. એ કમિટીઓના સભ્યો અમારી ગુપ્ત મંડળીમાં કોઈપણ પ્રકારે સામેલ નહોતા, એમ છતાં તેમનામાં સ્વદેશ ભક્તિ કે સંગઠન શક્તિ ઓછી ન હતી.

આ પ્રમાણે જાહેર રીતે સાહિત્ય ને ઇતિહાસની ચર્ચા કરનારા અને નિત્ય નિયમિત વ્યાયામના અભ્યાસી એવા આ જુવાનો શહેરમાં શાંતિ જાળવવાનો ભાર ઉઠાવવા માટે સૌથી વધારે લાયક હતા. અમને આશા હતી કે બળવો શરૂ થતાંજ આમાંથી તથા શહેરના બીજા હિંદુસ્થાની યુવકોમાંથી જોઇએ તેટલા સ્વેચ્છા સેવકો મળી રહેશે, ને તેઓ બળવામાં ખંતથી મદદ કરશે. વળી કાશીની સ્થાનિક વ્યવસ્થા માટે કાશીમાંજ રહી જાય એવા પણ ઘણાક મળી રહેશે. એ વેળા કલ્પનાની આંખોથી માનસસૃષ્ટિમાં અમે હાથમાં ગોળીભરી પિસ્તોલ ને કમ્મરે ઝૂલતા કૃપાણવાળા સ્વયંવસેવકોને કાશીની શેરીમાં ભટકતા નીરખતા, ત્યારે છાતી ગર્વથી ગજ ગજ ફુલતી. અમે નક્કી કરેલું કે અમારા સઘળા સાથી બળવાવીરોના કુટુંબકબીલાઓને કાશીમાં કોઇ એકજ ઠેકાણે રહેવાનો બન્દોબસ્ત કરી રાખવો: અને અમારા આ સ્વયંસેવકો જેમ કાશી સમસ્તની શાંતિ જાળવે તેમજ અમારા કુટુંબકબીલાના તરફ પણ ધ્યાન રાખે એવું કરવું.

સિપાઇઓ શું કરશે ?

એટલું પણ અમે જાણતા હતા કે બળવો શરૂ થયા કેડે સિપાઇઓ જ્યારે જાણશે કે હથિયાર ઓજાર બધા તેમનીજ પાસે છે અને તેમની મદદ શિવાય દેશ કેવળ નિરાધાર છે ત્યારે તેઓ કુદરતી સ્વભાવ અનુસાર સ્વચ્છંદી બની જવા શિવાય ન રહે. પરન્તુ બીજી બાજુ અમે એ પણ વિચારી જોયું કે એકવાર બળવામાં સાથ દીધા પછી જ્યાં સુધી કંઇ ફેંસલો નહિ થાય ત્યાં સુધી એ સિપાઇઓ શાંત પણ નહિ રહી શકે અને તેથી પોતાના સ્વાર્થ ખાતર સુદ્ધાં એમને બળવો સફળ કરવા તરફ ધ્યાન આપવું પડશે અને એ દષ્ટિથી તેમને દેશના સુશિક્ષિત અને દઢ વિપ્લવનેતાઓને તાબે રહેવાનું ગમશે પણ ખરૂંજ. એ ઉપરાંત દારૂગોળો

હાથમાં આવી જતાંજ જેમ બને તેમ જલદી અમે અમારા આદમીઓને હથિયારબંધ કરી નાંખીએજ એટલે અમે પણ છેક બીનહથિયાર નહિ રહીએ.

સેનાપતિત્વની તાલીમ !

યુદ્ધનીતિથી અમે બિલકુલ અજાણ્યા હતા. એ દિશામાં જેટલી કેળવણીની ગોઠવણ કરવી જોઇએ તેટલી અમે કરી શકયા નહતા; કેમકે જર્મન યુદ્ધ આટલું જલદી સળગી ઉઠશે એવો ખ્યાલ ન હતો. રાસબિહારી પંજાબ ગયા પછી મેં ને મારા મિત્ર વિનાયકરાવ કાપલેએ ઇંગ્રેજી જ્ઞાનકોશ (સાઇકલોપીડીયા) માંથી 'સ્ટ્રેટજી અને વોરફેર '—યુદ્ધનીતિને લગતા લેખો વાંચવાનો આરંભ કર્યો અને એના પહેલાં પણ છાપાં ચોપનિયામાં આવતા એ વિષયના લેખો પણ અમે વાંચતા રહેતા. એ પ્રમાણે બધી ચોપડીઓ વાંચી નાંખીએ તો પણ હોંશિયાર સેનાપતિ તો નહિજ થવાય એમ અમે જાણતા હતા. જ્ઞાનકોશમાં પણ એમ લખેલું હતું કે લડાઇના અનુભવ સિવાય સેનાપતિ થવાતું નથી. અને. વળી ઇતિહાસમાં પણ એના દૃષ્ટાંત દીઠાં હતાં. આજકાલના જમાનામાં પણ એવા દાખલાઓનો અભાવ નથી. રૂશિયાની આસમાની સુલતાનીનો ઇતિહાસ જોવાથી પણ એ વાતના પ્રમાણ મળે છે. ભલે, આ તો અમે જે કર્યું તે લખી નાંખું છું. એમાંથી અમારી નાદાનીનો પરિચય પ્રજાને થતો હોય તો એ નાદાનીથી હું શરમાતો નથી.

ખબર મળી

સ્ટેશન અને તાર ઓફીસની ખબર જાણવાને માટે ૨૧ ફેબ્રુ૦ રવિવારને દિવસે હું સાઇકલ પર ચઢીને કાશી કેન્ટોનમેન્ટના સ્ટેશને આવ્યો ને તપાસ કરી તો જણાયું કે ટ્રેન યા તાર એમાંથી કશાનો ગોટાળો થયો ન હતો, ને બધું નિયમિત ચાલુ હતું. એ

સ્ટેશન પર એજ દિવસે સાંજે એ પલટણનો એક હવાલદાર આવે એવી ગોઠવણ હતી. એની વાટ જોતાં જોતાં પ્લેટફોર્મ પર ફરતાં ફરતાં મન થયું કે લાવ છાપું તો વાંચું. પાયોનિયર ખરીદીને જોયું તો ખલાસ! લાહોરમાં ધરપકડ શરૂ થઇ ગઇ છે. ગોરી પલટણ શહેરમાં ચોકી ને કૂચ કરી રહી છે; જાણે લડાઇ જાહેર થઇ હોય તેમ સાવધ થઇ ડેરાતંબુ નાંખી પડી છે. હું સમજી ગયો કે બધું ઉથલપાથલ થઇ ગયું છે. તરત શહેરમાં પાછો ફર્યો. હવે મનમાં સંદેહ ન રહ્યો કે આ વેળાની ગોઠવણ પણ પડી ભાંગી છે. પરન્તુ બરાબર એજ દિવસે સિંગાપુરમાં બળવો શરૂ થયો. સિંગાપુર સાથે અમારે સીધો કશોજ સંબંધ ન હતો એ ઇતિહાસ બીજા એક પ્રકરણમાં બતાવવામાં આવશે. જો સિંગાપોર હિંદુસ્તાનમાંજ આવેલું હોત, તો તો આખા હિંદુસ્તાનમાંજ કંઇક મહત્વનો ફેરફાર થઈ ગયો હોત એમાં શંકા નથી.

કંઇ કીકાબીકા સમજો છો?

જે વેળા સેંકડો પલ્ટણો રોજ પરદેશના યુદ્ધક્ષેત્રમાં મોકલાતી હોય તે વેળા બળવો શરૂ થાય તો મોટા ભાગની દેશી પલટણ અમારી તરફેણમાં ફરી બેસે એવી અમારી ગણતરી નિર્મૂળ કે જૂઠી ન હતી. બધીજ પલટણોએ કંઇ અમને આશાભરી હૂંફ આપી નહોતી. એક તરફ એક શીખ પલટણના સિપાઇઓએ અમારા મંડળમાંના એક જુવાનને મોઢે બળવાની તારીખ પાસે આવ્યાની વાત સાંભળી અને તરત જ ઉત્સાહ અને ચીવટથી રાતોરાત મુખીઓને બોલાવી એક ખાનગી સભા ભરી ઠરાવ નક્કી કરી દીધો કે શરૂઆત ન કરવી, પણ સાચેસાચો બળવો શરૂ થતાં તો જરૂર જોસભેર સાથ દેવો. તેજ વેળા બીજી બાજુ એક

* સિંગાપુરના બળવાની ખૂબ જાણવા જેવી હકીકત વાંચવા 'બંગાળાનો બળવો' વાંચવો જોઇએ. ગાંડીવ કિં ૩ ૧ા

સ્થળની મુસલમાન પલ્ટણે તો સાફ સાફ સંભળાવી દીધું, કે તમે તે અમને કંઈ છ મહિનાના કીકા બીકા સમજો છો? ઈંગ્રેજો સાથે લઢાઇ માંડવી એ કંઈ રમત છે? તમારા પક્ષમાં કોઈ નવાબ કે કોઈ રાજા મહારાજા છે?–તેમ ન હોય તો પછી તમને નાણાંની મદદ કોણ દેશે? એ ઉપરાંત બળવો શરૂ થતાંજ વાયરલેસથી બીનતારી સંદેશાઓ ચોમેર મોકલાશે ને થોડાજ દિવસમાં ચારે બાજુથી લશ્કરો આવીને તમારા ઉપર હલ્લો લાવશે; તે વેળા કંઈ તમારાથી ટકી શકાવાનું છે? તમારા હાથમાં હથિયાર ઓજાર કેટલા છે? તમે લઢાયક તાલીમ કેટલીક લીધી છે? એ બધી વાતોનો વિચાર કરી જોયો છે? અમે નથી ગંડુ કે નથી બાળક, આવી વાતો ફરી અમારી આગળ કહેવા ન આવશો. હા, ખરેખરો બળવો થશેજ તો તો અમે પણ દેશી ભાઇઓની વિરૂદ્ધ નહિ જઇશું, પરંતુ જોજોને, કંઇ વળવાનું નથી!

શીખ જાગૃતિ

એ વેળા શીખ લોકોમાં જેવો ઉત્સાહ ને જેવી ખંત જોયા તેવા ફક્ત પંજાબના મુસલમાનો અને પઠાણોમાંજ કેટલેક અંશે દીઠાં છે. હિન્દની ઘણીક જાતિઓની સાથે સમાગમમાં આવ્યાથી એટલું હું જોઈ શક્યો છું કે શીખોના જેવી મજબૂત, શક્તિવાન અને ભાવનાશાળી કોમ બીજી કોઈ નથી. શીખ લોકોમાં થોડા સમયમાં જે કુદરતી ઉત્સાહ ને જાગૃતિ આવી જાય છે તે ઉત્સાહ ને જાગૃતિ બીજી કોઈ જાતિ નથી બતાવી શકતી.

બળવો તૂટી પડતાં રાસબિહારી પંજાબ તજી કાશી તરફ જતા હતા ત્યારે ગાડીમાં એક શીખ સિપાઈ સાથે એને વાતચીત થઇ. સાદી સીધી વાતોમાંથી વિષય હિન્દની ચાલુ અવસ્થા વિષે નીકળ્યો. તે વાતવાતમાં તો પેલો શીખ એવો આવેશમાં આવી ગયો કે ગાડીમાં બીજા લોકો બેઠેલા છે એ ખ્યાલ એને રહ્યો નહિ;

અને રાસબિહારી તથા એના સાથીઓ ગભરાયા પણ ખરા કે આ કંઈક વાતનું વતેસર કરી મૂકશે. પેલો તો એમ બોલી પણ પડ્યો કે "હું દેશને ખાતર મારો જાન પણ આપી દઈશ." જેમ તેમ કરી મહા મુશીબતે એની સાથેની આવી વાતચીત બંધ થઈ શકી.

શીખોની મનોદશા

એ વાતમાં ઘણા લોકો બંગાળીઓને માથે વાંક દોળે છે. બંગાળીઓ પણ ખરેખર ભાવનાવશ જાતિ છે; પરંતુ શીખ લોકો લાગણીના આવેશમાં જેવું ન કરવા જેવું કરી બેસે છે તેવું તો હિન્દની કોઈપણ જાત ન કરે. કહેવું અને કરવું એ બે વચ્ચે શીખો કંઈ ભેદજ નથી જોઈ શકતા. એટલેજ મારૂં સમજવું છે કે કોઈ યોગ્ય આગેવાન મળેથી શીખો ન કરી શકે એવું કોઈજ કામ નથી. શીખ સમાજમાં આજે માત્ર એકજ વાતની ઉણપ દેખાય છે, ને તે ઉણપ કાઢી નાંખવા માટે શીખ પ્રજા ખૂબ જાગ્રત થઈ ગઈ છે, એટલે થોડા વખત પછી એ ઉણપ પણ રહેવાની નથી. દુનિયા ઝપાટાબેર જે પ્રગતિ કરી રહી છે તે પ્રગતિના જ્ઞાન માટે—દુનિયાની દોડમાં સાથેસાથ રહેવા માટે જે કેળવણી મળવી જોઈએ તે કેળવણી હજુ શીખોમાં પ્રચાર પામી નથી, એજ એની ઉણપ. તેને દૂર કરવા માટે નાના નાના શીખ જમીનદારો પણ હવે પુષ્કળ આર્થિક મદદ દેવા લાગ્યા છે. બીજી કોઈ કોમમાં એવું દૃષ્ટાંત નહિ જડે. આટલું છતાં શીખોમાં હજુ જરા સાંકડાપણાની વૃત્તિ ખરી; તેથી એ પ્રજા પોતાને માટે જેટલું કરી શકે છે તેટલું તો શું, તેથી સોમે ભાગે પણ બીજી કોમને માટે નથી કરી શકતી. શીખ પ્રજામાંથી ઘણાક માને છે કે જો અમે જોઈતી શક્તિ ફરી પ્રાપ્ત કરી લઈએ, તો વળી પાછા હિંદમાં અમારૂં સામ્રાજ્ય ખડું કરી શકીયે. ગમે તેમ, તેઓ પાછું સામ્રાજ્ય ખડું કરી શકે કે નહિ એ જુદી વાત છે, પણ એટલું તો નક્કી છે કે

ભવિષ્યમાં જો એ પ્રજામાં કેળવણીનો પ્રચાર નહિ થાય તો હિન્દના લલાટમાં અપાર દુઃખ લખાયાં છે એમાં કશો સંદેહ નથી.

નિષ્ફળતાનું દાસ્તાન!

ખેર, એ વાત જવા દો. પાછો મૂળ વિષય પર આવું. પંજાબની કફોડી હાલતની ખબર કાશીમાં અમને કેવી રીતે માલમ પડી એ મેં જણાવ્યું. પાયોનિયરમાં એ માઠા સમાચાર વાંચી મને ભારે ઘા લાગ્યો. મને લાગવા માંડ્યું કે હાય! અમ ભારતવાસીઓની કોઈ ઇચ્છા પાર નહિ પડે કે શું? આપણે જે ઘાટ ગોઠવીયે તે કદિ યે પાર નહિ પડે, અને ઇંગ્રેજો તો જે કહે છે તે બરાબર કરીજ બતાવશે! કોણ જાણે, ભાગ્યવિધાતાની શી બાજી છે?

હિન્દવાસીનું જીવન કેવળ બીજાઓને માટેનું રમકડું છે. જાણે એને પોતાને તો પોતાની કંઈજ ઇચ્છા કે મમતા નથી; ને કદાચ કંઈ હોય તો તે પાર પાડવાની એનામાં શક્તિ નથી. હિંદીઓના બધા પ્રયત્નોનું પરિણામ જાણે મીંડુંજ આવવાનું! હિંદનો ઇતિહાસજ આખો જાણે નિષ્ફળતા ને નિરાશાના સૂર પર રચાયો છે! ને હિંદના બળવાના પ્રયત્નોનો ઇતિહાસ પણ એક લેખે નિષ્ફળતાનુંજ દાસ્તાન છે.

(૫)

કાશી વિભાગની કહાણી (૨)

રેલ્વે સ્ટેશનથી મુંઝાતે હૈયે હું ઘેર આવ્યો. ઘેર કેટલાય સાથીઓ વાટ જોઇને બેઠેલા. મહોલ્લે મહોલ્લે કોઈ કોઈ જુવાનોનાં જુથો

પણ અમારા હુકમની વાટ જોઈ રહ્યા હતા. એમને બળવાની વાત માલુમ નહોતી, પરન્તુ એટલું તો માલુમ હતું કે કંઈક એવું મોટું તોફાન ગાજવાનું છે જેમાં જાનને જોખમે પણ અમારે કામ કરવું પડવાનું છે.

સાથીઓએ બધું સાંભળ્યું. બળવો હાલ તો અટકી ગયો એમ છતાં એ ચાર દિવસ તો કંઈ કંઈ ઉત્કંઠા ને આતુરતા રહી. વળી જે થયું હતું તે ઓચિંતુ હતું એમ ન કહી શકાય, કેમકે આવી આફતની કુશંકાઓ દિલમાં જોરથી ઉઠી પણ હતી; ને તેથી પાયોનિયરવાળી ખબર વાંચી જાણે સૌ મુંગા મુંગા પણ બોલી ઉઠ્યા, કે "નહોતા કહેતા? એટલું બધું વહેલું તે કંઈ ભારતમાતાનું નસીબ ઉઘડી જવાનું હતું?"

બે ત્રણ દિવસમાં તો લાહોરમાં પેલી ટાંગાવાળી ઘટના બનેલી તેની વાત છાપામાં વાંચી ને તો અમારામાંથી કેટલાક વિચારમાં પડ્યા કે એમ નાસવાવાળામાં રાસબિહારી તો નહિ હોય? કોઈ કોઈકે કહ્યું કે ના, રાસબિહારી તો નક્કી ત્યાં નહિ હોય, કેમકે એનું તો નસીબ ભારે ઉજળું છે: ને તે એનું રક્ષણ સદાય કર્યાજ કરે છે. તેથી આવી આફતમાં એ તો નજ આવી પડે. એ સિવાય છાપામાં સાફ ને ચોક્ખું લખેલું હતું કે ટાંગામાંના મુસાફરો શીખજ હતા.

એમ ને એમ રાસબિહારીનું શું થયું હશે તે ધારતાં વિચારતાં અમારા દિવસ જવા લાગ્યા. જેમ તેમ દિવસ ને કલાક ને મિનિટો ગણતાં અને રાસબિહારી સલામત કાશી આવી પહોંચે એવું ઝંખતા અમે દિવસો કાઢ્યા. પંજાબની માઠી હાલતની અસર કાશીના મંડળને પણ ન પહોંચે એ ડરથી અમે કેટલાક કાર્યકર્તાઓ ઘર પર તો બિલ્કુલજ નહોતા રહેતા. માત્ર વચ્ચે વચ્ચે ડોકાઉં કરી ભાળ લઈ જતા કે પોલીસની ધામધુમ વધે છે કે ઘટે છે. એ વેળા

પણ ઘર પર પોલીસનો પહેરો સારી પેઠે હતો. એની આંખોમાં ધૂળ નાંખીને અમારે બધું કામ કરવું પડતું. કાશીમાં અમે એ પ્રમાણે વખત ગાળવા લાગ્યા.

કરતાર પકડાયો

બીજી બાજુ પંજાબથી કરતારસિંહ અને હરનામસિંહ કાબુલ તરફ રવાના થયા. રસ્તામાં કોણ જાણે એમને શું ઉગી આવ્યું તે વળી પાછા સિપાઇઓમાં બળવાનો પ્રચાર કરવાના ઇરાદાથી છાવણીમાં ઘુસી ગયા. એજ વેળા ઠામઠામ સિપાઇઓની ધરપકડો કરવાનું શરૂ થઈ ચૂક્યું હતું. એ કારણથી કુદરતી રીતે એ લોકોમાં ગભરામણની વૃત્તિ રહેતી જ હતી. એ સંજોગોમાં એમની વચ્ચે આવો ઉપદેશ કરવા જવાનું કરતારસિંહ અને હરનામસિંહને માટે ડહાપણભરેલું ન હતું. પરિણામે સિપાઇઓએ જ કરતારસિંહ તથા હરનામસિંહને પકડાવી દીધા. તેમને લાહોર આણ્યા. જંજીરોમાં જકડાયલા કરતારસિંહના વદન પર વીરત્વનું એવું નૂર ઝળકતું કે એને જોઇને ગમે તેવા દુશ્મન પણ એના પર ફિદા થઈ જતા. ભાઈ પરમાનંદજીએ પોતાની "આપવીતી"માં એ દૃશ્યનું ભારે મર્મભેદક ભાષામાં વર્ણન કર્યું છે. ઉંચા દરજ્જાના ઇંગ્રેજ અમલદારો પણ વીરને છાજતું માન આપવાનું નથી ચૂકતા. પાછલા બળવાઓની કહાણીઓ પર નજર નાંખીએ એટલે એટલું તો લાગે જ છે કે ઇંગ્રેજ અધિકારીઓ ઘણીવાર દુશ્મન બળવાવીરોના શૂરાતન તથા બીજા સદ્ગુણો પર ફિદા થતા.

પોલિસની પ્રેમવૃત્તિ (!)

એવામાં અચાનક એક દિવસ સાંભળ્યું કે રાસુદા કાશી આવી ગયા. એમની સાથે મુલાકાત થતાં જ પંજાબની હકીકત બધી સમજાઈ ગઈ. એક તો પંજાબની ખબરો બંગાળામાં પહોંચાડવાની

ખાસ જરૂર હતી અને બીજું તો મારે કાશીમાં હવે લાંબો કાળ રહેવું સલામત પણ નહોતું, તેથી દાદાએ એકદમ મને કાશીમાંથી ચાલ્યા જવા ફરમાવ્યું. અમારો એવો નિયમ હતો કે કોઈ પણ સ્થળે ધરપકડ શરૂ થતાં જ અમારી પહેલાંની ગોઠવણો બધીયે ઉલટ-ટપાલટ કરી દેતા, કેમકે માણસના હૃદયનો ભરોસો શો?—માણસ પોતે પોતાને પણ પૂરો પિછાની નથી શકતો એ અમે જાણતા ને તેથી કોઇક પણ પકડાયું કે તુરત જ અમે સાવધ થઈ જતા.

એ વેળા કાશીમાં પોલિસોની પ્રેમદૃષ્ટિ (!) એટલી બધી ગહન થવા લાગી હતી કે કોઇ પણ નવો બંગાળી તેમની નજર ચૂકાવીને કાશીમાં નહોતો આવી શકતો. બંગાળી વસતીવાળા દરેક મહોલ્લામાં પોલીસ ઘેરઘેર જઈ ભાળ કાઢતી હતી કે કોઇક નવો બંગાળી આવ્યો તો નથી? ચંદ્રનગર અને બંગાળામાં રાસ-બિહારીને પિછાનવાવાળા છૂપી પોલિસનાં જેટલાં માણસો હતાં એ બધાયને કાશીના જુદા જુદા સ્ટેશન પર ચોકીયાતો તરીકે બેસાડી દેવામાં આવ્યા હતા. ચોવીસે કલાક ખડો ને ખડો પહેરો રહેતો. એ ઉપરાંત કાશીમાં જે લોકો પોલિસની નજરમાં બેસી ગયલા હતા તેમના પર રાખી શકાય તેટલો કડક પહેરો રાખવામાં પોલિસ જરાય ન્યૂનતા નહોતી રાખતી. કોઇ પણ બંગાળી કાશીમાં આવતાં જ એનું નામઠામ ધંધોધાપો તે લખી લેતી અને પછી એને ઘેર જઈ બરાબર તપાસ કરી જોતી કે એ વિગતો સાચી છે કે નહિ. એવી રીતે તે કાશીમાં રાસબિહારીને માટે ટાંપીને બેઠી હતી અને એ ભયંકર અવસ્થામાં પણ રાસબિહારી સહીસલા-મત કાશીમાં આવી પહોંચેલા.

સામસામા પડકાર

અમે કેટલાક તો પહેલેથી જ સાવધ હતા, તેથી બહુ જ થોડો વખત ઘેર ગાળતા; ને જ્યાં ઝાઝો વખત ગાળતા તે સ્થળ

માત્ર મંડળના આદમીઓ શિવાય કોઇને માલમ નહોતું. વળી રાસુદા જાતે ઘેરઘેર જઈ રાતના અમારી ભાળ કાઢતા, કેમકે એમને કાશીમાં કોઈ ઝાઝું ઓળખતું નહતું. કાશીમાં અમારૂં મંડળ સારૂં ઝામેલું હતું એટલે રાસબિહારી આવા સંજોગોમાં પણ અનાયાસે કાશીમાં એક મહિનાથી વધારે રહી શક્યા હતા. રાસબિહારીને પકડવા માટે બ્રિટીશ સરકારે કમ્મર કસી ને કાશીના મંડળને બચાવી લેવા રાસબિહારીએ કમ્મર કસી. કાશીના જુવાનિયાઓ ગુપચૂપ ઘેર બેઠા ને રાસબિહારી ઘેરેઘેર જઈ પૂછપરછ કરવા લાગ્યા. કોને કઇ રીતે કાશીની બહાર મોકલાવી આપવો એનો ઘાટ પ્રત્યેક જુવાનને ઘેર જઇને રાસબિહારી રોજ ચોક્કસ ઘડતા. સૌથી પહેલો હું કાશી તજી ગયો. પછી એક બીજા મિત્રે બહારનો રસ્તો લીધો. એવી રીતે ધીમે ધીમે ઘણા માણસો કાશીમાંથી ખસી બંગાળામાં આવી ગયા. જે એજ પ્રાંતના રહીશો હતા, તેઓ પોતાના શહેરો છોડી બીજે બીજે સ્થળે રહેવા ચાલ્યા ગયા; દાખલા તરીકે કાશીવાળા લખનૌ ગયા ને લખનૌવાળા કાશી આવ્યા.

વિનાયક ગેબ થયો

હું બંગાળ આવ્યા પછી થોડા જ દિવસમાં મારાવાળા કાશીના મકાનની જડતી લેવાઈ અને થોડા જ દિવસ પછી કાશીના એક બીજા જુવાનિયાના મકાનની પણ જડતી લેવાઈ. એ જુવાન એ વેળા કાશીમાં જ હતો; પણ પોતાને ઘેર રહેતો નહોતો. બપોરે ત્રણ વાગે પોલીસે મકાનને ઘેરી લીધું પણ બીજા દહાડાની સ્હવાર સુધીમાં કંઈ ન વળવાથી નિરાશ થઇને ચોકી ઉઠાવી લીધી. પેલા જુવાનને રાસબિહારી દ્વારા ખબર મળી કે પોતાના મકાનની જડતી લેવાઈ. થોડા દિવસ કેડે વિનાયકરાવ કાપલેના ઘરની પણ જડતી લેવાઇ. વિનાયક એ વેળા ગંગાસ્નાન કરીને પાછો આવતો હતો. એ રહેતો ભાડાને મકાને, પણ જમતો પોતાને જ મકાને. મકાનની પાસે આવ-

તાંજ વિનાયકે સાંભળ્યું કે ઘણાક ગોરાઓ પોતાને મકાને પોતાની વાટ જોઈ રહ્યા છે. ખબર સાંભળતાં જ વિનાયક ગેબ થઈ ગયો, ને પોલીસને એનો કશોય પત્તો ના મળ્યો. એ વેળા રાસબિહારી પણ કાશીમાં જ રહ્યા.

એ અચંબો !

જે વેળા સરકારપક્ષનો સાક્ષી વિભૂતિ ખાસ અદાલત (સ્પેશીયલ ટ્રીબ્યુનલ) માં આ બધી વાતોનું વિવેચન કરી રહ્યો હતો, તે વેળા અદાલતના જજ સુદ્ધાં આંખો ફાડી વિભૂતિની સામે તાકી રહ્યા અને થોડા વખત સુધી નોંધ પણ કરવાનું વીસરી ગએલા. સરકારી વકીલ ને અમારા વકીલ બારીસ્ટરો વગેરે પણ એવા જ અચંબા અને આશ્ચર્યથી મુંગામંતર જેવા બની જઈ રાસબિહારીના અદ્ભુત કામોની કહાણી સાંભળવામાં એકતાર થઇ ગયા. માત્ર વચમાં વચમાં કોઇક કોઇક અમારા તરફ જોઇને ધીમે સાદે બોલી ઉઠતાઃ હેં ! એટલી બધી રાસબિહારીની હિંમત !

અમે પણ એ વેળા આનંદ ને ગર્વથી ગદ્‌ગદ્ થઇ જતા. એક વાર વિભૂતિના વદન તરફ જોઈ એ શું વિચારી રહ્યો છે એ સમજવા મેં પ્રયત્ન કરેલો. ને તે વેળા વિભૂતિ અમારા આનંદ ને ગર્વમાં ભાગ નથી લેતો એ વિચારે ખૂબ દુઃખ થયેલું. આવી રીતે સરકારના પક્ષને ખબરો આપ્યા પછી પાછળથી એ હરખાતો કે નહિ એ વાત અત્યારે યાદ નથી આવતી.

આવી રીતે કાશીના ઘણાક જુવાનો બંગાળામાં આવી ભેગા થયા. જેમને પંજાબ સાથે કંઈ સંબંધ થયો નહોતો અર્થાત્ જેમનાં નામઠામ પંજાબમાં કોઈ નહોતું જાણતું એ કાશીમાં જ રહ્યા. એવા જુવાનોની સંખ્યા પણ ઓછી નહોતી અને એથી જ આવા ભયંકર સંજોગોમાં પણ રાસબિહારી કાશીમાં સલામત રહી શક્યા. જે જુવાનોને કોઈ બળવાવાદી રૂપે નહોતું ઓળખતું, જેના પર

કોઈ જાતનો શક નહોતો એવાની સંખ્યા જેમ બળવામંડળમાં વધારે હોય તેમ એ મંડળ વધારે બળવાન અને કાર્યકુશળ નીવડે છે.

પિંગલે–પતંગીયું !

કાશીમાં અમે લોકો આ પ્રમાણે સાવધ થઈ ગયા; પરંતુ પંજાબના નેતાઓમાંથી લગભગ બધા જ એક પછી એક પકડાઈ ગયા. ડા૦ મથુરસિંહ* વગેરે બે ત્રણ માણસો જ કાબુલ ભાગી જવામાં સફળ થયા. પિંગલે તો તે વેળા પણ પકડાયો નહોતો. પંજાબની ધમાલ પછી એ પણ કાશી તરફ જ આવેલો. રસ્તામાં એ પણ કરતારસિંહની પેઠે મિરતની છાવણીમાં બળવો ફેલાવવા ઘુસ્યો. પરિણામે છાવણીના એક મુસલમાન દફેદાર સાથે એને વાતચીત થઇ. એ દફેદારે ભારે ઉત્સાહ બતાવ્યો ને પોતે પિંગળેની સાથે ઠેઠ કાશી આવ્યો. પણ રાસબિહારીએ પિંગલેને એવા કામમાં હાથ નાંખતાં ભાર દઇને અટકાવ્યો. એમણે કહ્યું કે હવે સિપાઇઓમાં જવાની જરૂર નથી; આમ છતાં પિંગળે નાસીપાસ ન થયો. આખરે દાદાને એ કામમાં સંમતિ દેવી પડી. પિંગલેને બહુ સારા, ઉંચામાંના દશ બોમ્બ આપીને મોકલ્યો. એ બધાય બોમ્બ એટલા ભારે હતા કે એમાંનો એક પણ કોઈ જગાએ પડે તો ત્યાં કોઈ વસ્તુનું નામ નિશાન પણ રહેવા ન પામે. બરાખો પર પડે તો એકી સાથે કેટલીય બરાખો રાખોડી થઈ જાય. રાઉલાટ કમિટીના રિપોર્ટમાં આ બોમ્બના સંબંધમાં લખ્યું છે કે 'અડધી રેજીમેંટને ઉડાવી દે એટલા કડક એ હતા.' પણ આખરે રાસબિહારીનો શક વાજબી નીવડ્યો. પેલા દફેદારે પિંગલેને પોતાની છાવણીમાં લઈ જઈ બોમ્બો સમેત પકડાવી દીધો. મિરતના સિપાઇઓએ પણ એ પછી ફાંસીને માંચડે પોતાનું જીવન સમર્પણ કર્યું.

---

* એમને વિષે થોડી વધુ હકીકત 'બંગાળાનો બળવો' માં મળશે. ગાંડીવ. કિં. ૩. ૧।।

ઉછાંછળાપણું

જે વેળા પિંગળે મિરત ગયો હતો તે વેળા દાદાએ મને બંગાળમાં કહેવડાવ્યું કે તારે સીધા દિલ્હી જઈ ત્યાંના બધા મોટા મોટા ઈંગ્રેજ અમલદારોના બંગલા મકાન બરાબર જોઈ તપાસી લેવા. એ વેળા દિલ્હીમાં એકાદ મોટું તોફાન જગાડવાની તજવીજ ચાલતી હતી. દાદાની સાથે થોડીક મસલત કર્યા સિવાય દિલ્હી ચાલ્યા જવાનું મને ઠીક ન લાગ્યું. પણ પોલીસ એ વેળા મારી સજડ ભાળમાં હતી. કાશી જવું મારે માટે જોખમકારક હતું. છતાંય હું તો કાશી આવ્યો. હું હંમેશનો બેપરવા સ્વભાવનો તો ખરો જ. મારા પર આફત આવી શકે છે એવી કલ્પના પણ હું ન રાખું. એવી મારી ઉછાંછળી નીડરતાથી જ આખરે હું પકડાઇ ગયો. દાદા નીડર હતા, પણ ઉછાંછળા જરાય નહિ.

એક આફત ગઈ

રાતે મુગલસરાય સ્ટેશન પર એક જાસુસની સાથે મારો ભેટો થઇ ગયો. એ વેળા મારી સાથે મારાં માશી હતાં તેથી ભાગી છૂટાય એવું તો કંઇ હતું જ નહિ. બંગાળાનો એક જુવાન પણ મારી સાથે હતો ને તેની પાસે કેટલાક બોમ્બ પણ હતા. એ જુવાનને તો મેં ચેતાવી દીધેલો હતો કે મારી સાથે એક જ ડબ્બામાં ન ચઢે, તેમ સ્ટેશન પર પણ મારાથી દૂર ને દૂર જ રહે. ગમે તેમ પણ સ્ટેશન પર તો કશી ધમાલ ન થઈ. માશીને કહી રાખ્યું હતું કે કદાચ હું પકડાઈ જાઉં તો અમુક સરનામું પૂછતાં પૂછતાં ઘેર પહોંચી જવું.

કાશીની ગાડી પ્લેટફોર્મ પર આવતાંજ પેલો જાસુસ મારાવાળા ડબ્બામાંજ ચઢયો ને કોણ જાણે કેમ પેલો જુવાનિયો પણ એ જ ડબ્બામાં આવી પડ્યો. પેલા જાસુસ સાથે તો મારે પિછાન

હતી, એટલે એણે મને પૂછ્યું કે તમારી સાથે આ બાઇ કોણ છે? મને માશીની સાથે નિરાંતે ઘર તરફ જતો જોઇ જાસુસને પણ જરા દિલાસો મળ્યો ને એણે મનસૂબો કર્યો કે કંઈ દોડધામ કરવા જેવું નથી. ઉપરાંત પાછળથી માલમ પડ્યું કે એને કાશીના ગુપ્તચર વિભાગના મુખી યતીન્દ્ર મુખોપાધ્યાય સાથે પણ સંબંધ હતો. એટલે કંઇ પણ ખાનગી બાતમી મળી જાય તો તે એ યતીન્દ્ર શિવાય બીજા કોઇને ન કહે. અંદરની ગોઠવણ આવી રહી હશે તેથીજ મને લાગે છે કે એ મુસાફરીમાં હું બચી ગયો.

મારે ઘેર જડતી

સ્હવારે મળસ્કે ઘેર આવી પહોંચ્યો અને ઘેર જૂજજાજ વખત ગાળી પાછો બહાર ફરવા નીસર્યો. મારી આ બધી દોડધામ જોઈ ઘરનાં માણસો ભારે દુઃખી થયાં. ઘરમાં તો મેં સૌને ખુલ્લેખુલ્લું કહી દીધું કે ક્યારે હું પકડાઈ જઇશ તેનો કંઈ ભરોસો નથી. મારી બ્હેન પોતાના બંને કોમળ કર વડે મારા હાથ દબાવી ખૂબ કરગરતી કહેવા લાગીઃ શચી, તું કેમ ડરે છે? તને કંઈ નથી થવાનું, હું નક્કી કહું છું; પણ તું ઘરમાં જ રહે.

પરંતુ મેં કોઈનું કહેવું ન સાંભળ્યું. એ વેળા પ્હો ફાટવાને સહેજ જ વાર હશે. ચાર સાડાચાર વાગ્યા હશે. ઘેરથી નીકળી હું રાસબિહારીને મકાને જઈ રહ્યો. બીજે દિવસે સ્હવારે કાશીથી ચાલ્યો ગયો ને તેજ સ્હવારે મારા ઘરની જડતી પણ લેવાઈ. મારા ઘરની સામેજ એક જાસુસ રહેતો હતો. બધાય જાસુસોએ મારા ઘેર આવવાના સમાચાર સાંભળ્યા હતા, પરંતુ જડતી લેવા છતાં ઘરમાં મારી હાજરી ન દેખાયાથી તેમના અચંબાનો પાર ન રહ્યો. કેટલાક તો એમ સમજ્યા કે હું હમણાં જ નાઠો હઈશ; ને તેવી સમજથી સડક પર દોડધામ પણ તેમણે કરી. પછી કલકત્તે જઇને મેં સાંભળ્યું કે "પોલિસ મને પકડવા આવી ત્યારે હું પોલિસની

સામે ને સામે જ છાપરે છાપરે કુદતો નાઠો ને ગેબ થઈ ગયો, ને તેઓ સૌને નજરે દેખાવા છતાં તેઓ કંઈ જ કરી ન શક્યા!"

હાય રે!

પછી રાજપુતાનાના એક જુવાનની સાથે દિલ્હી આવ્યો. અમારામાંના જ એક જુવાનિયાને ત્યાં મુકામ કર્યો. દિલ્હીમાં જે કરવાનું હતું તે કરી લીધું. એમ ઠરેલું કે દિલ્હીમાં પિંગલેની સાથે ભેટો થશે. એ વેળા હોમ મેમ્બર સર રેજીનાલ્ડ ક્રેડોક સાહેબ દિલ્હીમાં નહોતા ને વળી બીજા પણ એક બે કારણોને લઇને એ વેળા દિલ્હીમાં કશું કરવામાં ન આવ્યું.

એક દહાડો દિલ્હીમાં સાઇકલ પર બેસી ફરતો હતો. સાંજ પડી ગઈ હતી. રસ્તામાં ઠામઠામ લખેલું હતું કે સાંજે સાડા છ વાગે દિવા કરવા જોઇયે. મારી સાઇકલની બત્તી જરા બગડી ગયેલી હતી. હું સાઇકિલ પર રોફભેર જતો હતો. એક ગલી વળ્યો ત્યાં તો અચાનક એક ઘોડેસવાર સામેથી જ ઘોડો દપટાવતો આવતો મળ્યો. મને દેખતાં જ મારા તરફ હાથ કરીને એણે ઇશારો કર્યો: ઠેરો. હું તરત જ સાઈકલ પરથી નીચે ઉતર્યો. ઘોડેસવારે પાસે આવી પૂછ્યું: બત્તી કેમ નથી સળગાવી? ત્યારે મને માલમ પડ્યું કે બત્તી હોલવાઈ ગઈ છે. મેં કહ્યું: બત્તી હમણાં જ બુઝાઇ ગઈ છે. હાથ લગાવી જુઓ. હજુ ગરમ છે.

'બત્તી સળગાવ' કહી ઈંગ્રેજે તો ઘોડો દોડાવી મૂક્યો. પણ હું કેટલી વાર સુધી તે ગર્વશાળી ઇંગ્રેજ સવારની તરફ ટગર ટગર જોઇ રહ્યો ને કહેવા લાગ્યો: હાય રે! આવો દિવસ અમારે પણ ક્યારે આવશે? ક્યારે અમેય આમ ઘોડે ચઢી ઉંચે માથે છાતી ફુલાવીને ફરીશું?

માંદગી

મિરતમાં પિંગલેને સફળતા મળે યા ન મળે, દિલ્હીમાં તો

મારે કેટલુંક કામ કરવાનું હતું. એટલામાં છાપામાંજ વાંચ્યું કે મિરતની છાવણીમાં પિંગલે પકડાઇ ગયા. એજ વેળા હું સજડ બિમારીમાં પટકાઈ પડ્યો. લાચારીથી મારે દિલ્હીથી ચાલ્યા જવું પડયું. એ બિમારીમાં હું લાગલાગટ ૧૪ દિવસ ખાટલે પડી રહ્યો. બીજે અઠવાડીયે તો ન્યુમોનિયાની નિશાનીઓ પણ જણાતી હતી. એ વેળા જે જુવાનોએ મારી માવજત કરી હતી તેઓની મ્હેનત મને જીંદગી સુધી વીસરાવાની નથી. મારામાં ઉઠવા બેસવાની પણ તાકાત નહોતી. ને એજ જુવાનિયાઓ મારૂં મેલું પણ સાફ કરતા.

લાહોર કાવતરાં કેસ

પેલી તરફ પંજાબમાં લાહોર કાવતરાં કેસની સુનાવણી શરૂ થઈ. લાહોરના કેસને લગતી અનેક વિગતો જાણવા લાયક છે. પરંતુ મારે એ વિષે કંઈ ઝાઝું જણાવવાનું નથી.

પરંતુ એ પ્રસંગમાં એટલી બાબત ધ્યાનમાં લેવા લાયક છે કે સો પકડાયા તેમાંથી ૧૦ જણાએ તો પોતાનો ધર્મ તોડયો અને બીજા ઘણાકને પકડાવવામાં પોતે કારણભૂત થયા. આ બધા 'દ્રોહી'ઓને વિષે દેશમાં જાતજાતની ટીકાઓ થઇ. તે જોતાં પણ લાગ્યું કે ઘણાખરા માણસોએ એ કાવતરાં સંબંધે બહુ હલકી ગણતરી ને નીચા મત બાંધ્યા છે. પણ એક વાત યાદ રાખવી ઘટે, કે ઇસુ ખ્રિસ્તના શિષ્યોમાંથી પણ આવું જ વિશ્વાસઘાતકતાનું દૃષ્ટાંત નીકળી આવ્યું છે. ખ્રિસ્ત જેવા મહાપુરૂષના સમાગમમાં આવવા છતાં પણ માણસ આટલી નીચી કોટિએ જઈ શકે છે તો પછી બીજે સ્થળે તો એવું અધઃપતન નજરે* પડે એમાં શી જ નવાઈ હોય ?

*** નાગપુરના રાષ્ટ્રીય વાવટાના સત્યાગ્રહમાં પણ ૧૭૬૪ સ્વયંસેવકોમાંથી બસો કરતાં વધુ માફી માંગીને છૂટી આવ્યા હતા. તેમ સાથે એ પણ ભૂલવું ન ઘટે કે આ બધા સેવકોને તો સારો દેશ એકકે**

મને તો લાગે છે કે બળવાનું કામ જેમ જેમ આગળ વધતું જશે તેમ તેમ આ વિશ્વાસઘાતીઓનું પ્રમાણ પણ વધતું જ જશે. આ બધા કાવતરાં કેસોમાં જેમ એક તરફ વિશ્વાસઘાતનો દાખલો મળી આવે છે તેમ બીજી બાજુ શૂરાતનની સાચી પિછાન પણ થયા વિના નથી રહેતી. લાહોર કેસની માત્ર બે જ વાત હું વાંચકો સમક્ષ રજુ કરીશ.

શહીદ કરતારસિંહ

અદાલતમાં કેસ ચાલતાં જ્વાલાસિંહ નામના શીખે તોહમત-દારોની પિછાન સંબંધે એક નિવેદન રજુ કર્યું. માત્ર આજ ગુન્હા સારૂ જેલ સુપ્રિ૦એ તેને ૩૦ નેતરના ફટકાની સજા કરી. છતાં પંજાબ જેવા પ્રાંતમાંથી પણ આ વાતનો કશો વિરોધ ન થયો. કરતારસિંહે મુકદ્દમો ચાલતાં અદાલતમાં બધી જ વાતો કબુલી લીધી. ગોરા જજે પહેલે દિવસ તો એની કોઇ પણ વાતની નોંધ ન લીધી. એણે કરતારસિંહને સમજાવી સમજાવીને કહ્યું કે આવી કબુલાત આપવાથી તારો પક્ષ માર્યો જાય છે ને તને ભારે નુકસાન

અવાજે ઉત્સાહ-ધન્યવાદ દેતો હતો. ચોમેરથી પ્રશંસાનો ધોધમાર વરસતો હતો. એમના સગાં સંબંધીઓ એમના આ શૂરાતન માટે ગૌરવ લેતા હતા; એટલે સુધી કે સ્ત્રીઓ અને બ્હેનો એ યુદ્ધક્ષેત્રમાં હાજર હતી ને જેલમાં સાથે જવા સુધી તૈયાર હતી. બીજી બાજુ આ સંત્રકો અણનમ રહે તો બદલામાં તેમને કેવળ બે ચા ત્રણ મહિનાની સાદી યા સખત સજા થતી. કાવતરાં કેસના અપરાધીઓ સંબંધે આથી ઉલટું જ હતું. એટલું કહેવુંજ જોઇયે કે હિન્દવાસીઓનો બરડો હજુ ભારે નબળો છે ને તેઓ ગરદન સીધી કરીને ખડા રહેવાનું નથી સમજતા. આધ્યા-ત્મિકતાની ગમે એટલી ડીંગો તે હાંકે તેથી શું થયું ? વાસ્તવ પરિસ્થિતિ સિદ્ધ કરે છે કે ચારિત્ર્યબળમાં દુનિયાની બીજી સ્વતંત્ર પ્રજાઓ તેનાથી ચઢી જ જાય છે.

થાય છે. એમ છતાં કરતારસિંહે પોતાનો મત ન બદલ્યો ને બધા જ કાવતરાની તમામ જવાબદારી પોતાને માથે લઈ લીધી. અકળાઇને જજે કહ્યું: કરતારસિંહ, આજે મેં તારું કહેવું કશું લક્ષમાં નથી લીધું. તને હજુ એક દિવસ વધારે આપું છું. સારી પેઠે વિચાર કરીને કાલે જે કહેવું હોય તે કહેજે. બીજે દિવસે પણ કરતારસિંહે પોતાને માથે જ બધી જવાબદારી લઇ લીધી. એનું શાન્ત શૂરાતન જોઇ સર્વે મુગ્ધ બન્યા. ભારતના વિપ્લવયુગને આમ કરતારસિંહે ચિરસ્મરણીય બનાવી દીધો.

આ કાવતરા કેસમાં લાહોરની ડી૦ એ૦ વી૦ કોલેજના આગલા પ્રોફેસર ભાઇ પરમાનંદજી પણ પકડાઇ ગયા અને અંતે એમને પણ જીવનભર કાળા પાણીની સજા થઈ. લાહોર જેલમાં તેઓ કરતારસિંહની પાસેની જ કોટડીમાં હતા. એ વેળા લગભગ બધા રાજદ્વારી અપરાધીને એક જ બરાખમાં ગોંધી રાખતા. રાતના તેઓ સૌ પોતપોતાની કોટડીમાં બેઠા બેઠા એક બીજાની સાથે ગપ્પાસપ્પા મારતા. કહે છે કે એક દહાડો ભાઈ પરમાનંદે કરતારસિંહને કહ્યું, "જો ભાઈ, મને પહેલેથી માલમ હોત કે મારી પણ આવી જ અવદશા થવાની છે તો હું પણ તમારા કામકાજમાં સામેલ થઇ પૂરેપૂરી ખંતથી મહેનત કરત." ભાઇ પરમાનંદની એક બાજુ કરતારસિંહ હતા ને બીજી બાજુની કોટડીમાં બીજો એક શીખ હતો. એ હજુ જીવે છે ને એની જ પાસેથી મેં આ વાત આંદામાનમાં સાંભળેલી.

(૪)

દિલ્હીમાં

પ્રતાપની વાત

રાજપુતાનાના જે જુવાનની સાથે હું દિલ્હી ગયેલો એનું નામ પ્રતાપસિંહ હતું. એ રાજપૂત નહિ પણ ચારણવંશનો હતો. ચારણ લોકો ક્ષત્રિય નથી, એટલે એઓ 'સિંહ' નહિ પણ 'દાન' કહેવાય. પરંતુ પ્રતાપના પિતા સરદાર કેસરીસિંહજીએ પોતાના નામની સાથે સિંહ શબ્દ લગાડી લીધો હતો. તેઓ કહેતા, "અમે તો હવે ક્ષત્રિય ધર્મ અખત્યાર કર્યો છે, કેમકે અત્યારે દેશમાં ક્ષત્રિઓનો જ દુકાળ છે." તેઓ ઉદેપુરના રાણાના ખાસ પ્રીતિપાત્ર હતા; અને અત્યાર મને બરાબર યાદ નથી, પણ તેઓ કે તેમના બાપ ઉદેપુરના મંત્રી થવા પણ ભાગ્યશાળી નીવડેલા. તેઓ રાજપુતાનામાં કોટામાં જાગીરદાર હતા.

એક દિવસ એવો હતો જ્યારે રાજપૂતાના વીરોનું લીલાક્ષેત્ર મનાતું. એક વેળા એ જ મુલકમાં ભીષ્મ* જેવા ભડવીરો પાકેલા. બંગાળની કલ્પનાદષ્ટિમાં હજુ કદાચ આજે પણ રાજપૂતાના પુરાતન કાળની શૂરવીરતા ને ઉદારતાની મૂર્તિ રૂપે દીસે છે, પરન્તુ આજે એ જૂનો ને ગરવો રાજપુતાના રહ્યો નથી. તોયે, રાજપુતાના આજે છેક પડેલું હોવા છતાં પણ, એ જુના જમાનાના સંસ્કાર આજે

* 'રાજપુતાનાનો ભીષ્મ' ગણાતા રાજકુમાર ચન્દ્રનો રસભર્યો કિસ્સો 'બલિદાન'માં પ્રગટ થયો છે. ગાંડીવ. કિ૦ ૦।-

પણ રાજપુતાનાવાસીઓના હૈયામાં છે, એમ પ્રતાપના કુટુંબની કહાણી જોઇ મારા અંતરમાં આપોઆપ લાગી આવે છે ને સૌને પણ લાગશે.

એ કુટુમ્બ રાજપુતાનાના ગણ્યા ગાંઠ્યા માલદાર જમીનદારોમાં ગણાતું; પરંતુ સ્વદેશપ્રીતિ અને તીખી તેજસ્વીતાને કારણે એને પોતાના ઘરબાર ને સૌ કંઈ ગુમાવવું પડ્યું.

સૌથી પહેલાં તો દિલ્હી કાવતરા કેસના સંબંધમાં પ્રતાપ ને એનો બનેવી પકડાયા. પરંતુ એમની વિરૂદ્ધ કોઈ ખાસ પુરાવાઓ ન મળ્યા એટલે તે વેળા તો એમનો છૂટકારો થઈ ગયો. એ પછી થોડા દિવસમાં કોટામાં જ એક બીજા રાજદ્વારી કાવતરામાં પ્રતાપના પિતા કેસરીસિંહજીને જીંદગીભર કાળાપાણીની સજા થઇ; અને પ્રતાપના એક સગા કાકાના નામ પર પણ વારંટ નીકળ્યું, જો કે તેઓ હજી સુધી પણ બનતાં સુધી પકડાયા જ નથી. કેસરીસિંહજીની તબીયત બરાબર ન રહેવાથી એમને કાળાપાણી ન મોકલ્યા ને દેશની જેલોમાં જ રહેવું પડ્યું.*

એ કેસને પરિણામે સરદાર કેસરીસિંહ અને તેમના નાના ભાઈની બધી મિલ્કત તો જપ્ત થઈ જ; પણ એમના બીજા ભાઈ રાજનીતિને ઓળે પણ નહોતા ઉભા રહેતા, તેમની પણ બધીય મિલ્કત જપ્ત થઈ ગઈ. ખાસ તેઓ માલમિલ્કતવાળા જાગીરદાર મટી એકદમ રસ્તાના ભિખારી બની ગયા. આવો કારમો ઘા ન સ્હેવાયાથી એક વાર તો કેસરીસિંહજીએ આપઘાતનો પ્રયાસ કરેલો. વળી પ્રતાપની માએ પણ આપઘાતનો પ્રયાસ કર્યાનું જાણ્યું છે. પણ તે એમ કરતાં પકડાઈ ગઈ. તે બિચારીના તો દુઃખની કશી સીમા જ નહોતી. આજે એક સગાંને ત્યાં જાય તો કાલે બીજા-

* પછી ઘણું કરી ૧૯૨૦માં એમના ભાઇના નામનું વારંટ પણ ખેંચી લેવાયું.

નેજ ત્યાં જઈ મહેમાન થાય. છેવટે તે પોતાના બાપને ત્યાં જઈ જેમ તેમ જીવન વીતાડવા લાગી. પ્રતાપના મામાની હાલત પણ કંઈ બહુ સારી તો નહોતી જ. જ્યારે વિધાતા કોઈના પર ઉલટી પડે છે ત્યારે એની ક્રૂરતા આગળ દુનિયાની કરડામાં કરડી ક્રૂરતા પણ ઝાંખ મારી જાય છે; ને એ જેને વીર બનાવી ખડો કરે છે તેના વીરત્વ આગળ બીજાઓની કીર્તિ ઝાંખી પડે છે. એટલે આવી આફતમાં પડ્યા છતાં પણ પ્રતાપસિંહ બળવામંડળમાં કામ તો કરતો જ રહ્યો.

કામ કરવા કરવાની પણ રીત હોય છે. કેવળ ફરજ સમજીને કરવું એ એક વાત છે ને તે જ કામ આનંદભેર કરવું—તેમાંથી જ આનંદ મેળવવો એ જુદી વાત છે. મારું માનવું છે કે કામ કરવું તે આનંદભેર, હરખથી, ઉમંગથી કરવું, એ જ સાચી ફરજ છે. અર્થાત જેવું કામ કરવાથી મનમાં કોઈ જાતનો પસ્તાવો પરિતાપ ન થાય, જે કામ કરવાથી મન–પ્રાણમાં સહેજ પણ ગ્લાનિનું વાદળું ન ફરકે અને સાચો આનંદ જ અંતરમાં પ્રગટી નીકળે તેવું કામ કરવું એ જ મારે મતે માનવીનું કર્તવ્ય છે. માત્ર શુષ્ક કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઈને જે કામ કરવામાં આવે છે, જે કરતાં હરખ નથી થતો પણ કદાચ કંઈક ક્લેશ જ થાય છે, તે કામ કરવું માનવી માટે ઠીક નથી. એ વેળા તો એમ જ માનવું ઘટે કે આ બીનઅધિકારનું કામ હાથ ધરેલું; અર્થાત્ શરમને ખાતર, લોકનિંદાના ભયથી કર્તવ્ય કરવામાં સાથ દેવો એ એક વાત છે ને કર્તવ્ય કરવામાંથી જ આનંદ મેળવી લેવો એ બીજી વાત છે. પ્રતાપે પોતાના કુટુંબની બુરી હાલત વેળા પણ આ બળવાકાર્યમાં જે ભાગ લીધો તેથી એના દિલમાં કોઈ જાતની ગ્લાનિ તો ન જ હતી. ઉલટું આફતની બિહામણી ને કારમી મૂર્તિ આંખો સામે ખડી ને ખડી દેખાતી હોવા છતાં પિતાના સોંપેલા ને તેમને અતિ

પ્રિય એવા કામમાં એ પોતાનું દિલ લગાવી શકયો; અને તેથી તેને પોતાને ખૂબ આનંદ થયો હતો. તેની છાતી ગર્વે ગજ ગજ ફુલતી હતી.

એવા તો ઘણાય માણસ હતા જે કર્તવ્યને ખાતર અથવા મિત્રાચારી નિભાવવા ખાતર બળવામાં ભાગ લેતા, પરંતુ તેથી તેમના કાર્યમાં જોઇયે તેવો ઉત્સાહ જણાતો ન હતો. તેઓ હંમેશાં કરમાયલે ચહેરે જ ફરતા. એવી લાગણી જોઇયે એટલે અમે તેને ઝાઝો વખત એવી વિટંબણા ભોગવવા ન દેતા અને બનતી ઉતાવળે, તુરત જ, જાહેર રીતે તેમને આનંદ ભોગવવાની વ્યવસ્થા કરી આપતા. પરિણામે એ છૂટકારો તેમને શાંતિદાયક થઇ પડતો. પણ જ્યાં જ્યાં એવું ન થયેલું, જ્યાં જ્યાં કુદરતની વિરૂદ્ધ આચરણ થયું છે ત્યાં ત્યાં કુદરતે પોતાનું વેર સારી પેઠે લીધું છે. પ્રતાપ કંઇ જેમ તેમ, માત્ર ફરજ સમજીને કામ નહોતો કરતો. એના જેવા જુવાન મેં જૂજ દીઠા છે. માત્ર એ પોતે જ આનંદમાં રહેતો એટલું નહિ, પણ એની સાથમાં જે રહેતા તે સૌ પણ આનંદ અનુભવતા.

ને છતાં પ્રતાપનુંયે મન માતાપિતા માટે અધીરૂં ન બનતું એમ ન માનવું. મારૂં તો માનવું છે કે જેનું મન માબાપના પ્રત્યે એવી લાગણી ન અનુભવે તેનો વિશ્વાસ કરવો ઠીક ન ગણાય. માયાનો એકદમ અભાવ જ હોવો એ એક વાત છે, ને માયામાં ન લપટાવું તે બીજી વાત છે. એટલે પ્રતાપને જ્યારે હું વ્યથા ભોગવતો દેખતા ત્યારે મારો આત્મા ખૂબ દુઃખી થતો. પરંતુ કાર્યક્ષેત્રમાં પ્રતાપ કોઇથી ઉતરતો નથી એમ જ્યારે નજરે પડતું ત્યારે પાછો એટલો આનંદ થતો કે દુઃખ તો કયાંય દબાઇ જતું.

ભલાબુરાનું જોડકું પ્રતાપના અંતઃકરણમાં છેક છેલ્લી અવસ્થા

સુધી લઢયું હતું. પ્રતાપ પકડાયા પછી પોલિસે ઘણા દિવસો ઘણી ઘણી લાલચો બતાવીને બધી છૂપી માહિતી આપી દેવાને માટે તેને ખૂબ કસી જોયો. પોલિસ પ્રતાપને કહેતી કે બધી વાતો કહી દે તો માત્ર તને જ નહિ, પણ તારા બાપનેય છોડી દઈશું. વળી તારા કાકા પરથી પણ કેસ પાછો ખેંચી લઈશું, તથા માલમિલ્કત પાછી આપીશું, ને વળી ઉપરથી કંઈક ઇનામ પણ આપીશું. તારી મા કેવું કેવું કષ્ટ વેઠી રહી છે, ને વળી તને સજા થવાથી પાછી તે કેવી કેવી મુશીબતમાં આવી પડશે અને આવા જખમો તેને સહેવા કેટલી મુશીબત પડશે! આ બધું વર્ણન પોલિસ પોતાની ચતુરાઇથી મીઠું મરચું ભભરાવી સારી પેઠે કરતી. એ વાતો છેક નાપાયદાર પણ નહોતી જ.

પહેલાં પહેલાં તો એ એમની સાથે બહુ વાત પણ ન કરતો. પણ પાછળથી એની સાથે વાતો કરવાનું થોડું થોડું પ્રતાપને ગમવા લાગ્યું. એક દહાડો પોલિસવાળાઓ સાથે પ્રતાપને લગભગ ત્રણ ચાર કલાક સુધી વાતચીત ચાલી. અમે સૌ પાસેની કોટડીમાં બેઠા બેઠા સાસ થંભાવી ઊંચે મને સાંભળી રહ્યા હતા. મનમાં ભારે શક જતો હતો, કે હાય! શું પ્રતાપ ફૂટી જશે! પછી મુકદ્દમો શરૂ થયા કેડે જ્યારે અમને સર્વને આખો દહાડો ભેગા રહેવાનો સુયોગ મળ્યો ત્યારે ખબર પડી કે ખરેખર, પ્રતાપનું મન બહુ જ ચળી ગયું હતું: એટલે સુધી, કે એક દહાડો તો પ્રતાપે પોલિસને કહી પણ દીધેલું કે ઠીક, હવે એક દહાડો બધી વાતનો ચોક્કસ વિચાર કરી લઉં ને પછી કહેવાય એવું હોય તો બધું કહી દઉં. પણ પછી બીજે દહાડે જ્યારે પોલિસવાળા મળવા આવ્યા ત્યારે તેમને પ્રતાપે કહ્યું: જુઓ, મેં ઘણો ઘણો વિચાર કરી જોયો છે ને આખરે નક્કી કર્યું છે કે કશુંય કહેવું નહિ. કારણ દેખીતું છે. અત્યારે તો ફક્ત મારી જ મા દુઃખ ભોગવી રહી

છે. પણ જો હું બધી જ ગુપ્ત વાતો ફોડી દઉં તો મારી માતાની પેઠે બીજી કેટલીય માતાઓ આફતના અંધારકૂવામાં હડસેલાય. એકને બદલે અનેક જનેતાઓમાં હાહાકાર ફેલાઇ જાય......

મન એક વાર નીચે પડ્યા પછી તેને પાછું ઉપર લાવવું કેટલું અઘરૂં છે તે સમજુ માણસો સહેજે કલ્પી શકશે.

કોણ જાણે, આજે હિન્દમાં એવા કેટલાક બાપ હશે જે સરદાર કેસરીસિંહની પેઠે જાણી બુઝીને અને સમજી વિચારીને પોતાને અને પોતાના સંતાનને આ પ્રકારે દેશના કાર્યમાં બલિદાન તરીકે હોમી દે ? હિન્દનું દુર્ભાગ્ય છે કે પ્રતાપ જેવો જુવાન આજ આ દુનિયામાં નથી. બરેલીની જેલમાં ઈંગ્રેજોનો જુલમ વેઠતાં વેઠતાં એનો નશ્વર દેહ એ દિવ્ય આત્માને ટકાવી ન શકયો. એજ પ્રતાપની સાથે હું દિલ્હી ગયો હતો. એમ કેટલાક દિવસ સુધી એકઠા રહી કામ કરવાનો અમને અવસર મળેલો. એ વેળા પ્રતાપ માંડ ૨૨ વરસનો હશે. દિલ્હીમાં અમે એ વેળા શું કામ કર્યું તે બીજેજ સ્થળે હું કહેવાનો છું.

(૫)

મુસલમાન બળવા મંડળની વાત

પહેલેથી કહી ચૂકયો છું કે પંજાબની બળવાબાજી નિષ્ફળ જવા પછી મુસલમાન બળવાસંઘ સાથે પહેલી જ વાર અમારા સંઘનો પરિચય થાય છે. એ ગાળામાં દિલ્હીમાં રહેતી વેળા આ બળવામંડળની સાથે અમારો પરિચય ને નિકટ સંબંધ વધારવાનો અમને ખાસ અવકાશ મળ્યો હતો.

આ મુસલમાન બળવામંડળના વિષયમાં આપણા હિન્દી દેશવાસીઓને ઝાઝી ખબર નથી. કેમકે એનું કામકાજ ખુલ્લી રીતે કંઇજ બહાર આવ્યું નથી. ગઇ તુર્કો-ઇટાલિયન લડાઇના વખતથી જ હિંદમાં એ બળવામંડળનાં બીજ રોપાયાં. એ વેળા લગભગ ઈ. સ. ૧૯૧૧માં હિંદના મુસલમાનોએ ઘાયલોની માવજત કરવાને તુર્કીમાં એક માવજતમંડળ–મેડીકલ મીશન મોકલ્યું. એમાં વિશેષ કરી મુસલમાનોજ હતા. પંજાબના જમીનદાર પત્રના સંપાદક શ્રીયુત ઝફરઅલીખાં પણ એ મંડળમાં હતા.

આ માવજતમંડળનો, તુર્કીના સુલ્તાન તેમજ બીજા સ્વદેશ-પ્રેમી મુસ્લીમ સેનાપતિઓ અને રાજકારભારીઓએ સરસ આદર–સત્કાર કર્યો. મારો એક મુસ્લીમ મિત્ર તો મને કહેતો હતો કે એવું ખૂબ સન્માન મળવાથી મારૂં તો "માથુંજ સળગી ગયું." હિંદમાં જેને વિદેશીઓની લાત ખાવી પડતી હતી તેને તુર્કીમાં રાજાના અતિથિ તરીકે દરબારી સન્માન સાથે તુર્કીમાં ફરવાનો અવસર મળ્યો, પછી તેનું માથું ગરમાગરમ થઇ ઉઠે તેમાં નવાઇ પણ શી?

હિંદની આબોહવામાં રહેવાથી એટલા દિવસ સુધી મુસલમાન સમાજમાં કોઇ જાતની ચેતનાનાં લક્ષણ દેખાતાં નહોતાં; પરંતુ એજ મુસલમાનોએ જ્યારે તુર્કીની સ્વતંત્ર હવાનો સ્વાદ ચાખ્યો ત્યારે તેમણે જોયું કે આજે સુદ્ધાં અમારાજ સ્વધર્મવાળા માણસો, આવા યુરોપ જેવા ગોરાઓના ખંડમાં પણ પોતાની સ્વતંત્રતા બરા-બર ટકાવી રહ્યો છે; અને એવા એક સ્વતંત્ર ને સ્વધર્મી રાજ્યના સૌ સ્વતંત્ર રહીશોએ જ્યારે ભારતના મુસલમાનોનો સત્કાર કર્યો ત્યારે તેમની જમાનાઓની મોહનિદ્રા પળવારમાં ઉડી ગઇ અને તેમણે પોત પારખ્યું. તુર્કો-ઇટાલીયન લડાઇને પરિણામે હિન્દના મુસ્લીમ સમાજમાં સાધારણ રૂપે એક જાગૃતિ તો દેખાતીજ હતી.

કાશીમાં હું જોતો કે ધોબી, હજામો ને ગાડીવાનો પણ રોજ તુર્કીની ખબરો જાણવાને માટે કેટલાય આતુર રહેતા. સ્વધર્મી લોકો પર આવી પડેલી આફત પ્રત્યે સહાનુભૂતિ ઉપજવી એ તો મુસ્લીમ કોમનો અસલનોજ સંસ્કાર છે. આ સામાન્ય જાગૃતિ ઉપરાંત તુર્કીમાં મેડીકલ મીશન મોકલ્યા પછી તો હિન્દના મુસલમાનોમાં બળવાનું કામ પણ શરૂ થઇ ગયું. રાઉલાટ રિપોર્ટમાં લખ્યું છે કે ઇંગ્રેજોએ તુર્કો-ઇટાલિયન સંગ્રામ વખતે તુર્કીને મદદ ન કરી તેથી હિંદના મુસલમાનોમાં અસંતોષની લાગણી ફેલાઈ ગઈ. પણ મારી માન્યતા મુજબ આ વાત ગલત છે. ઇંગ્રેજો તુર્કીને મદદ દેતે તો પણ મુસલમાનોની જાગૃતિ અવશ્ય થવાનીજ હતી. કેમકે મુખ્ય વાત તો એ હતી, કે બહારના આઘાતથી, બહારના સમાગમમાં આવ્યાથી એક ભાનભૂલી કોમને પોતાની શક્તિનું ભાન થયું. ઇંગ્રેજોનો એ કોમ સાથે શો સંબંધ હતો એ વાત તદ્દન જુદી છે.

ગમે તેમ, પણ મેડીકલ મીશનના અનેક જુવાનો તુર્કીની સાથે સમાગમમાં આવ્યાથી વિપ્લવધર્મમાં દીક્ષિત બની ગયા અને હિંદમાં આવી એમણે મુસલમાન કોમમાં બળવાના કામનો પાયો નાંખ્યો. વળી તુર્કીની સરકારે આ મુસલમાનોમાંથીજ કોઇ કોઇને અથવા એમના પસંદ કરેલા કોઇક માણસને પોતાના તરફથી એલચી તરીકે નીમ્યો હતો. દેશની સામાન્ય પ્રજાને આ વાતનો કશો ઇશારો પણ નહોતો દેખાયો, પણ હિંદી સરકાર આ બધી વાતોથી સારી પેઠે વાકેફ છે.

પરંતુ મુસલમાન બળવામંડળ પહેલેથીજ બહારની મુસ્લીમ શકિતઓ પર ઘણો મદાર રાખતું હતું. એની સર્વ આશા કલ્પના હિન્દની બહારજ મંડાયલી રહેતી. મુસ્લીમ બળવામંડળના જે સજ્જન સાથે દિલ્હીમાં મારે વાતચીત થઇ હતી તેની પાસે સાંભળેલું કે આ બળવામંડળે એ અરસામાં કાબુલને ઘણીક વાર

હિંદ પર હુમલો લાવવાની ભલામણ કરેલી. મેં એ વેળા એમના એ પ્રયત્નનો વિરોધ કરેલો. એણે મને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે બહારની સહાય વિના હિંદની બળવાબાજીનો દાવ કદિયે નહિ જીતાય. મેં એને એમ સમજાવવા પ્રયાસ કર્યો કે બહારની મદદ માંગવાનો અર્થ એ ન થવો જોઇએ કે બહારની કોઇ રાજશકિત આવીને હિંદમાં પોતાનો અખાડો ઝમાવે. એણે મને ભાર મૂકીને કહ્યું કે કાબુલવાળાઓ હિંદમાં આવી સ્થાયીભાવે કદિ નહિ રહે. આપણને સ્વતંત્ર કરીનેજ તેઓ ચાલ્યા જશે. હિંદના ઘણાખરા મુસલમાનો આમજ માનતા આવ્યા છે.

પણ એજ મુસ્લીમોએ વચમાં વચમાં ઘણી વેળા અમને દ્રવ્યની મદદ કરી હતી. એમની સાથેની વાતચીત પરથી હું સમજ્યો છું ત્યાં સુધી મુસલમાનોનું બળવામંડળ એકીસાથે આખા દેશમાં કામ કરી રહ્યું હતું. એ મંડળ પંજાબના સીમાડા પરથી માંડીને ઠેઠ બ્રહ્મદેશ સુધી પ્રસરી ગયેલું હતું. બીજી બાજુ અમારા બંગાળી વિપ્લવ-મંડળમાં પક્ષાપક્ષીનો પાર નહોતો: પણ સારે નસીબે બંગાળાની બહાર ઉત્તર હિંદમાં અમારૂં માત્ર એકજ જૂથ હતું એટલે ત્યાં પક્ષાપક્ષીને ખાસ અવકાશ નહોતો.

અમારામાં અને મુસલમાનોમાં એક મોટો ભેદ હતો. તે આઃ અમે સ્વતંત્ર ભારતની જે રૂપમાં કલ્પના કરતા હતા, તેમાં હિંદુ-ઓના સ્વાવલંબનની વાત તો હતી ખરી, પણ એમનાજ હાથમાં સત્તાની લગામ રહે એવી કશી ધારણા નહોતી; અને અમારે મુસ-લમાનોને અલગ રાખવાની વાત બાજુએ રહી, ઉલટા અમે તેમને અમારા જુથમાં ખેંચી લેવાનું કર્યા કરતા. બીજી બાજુ અમારે તેડે મુસલમાન નહોતા આવતા, કેમકે તેમને હિન્દુઓ પેઠે ભારતવર્ષ પ્રત્યે પ્રેમ નહોતો. મુસલમાનોને તુર્કી, મિસર, અરબસ્તાન કે ઇરાન-કાબુલ તરફ જેટલું ખેંચાણ છે તેટલું હિન્દુસ્તાન તરફ નથી. તેઓ

તુર્કીના ગૌરવમાં પોતાનું જેટલું ગૌરવ સમજે છે એટલું હિન્દ કે હિન્દુઓના ગૌરવમાં નથી માનતા. મુસલમાનોના મનમાં આવી લાગણીઓ હતી તેથી તેઓનું બળવામંડળ એક જુદાજ રૂપમાં ઘડાયેલું હતું. નવીન તુર્કીનાં આદર્શોમાંથી પ્રેરણા ને ઉત્સાહ મેળવી હિંદના મુસ્લીમ બળવાવીરોએ પણ વિશ્વ–ઇસ્લામના આદર્શને ગ્રહણ કરેલો. એથી એ મુસ્લીમ બળવામંડળને હિંદી બળવામંડળ કહેવું ઠીક નથી–મુસ્લીમ બળવામંડળ કહેવું એજ ઠીક છે. અમારા એ બે બળવામંડળો શિવાય દિલ્હીમાં એક બીજું પણ મંડળ હતું ને બનતાં સુધી હજુ પણ છે. આ મંડળ ગુપ્ત કે છાનું છુપું નહતું. એને વિષે હવે પછીના પ્રકરણમાંજ ચર્ચા કરેલી છે.

(૬)

નિષ્કલંકી મંડળની કહાણી

ઇન્દ્રપ્રસ્થ, હસ્તિનાપુર અથવા દિલ્હી હિન્દુના મન પર એક અજબ જેવી ભુરકી નાંખે છે. કાળના ચકકરમાં અટવાઇ કેટકેટલા રાજવંશો, કેટલી દેશદેશાવરની કોમોએ આવી દિલ્હીને કેવે જુદે જુદે રૂપે ઘડયું, ઇન્દ્રપ્રસ્થ બીજે સ્થળે ખેંચાઈ હસ્તિનાપુર થયું, તેમ વળી ફેરવાઇને પાછું દિલ્હી થયું, કેટલી કોમોના ઉત્થાન અને પતન દિલ્હીનાં નામ સાથે સંકળાયલાં છે! એમજ કહોને, કે દિલ્હીનો ઇતિહાસ તેજ હિંદ આખાનો ઈતિહાસ. હિન્દુઓનું ગૌરવમંડિત દિલ્હી વિધર્મીઓના પગ તળે કચડાઈ આર્યોની કીર્તિને લાંછન લગાડે તેવું બન્યું. એજ દિલ્હીમાં પાછી જુદે જુદે કાળે જુદી જુદી

રાજશક્તિઓની કસોટી થવા માંડી. કેટલા સંગ્રામો, કેટલી આસ્માની સુલ્તાનીઓ, કેટલા ઝગડાઓ દિલ્હીના આધુનિક ઇતિહાસને ઘડે છે! એમ દિલ્હીનો ઇતિહાસ એટલે ભારત સામ્રાજ્યનો ઇતિહાસ.

અને ક્ષત્રિવટના સંગ્રામોએ જેમ દિલ્હીના ઇતિહાસને ઘડ્યો છે, તેજ મુજબ દિલ્હીમાં અનેક સાધુ ભગતોના સંપ્રદાયો પણ નીપજ્યા છે. મુસલ્માનોના સત્તાધીશપણા હેઠળ દિલ્હીની પાસેમાંજ સતનામી સંપ્રદાય નીપજ્યો હતો, તેમ આ ઈંગ્રેજોની હકુમત હેઠળ દિલ્હીમાં નિષ્કલંકી સંપ્રદાયનો આવિર્ભાવ થયો છે. સતનામી સંપ્રદાયની પેઠેજ એ પંથ પણ છે બહુ નાનો. એ લગભગ ૩૦ વરસથી દિલ્હીમાં ચાલે છે. આ ત્રીસ વરસ એ પંથના સભ્યો હિંદની સ્વતંત્રતા માટે આખી પૃથ્વી પર સતયુગ ઉતારવા ભગવાનની પાસે નિત્ય પ્રાર્થના કરતા રહ્યા છે. તેમનું માનવું છે કે કળજુગ પૂરો થયો છે ને દશમો અવતાર થવાનો વખત ભરાઈ ગયો છે. આજકાલ તો એ લોકો એવી વાતનો પ્રચાર કરે છે કે કલ્કિ દેવ જન્મ્યા પણ છે ને હવે ટુંકમાંજ પ્રગટ થશે. પણ આ 'ટુંકમાં' નો અર્થ શું છે—'ટુંકમાં.' એટલે નક્કી 'કેટલા દિવસમાં' તે એ લોકો નથી કહી શકતા. એ લોકો કહે છે કે જ્યારે ભગવાને રામચંદ્ર રૂપે અવતાર લીધો ત્યારે રામ શ્રી ભગવાન પોતેજ છે એમ માત્ર બાર ઋષિઓ જાણતા હતા. બીજું કોઇ જાણતું ન હતું, ને એ વાત માનતું પણ ન હતું. એજ મુજબ વર્તમાનકાળમાં પણ એવા ઝાઝા માણસો નથી, જે ઇશ્વરનો અવતાર થયો છે એ વાત જાણતા હોય. આ લોકો કહે છે કે ચાલુ યુગમાં હિન્દમાં અનેક મહાપુરૂષો જન્મ્યા છે. તેમાંના ઘણાક પોતાના અસલ રૂપને જાણતા નથી. જે દિવસે એ મહાપુરૂષોના સમ્રાટ પોતાનું પ્રાગટ્ય જાહેર કરશે, તેજ દિવસે એ સૌ પોતાની શક્તિ સમજશે, પોતાના આગલા અવતાર વિષે પણ જાણી શકશે. એ મહાપુરૂષમાં કેટલાક તો બહુ સમર્થ

છે ને કેટલાક તો વળી પોતાનેજ ઈશ્વરનો અવતાર માને છે.

વધુમાં આ લોકોનું કહેવું એવું છે કે આ વેળા ભગવાને બ્રાહ્મણને ઘેર જન્મ લીધો છે તેથી તેઓ સૌને પૂજવા લાયક બનશે. બીજા જમાનાઓમાં ક્ષત્રિય આદિ કોમોમાં અવતાર લીધેલો, તેથી સ્વયં ઈશ્વર હોવા છતાં એમને બ્રાહ્મણોને પગે પડવું પડતું. આ વેળા તેઓ બ્રાહ્મણના ઘરમાં જન્મ લઈ સૌની પૂજા ગ્રહણ કરશે અને બ્રાહ્મણના ઘરમાં જન્મ લેવાથી આ યુગમાં પણ એમનું આચરણ એવું રહેશે, કે દુનિયાભરમાંથી કોઈ પણ માણસ તેમના કોઈ પણ કૃત્ય સામે આંગળી ચીંધી નહિ શકે. બીજા અવતારો તરીકે એમના કર્તવ્યમાં કંઈક કંઈક દોષો બતાવી શકાય એવું રહેલું ખરૂં; પણ આ વેળા તો તેમનું ચારિત્ર્ય કેવળ નિષ્કલંકજ રહેશે. એ લોકો માને છે કે કલ્કિદેવ તલવારધારી હોવા છતાં પણ કોઇની સામે હથિયાર ઉગામશે નહિ. એ લોકો કહે છે કે હિન્દની સ્વતંત્રતા મેળવવા આ વેળા હિંદુઓને હથિયાર ઉપાડવા નહિ પડે; કેમકે જે ભારતના દુશ્મનો છે, જેઓ પાપી છે, જેમનો સ્વભાવ લુચ્ચાઈ વગેરે રાક્ષસી ભાવનાઓથી ભરપૂર છે તેઓ સૌ માંહોમાંહે કાપાકાપી કરી મરી જશે ને તેમાંથી બચશે, તેઓ રોગ, મહામારી કે દુકાળમાં હણાઈ જશે; એ રીતે આ વેળા પૃથ્વી પાપભારથી મુક્ત થશે અને માત્ર સત્ પ્રકૃતિવાળા પુરૂષોજ બચશે ને પૃથ્વી પર સત્યયુગનો આવિર્ભાવ થશે. તેઓ કહે છે કે સત્યયુગનો આરંભ થઇ ચૂકયો છે ને થોડાજ વરસોમાં દુનિયા પરથી પાપ સમૂળું નાશ પામશે.

એમની સાધનાની રીત એવી હતી કે લાગલાગટ કલ્કિ દેવના નામનો જાપ જપવો અને હિંદ તથા દુનિયાઆખીના કલ્યાણ માટે ભેગા મળીને તથા છૂટક છૂટક પણ રોજ પ્રાર્થના કરવી. એઓ કહે છે કે ઇશ્વરજ આખા દુનિયાનો એક માત્ર કર્તા ને નિયંતા છે,

અને તેને સંભારવો તથા તેનું ધ્યાન ધરવું એજ અમારું માત્ર કામ છે. તમામ સંસારી કામો કરતાં કરતાં પણ હિંદની સ્વતંત્રતા તથા હિંદના કલ્યાણને માટે આવી પ્રાર્થના કરવા શિવાય બીજું કશું એ લોકો નહોતા કરતા. તેમ તેઓ કંઈ સંન્યાસી પણ ન હતા. તેમના બધા સિદ્ધાંતો બળવાવાદીઓના જેવાજ; તેમ અમ બળવાવાદીઓ પર તેમનો વિશ્વાસ પણ ઘણો; પરંતુ કાર્યક્ષેત્રમાં તેઓ દુનિયાના બધા વહેવારમાં મશગુલ રહી હિન્દના ઉદ્ધાર માટે ફક્ત પ્રાર્થના શિવાય બીજું કશું ન કરતા—ન કરવાની જરૂર ધારતા.

એમનામાં ખરેખર કોઇ માનસિક કે ચારિત્રવિષયક નબળાઈ હતી કે નહિ તે હું નથી કહી શકતો, કેમકે એમની સાથે ભળવા હળવાનો જોઇયે તેવો અવસર મને મળ્યો નથી. દિલ્હીમાં હું આ વેળા આવ્યો તે પૂર્વે ઘણા લાંબા ગાળા પર મેં એ લોકો વિષે વાતો સાંભળેલી; પણ એમને કોઇને જોયા નહોતા તેમ પિછાન પણ નહોતી.

પણ આ વેળા દિલ્હીમાં રહ્યો, ત્યારે એમના આગેવાન સાથે ત્રણ દિવસ વાતો કરવાની તક સાંપડી. એ આગેવાનને સૌ બાલમુકુન્દજી ઉર્ફે હનુમાનજી કહેતા. સાંભળેલું કે એ અવારનવાર શહેરની જાહેર સડક પર પોકારી ઉઠતા કે: ભગવાન કલ્કિદેવ જન્મી ચૂકયા છે; પાપીઓ સાવધ બનો, સૌ લોકો ઇશ્વરના નામનો જપ કરો અને પૂરેપૂરી સરળતાથી તેને શરણે જાવ. હવે પછી પાપીઓને માટે બીજો કંઈ આરો નથી. વખત છે એટલામાં સાવધ બની જાવ અને પાછલાં પાપો માટે ભગવાનના અવતારનું શરણ શે.ધો–વગેરે વગેરે.

પ્રતાપની સંગાથે આ વેળા દિલ્હીમાં રહેતાં મેં આ બાલમુકુંદજી સાથે વાતચીત કરી હતી. એ બિચારા સાદા સીધા બામણભટ હતા. ન લખતાં આવડે, ન વાંચતા આવડે. જાતેજ રાંધે ને વાસણ

પણ માંજી લે. એમના મંડળના બધા માણસોની એમના પર શ્રદ્ધા ઘણી. વળી જમનાતટે વારેવારે અનેક સંન્યાસીઓ આવી લાગતા. તે બધા સંન્યાસીઓમાંથી પણ ઘણા આ લોકો પાસે આવતા જતા. આ મંડળમાં મધ્યમ વર્ગના કે ભણેલા ગણેલા જૂજજાજ હશે. મોટે ભાગે ઈંગ્રેજી ન ભણે એવા ને ગૌહત્યાના કટ્ટા વિરોધીઓથી આ પંથ ખાસ કરીને ભરચક હતો.

નેતા બાલમુકુંદજી:હવે તો મરણ પામ્યા છે. અને એમ લાગે છે કે ૫–૬ વરસથી વચલા વર્ગના ઈંગ્રેજી ભણેલા લોકો પણ ધીમે ધીમે આ વર્ગમાં ભળવા લાગ્યા છે.

આવી અવતાર જનમવાની વાત આ નિષ્કલંકીઓના મંડળ શિવાય બીજા પણ અનેક માણસો પાસેથી સાંભળી છે. હું જેલથી પાછો ફર્યો તે પછી ગોરખપુરમાં મારા મામાજી પાસે એક સાધુ આવેલો; તે પણ આ નિષ્કલંકીઓ પેઠેજ જાતજાતની વાતો કહી ગયો હતો. ગયા યુરોપી મહાયુદ્ધમાં જ્યારે અમેરિકા જર્મની વિરૂદ્ધ ઈંગ્રેજોના પક્ષમાં ભળ્યું નહોતું તે વેળા આ સાધુ આવી મારા મામાજી તથા મોળાઈ ભાઈઓ પાસે એવું ભવિષ્ય ભાખી ગયેલો કે ઈંગ્રેજો આખરે જીતશે. આંદામાનમાં રહેતો હતો, ત્યારેજ આ વાત મને કાગળ દ્વારા મળેલી. તે કાગળ પણ હજુ મારી પાસે છે. કલકત્તા હાઈકોર્ટના ભૂતપૂર્વ વકીલ અને 'બ્રહ્મવિદ્ ઋષિઓ અને બ્રહ્મવિદ્યા' નામના ગ્રંથના લેખક શ્રી તારાકિશોર શર્મા મહાશય પણ આ અવતારની વાતનો ઘણા દિવસથી પ્રચાર કરે છે. યુગાંતરના તંત્રી ઉપેન્દ્રબાબુને પણ ઘણાક સાધુઓએ આ વાત કહેલી. આ બધી વાતોની વિગતો પૂરેપૂરી મળતી આવતી નહતી, પરંતુ સૌનો સારાંશ તો લગભગ એક સરખોજ હતો.

(૭)

દિલ્હીના બળવા મંડળનું પુનઃઘડતર

દિલ્હીના મંડળના બે મુખ્ય કાર્યકર્તાઓ શ્રી અવધવિહારી અને શ્રીયુત અમીરચંદ ઉત્તર હિંદના બીજા બળવાવીરોથી ઘણે અંશે ચઢીયાતા હતા. એમના સ્વભાવમાંજ ધર્મભાવના વધારે પ્રબળ હતી. ધર્મ અને કર્મનો આવો ભેળો સમાવેશ હિંદના જુજજ બળવાવીરોના સ્વભાવમાં નજરે પડયો છે. અવધવિહારીની ઉમ્મર ફક્ત ૨૨–૨૪ વરસની હતી, ત્યારથી અથવા તેથી યે પૂર્વે તેણે બળવામંડળમાં સાથ દીધેલો. એટલી ઉંમરમાં પણ એનામાં જે ધર્મપ્રેમ જોયો, તે પરથી કહેવુંજ પડે કે એ તો માત્ર સંસ્કાર જન્યજ હોય. એક ઉર્દુ કવિતા એમને બહુ વ્હાલી હતી ને વારે-વારે તેને એ લલકાર્યા કરે. એ કવિતા ભારે સુન્દર છે ને તેથી અહિં ઉતારૂં છું.

એહસાન નાખુદાકા ઉઠાયે મેરી બલા
કિશ્તી ખુદા પર છોડદું લંગરકો તોડદું.

અર્થ: કોઈ પણ ખલાસીનો ઉપકાર મારે લેવાની શી જરૂર છે? હું તો હોડલી ખુદાના વિશ્વાસ પર મૂકીશ ને લંગર તોડી નાખીશ.

ખરેખર એજ પ્રમાણે હૃદયમાં અગાધ શ્રદ્ધા રાખી અવધ-વિહારીએ પોતાની જીવનનૌકા પાર વિનાના પારાવાર–મહાસાગરમાં છોડી દીધી હતી.

અવધવિહારી કરતાં અમીરચંદ ત્રીસ વર્ષે મોટા, અમીરચંદ

શિક્ષક હતા. બચપણથીજ અવધવિહારી તેમની પાસે પહેલાં નિશાળીયા રૂપે, પછી શિષ્ય રૂપે ને મિત્ર રૂપે રહેલા; ને એમ ને એમ એની સોબતમાં મોટા થયેલા. અમીરચંદ તો સ્વામી રામતીર્થના પણ ખાસ શિષ્ય ને ભક્ત હતા. એમને સ્વામીજી સાથે સીધી ઓળખાણ પણ સારી હતી. સ્વામીજીના ભાષણ વગેરેનો પ્રચાર શરૂઆતમાં એમણેજ કરેલો.

એમના પ્રભાવથી દિલ્હીના બીજા કાર્યકરો પણ ધર્મભાવે રંગાઈ ગયા હતા. એમનામાંના લક્ષ્મીનારાયણ અને ગણેશીલાલ ખાસ્તા એ બેના નામ ખાસ નોંધવા જેવા છે.

અમીરચંદ ને અવધવિહારી સાથે મારે બહુ ગાઢો સંબંધ નહોતો થયો, કેમકે તેઓ શરૂમાંજ પકડાઈ ગયેલા. પણ આ વેળા પ્રતાપની સાથે દિલ્હી આવતાં લક્ષ્મીનારાયણ અને ખાસ્તાજી સાથે ખૂબ સારી પેઠે હળવા ભળવાની તક મળી હતી.

અહિંના પેલા નિષ્કલંકીઓની વાત અવધવિહારી વગેરે સર્વ જાણતા. પણ લક્ષ્મીનારાયણનો એ પંથવાળાઓ પર અપાર વિશ્વાસ હતો. હું જે વખતની આ વાત લખું છું તે વેળા લક્ષ્મીનારાયણ દેશી વૈદકનો અભ્યાસ કરતા હતા. તે નિષ્કલંકીઓ પેઠે ઇંગ્રેજીને ઓળે પણ નહોતા જતા.

અમીરચંદ અને અવધવિહારી પકડાઇ ગયા પછી અહિંના બળવા વિભાગનો કારભાર લક્ષ્મીનારાયણ અને ગણેશીલાલ પરજ આવી પડયો. ગણેશીલાલ ફારસીના મોટા પંડિત હતા અને કવિતા પણ સુંદર બનાવતા. તેમની ઘણીક કવિતાઓ લાલા હરદયાળ પોતાની 'ઘદર' નામની પત્રિકામાં ઉતારતા હતા. અને અમારો મુકદ્દમો પત્યો, ત્યારે ફક્ત આવી કડક ને રાષ્ટ્રીય ભાવથી છલોછલ ઉભરાતી કવિતાઓ લખવા માટેજ એને સાત વરસની સખત જેલ મળી. એમને–ખાસ્તાજીને પણ ઇંગ્રેજી લખતા વાંચતા નહોતું આવ-

હતું, પણ ફારસી દ્વારા જે કંઈ જ્ઞાન મળી શકે તેટલું સર્વ તેમણે મેળવ્યું હતું. એમને ફીલસુફી પર ખાસ પ્રેમ હતો. એમના સ્વભાવમાં જ્ઞાનની પ્રવૃત્તિજ સબળ રીતે અંકાયેલી હતી.

હું પ્રતાપ સાથે દિલ્હી આવ્યો તે પહેલાં પણ કેટલીક વાર ત્યાં ગયેલો. ત્યારથીજ હું જોઈ રહ્યો હતો કે અવધવિહારી વગેરેની ધરપકડ પછી ત્યાંનું અમારૂં કામ જ્યાંનું ત્યાં પડી રહ્યું હતું. અહિં કાવતરાં કેસની સુનાવણી પૂરી થયા કેડે પહેલાં તો લક્ષ્મી-નારાયણે સૌથી વધારે ઉત્સાહ દેખાડેલો, અને અનેક આફતોની વચ્ચે પણ અમારી સાથે હળવા ભળવાનું ચાલુ રાખતા. પહેલાં પહેલાં તેઓ આફતની પરવા ન કરતાં મંડળના અનેક કામો કરતા. પણ થોડાજ દિવસમાં એમનો ઉત્સાહ ભાંગી ગયો. ધીમે ધીમે દશા એવી થઈ કે લક્ષ્મીનારાયણ મંડળની જમાવટ વધારવાનો પ્રયાસ કરતા અટક્યા ને એનું મન ઢચુપચુ જોઇને જેઓ ભળેલા હતા તેઓના દિલ પણ ટાઢા પડવા લાગ્યા. પણ એ વેળા એના દિલમાં એક બીજીજ લાગણી પ્રગટ થવા લાગી. પેલા નિષ્કલંકીઓ સાથે સંબંધ વધારે ગાઢો થયાથી એમનામાં એ ફેરફાર થયો. અભિપ્રાયોમાં ઝાઝો ફેરફાર નહોતો થયો, તોયે ધીમે ધીમે કાર્યતત્પરતા ઘટી જવા લાગી અને ઈશ્વરના નામના જાપ જપવા તથા આરાધના–ભક્તિમાં એ ઝાઝો સમય ગાળવા લાગ્યા. એ રીતે ધીરે ધીરે તેઓ અમારા કામ તરફ ઉદાસીન થવા લાગ્યા. એમનો પોતાનો નિષ્કલંકીઓ પ્રત્યે વિશ્વાસ વધતો ગયો તેમ તેમ વળી અમારા મંડળમાં ભળેલા બીજા કામ કરનારાઓને પણ તેઓ એ પંથમાં વધારે ને વધારે ભેળવવા લાગ્યા. પરિણામે અમારા કામમાં એ સૌને કંઈ ઉત્સાહ ન રહ્યો ને છેવટે મેં સાંભળ્યું કે લક્ષ્મીનારાયણ ફક્ત પ્રાર્થના કરવા શિવાય હાથ કે કલમ વડે બીજું કશું નથી કરવાના ને એમના અનુયાયીઓ પણ એજ રસ્તો પકડવાના છે.

આવા બધા કારણોથી ઘણી રીતે બળવાનો પ્રયાસ નિષ્ફળ ગયા પછી હું ને પ્રતાપસિંહ નવેસરથી કામ શરૂ કરવા માટે અહિં આવ્યા. અમારે અહિં આવવાનું એજ ખાસ એક કારણ હતું. કેટલાક સાહેબ અહિં ન રહ્યાથી અમારે અમારૂં ખાસ કામ થંભાવી રાખવું પડયું. પરંતુ અહિંની બળવામંડળીનું ફરી ઘડતર કરવાના કામમાં અમે પૂરેપૂરી જહેમત લઇ મંડી ગયા.

અહિં અમારે માટે મકાન ભાડે રાખવાં, જુના કામ કરનારાઓ સાથે પરિચય કરાવવો વગેરે નજીવાં કામો સિવાય બીજું કંઇ લક્ષ્મીનારાયણ ન કરે. એટલે કે બધો કારભાર અમારા હાથમાં સોંપી દઈ એમણે તો જાણે બળવાના કામમાંથી છુટ્ટી મેળવવાની ગોઠવણજ કરી લીધી.

અમે શહેરમાં એક મકાન લઇ લગભગ પન્દર દિવસ રહ્યા. અહિંથી રાજપૂતાના બહુ દૂર નથી. હું દિલ્હીમાંજ રહ્યો ને પ્રતાપને બે વાર જયપુર રવાના કર્યો. મારી મરજી એવી હતી કે રાજપુતાનાથી થોડાક જુવાનોને ખેંચી લાવી અહિંના મંડળની પાકી જમાવટ કરી લેવી. પ્રતાપ રાજપૂતાનામાં કામ કરે અને હું અહિંના માણસો સાથે હળીમળી મારા પોતાના દિલને રૂચે એવા માણસોને ચુંટું. એ પ્રમાણે અહિં થોડાક દિવસ કામ કર્યાથી ખાસ્તાજીના દિલમાં તો બુઝાએલી આગ ફરી પાછી ધગધગવા લાગી. એણે ફરી પોતાનું આગલું કામ શરૂ કર્યું. અમે તો જોયું કે લક્ષ્મીનારાયણને બદલે ખાસ્તાજી જ અહિંની લગામ પોતાના હાથમાં લઈ શકશે. એનાજ પ્રયત્નથી આ વેળા અહિંના મુસ્લીમ બળવામંડળ સાથે અમારે પાકો પરિચય થયો. એ મંડળની સાથે ગોઠવણ થઈ કે એ અમને પિસ્તોલ, રીવોલ્વર અને ગોળીઓ અપાવે ને અમારે એને બોમ્બ અપાવવા. એ શિવાય જેમ બને તેમ જલદી બંને સંસ્થા આથીયે વધારે એકતાનતાથી કામ કરી શકે

એની મોટી યોજના રચાવા લાગી. એટલા દિવસ પછી પાછું લાગવા માંડયું કે જાણે ફરીથી બળવાનું ગાડું સરાણે ચઢી ઝપાટાભેર ચાલવા લાગ્યું છે. અમારી પાસેથી બોમ્બ લેવા માટે કહો યા સાચી સહાય કરવા માટે કહો, પણ અહિંના મુસલમાન મંડળે અમને આ વેળા ઘણી સારી આર્થિક મદદ કરી.

એક બાજુ અહિંનું કામ ક્રમે ક્રમે આગળ ચાલ્યું, ને બીજી બાજુ ખરે અવસરે હું બિમારીને ખાટલે પડયો. લાચાર બની પ્રતાપ-ને સાથે લઈ હું બંગાળા આવ્યો. એ વેળા મારા નામનું વારંટ નીકળી ચૂકયું હતું. તેથી સંયુક્ત પ્રાંતોમાં રહેવા કરતાં બંગાળા આવવું એજ ઠીક લાગ્યું.

બળવાના સક્રિય કામમાં લક્ષ્મીનારાયણ ઢીલા પડી ગયા, પણ એ હંમેશ કલ્કિ તથા કાલિકાના નામનો જાપ તો જપ્યા જ કરે. એ ખરેખર બડા ભગત હતા, એમાં શક નથી. પણ એ રીતે પુરૂ-ષાર્થમાં ઢીલા પડવું એ મને તો ઠીક નથી લાગતું. લક્ષ્મીનારાયણમાં એ ઢીલાશ નિષ્કલંકીઓના ચેપથીજ આવેલી. એમના અને એમના થોડા મિત્રો શિવાય અમારા બધાંના તો એ નિષ્કલંકીઓ પર વિશ્વાસે નહોતો તેમ અવિશ્વાસ પણ નહોતો. ઈશ્વરનું સ્મરણ અને એને ચરણે આત્મોત્સર્ગ કરી જીવનને ભક્તિરંગમાં તરબોળ બના-વવાનો આંતરિક પ્રયત્ન અમારામાંથી ઘણાકે કરેલો. ને નિષ્કલંકીઓની વાતોમાં અમને ઘણી મઝા આવતી પણ એના પર પૂરો વિશ્વાસ તો અમને નહોતોજ બેસતો.

એક વાત તો સૌ જાણે છે કે ધરમ ધરમ કરતાં આપણો દેશ એકદમ અકળાઇ મૂઓ છે. કબુલતાં દુઃખ થાય છે પણ કહેવુંજ જોઇયે કે દશ બાર વરસના બળવાપ્રવૃત્તિના અનુભવમાં મેં જોયું કે જેઓ ધર્મ ધર્મની બાંગ બહુ મારતા હતા તેમાંના સોમાંથી ૯૯ માણસો પાછળથી લોકહિતનાં કામોમાં નિરૂત્સાહ થઈ જતા અને

છેવટે ગણ્યા ગાંઠયા એક બે જણ શિવાય બાકીના તદ્દન તામસ-વૃત્તિના થઇ જતા. ધર્મ અને આંતરવૃત્તિની પૂરી પરખ ત્યાગમાંથી મળી આવે છે. અને આ ત્યાગની કસોટી પર કસતાં ધર્મિષ્ઠ કહે-વાતા લોકો મોટે ભાગે તામસી અને સ્વાર્થી માલમ પડયા છે. મારી તો ખાત્રી કે આર્ય સંસ્કૃતિમાં બે બહુ ઉંચા સિદ્ધાંત છે. અધિકારભેદ અને ગુરૂવાદ. આ બંને તરફ એકદમ ધ્યાન ન દઈ આપણે ધરમ ધરમની બૂમ મારતાં સ્વધર્મ તજીને પરધર્મે વળીએ છીયે ને તેથી આપણી દુર્ગતિ થાય છે. આ પ્રમાણે સાત્વિકતાને ઓટ આવતાં આપણે તામસી પ્રકૃતિનું શરણું લઇયે છીયે અને ધર્મને નામે કેવળ અધર્મ આચરણ કરવા માંડીયે છીયે.

લક્ષ્મીનારાયણમાં ખરેખર તેજસ્વિતા હતી. એણે ખરેખરા અંતરના ભાવથી ઇશ્વરસ્મરણ આરંભેલું; પણ સંસારીપણું ને આધ્યાત્મિકતા એની વચ્ચે સમતોલપણું એ ન રાખી શકયા. ને એની દેખાદેખીમાં એના બીજા ગોઠીયાઓ પણ કર્મ તજી કેવળ ભક્તિ તરફ વળ્યા. પરંતુ આફતના દિવસોમાં—અમે સૌ પકડાયા પછી, આ ગોઠીયાઓ, જેમણે આટલા દિવસ ભગવાનનું ભજનજ કર્યાં કરેલું, તેમણે પોલીસના પંજામાં પડતાં પોતાને બચાવવાને માટે અમારી સૌની વિરૂદ્ધ જુબાની આપી હતી એટલુંજ નહિ પણ લક્ષ્મી-નારાયણની વિરૂદ્ધ જુબાની આપવાનું પણ તેઓ નહોતા ચૂકયા !

આફતમાં આવી પડ્યા ત્યાં સુધી લક્ષ્મીનારાયણ આ લોકોને માટે કહેતા કે હમણાં આ લોકો ભક્તિસાધનામાં તદ્દન નિમગ્ન છે; તેથી એમની મારફત બળવાનું બીજું કોઇ કામ હું કરાવવા નથી ઇચ્છતો. વળી હમણાં ઇશ્વિરસ્મરણ એજ એક કામ છે, આપણે હાથે કંઇ કરવા જેવું છેજ નહિ; શ્રી કલ્કિ ભગવાન પ્રગટ થવાના છે અને એમને બરાબર શરણે જવું એજ આપણું મુખ્ય કર્તવ્ય છે.

લક્ષ્મીનારાયણ ઘણા દિવસથી ભારે આફતની વચ્ચે બળવા

મંડળનું કામકાજ કરતા આવેલા, તેથી બીજા સાથીઓ કરતાં એમની શક્તિ ઘણી વધારે હતી. મારૂં માનવું છે કે આમ આફતમાં પડવા છતાં પણ એ પોતાનું પોત ન વીસર્યા. પણ એમના બતાવેલા કર્મવિરક્તિના આદર્શમાં બીજા ઘણાક લોકો અવળે રસ્તે ચઢી ગયા ને તેથી જ્યારે સાચી કસોટી થઈ ત્યારે તેઓ માણસાઇભર્યું વર્તન ચલાવી ન શક્યા.

અવધવિહારી પણ ભારે ભગત હતા ને નિષ્કલંકીઓ પાસે આવજા કરતા; એમ છતાં એણે કદિ પોતાના ધર્મનો ત્યાગ ન કર્યો. તેથી તે સંસાર અને સેવાનું સમતોલપણું જાળવી શક્યા. આજના હિંદી સમાજમાં આવા સમતોલપણાનોજ સાચો ને ભારે અભાવ છે.

(૮)

બંગાળામાં: રાસબિહારી હિંદ તજે છે.

આંતરિયો તાવ લઈ પ્રતાપની સાથે હું બંગાળામાં અમારે મથકે આવી લાગ્યો. બંગાળામાં અમારી બળવામંડળીનું મથક કલકત્તા પાસેના એક ગામડામાં હતું. અનેક કારણોથી એ ગામનું નામ અહિં નથી આપી શકતો. એ સ્થળે મારે પન્દર દિવસ તો ખાટલાવશ થઈ પડી રહેવું પડ્યું. ત્યાંના જુવાનોએ મારી ખૂબ સેવાચાકરી કરી. પ્રતાપ મને બંગાળે મૂકી પોતે રાજપુતાને જતો રહ્યો. એવું ઠર્યું હતું કે હું સારો થઇને ત્યાં જઈશ અને તે વેળા ત્યાં ભારે જહેમત ઉઠાવીને પણ બળવાનું મથક સ્થાપન કરીશું. પરન્તુ જ્યારે

ફરી અમારો મેળાપ થયો ત્યારે—

—ત્યારે તો અમે બંને જણા જેલમાં હતા !

હું જ્યારે આ પ્રમાણે માંદો થઇને ખાટલે પડયો હતો ત્યારે પૂર્વ બંગાળના એક આગેવાન શ્રીયુત નરેન્દ્રનાથ દત્ત ઉર્ફે ગિરિજા બાબુ વારંવાર મારી પાસે આવતા. એમની સાથે મસલત કરી અમે ઠરાવ્યું કે હવે રાસુદાને કોઇ પણ પ્રકારે હિન્દમાં રહેવા દેવા ઠીક નથી. ઘણું થઇ ગયું, ઇશ્વરે અનેક પ્રકારે અત્યાર સુધી એમનો બચાવ કર્યો છે. હવે હિંદમાં વધુ વખત બીનજોખમે રહેવું એમને માટે શકય નથી. આપણું મંડળ તો એક પછી એક ધાખમતું જાય છે ને વધુ ઝામવાની તક નથી મેળવી શકતું. જે વેળા મંડળ લગભગ ઝામવાની અને ઉન્નતિની અણી પર આવે છે તેજ વેળા એકાદ એવો ફટકો લાગી પડે છે કે તે ઠીકઠાક કરવામાંજ પાછા કેટલાયે દિવસો નીકળી જાય છે.

પહેલાં દિલ્હી કાવતરાં કેસનો ફટકો પડયો. તે ઠીકઠાક કરવામાં અમારૂં એક વરસ ગયું. પછી જ્યારે સ્વસ્થ થતાં સરકાર પર બીજો ફટકો લગાવવાની શક્તિ આવી ત્યાં તો લાહોરની પકડાપકડી થઇ ને મામલો વિફર્યો. એ ફટકાએ તો અમને એકદમ લૂલા બનાવી મૂકયા. એથી તો અમારૂં પંજાબમાંનું અને જોડીયા પ્રાંતોમાંનું સંગઠન તૂટી ફુટીને લગભગ મેદાન થઈ ગયું. બંગાળામાં પણ જુદા જુદા મંડળોને જુદા જુદા ફટકા સહેવા પડયા. એ દશામાં રાસબિહારીને હિંદમાં રહેવા દેવાનું ડહાપણભર્યું નહોતું; કેમકે મંડળ તૂટયા પછી ઇંગ્રેજોના 'કાયદા ને વ્યવસ્થા'ની સામે ટકી રહેવું એ બહુ બને તેવું નહોતું. રાસુદાને અમે અત્યાર સુધી બચાવી શકેલા તે કેવળ અમારા સંગઠનના જોર પરજ. દિલ્હી કાવતરાં કેસ પછી રાસુદાને પકડનાર માટે ૭ાા હજાર રૂપિયાનું ઇનામ જાહેર થયું હતું. એ પછી એક વરસને અંતે લાહોર કાવતરાં કેસમાં

રાસબિહારીની કીર્તિગાથા પ્રકાશ પામી, ને તેને લીધે પંજાબ સરકારે તેને પકડનાર માટે બીજા અઢી હજાર રૂપિયાનું ઇનામ કાઢયું—એટલે કે કુલ ૧૦૦૦૦ રૂપિયા થયા. અને વળી કાશી કાવતરાં કેસ પછી સંયુક્ત પ્રાંતની સરકારે બીજા અઢી હજાર રૂા. જાહેર કર્યા. આમ કુલ ૧૨૫૦૦ પર આંકડો ગયો હતો ! તેથી રાસુદાને હિંદમાંથી બહાર મોકલી આપવાનું અમે નક્કી કર્યું.

આટલા દિવસ સુધી એક વાતની બહુ બેદરકારી અમે રાખેલી. અમે એમ માન્યા કરતા કે બળવો શરૂ થવાને હજુ પુરતો વખત છે. એથી અમે પરદેશથી પૂરતા હથિયાર ઓજાર મંગાવવાની કંઇ ખાસ યોજના રાખેલી નહિ. પરંતુ દેશની દશા જોઇ હવે અમે સમજ્યા કે જો પૂરતા હથિયાર ઓજાર મળી જાય તો બળવાનો આરંભ કરવાને ઝાઝી વાર નથી, એટલે આ વેળા રાસુદાને પરદેશ પાઠવી નવેસરથી બળવાની યોજના રચવાનું નક્કી કર્યું. રાસુદા પણ દેશ છોડતાં પૂર્વે કહી ગયા હતા કે: આ વેળા હિંદના પ્રત્યેક જુવાન જુવતિને સશસ્ત્ર કરવાં પડશે ને પછી જોઇશે છીયે, ઇંગ્રેજો કેવી રીતે હિંદ પર રાજ કરે છે !

રાસુદા પહેલાં વિદેશ જવાને તૈયાર નહોતા થતા. તેઓ હજુ કંઈક રાહ જોવાના મતના હતા. પણ અમારી આગ્રહભરી ભલામણને ઠેલી ન શકયા. કેવી રીતે, કયારે ને કયાં જવું એ બધી યોજના તેમની સાથે મળીને નક્કી કરી. વાત એવી હતી કે એસણે પરદેશ જઇ સૌથી પહેલાં પૂરતા પ્રમાણમાં મોઝર પિસ્તોલો અને તેની ગોળીઓ મોકલી આપવી. અને પછી બળવાને માટે જોઇતા પ્રમાણમાં હથિયારો મોકલાયાં કરે એવો બન્દોબસ્ત કરીને દેશમાં આવી જવું. કેવી રીતે દેશમાં હથિયારો પહોંચાડવા ને બળવાની વિરાટ યોજના કેવી ઘડવી તે બધું પરદેશના અનુભવી ને જાણકાર સમર—કુશળ પુરૂષોની સલાહમસલતથી નક્કી કરી લેવું.

કાશીથી રાસુદા વિનાયક કાપલેને સાથે લઈ પહેલાં નદીયા આવ્યા અને પરદેશ જતાં પૂર્વે કલકત્તાની પાસે જ ક્યાંક રહ્યા. પરદેશ જતાં પહેલાં ૪ દિવસ આગળથી તેઓ કલકત્તાની ભરવસ્તીમાં રહ્યા. અને એક દિવસ ધોળે દહાડે બપોરે બે વાગે હું ને ગિરિજાબાબુ જઇ તેમને સ્ટીમર પર બેસાડી આવ્યા. આ એપ્રિલ સને ૧૯૧૫ ની વાત છે. હું ને રાસુદા એકજ ટાંગામાં હતા ને ગિરિજાબાબુ બીજા ટાંગામાં બેઠા હતા. એવી રીતે અમે સ્ટીમર પર ગયેલા. રાસુદાને મારા પર ભારે હેત. રસ્તે તેમણે મને ખૂબ પાસે ખેંચી ગળે હાથ નાંખી સપ્રેમ જણાવ્યું: ભાઈ, દેશ છોડતાં મને કેટલું કષ્ટ થાય છે એ હું તને નથી કહી શકતો. જોજે. બહુ સાવધ રહીને કામ કરજે, ને કામ બરાબર સરાણે ચઢે તે પછી તું મારી પાસે ચાલ્યો આવજે.

એમની સાથે આ મારી છેલ્લી વાત હતી.

એમ ઠરેલું કે દેશમાંનું સંગઠન ચોક્કસ થઈ ગયા પછી મારે પણ પરદેશ જઈ એમની સાથે રહેવું; કેમકે મારા નામ પર પણ વારંટ નીકળેલું અને દેશમાં રહેવાથી એ વેળા પકડાઈ જવાનો બહુજ સંભવ હતો. વારંટ નીકળવું એ તો દૂરનું છે, પણ માત્ર પોલિસને શક પડે તો પણ કામ કરવામાં ભારે અગવડ ઉભી થવા માંડે છે. દેશમાં જૂદા જૂદા સ્થાનના બળવાવાળાને પરસ્પર મેળવી આપી શકે એવો બીજો કોઈ એકાદ પણ હોત તો હું રાસુદા સમેત પરદેશને રસ્તે પડી ચૂક્યો હોત; પણ એવો કોઇ ન રહેવાથી કામ સંભાળવા આવી આફત વચ્ચે પણ મારે દેશમાંજ રહેવું પડયું. કાશી છોડતાં પૂર્વે રાસુદાએ મારી મા પાસે એવું વચન લીધું હતું કે મારે પરદેશ જવું પડે તો તેના ખર્ચ માટે ૧૦૦૦ રૂપિયા મને આપે. હું આવી બળવાબાજીઓમાં લપટાયલો છું એ વાત મારી માને ઘણા વખતથી માલમ હતી અને એ વાતમાં એની સહાનુભૂતિ

પણ હતી. કંઇ કેટલાયે જન્મો મેં સત્કર્મ કર્યાં હશે ત્યારે બંગાળીના ઘરમાં મને એવી મા સાંપડેલી.

રાસુદાના વિદેશ જવાનો વિસ્તૃત ઇતિહાસ લખવાનો વખત હજુ સુધી નથી આવ્યો. માત્ર એટલુંજ કહી દઉં છું કે બહારથી આ કામ ગમે એટલું ભેદી ને કઠણ લાગતું હોય પણ એ કામ સરવાળે ઘણું સહેલું ને સરળ હતું. આમ જવાને માટે કેવળ હિંમત ને શ્રદ્ધા શિવાય બીજા કશાની જરૂર ન હતી.

જે વેળા રાસબિહારી પરદેશ ગયા તે વેળા યુરોપની લડાઈ ભયંકર રૂપે ચાલી રહી હતી. અને તે વેળા પરદેશ જવું અથવા પરદેશથી દેશમાં આવવું એ કંઈ જેવું તેવું કામ નહોતું. વળી રાસબિહારીના જેવા માણસને માટે તો એક સ્થળેથી બીજે સ્થળે ભટકતા રહેવું કેવું જોખમજનક હતું એ પણ વિચારી શકાશે. અલબત્ત, એ દરમ્યાન હંમેશા એમની પાસે ભરેલી પિસ્તોલ ખડી ને ખડી તૈયાર રહેતી અને વળી અમારામાંનો એકાદ પણ એમની પાસે રહેતોજ. એટલે એમને જીવતા પકડવા એ કામ તો ભાગ્યેજ કોઈ મર્દ કરી શકે તેવું હતું. એમ છતાં એમનો સૌથી વધારે ભરોંસો ઇશ્વરકૃપા પરજ રહેતો હતો. જ્યારે એ છેલ્લી વાર કલકત્તે આવ્યા, ત્યારે રિવોલ્વર સાથે રાખવાની પણ એમણે અનિચ્છા પ્રગટ કરેલી. રાસબિહારીનો બાંધો બેવડો હતો, એટલે હું ધારૂં છું કે દોડવાને માટે તેઓ બિલ્કુલ શક્તિવાન નહોતા. એક દિવસ મેં એમને પૂછેલું કેઃ જો પોલિસ પકડવા આવે તો તમે દોડવાનો પ્રયાસ કરો ખરા કે નહિ? જવાબમાં એમણે હસતાં હસતાં કહ્યું કે હું બિલકુલ દોડી નહિ શકું; એ સંજોગોમાં તો હું શાન્તિથી આત્મસમર્પણ કરી દઉં. વળી બીજી વાર એવાજ એક સવાલના જવાબમાં એમણે એક વાર કહ્યું હતું કે જ્યાં સુધી મારૂં આયુષ્ય પૂરૂં નહિ થાય ત્યાં સુધી હું પકડાવાનો નથી. અને મારા આયુષ્ય પર તો ઇશ્વર શિવાય

બીજા કોઇનો અંકુશ નથી.

હાલમાં તેઓ જાપાનમાં છે. ત્યાં તેઓ જાપાનીઓને ઇંગ્રેજી શીખવે છે, 'એશિયન રીવ્યુ' નામનું માસિક પત્ર ચલાવે છે, જાપાનના જુદા જુદા ભાગોમાં હિંદને વિષે ભાષણો આપે છે ને જુદા જુદા પેપરોમાં લેખો લખે છે. જાપાનમાં એઓ ક્યારનાય ઇંગ્રેજોના હાથમાં બંદીવાન થઇ પડયા હોત, પણ જાપાનના એક ઉંચા દરજ્જાના અમલદારના ખાસ પ્રયાસ ને ભલામણથી તેઓ છૂટી જવા પામ્યા છે. હવે તો એમણે એક ઉંચા કુળની જાપાની રમણી સાથે લગ્ન પણ કર્યું છે ને એમને એક પુત્ર ને એક પુત્રી થયાં છે. પુત્રનું નામ ભારતચંદ્ર રાખ્યું છે. અમારા ભાભીસાહેબ આટલા દિવસોમાં હવે બંગાળી શીખી ગયાં હશે એમ મને લાગે છે. રાસબિહારી હવે જાપાન સરકારની પ્રજા છે.

જાપાનથી રાસબિહારીએ જે લેખો 'યંગ ઇંડીયા' વગેરે પત્રોમાં મોકલ્યા છે તે ઘણા માણસોએ વાંચ્યા હશે. એમાંથી એમના આજના અભિપ્રાયો સારી પેઠે સમજાય છે. એ શિવાય પોતાના મિત્રોને પણ કેટલાક પત્ર હમણાં લખ્યા છે, તેમાંથી એમના માનસનો ખ્યાલ આવી શકે છે; તેથી એમાંનો થોડો ભાગ ઉતારૂં છું.

(1)

Tokyo, Japan
12-4-22

My dearest........

......The idea that I could not protect...all from the inhuman...they were subjected to, makes me restless. Of course I consoled myself with the fact that by passing through the agony ef fire........ have come out a better and purer soul. But I did

not like the tone of pessimism that pervaded some parts of.........letter There is eternl life. so work is eternal. You need not be anxious about impurity even if there is any......Of course there is no necessity of secret work, and I quite agree with you. Hitherto our knowledge of international situation was very meagre. We mostly confined our attention to India. But now I have come to understand a bit of international politics. This has greatly altered my former ideas. Please remember that we shall have to—rather we are destined to—tacklo the problem of the world. It is India's mission to usher in a new era of real peace and happiness in the world. India's freedon is but a means to this end, and it is not an end in itself.........

(2)

Tokyo, 9th. July, 22.

My dearest.........

Your letter......reached me yesterday. What did you wish me to write? And what was your heart's desire? I think I was sufficiently clear in my letter. Of course there are many things which I cannot write in letters for obvious reasons and your curiosity about them must remain unsatisfied till we meet again. The most noteworthy thing

however is that my whole outlook has been broadened and I gave you a hint in this connection in my last letter. Independnce India must have. Because her independence in essential for the regeneration of the whole world. It is not the end in itself, but it is a means to an end and that end is the destruction of Imperialism and Militarism and the creatien of a better world for all to live in. It is India's mission and therefore your and my mission......I like Japan and I have come to adore her. because I am convinced that she will stand for Asian Independence when time comes. When I came here first, the Japanese had little knowledge of the state of affairs in India. It is chiefly through our efforts and sacrifices that today every Japanese is closely following the trend of events in India. I have got many Japanese friends, from the cabinet ministers down to lawyers, M, P's, journalists and students. Many books in Japanese about Gandhi and Indian movement have been published, and the papers and magazines are regularly carrying articles on India. This month a Professor in the Takyo Imperial University, published a voluminous book in Japanese on India. Next month I am engaged to deliver lectures on Indian Situation for three days... Today most of the

young men here are staunch advocates of Asian Independence. Even older men and responsible officials are in symapathy with the new awakening noticed from Persia to China. The most remarkable national trait (here) is patriotism. And the people are ready to revere and love those who have the same characteristics. This is the reason that we are given protection. But for Japanese sympathy and love, I would have been dead long ago... About going back to India, well, brother, I do not want to return, till India is free......Your *Bowdidi* is learning Bengali.........

ભાવાર્થ:

ટોકીયો, જાપાન
૧૨–૪–૨૨

પરમ પ્રિય

—ને હું અતિનિષ્ઠુર ને અમાનુષી નિર્દયતામાંથી ન બચાવી શક્યો એ વિચાર મને ખૂબ બેચેન બનાવે છે. સંતોષ માત્ર એટલોજ રહ્યો કે એ અગ્નિસ્નાનમાંથી પસાર થતાં વધારે ઉત્તમ ને વધારે પવિત્ર થઇ બહાર આવ્યા. પણ—ના પત્રના કેટલાક ભાગમાં જે નિરાશાવાદનો ધ્વનિ મેં ભાળ્યો એ મને ના ગમ્યો. અપવિત્રતાને અંગે પણ ચિંતાતુર રહેવાનું કારણ નથી, જો—હોય તો. જીવન અનંત છે ને તેથી કાર્ય પણ અનંતજ છે. અલબત્ત, છુપા કામકાજની કશી ખરૂર રહી નથી તે સંબંધે હું પણ મળતો થાઉં છું. અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય સંબંધોનું આપણું જ્ઞાન બહુ અધુરૂં ને નજીવું હતું, ને તેથી આપણે માત્ર હિંદુસ્તાન તરફજ લક્ષ આપેલું. પણ હવે હું આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કંઇક કંઇક સમજતો

થયો છું, તેથી મારા આગલા વિચારો મોટે ભાગે ફેરવાઈ ગયા છે. યાદ રાખજો કે આપણે આખી દુનિયાના પ્રશ્નો ઉકેલ કાઢવો પડશે. આપણે તે માટે નિર્માણ થયા છીયે. દુનિયામાં સાચી શાંતિ ને સાચાં સુખનો નવો યુગ શરૂ કરવો એ હિંદનો જીવનધર્મ છે. આમ હિંદનું સ્વાતંત્ર્ય એ ધ્યેયનું માત્ર એક સાધન છે. એ કંઇ અંતિમ સાધ્ય નથી.

(૨)

ટોકીયો, જાપાન

૯–૭–૨૨

<u>પરમ પ્રિય</u>

તમારો પત્ર—મને ગઇ કાલે પહોંચ્યો. મારે તમને શું લખવું ? ને તમારા હૃદયની તે શી ઝંખના હતી ? મારૂં ધારવું છે કે મારા પત્રમાં પૂરી ચોખવટ કરેલી હતી. અલબત્ત, એવી ઘણી વસ્તુ છે જે હું દેખીતા કારણોસર કાગળોમાં ન લખી શકું ને તેથી તમારી જીજ્ઞાસા આપણે મળીયે નહિ ત્યાં સુધી અણછીપીજ રહેવાની. ખાસ મહત્વની વાત તો એ છે કે મારૂં આખું દૃષ્ટિબિન્દુજ બહુ વિશાળ થઇ ગયું છે ને તે સંબંધે ગયા પત્રમાં મેં તમને ઇશારો પણ કરેલો. સ્વતંત્રતા તો હિન્દને મળવીજ જોઇયે, કેમકે એની સ્વતંત્રતા જગત આખાના પુનરૂદ્ધાર માટે આવશ્યક છે. એ પોતે સાધ્ય નથી, પણ સાધન છે; અને એનું સાધ્ય તે શાહીવાદ અને નોકરશાહીનો નાશ; તથા સૌને માટે જીવવા સારૂ એક નવીજ ને વધારે ઉત્તમ દુનિયાનું સર્જન. હિંદનો એ ધર્મ છે ને તેથીજ એ મારો ને તમારોય જીવનધર્મ છે. જાપાન મને ગમી ગયું છે ને હું એને પૂજતો થયો છું કેમકે મારી ખાત્રી થઇ છે કે પ્રસંગ આવ્યે એશિયા આખાની સ્વતંત્રતા કાજે એ ઝૂઝશે. હું જ્યારે અહિં આવ્યો ત્યારે જાપાનીઓને તો હિંદમાંની સાચી સ્થિતિ વિષે કશોજ ખ્યાલ નહોતો. મુખ્યત્વે આપણાજ પ્રયાસો અને આત્મભોગોને પરિણામે આજે પ્રત્યેક જાપાની હિંદમાં બનતા બનાવો પ્રત્યે ઝીણી નજરે ભાળી રહે છે. મારે ઘણાય જાપાની મિત્રો છે, તેમાં વજીરમંડળના સભ્યો ને વકીલો, પાર્લામેન્ટના મેમ્બરો, પત્રકારો ને વિદ્યાર્થીઓ પણ છે. ગાંધી અને હિંદની ચળવળ વિષે જાપાની ભાષામાં

ઘણાંક પુસ્તકો પ્રગટ થયાં છે અને છાપાંઓ તથા માસિકોમાં હિન્દને લગતા ઘણા લેખો હોય છે. આજ મહિને ટોકીયોની શહેનશાહી યુનિ૦ના એક અધ્યાપકે જાપાની ભાષામાં હિંદ વિષે એક દળદાર ગ્રંથ પ્રગટ કર્યો છે. આવતે મહિને હું હિંદની સ્થિતિ વિષે ત્રણ ભાષણો લાગલાગટ આપવાનો છું. આજે અહિંના ઘણાક જુવાનો એશિયાની સ્વતંત્રતાના પાકા હિમાયતીઓ બનેલા છે અને પ્રૌઢ માણસો તેમજ સમજુ અધિકારીઓ પણ ચીનથી ઇરાન સુધીમાં જે જાગૃતિ પ્રવર્તે છે તેના પ્રત્યે સહાનુભૂતિથી ભાળે છે. અહિંની પ્રજાનો મુખ્ય ગુણ દેશપ્રેમ ને દેશદાઝ છે. અને જેનામાં એજ ગુણો હોય તેને પૂજવા ને વ્હાવા અહિંની પ્રજા ઉત્સુક રહે છે. એનેજ પરિણામે અહિં અમને રક્ષણ મળે છે. જાપાનની સહાનુભૂતિ ને જાપાનના પ્રેમ શિવાય હું કયારનોય સ્વર્ગસ્થ થઇ ગયો હોત. ને હિંદ પાછા આવવાની વાતમાં તો ભાઈલા રે, જ્યાં સુધી હિન્દ મુક્ત ન થાય ત્યાં સુધી હું આવવા ઇચ્છતો. તારી ભાભી બંગાળી શીખે છે......

આ કાગળો પરથી રાસબિહારીનું માનસ સારી પેઠે સમજી શકાય છે. પરંતુ વર્તમાનની વાત છોડી દઈ જે વખતની અવસ્થા હું લખવા બેઠો છું તે ફરીથી લખવા માંડું એજ ઠીક.

(૯)

મથકની વાત

વારૂ; રાસુદા હિંદ છોડી ગયા. એમને વહાણ પર ચઢાવી અમે—એટલે કે હું ને ગિરિજાબાબુ મથકે પાછા વળ્યા. મથક સાથે અમારે બહુ ગાઢો સંબંધ નહોતો. તેમ હોવાનાં કેટલાક કારણો હતાં.

પહેલાં તો મથક પરના આગેવાનોના અને અમારા રાજદ્વારી

મતમાં ભેદ હતો. અમારા બળવા મંડળની શરૂઆતથીજ તેઓ ટેરરીઝમ–ત્રાસનીતિ તરફ વલણ ધરાવતા હતા. એમણે અત્યાર અગાઉ દેશમાં હથિયારબંધ બળવો કરવા માટે કશો યત્ન કર્યો ન હતો. તેઓ ધારતા હતા કે જો થોડાક દહાડા સુધી દેશના એક છેડાથી બીજા છેડા સુધીમાં મોટા મોટા સરકારી અમલદારોને રિવોલ્વર તથા બોમ્બથી જમલોકનો રસ્તો બતાવી દેવાય તો સરકાર ગભરાઇને દેશને ઘણા રાજદ્વારી હક્કો આપી દે. અને આવી રીતે તમંચાના જોરથી હપ્તે હપ્તે હક્કો મેળવતાં મેળવતાં છેવટ પ્રજાતંત્રી બંધારણ પણ મેળવવાનું શકય છે એમ આ લોકોને શ્રદ્ધા હતી. અને પ્રજાતંત્રી બંધારણ એટલે સ્વતંત્રતાનું પહેલું પગથીઉં. તે મેળવ્યા પછી સ્વતંત્રતા મેળવવી એ કંઈ મોટું કામ નથી. તેઓ એમ પણ કહેતા, કે આ રીતે કે બીજી રીતે પણ પ્રજાતંત્રી બંધારણ મેળવ્યા શિવાય તો પૂર્ણ સ્વતંત્રતા મેળવવાનું શકયજ નથી. આ વિચારસરણી તેમને બંગાળાના અમુક દેશપૂજ્ય આગેવાન પાસેથી મળેલી. પરંતુ આવી ત્રાસનીતિને પણ બરાબર સાર્થક કરવા માટે મંડળને જેવું મજબૂત બનાવવાની જરૂર હતી તેવું તેઓ બનાવી નહોતા શકયા. જેમકે કોઇ સ્થળના મેજીસ્ટ્રેટને મારવાનો હોય તો ત્યાં એક જુવાનને રિવોલ્વર આપી મોકલી દેતા, પહેલેથી તે જગાએ મંડળનો પાયો મજબૂત કરવા કંઇજ યત્ન નહિ કર્યો હોય, તો પણ.

વ્યવસ્થિત, કાર્યશીલ ને બળવાન સંઘ શિવાય આજકાલ કોઇપણ કામ પાર પાડવું શકય નથી. હિંદને માટે પ્રજાતંત્ર મળે એટલે સ્વતંત્રતાજ મળ્યા બરાબર ગણાય. પણ એવું વિરાટ ને કઠણ કામ સફળ કરવા માટે કેવા વિશાળ, વ્યાપક ને શક્તિશાળી સંઘની જરૂર હતી તે અમારા મથકના આગેવાનો સમજેલા નહિ. તેથી એમની આગેવાની હેઠળ બંગાળામાં કોઇપણ મંડળ બરાબર જામતું નહોતું. એમના મંડળનું ક્ષુદ્ર કુંડાળું ગામનો સીમાડો

વટાવી આગળજ નહોતું જઈ શકાતું. એ રીતે સફળતા તો મળેજ શાની? તેથી કેવળ એમનાજ યત્નોથી ત્રાસનીતિના પ્રયત્નો સફળ ન થયા એમ કહી શકાય. આ સર્વ, કાર્યપ્રણાલિના વિષયમાં એમની સાથે મારે રોજ ખૂબ વાદવિવાદ જામતો. આ પ્રકારે મંડળનો આદર્શ ફક્ત ત્રાસનીતિ રખાવાને લીધે મારા જેવા બીજા ઘણાક જુવાનો પ્રાણ પરોવી સાથ નહોતા દઈ શકતા. એવો ત્રાસનો આદર્શ સાચા વિચારશીલ જુવાનોને આકર્ષી નજ શકે. ખરેખર પ્રેરણાના ઉદ્ભવસ્થાન તરીકે બહુ ઉંચો, ઉદાર ને વિશાળ આદર્શ ન હોય તો કોઈપણ વ્યક્તિ પોતાનું જીવન, કે પોતાનું સર્વસ્વ હોડમાં મૂકી દેશના કાર્યમાં સાથ ન આપી શકે. એટલે આવા ત્રાસનીતિના આદર્શ પર લોકસંગ્રહ બની શકે તેમ ન જ હોય. આથી લોકસંગ્રહને માટે વળી પાછા બીજા ઘણા હેતુઓ લવાતા અને વિપ્લવ સમિતિની કાર્યપ્રણાલિ વિષે સૌને અંધારામાંજ રાખવામાં આવતા. આ પ્રકારે માત્ર થોડાક માણસોને ભેગા કરીને તેમની મારફત ત્રાસનીતિનાં કામો કરાવાતા, એ વાત અમને ન ગમતી. રાસબિહારી અને એમના અનુયાયી જુવાનોની સાથે વાતચીત થયા પછી જે દિવસે પહેલવહેલો મારો આ નેતાઓ સાથે પરિચય થયો તે દિવસે પહેલાં તો હું સડકજ થઈ ગયેલો. વિચારમાંજ પડી ગયેલો કે આ તે કેવાક મંડળમાં હું આવી પડ્યો? તે દિવસેજ એમની વાતોનો વિરોધ મેં કર્યો હતો ને વળી રાસબિહારી સાથે ફરી વાતચીત થતાં એમની પાસે પણ આ વિષયમાં ફરિયાદ કરી હતી. તે દિવસે રાસબિહારીએ મને કહી દીધેલું કે કર્મયોગ અને ધર્મસાધના શિવાય કાર્યપ્રણાલિના વિષયમાં એ લોકોની સાથે વાતજ ન કરીશ.

રાસબિહારી બચપણથીજ એ સૌના સમાગમમાં હતા. પણ એમની પ્રકૃતિ સાથે એને જરાયે મેળ નહોતો. જરા મોટા થઈ

પોતે દહેરાદુન નોકરી કરવા ગયા ત્યારે પણ પોતાના કાર્યની ગૂંથણી એ પોતે ને પોતેજ રચવા લાગ્યા. કુદરત, નિઃસર્ગદેવી જેમ બધાથી અજાણ રહીને પોતાની રચના કરી લે છે–રાસુદા પણ એજ રીતે પોતાના નેતાઓથી અજ્ઞાત રીતે એક મોટું મંડળ ઝમાવીને ખડું કરી દે છે. અલબત્ત, કામ જરા આગળ વધ્યું એટલે પછી મથકના આગેવાનો આગળ ઘણું ખરું બતાવી દીધું. પણ એમની માફક કેવળ ત્રાસનીતિ પોતાને પસંદ નહોતી, એટલે રાસુદાએ પોતાની પદ્ધતિ વળી જુદીજ રાખેલી. પણ મતભેદ હોવા છતાંયે રાસુદાને વિરોધ ને પક્ષાપક્ષી ગમતાં નહોતાં; એટલે બનતું ત્યાં સુધી મળીહળીનેજ કામ લેતા.

એક બીજી બાબતમાં પણ આરે એમની સાથે ભારે વિરોધ થતો. આ આગેવાનો એમ માનતા કે આધ્યાત્મિકતાનો ગૂઢ મર્મ કેવળ પોતેજ મેળવી શક્યા હતા. એટલે મતભેદ થતાંજ તેઓ કહી દેતા કે જાવ જાવ, તમે તો ફક્ત પશ્ચિમના વિલાયતી વિચારોમાં ગાંડા થઈ ગયા છો! જાણે કે ત્રાસનીતિ રૂપી સાત્વિક વિપ્લવ(!)ના બીજા પ્રયાસમાં ઓછું વિલાયતીપણું હોય! સામેના પક્ષના મતને તોડવા માટેની આ 'તોફા' યુક્તિ આજકાલ તો ભારે પ્રચાર પણ પામી ગઇ છે.

આ લોક અનેક રીતે એવો વિચાર ફેલાવતા હતા, કે વૈરાગ્ય અથવા ધ્યાનસમાધિનો માર્ગ એજ કંઇ માત્ર ઇશ્વરને મેળવવાનો રસ્તો નથી. તેથી તેઓ કહેતા કે સંસાર તજ્યા શિવાય બધાં દુન્યવી કામો કરતાં કરતાં પણ તેમાં કશી આસક્તિ ન રાખવી એ જ શ્રેષ્ઠ રસ્તો છે. પણ એજ ... વહેવારમાં પોતાની નાનકડી ટોળાને રાજનીતિમાંથી ખાસ ઇરાદાપૂર્વક જુદી રાખવાનો પ્રયાસ કર્યાજ કરતા. આથી અમારે તેમની ... રોજ તડાતડી થતી. જે દિવસે પંજાબની બળવાબાજી નિષ્ફળ થયાથી અમે આ મથકે આવી આ-

શરો લીધો તે દિવસે એ લોકોએ અમને મહેણું પણ માર્યું કે હવે નાચકુદ તો બહુ થઇ ગઇ, જરા શાંત બેસો ને ઇશ્વરની આરાધના કરો.

મારૂં માનવું છે કે આ લોકોનો સ્વભાવજ બળવાધર્મથી વિરોધી હતો ને તેથી તેઓ બીજી ઘણી જંજાળોમાં પડીને ધીમે ધીમે આ બળવાના ક્ષેત્રમાંથીજ ઘણે દૂર ખસતા ગયા. મોઢેથી તેઓ જ્ઞાન, કર્મ ને વૈરાગ્યનો સમન્વય કરી ચાલવાના આદર્શનો ભલે પ્રચાર કરતા, પણ વહેવારમાં દુનિયાના કામોમાં લપટાઇ રહેતા ને જે રાજનીતિનો આદર્શ ઇંગ્રેજ સરકારનો વિરોધ કરવા માટે ખાસ જરૂરી હતો, તેનાથી દૂર ને દૂર રહેતા–તેમ કરવાનો પ્રયાસ કરતા. બેશક જ્યાં સુધી તેઓ બીજા બળવાવીરોના સંગાથમાં હતા ત્યાં સુધી બધી રીતે, ગમે તેવી આફતનીયે પરવા ન કરતાં, બધાને કામમાં મદદ કરતા. પણ એમનો સ્વભાવ જુદો હતો એટલે છેવટે એમણે બળવાવીરોની સોબતજ છોડી દીધી હતી. જે પ્રમાણે વૈરાગ્યમાં પ્રવેશેલો કોઇ મહાપુરૂષ શરૂઆતમાં સંસાર અને ભોગોમાં લપટાયેલો રહે છે પરંતુ સ્વધર્મને વશ થઇ ધીમે ધીમે વૈરાગ્યને રસ્તે ચઢી છેવટે સંસાર તજી દે છે, તે પ્રમાણે અમારા આ નેતાઓ પહેલાં પહેલાં બળવામંડળીની સાથે એકાકાર હતા પરંતુ સ્વભાવવશ થઈ એ વિપ્લવાનુષ્ઠાનથી ધીમે ધીમે દૂર સરકતા ગયા અને છેવટે બધોજ સંબંધ તજી દીધો. પણ બળવાનો સાથ છોડયો તેથી કંઈ દુનિયા તેમણે નહોતી તજી, તેમ રાજનીતિને તજી દેવા છતાં બીજી બધી રીતે એ લોકો સમાજની સેવા તો કરતાજ રહ્યા.

આવા બધા કારણોથી એમની સાથે અમારો મેળ ખાતો નહોતો. જ્યાં સુધી રાસબિહારી દેશમાં હતા ત્યાં સુધી તેઓ એમનાથી દૂરના દૂરજ રહેતા. છતાંયે એમને મોટા માનીને તો ચાલતા. એનું કારણ એવું જણાય છે કે રાસબિહારી બચપણથી એમનીજ આગેવાની

હેઠળ આવેલા. પણ ધીમે ધીમે રાસુદાના ચારિત્ર્યમાં પણ એટલું પરિવર્તન થયું કે જ્યારે છેલ્લી વાર એ લોકો એની પાસે આવી લાગ્યા ત્યારે રાસુદાના વ્યક્તિગત પ્રભાવથી તેઓ પણ અંજાયેલા, ને બોલી ઉઠયા: "આને તે સંતાડી યે કયાં શકાય? જે કોઇ એને જુએ તેની નજર એના પર ચોંટી જાય. એને જોતાંજ જાણે લાગી જાય છે કે: હા, આ એક માનવી સાચેસાચો મર્દ છે." જે વખતની આ વાત છે, તે વેળા એ લોકોના મકાનનું સમારકામ ચાલતું હતું, તેથી મજુર કડીયા વગેરે રોજ મકાનમાં આવજા કર્યા કરતા હતા. તેઓની આવજાનો ખ્યાલ રાખીનેજ આ શબ્દ એમણે ઉચ્ચારેલા. એક દિવસ એઓજ રાસુદાના ગુરુ જેવા હતા છતાં છેવટે તેના પ્રભાવથી પોતે અંજાઈ ગયા હતા.

રાસબિહારી પરદેશ ગયા પછી અમે ધીમે ધીમે આ આગેવાનોથી છૂટા પડતા ગયા. આ વેળા બંગાળામાં જે બળવામંડળો હતાં તેમાંના ઢાકાના મંડળની સાથેજ ખૂબ ભળીહળીને કામ કરવાનું અમારાથી બનતું.

(૧૦)

ઢાકાની અનુશીલન સમિતિની કહાણી

બંગાળાની બધી વિપ્લવ મંડળીઓ એમ ધારતી કે ઢાકાની અનુશીલન સમિતિ બીજી મંડળીઓ સાથે મળી હળીને કામ કરવાને નારાજ છે; અથવા તો કોઈ પણ મંડળી ઢાકાની અનુશીલન સમિતિ સાથે મળીહળીને કામ નહિ કરી શકે. પણ એમને કોઇને ખબર નહોતી કે ઢાકાની સમિતિ ચન્દ્રનગર અથવા રાસબિહારીના જૂથ

સાથે પૂરેપૂરી ભળી ગઈ હતી અને આ સંમિશ્રણ યુરોપી મહાયુદ્ધ પૂર્વે ઘણા વખત પર થયું હતું. હું જાણું છું ત્યાં સુધી કહી શકું છું કે ગુણ ને દોષ બંને વિચારતાં પણ ઢાકાની સમિતિ બંગાળાની બીજી સર્વ મંડળીઓ કરતાં શ્રેષ્ઠ હતી. એના જેવડું મોટું બળવા મંડળ બીજી કોઇ પણ સમિતિનું નહોતું—બંગાળામાં કે બહાર પણ. પૂર્વ બંગાળા અને ઉત્તર બંગાળાના લગભગ બધાય જીલ્લામાં એની શાખાપ્રશાખાઓ હતી. સંખ્યા અને વિસ્તારમાં બંગાળામાં સૌ કોઈ કરતાં પહેલો નંબર એનો હતો એ તો સૌ કોઇ માને છે. પણ પશ્ચિમ બંગાળના બળવા—આગેવાનો પૂર્વ બંગાળના જૂથને ઓછું બુદ્ધિશાળી માનતા ને તેના પ્રત્યે અવિશ્વાસની નજરે ભાળતા.

પશ્ચિમ બંગાળના જુવાન બળવાખોરો પોતાને પૂર્વના તેવા જુવાનો કરતાં વધારે સંસ્કારી અને સુશિક્ષિત સમજતા. એ શિવાય ઢાકાની અનુશીલન સમિતિ પ્રત્યે બંગાળાની બીજી મંડળીઓ અદેખાઇથી જોતી, કેમકે પોતે ઘણી નાની હતી. આવા બધા કારણથી ચન્દ્રનગર અથવા રાસબિહારીના મંડળ શિવાય બંગાળાનું બીજું કોઈ મંડળ ઢાકા સાથે ભળવા રાજી નહોતું. માનવીમાં અહંકાર ભારે ભયાનક વસ્તુ છે. મનુષ્યને ઉંચે આણવામાં એ જેમ મદદ કરે છે તેમ નીચે પાડવામાં પણ એનોજ ફાળો મોટો છે. અહંકારને સંયમમાં રાખવાનું કામ ઘણુંજ મુશ્કેલ છે. દુનિયામાં ઠેર ઠેર એને લીધે ભારે અનર્થો થયા છે. બંગાળામાં જુદા જુદા જૂથો મળીને એક મોટું વિરાટ જૂથ આમ ન થવા પામ્યું તેનું કારણ જુદા જુદા જૂથોના આગેવાનોની ક્ષુદ્ર ગર્વબુદ્ધિજ હતી. ને બંગાળનું કોઇ જૂથ બીજાની સાથે ભળવાનો પ્રયત્ન પણ નહોતું કરતું તથા કરે તો ફાવતું નહોતું તેનું કારણજ આ હતું. આથી બંગાળામાં ઘણાક નાના નાના જૂથો રહી જવા પામ્યા હતા. એમ કહીએ કે બંગાળામાં અનુયાયીઓ કરતાં નેતાઓ જ વધારે હતા તો ચાલે! બંગાળામાં

દશેક જુવાનો ક્યાંક પણ ભેગા થયા કે એકાદેક નેતા તો તેમાંથી ઉભો થયોજ છે, અને નેતા થયા પછી તે બીજા જૂથ સાથે ભળવાનું કબુલેજ શાનો? આનું મુખ્ય કારણ એ છે કે આ આગેવાન કહેવડાવતાઓ એમ વિચારતા કે આ પ્રમાણે બીજા જૂથો સાથે ભળવાથી અમારી સ્વતંત્રતા નાશ પામી જશે. મારૂં માનવું છે કે બંગાળાના જુદા જુદા જૂથના આગેવાનો આવા ખ્યાલથીજ ઢાકા સાથે ભળતા ન હતા. તેઓ વિચારતા કે એવા મોટા જૂથમાં ભળવાથી અમારૂં ક્ષુદ્રત્વ બહાર પડી જશે અને પછી આપણી મહત્તા બિલ્કુલ નહિ જળવાય. મેં ઘણીયે વાર એવા મંડળોને ઢાકા સાથે ભેળવવા પ્રયત્ન કરેલો, પણ ફોગટજ. બીજુંયે એક કારણ હતું. એ જુદા જુદા જૂથોને આકર્ષી શકે એવો કોઈ મોટો પ્રતિભાવાન શક્તિશાળી પુરૂષ નહોતો, જેની મોહિની શક્તિ બધાને એકાકાર કરે.* ને તેવો કોઈ હોત તોયે બંગાળમાં એ જાતની એકસંપી થઇ શકત કે કેમ એ તો શંકા ભરેલુંજ છે.

ગમે તે કારણ હોય, બંગાળાના લગભગ બધા જૂથો ઢાકા પ્રત્યે અણગમો રાખતા. કદાચ પૂર્વ બંગાળાની અનુશીલન સમિતિના લગભગ બધા સભ્યો એમ માનતા હશે કે અમારા જેવું શક્તિમાન જૂથ કોઇ નથી. પશ્ચિમના જૂથોને પણ ઢાકા પ્રત્યેજ પ્રેમ નહોતો. ઢાકાની સમિતિના સ્થાપક પુલિન બાબુ હતા અને પુલિન બાબુ સ્વભાવે ભારે જોહુકમી હતા.

પુલિન બાબુને ખરેખરજ બીજાઓ સાથે મળી કામ કરવા તરફ વલણ નહોતું. એમનું મહત્વ જ્યાં જરા પણ ઘટી જતું લાગે ત્યાં એમનાથી ભાગજ લેવાતો નહિ. આ બાબતમાં પુલિન બાબુ

* આ મુદ્દો સ્વામી વિવેકાનંદના ભાઇ ડૉ૦ ભૂપેન્દ્રનાથ દત્તે 'બંગાળાનો બળવો'માં સારી પેઠે સ્પષ્ટ કર્યો છે. એ પુસ્તક ગુજરાતીમાં ગાંડીવે પ્રગટ કર્યું છે. હિં૦ રા૦ ૧।।

અને બારીન્દ્ર બાબુ બંને એક સરખી પ્રકૃતિના હતા. આ કારણસર પુલિનબાબુની હકુમતના ગાળામાં ઢાકાની સમિતિનો બીજી કોઇ સમિતિ સાથે મેળ બેઠો નહિ. અને ઘણુંખરું એમનેજ કારણે એ વેળાથી બંગાળાના બીજા જૂથો, ઢાકાના જૂથ તરફ જરા અસંતુષ્ટ રહ્યા કરે છે અને વખત જતાં તો આ અસંતોષની આગ ભયંકર સ્વરૂપ પણ ધારણ કરી લે છે. મૂળ તો હળીમળીને કામ કરવા માટે, તડજોડ કરવાની અને મળી સમજીને સહકાર આદરવાની તૈયારી હોવી જોઇએ અને તેનોજ પુલિનબાબુમાં ખાસ અભાવ હતો. પરંતુ પુલિનબાબુને જેલ મળ્યા પછી ઢાકાની સમિતિમાં એકછત્રી હકુમત કોઇની પણ ન રહી. ત્યારથી આ સંસ્થા મોટે ભાગે પ્રજાતંત્રની પદ્ધતિ પરજ રચાઈ ગઈ છે. બંગાળાના જુદા જુદા જૂથો ખાસ કરીને પોતપોતાના આગેવાનોના નામથીજ ઓળખાતાં: જેમકે યતીન્દ્રબાબુનું મંડળ, બિપિનબાબુનું મંડળ વિગેરે. પણ પૂર્વ બંગાળાની આ ઢાકા સમિતિનો કોઈ એક નક્કી આગેવાન ન રહેવાથી છેક છેલ્લે સુધી એ 'ઢાકા અનુશીલન સમિતિ'ના નામથીજ સંબોધાતી આવી છે. આ પ્રકારે મોટે ભાગે એકજ વ્યક્તિની આગેવાનીમાં ન રહેવાથી કંઈ એ મંડળ નબળું પડી ગયું હોય એમ બન્યું નથી. કેમકે જેટલી આંધી ને જેટલાં તોફાનો એ (ઢાકાની) સંસ્થા પર ગુજર્યાં છે, તેટલા તો બીજા કોઈ પણ મંડળ પર ગુજર્યાં નથી. વારંવાર ભારે આફતોમાં પડવા છતાં પણ આ મંડળે પાછું ને પાછું માથું ઉંચકયાજ કર્યું છે. પશ્ચિમ બંગાળાના લોકો પૂર્વ બંગાળાના ગમે એટલા દોષ ભલેને બતાવે, પણ મારી તો ખાતરી છે કે પૂર્વ બંગાળાના જુવાનો પશ્ચિમવાળા કરતાં તો વધારે સરળ, વધારે દૃઢ ને મજબૂત મનના હોય છે. પશ્ચિમ બંગાળાના લોકોમાં સન્નિષ્ઠા કંઈક ઓછી છે; અને સ્વદેશી યુગના ઇતિહાસ તરફ ભાળીએ તો જણાઇ આવે છે કે પૂર્વ બંગાળજ પશ્ચિમ બંગાળા

કરતાં હંમેશાં આગળ ને આગળ રહ્યું છે. પૂર્વ બંગાળાના જુવાનો બીજી બધી બાબતોમાં સારા છે, પરંતુ એક બાબતની એ લોકોમાં મોટી ખામી છે. તેઓ ઘણીક વાર ખટપટીયા માલુમ પડ્યા છે. વળી તેમનામાં સંકુચિત પ્રાંતભાવ પણ વધારે જોરાવર માલમ પડ્યો છે. ખેર, એ તો જે હોય તે. પુલિનબાબુની પછી ઢાકાના જે આગેવાન થયા તેઓ બરાબર સમજી ગયેલા કે દેશના જુદા જુદા જૂથો બરાબર એકાકાર ન બને, તો દેશનું કલ્યાણ નહિ થાય. આથી તેઓ દેશના બધા જૂથોની સાથે ભળવાને ખૂબ ઇંતેજાર હતા. પરિણામે બનતાં સુધી બારીસાલ કાવતરાં કેસને વખતેજ ઢાકાની મંડળી ચન્દ્રનગરની મંડળી સાથે મળી જાય છે. કાશીના જૂથને પણ આ ઢાકા મંડળીની મારફતજ રાસબિહારીના ઉત્તર ભારતના બળવા મંડળ સાથે પરિચય પડે છે. આમ અમારૂં મંડળ પૂર્વ બંગાળાથી માંડી ઠેઠ પંજાબ સુધી ફેલાઇને કામ કરતું રહ્યું. પંજાબની બળવાબાજીના સમાચારો પણ ઘણું ખરૂં આ ઢાકાની સંસ્થાની મારફતેજ બંગાળાના જુદા જુદા મંડળોમાં મોકલવામાં આવતા હતા. લાહોર દિલ્હી, ઢાકા, ચન્દ્રનગર, અને કાશીનાં મંડળો આમ લગભગ એકાકાર થઈ ગયેલા, પરંતુ આ વાત બંગાળાનાં બીજાં મંડળો એ સમયે બરાબર જાણી શક્યા નહતા. જે વેળા ડીફેન્સ ઓફ ઈંડીયા એક્ટ–હિંદ સંરક્ષણના કાયદાને લીધે કેટલાય હજાર જુવાનો કેવળ શક ઉપરથી વગર તપાસે જેલમાં નંખાયા, તે વેળા શક્તિહીન થવાથી બંગાળાના સર્વ પક્ષોએ પરસ્પર હળીમળીને એકત્ર કાર્ય કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી; અને કેટલોક સમય સુધી એ રીતે એકત્ર કામ જો ચાલુ રહ્યું હોત, તો તેનું પરિણામ કંઇક ન્યારૂંજ આવ્યું હોત. રાસબિહારી દેશ છોડી જતાં પહેલાં જ્યારે એકવાર કલકત્તાની પાસે આવેલા, ત્યારે તેમણે કલકત્તા વિભાગનાં જુદાં જુદાં મંડળોને એકત્ર થઇને કાર્ય કરવાની ભલામણ કરેલી.

પરંતુ કલકત્તાના કોઇ પણ મંડળે તે ભલામણ પર ધ્યાન આપ્યું નહિ; તેમ કશી દરકારે કરી નહિ. તેથી નિરાશ થઇને રાસુદાને એ વાત માંડી વાળવી પડી.

ગમે તેમ, રાસુદા પરદેશ ગયા તે પછી અમે આ પૂર્વ બંગાળાની સાથે પહેલાંની પેઠે હળીભળીને કામ કરવા લાગ્યા. રાસુદાના પરદેશગમનનો ખર્ચ રૂપિયા એક હજાર ઢાકાની સંસ્થા પાસેજ લેવાયો હતો. રાસુદાને પરદેશ મોકલ્યા, તે વેળા સુધી તો બંગાળાના બળવા મંડળોની શક્તિ જરા પણ ઓછી થઈ ન હતી. મતલબ એ વેળા બંગાળાના જુદા જુદા બળવા જૂથોની વચ્ચે હરિફાઈ ચાલતી હતી કે કયું જૂથ કેટલું કામ કરી શકે છે, ને બીજા જૂથને શરમાવી શકે છે. રાસુદાને પરદેશ મોકલીને 'અમે માનેલું' કે પરદેશથી હથિયારો મંગાવવાનો પ્રયત્ન સૌથી પહેલાં અમારાજ જૂથે આ કર્યો છે; પણ અમને માલમ નહોતું કે યતીન્દ્રબાબુના મંડળે પણ બરાબર એજ વેળા પોતાના માણસોને પરદેશ મોકલ્યા હતા. દેશમાં ભલેને અમે આમ છૂટું છવાયું કામ કરતા હોઇએ, પરંતુ પરદેશમાં તો બધાંજ મંડળો ભેગાં થઇ ગયેલા એમ જણાય છે.

આ વેળાની ઘટનાઓ મને બધી સારી પેઠે માલમ નથી; ને ખાસ કરી પરદેશમાં કયા પ્રકારે કામ ચાલતું હતું તેમાંથી તો મને ખાસ કંઇજ ખબર નથી. કેમકે રાસુદા પરદેશ ગયા પછી હું બે ત્રણ માસમાંજ પકડાઈ ગયો. તો પણ પૂર્વ બંગાળાવાળા ગિરિજાબાબુ જ્યારે નવેમ્બર ૧૯૧૫માં પકડાઇ કાશી આવ્યા, ત્યારે એમની પાસેથી મેં સાંભળેલું કે રાસુદાએ દેશમાં તુરતજ પાછા આવવાનો સંદેશો મોકલ્યો છે. એમની સાથે વાત એવી થયેલી કે પરદેશમાંથી બળવાનું કામ ચાલુ રાખવાને ઉપયોગી હથિયારો–ઓજારો મોકલ્યા પછીજ તેમણે દેશ આવવાનું છે, એટલે એમની "દેશ પાછા આવવાની" વાત સાંભળી અમને લાગ્યું કે અસ્ત્રશસ્ત્ર દેશમાં લાવવાનો

કંઈ પાકો બન્દોબસ્ત થઈ ચૂકયો છે. પરંતુ એજ વેળા એક વિશ્વાસપાત્ર સ્થળેથી મને ખબર મળી કે આ પરદેશથી હથિયારો લાવવાની વાત સરકાર બહાદુરને જણાઈ ગઇ છે, અને હિંદી કિનારાની આસપાસમાંજ એ ત્રણ હથિયારભર્યાં વહાણ પકડાઈ ગયાં છે. પછી તો રાઉલાટ કમિટીના હેવાલમાં મેં ઘણી ઘણી વાતો વાંચી. ગયા બળવાયુગના ઇતિહાસનો આ ભાગ શ્રી. નલિનીકિશોર ગુહના રચેલા બંગાળી પુસ્તક "બાંગલાય બિપ્લવવાદ"માં સારી પેઠે ચરચાયો છે. વિપ્લવ યુગના આ ભાગને હું નલિની બાબુના ગ્રંથમાંથીજ ઉતારી વાંચકો આગળ રજુ કરીશ.

(૧૧)

પરદેશમાં હિન્દી બળવા મંડળ

હિન્દી બળવાબાજીને સફળ કરવા સારૂ પરદેશી રાજસત્તાઓની મદદ ઘણીજ જરૂરી છે એ વાત હિંદના લગભગ બધાજ વિપ્લવવાદીઓ સ્વીકારતા. તેઓ જાણતા હતા કે દુનિયામાં ઇંગ્રેજોના જે ઘણાએક શત્રુઓ છે, તેઓ સંજોગ ને સગવડ મળેથી ઇંગ્રેજો વિરૂદ્ધ હિન્દને મદદ કરવામાં પાછી પાની કરે તેમ નથી. અને જો હિંદમાં જોઇયે તેવા આગેવાનો નીવડી આવે તો તેઓ એવી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઉભી કરી શકે, જેની દ્વારા પૃથ્વીના મહાન ને શક્તિશાળી સામ્રાજ્યોના આપસઆપસનાં દ્વેષ ને અદેખાઇનો ઉપયોગ કરી તેઓ હિન્દને સ્વતંત્રતાને શિખરે કદાચ પહોંચાડી પણ શકે.

દુનિયામાં એવા દાખલાઓનો અભાવ નથી, જેમાં પ્રબળ રાજશક્તિઓની માંહોમાંહેની લડવાડોને લીધે ઓચિંતો નબળો ને

દુબળી પ્રજાઓનો કોઈ સિતમગારોના પંજામાંથી મોક્ષ થઈ ગયો હોય; અને જુના જમાના કરતાં આજે વધારે સ્પષ્ટ અને નિઃસંશય-પણે કહી શકાય છે કે જગતમાં એવો કોઇપણ દેશ નથી, જેનાં ચડતી પડતી કે શુભાશુભ સાથે દુનિયાના અન્ય દેશોને કોઈ પણ જાતનો સંબંધ કે સ્વાર્થ ન હોય. આ જ કારણથી ભારતના વિપ્લવ-વાદીઓની દૃષ્ટિ પ્રથમથીજ અન્ય દેશો તરફ આકર્ષાઈ હતી. તેઓ એમ પણ સારી રીતે જાણતા હતા કે ભારતનું બળવા મંડળ ઉપર કહેલી રીતે બળવાન ન થાય, તો તેનાથી પરદેશીઓની સહાય લઇ નહિ શકાય; અને આ રીતે જ્યાં કોઇ સહાય લેનાર નહિ હોય ત્યાં સહાયકો શું કરી શકે? બળવાનોની સહાય અને અત્યાચારમાં કેવો અને કેટલો ભેદ રહેલો છે, તે ભારતના બળવા-વીરો સારી રીતે સમજતા હતા. અને આ કારણને લઇનેજ જ્યાં સુધી દેશમાં (બળવો જગાડવા જેટલી) શક્તિ ન હતી, ત્યાં સુધી દેશના બળવામંડળે પરદેશો તરફ નજર દોડાવી ન હતી.

પરંતુ જો બળવાવીરોએ બળવાની ભાવના પ્રકટતાં વેંતજ પરદેશોની સહાય અને સહકાર માટે યત્ન શરૂ કર્યો હોત, તો ગયા જર્મન યુદ્ધના પ્રસંગે તેમને થોડી ઘણી સફળતા મળી હોત-એ સહજે સમજી શકાય એમ છે. ભારતના બળવા મંડળમાં કોઈ દૂરદર્શી અને પ્રતિભાવાન પુરૂષ નહિ હોવાના કારણે દેશને સ્વા-તંત્ર્યને માટે વખતસર તૈયાર ન કરી શકાયો, તેમજ ક્યારથી પરદેશો સાથે સંબંધની ગાંઠથી બંધાવું તે પણ નક્કી ન થઇ શક્યું.

ભારતના બળવાવીરોમાં સૌથી પ્રથમ શ્યામજી કૃષ્ણવર્મા પરદેશ ગયા હતા. તેમણે પરદેશોમાં વસતા હિંદી યુવાનોને પોતાના સંસર્ગમાં લાવી, તેમને વિપ્લવ-ધર્મની દીક્ષા આપવી શરૂ કરી. ઇ. સ. ૧૮૯૫ના ડિસેમ્બર માસમાં બળવાની ભાવનાનો બહોળો પ્રચાર થાય એ હેતુ લક્ષમાં લઇ, તેમણે 'દેશ પરદેશમાં ફરી-સ્વતંત્રતાની

દીક્ષા આપવા જેટલી યોગ્યતા પ્રાપ્ત કરનાર છ હિંદી-યુવાનોને ઉત્તેજનાર્થે હું છ હજાર રૂપીઆ આપીશ,' એવી ઇચ્છા જાહેર કરી. આ વખતે એસ. આર. રાણા નામના પારીસમાં વસતા એક ગુજરાતી સજ્જને * શ્રી. સ્યામજીને પત્ર લખી જણાવ્યું કે ત્રણ હિંદી-યુવાનોને હું છ હજાર રૂપિઆ ગાડીભાડા પેટે આપીશ. અને આ મદદ સાથે શિવાજી, પ્રતાપ અને કોઇ દેશપ્રેમી મુસલમાન રાજાનાં નામ જોડવામાં આવશે. તેમનો ઉદ્દેશ આવી રીતે ભારતના શિક્ષિત નવયુવાનોને પરદેશીઓના પરિચયમાં લાવીને તેમને ક્રિયાત્મક રૂપે બળવાની ભાવનાનું શિક્ષણ આપવાનો હતો. પરન્તુ તેમની આ પ્રવૃત્તિથી કંઈ પણ વધારે કાર્ય થઇ શક્યું કે નહિ, તેની મને ખબર નથી.

ઈ. સ. ૧૯૦૬માં વિનાયક દામોદર સાવરકર નામના એક પ્રતિભાવાન મહારાષ્ટ્રીય બ્રાહ્મણ બારીસ્ટર થવાને માટે લન્ડનમાં ગયા. તેમના આગમનથી સ્યામજી કૃષ્ણવર્માના કાર્યને ઘણોજ વેગ

---

*નૂતન ગુજરાત પત્ર તરફથી આ શ્રીયુત રાણા સંબંધે આટલી હકીકત મળી છેઃ શ્રી સરદારસિંહ રાણા પેરીસમાં છે. જર્મન સ્ત્રી પરણ્યા છે. તેઓ મૂળ કાઠીયાવાડના કંથારિયા ગામના અને જાતે રજપૂત છે. સ્વ. કવિ કલાપિના તેઓ સ્નેહી છે. તેમના પિતાનું નામ રવાભાઇ હતું. સરદારસિંહ અહિં બી. એ. થઇ બેરીસ્ટર થવા ઈ. સ. ૧૮૯૭માં ઇગ્લાંડ ગયા હતા અને ત્યાંજ રોકાઇ ગયા હતા. તેમને બે પુત્ર થયેલા. એકનું નામ રણજીત અને બીજાનું નટવર તેમાંથી રણજીત. પેરીસમાં મરણ પામ્યો હતો. મોડર્ન રિવ્યુના તંત્રી શ્રી રામાનંદ ચેટરજી બાબુ રાષ્ટ્રસંઘના આમંત્રણથી યુરોપ ગયા હતા ત્યારે પેરીસમાં તેઓ શ્રીયુત સરદારસિંહ રાણાને ત્યાંજ ઉતર્યા હતા.

અત્યારે તો આટલી હકીકત રાણા વિષે મળી શકી છે. રાઉલાટ રિપોર્ટમાં તો એમના વિષે નહિ જેવીજ હકીકત છે.

ન. વી.

મળ્યો. પરન્તુ તેમનાથી પણ કોઈ પરદેશી સત્તા સાથે સંબંધ જોડી શકાયો નહિ.

જ્યારે વિનાયક સાવરકર લંડનમાં રહેતા હતા, ત્યારે બંગાળાના સુપ્રસિદ્ધ સજ્જન હેમચન્દ્ર દાસ વિલાયત આવ્યા હતા. પરન્તુ હેમચન્દ્ર દાસનો ઉદ્દેશ બૉમ્બ અને વિસ્ફોટક પદાર્થ બનાવવાની વિદ્યા પ્રાપ્ત કરવાનો હોવાથી તેમનાથી પણ કોઈ પરદેશી સત્તા સાથે સંબંધ બાંધવા માટે પ્રવૃત્તિ થઇ ન શકી.

પંજાબના સુપ્રસિદ્ધ નેતા લાલા હરદયાળ પણ આ વખતે વિલાયતમાં હતા. બળવા–વીરોના પરિચયમાં આવ્યા બાદ તેમણે પણ આ બાબતમાં તેમનાથી બનતો સહકાર દેવો શરૂ કર્યો. છતાં કોઈ પરદેશી સત્તા સાથે સંબંધ જોડવાને તેમને પણ વિચાર ન ઉપજ્યો.

તે દરમીઆન બંગાળામાં સ્વદેશી ચળવળ ધમધોકારપણે ચાલતી હતી. તેના અશાન્ત યુવાનો તન, મન અને ધનથી સ્વાધીનતાની વેદીમાં પ્રાણાર્પણ કરવાની તૈયારીઓ કરતા હતા. અત્યાર સુધી કેવળ ધનિકોના પુત્રો બારીસ્ટર કે આઈ. સી. એસ. થવાને માટે અથવા તો વિલાયતનો ભોગવિલાસ જોવાને માટે દેશની બહાર જતા હતા; પરન્તુ બંગભંગની ચળવળથી દેશમાં જે નવજીવનની રોશની ઝગઝગી ઉઠી, તેને કારણે દેશ–સેવાની અનેરી ધગશથી પ્રેરાઈ શાન્ત, શાણા અને ભલા ગણાતા અનેક નવયુવકો અમેરિકામાં આવીને એકત્ર થયા. આ નવયુવકોમાંના શ્રી૦ તારકનાથ દાસના નામથી તો આપણે સારી રીતે પરિચિત છીએ.

લંડનમાં કેટલાક દિવસ કાર્ય કર્યા બાદ શ્યામજી કૃષ્ણવર્માને ફ્રાંસ નાસી આવવાની ફરજ પડી. આ વખતે પારીસમાં મૅડમ કામા નામની વીર રમણી વસતી હતી, તે હિંદના બળવાવીરો તરફ હાર્દિક સહાનુભૂતિ ધરાવતી હતી.

લાલા હરદયાળ પણ આ પછી એક વખત દેશમાં પાછા

આવી અમેરિકા તરફ ચાલ્યા ગયા. ત્યાં તેમણે કોઇ વિશ્વવિદ્યાલયમાં હિંદુ દર્શનશાસ્ત્રોના અધ્યાપક તરીકે કેટલોક સમય કાર્ય કર્યું. તારકનાથ દાસ પણ સદ્‌ભાગ્યે ત્યાંના બીજા કોઈ વિશ્વ વિદ્યાલયમાં અધ્યાપક તરીકે નીમાઈ ચૂકયા હતા. તેમના સિવાય એક બંગાળી યુવાન પણ અમેરિકામાં અધ્યાપક તરીકે કાર્ય કરતો હતો. આ યુવાન 'બંગાળાનો વિપ્લવવાદ'માં જણાવેલો સુરેન્દ્ર હતો કે અન્ય કોઈ હતો, તે હું કહી શકતો નથી. અમેરિકામાં "ઘદર" દળ સ્થપાયા બાદ થોડા દિવસ પછી લાલા હરદયાળ અને એ બંગાળી અધ્યાપકે તે વખતના અમેરિકાના પ્રમુખની મુલાકાત લીધી અને તેમને ભારતવાસીઓને યુદ્ધકળા શીખવવાની બાબતમાં અને બીજા કેટલાક વિષયમાં પૂરતી અનુકૂળતા કરી આપવા માટે પ્રાર્થના કરી; પણ પ્રમુખ મહોદયે તેમની પ્રાર્થના સ્વીકારી નહિ. અહિંથી નાસીપાસ થતાં તેમણે બીજી એક રાજસત્તાની મુલાકાત લીધી, ત્યાં તેમને સફળતા મળી. આ બનાવનો "પંજાબનું પ્રચંડ કાવતરૂં ભાગ બીજામાં" ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ અમેરિકાના આ બળવા મંડળને ભારતના બળવા મંડળ સાથે કશોયે સંબંધ ન હતો, એ સાચું છે.

આ વખતે બંગાળાની બળવા સમિતિ તરફથી એક યુવાનને બર્લિન મોકલવામાં આવ્યો; પણ તેનાથી જર્મન* સરકાર પર કોઈ જાતની છાપ પાડી શકાઇ નહિ. વિદેશી રાજ્યસત્તા પર પ્રભાવ પાડવા માટે જે યોગ્યતા અને ચારિત્ર્ય બળની જરૂર હતી, તેનો આ યુવાનમાં અભાવ હતો.

ગમે તેમ હોય, પણ અમેરિકાની કોઈ રાજ્યશક્તિ સાથે ભારતના બળવાવીરોએ સંબંધ જોડયો કે તરતજ યુરોપમાં મહાન વિગ્રહ શરૂ થયો. આના પરિણામે લાલા હરદયાળ, તારકનાથ દાસ ઈત્યાદિ

*જર્મની સાથે સંધિ કરીને બ્રિટીશ સામ્રાજ્યને ઉથલાવી પાડવાના થયેલા પ્રયાસની હકીકત 'બંગાળાનો બળવો'માંથી મળશે. રૂા. ૧ા ગાંડીવ

અમેરિકાનો ત્યાગ કરી યુરોપમાં નાસી આવ્યા. આ રીતે બળવા માટે તેમણે ઘડેલી સુંદર યોજના આમ એકાએક નિષ્ફળ ગઈ!

લાલાજી પ્રથમ કૉન્સ્ટેન્ટિનોપલ આવ્યા અને પછી જીનીવા થઇ બર્લીન ખાતે આવી પહોંચ્યા. આ રીતે તેઓ યુરોપમાં વસતા ભારતના કેટલાક બળવાવીરોના પરિચયમાં આવી શક્યા.

ગયા મહાન યુરોપી વિગ્રહની શરૂઆતમાંજ અલીગઢ જીલ્લાના સમૃદ્ધ જમીનદાર શ્રી. મહેન્દ્રપ્રતાપસિંહ સ્વીટ્ઝરલૅંડ જઇ પહોંચ્યા. જીનીવામાં લાલા હરદયાળની તેમની સાથે મુલાકાત થઈ. અને તે પણ તેમની સાથે બર્લીનમાં આવ્યા. આ રીતે મહેન્દ્રપ્રતાપ ભારતના બળવા મંડળમાં જોડાયા.

લાલા હરદયાળને આ રીતે યુરોપમાં આવવાનું થતાં અમેરિકાના બળવા મંડળોનો બોજો રામચંદ્ર નામના સજ્જનને માથે આવી પડયો.

આ પહેલાં પણ યુરોપમાં ભારતવાસીઓનું એક બળવા મંડળ અસ્તિત્વ ધરાવતું હતું. તેના ડૉ. ચક્રવર્તી અને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય પ્રમુખ હતા.

આ વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય શ્રી. અઘોર ચટ્ટોપાધ્યાયના પુત્ર થાય. દેવી સરોજિની નાયડૂ અને 'શમા' પત્રિકાની હાલની સંપાદિકા શ્રીમતી મૃણાલિની ચટ્ટોપાધ્યાય આ વીરેન્દ્રની બ્હેનો થાય છે. આ વીરેન્દ્રે રોમન કેથોલિક સંપ્રદાયની એક યુવતિ સાથે લગ્ન કર્યું છે. પતિ પત્ની બંને પોતપોતાના ધર્મમાં એટલાં બધાં ભક્તિભાવવાળાં છે, કે તે કારણે તેમને અલગ રહેવાની ફરજ પડી છે; છતાં ભારતના ઉદ્ધારને માટે થતી પ્રત્યેક પ્રવૃત્તિમાં તેમનો સંપૂર્ણ સહકાર છે, એ નિર્વિવાદ છે. આમ અલગ અલગ રહેવા છતાં તેમના પ્રેમમાં કોઈ જાતની ક્ષતિ પહોંચી નથી. હાલ પણ શ્રી. વીરેન્દ્ર * ચટ્ટોપા-

* શ્રી. વીરેન્દ્ર ચૅટરજી વિષે વધુ હકીકત 'બંગાળાનો બળવો'માં છે. રાજા મહેન્દ્રપ્રતાપની યોજના પણ તેમાં વર્ણવેલી છે.

ધ્યાયનો ખર્ચ તે યુવતિજ ઉઠાવે છે.

યુરોપી વિગ્રહ શરૂ થતાંની સાથે યુરોપ અને અમેરિકાનાં હિંદી બળવામંડળો એકત્ર થયાં અને તેમના પ્રતિનિધિઓએ જર્મન સરકારની સાથે હિંદમાં બળવો જગાડવા બાબત મસલત શરૂ કરી.

જર્મનીમાં જે હિંદી-બળવા-મંડળ એકત્ર થયું હતું, તેમાં હરદયાળ, તારકનાથ, બરકતુલ્લા, ચન્દ્રકુમાર ચક્રવર્તી, હેરમ્બલાલ ગુપ્ત, વીરેન્દ્ર સરકાર, મહેન્દ્ર પ્રતાપ અને ચમ્પક રામન પિલ્લૈ-આટલી વ્યક્તિઓ સામેલ હતી, એમ રાઉલેટ કમિટીનો રિપોર્ટ વાંચતા જણાઈ આવે છે. ચમ્પકરામન પિલ્લૈ સ્વીટ્ઝરલેન્ડના બળવામંડળના પ્રમુખ હતા.

પ્રથમ હરદયાળ આદિ કેટલાક સજ્જનોએ જર્મનીની બહાર સ્ટોકહોમ શહેરથી એક પત્રિકા પ્રકટ કરી. આ પત્રિકાનો ઉદ્દેશ યુરોપના દેશોની ભારતવાસીઓ તરફ સહાનુભૂતિ પ્રકટાવવાનો અને અંગ્રેજ સરકાર હિંદનું રાજ્યતંત્ર કેવી રીતે ચલાવે છે, તેનો તેમને પરિચય આપવાનો હતો. યુરોપ અને અમેરિકામાં આવા પ્રકારનું પ્રચાર કાર્ય કરવાની કેટલી બધી જરૂર છે, તેની હજુ પણ આપણા દેશનેતાઓને જરાયે ખબર નથી. જો તેમને આ વાતની ખબર હોત તો જરૂર તેમણે તે દિશામાં કંઇ ને કંઈ કાર્ય કરી બતાવ્યું હોત.

આ રીતે પોતાનો સ્વાર્થ સાધવાને માટે અંગ્રેજો કેટલા રૂપીઆ પ્રચાર-કાર્યમાં ખરચે છે, કેવા સારા સારા બુદ્ધિશાળી માણસો તેને આગળ ધપાવવા માટે રોકે છે તેમજ તે સર્વને યથાર્થ સહાય આપવા માટે કેવી કેવી યોજનાઓ ઘડે છે-આ સર્વનો આછો પણ ચિતાર આપણા દેશનેતાઓની દૃષ્ટિ સમક્ષ ખડો થયો હોય એમ જણાતું નથી. આને લઈને જ્યારે કોઈ ભારતવાસી પરદેશમાં પોતાના દેશને માટે સહાનુભૂતિ અને સત્કાર મેળવવા યત્ન કરે છે, ત્યારે આપણા દેશનેતાઓની અંગ્રેજ સરકારને વફાદાર રહેવાની ઘોષણાના પડઘા

પરદેશોમાં સંભળાતાં તેમના યત્નને નિષ્ફળતા મળે છે.

એક તરફ હિંદ વિરૂદ્ધ પ્રચારકાર્ય શરૂ થયું અને બીજી બાજુ શસ્ત્રબંધીના કાયદાનો સોટો ઉગામવામાં આવ્યો. ચીનના શાંઘાઇ શહેરમાં જર્મનીનો જે એલચી હતો, તેના પર અસ્ત્રશસ્ત્ર આપવા લેવાની સઘળી જવાબદારી નાંખવામાં આવી હતી. આ એલચી અમેરિકાના વૉશીંગ્ટન શહેરના જર્મન એલચીની સૂચનાનુસાર કાર્ય કરતો હતો. આ રીતે જર્મનીના રાજ્ય પ્રતિનિધિઓ અને યુદ્ધ–સચિવોની: મારફતે આખા ભારતમાં બળવાની આગ પ્રજ્વલિત કરવાની યોજના યુરોપ અમેરિકાના હિંદી બળવાવીરો ઘડવા લાગ્યા.

જર્મનીમાં ભિન્ન ભિન્ન વિશ્વવિદ્યાલયોમાં જે હિંદી યુવાનો વિદ્યાભ્યાસ કરતા હતા, તેમને યુરોપી વિગ્રહ ફાટી નીકળતાં જર્મન સરકારે કેદ કર્યાં હતા. પછીથી આ યુવાનોમાંથી કેટલાકને જોઇતાં સાધનો સાથે હિંદમાં બળવો જગાડવા માટે તેણે સ્વદેશ મોકલી આપ્યા. આટલું થયા છતાં ઘણું કરી યુરોપમાં વસતા હિંદી બળવાવીરો સાથે જર્મન સરકારને કશી વાતચીત થઇ નહોતી. આ પ્રમાણે જર્મનીમાંથી રૂપિયા લઈ જેઓ દેશમાં આવ્યાં તેમાંના ઘણાક તો એ નાણાં હજમ પણ કરી ગયા. એમાંથી ફક્ત બેએક જણાએ દેશમાં આવી બળવાવાદીઓની મુલાકાત લીધી. યુરોપનું મંડળ પહેલેથીજ જરા વિચારપૂર્વક ને સાવધ રહીને કામ કરતે તો આવી બધી વેરણખેરણ વસ્તુ સ્થિતિ ન નીપજત. રાઉલાટ કમિટિનો રિપોર્ટ વાંચવાથી તો નથી જણાતું કે યુરોપમાં એવું કોઈ મજબૂત બળવા મંડળ હોય. જે કંઈ યુરોપમાં થયું તે બધું કરનારા તો અમેરિકાના ઘદર મંડળવાળાજ હતા.

ગમે તેમ, જર્મન એક્ષપર્ટો–નિષ્ણાતો સાથે મસલત કર્યા કેડે ઠર્યું કે બ્રહ્મદેશ સરહદ પર બળવો કરવાની અભિલાષા ધરાવતા હિંદી–યુવાનોને તાલીમ આપવી અને તેમની દ્વારા પરદેશથી આણેલાં

અસ્ત્રશસ્ત્રો દેશના બળવાવીરોને પહોંચાડવાં અને આ રીતે આખા દેશમાં બળવાની આગ ફુંકવી. 'ઘદર' મંડળના જે શિખ સભાસદો દેશમાં આવ્યા હતા. તેમના જેવા કેટલાક શિખો અમેરિકા, ચીન મલયદ્વીપ ઇત્યાદિ દેશોમાં આ વખતે વસતા હતા. આ લોકો મારફતે બ્રહ્મદેશ પર આક્રમણ કરવાની યોજના હિંદી બળવાવીરો ઘડી રહ્યા હતા. આ વખતે જાવા, ફીલીપાઇન્સ, સીઆમ અને શાંઘાઈ ઈત્યાદિ સ્થળોએ હિંદી બળવાવીરો ઉપરાઉપરી દોડધામ ચલાવી રહ્યા હતા.

આ બાજુ જેમ 'ઘદર' મંડળ પરદેશમાં બળવાનું કાર્ય કરવા લાગ્યું, તેમ બહારના બળવા-મંડળને મળીને ભારતનું બળવા-મંડળ પણ શક્તિ અનુસાર બળવા માટે યથાર્થ તૈયારી કરવા લાગ્યું. ઈ. સ. ૧૯૧૫ના ફેબ્રુઆરીમાં યતીનબાબુના મંડળના ભોળાનાથ ચટ્ટોપાધ્યાય બૅંગ્કોક ગયા. પરન્તુ તેમનાથી આ કાર્ય કેટલું આગળ ધપ્યું એ કહી શકાય નહિ. યતીન્દ્રનાથ લાહિડી નામનો એક યુવક યુરોપ આવ્યો ત્યાર પછી તેમની સૂચનાનુસાર યતીનબાબુના મંડળવાળા નરેન્દ્રનાથ એપ્રિલ માસમાં પ્રથમ બટેવીઆ (જાવા) ગયા. રાસબિહારી આ વખતે શાંઘાઈમાં હતા. તેમનું મૂળ કાર્ય હવે શરૂ થયું. બટેવીઆ (જાવાની રાજધાની) અને બૅંગ્કોક (સીઆમની રાજધાની) બંને સ્થળે બળવાવીરોનું કાર્ય જર્મનીના પરદેશ ખાતાના મુખ્ય વજીર અને 'ઘદર' પક્ષના સંયુક્ત સહકારથી ચાલતું હતું. બટેવીવીઆના 'ઘદર' મંડળ સાથે બંગાળાના બળવામંડળનો સંબંધ આ વખતે જોડાઇ ચૂકયો હતો.

ઇ. સ. ૧૯૧૫ ના એપ્રિલની એકવીસમી તારીખે કેલીફોર્નીઆના સાનપેડ્રો બંદરમાંથી 'મૈવરિક' નામનું એક વહાણ ભારત તરફ આવવાને નીકળ્યું. આ વહાણ પહેલાં સ્ટેન્ડર્ડ ઑઇલ કમ્પનીનું તેલ લાવવા લઈ જવાનું કાર્ય કરતું હતું, અને પછીથી તેને

સાન્ફ્રાન્સીસ્કોની એક જર્મન કમ્પનીએ ખરીદી લીધું હતું. આ વહાણ ઉપડતી વખતે તેમાં સર્વ મળીને પચીસ કામદારો અને પાંચ નોકરો હતા. એ લોકો પોતાને ઇરાની કહેવડાવતા હતા; છતાં વસ્તુતઃ તેઓ હિંદી હતા. સાન્ફ્રાન્સીસ્કોમાં વસતા જર્મનીના પરદેશ ખાતાના પ્રધાન અને બળવા મંડળના સહારથી રામચંદ્ર—એ એની મહેનતથી તેને મોકલવામાં આવ્યું હતું. યોજના એવી ઘડવામાં આવી હતી કે આ વહાણને "ઍની લાર્સન" નામનું એક બીજું નાનું વહાણ જોઈતાં અસ્ત્રશસ્ત્રાદિ સાધન સાથે રસ્તામાં મળવાનું હતું, તેમાંથી તેને ઉપરોક્ત સાધનો લેવાનાં હતાં. પરન્તુ મુકરર કરેલા સમયે "ઍની લાર્સન" "મૈવરિક"ને રસ્તામાં ન મળી શક્યું, તેથી હતાશ થઈ તે થોડા હિંદીઓ અને જર્મન કારીગરોને લઈને બટેવીઆ આવી પહોંચ્યું. બટેવીઆના ડચ અધિકારીઓએ "મૈવરિક"ની ઝડતી લીધી; પણ તેમાંથી કોઈ તોફાની વસ્તુ નહિ મળી આવવાથી તેને આખરે છોડી દીધું. બીજી બાજુએ જુન મહિનાની આખરે ઍની લાર્સન અસ્ત્રશસ્ત્રાદિ સાધનો સાથે વૉશિંગ્ટન પહોંચ્યું. પરન્તુ તે અમેરિકાની સરકારની ચુંગાલ હેઠળ આવતાં તેનાં સઘળાં લડાયક સાધનો જપ્ત કરવામાં આવ્યાં. વૉશિંગ્ટનના જર્મન એલચીએ આ વસ્તુઓ પાછી મેળવવા માટે દાવો માંડ્યો; પણ અમેરીકાની સરકારે તે દાવો સાંભળવાની સ્પષ્ટ ના પાડી. છેવટે "મૈવરિક" બટેવીઆથી નીકળી અમેરિકા આવ્યું, તેમાં એમ. એન. રૉય પણ હતા.

હેન્રી એસ. નામનું એક વહાણ અસ્ત્રશસ્ત્રો સાથે મનીલા સુધી આવી પહોંચ્યું, પરન્તુ ત્યાંના ફીલીપાઈન અધિકારીઓએ એ સર્વ વસ્તુઓને એકદમ જપ્ત કરી લીધી. આ વહાણમાં બોહેમ નામનો એક જર્મન સેનાપતિ હતો, તેણે બર્માની નજીકના કોઈ પ્રદેશમાં બળવાખોરોને યુદ્ધવિદ્યા શીખવવાનું માથે લીધું હતું, એમ કહેવાય છે. તેને સિંગાપુર ખાતે પકડવામાં આવ્યો. જાવાના જર્મન એલચી

સાથે મસલત કરીને મૈવરિકનાં સઘળાં અસ્ત્રશસ્ત્રો બંગાળામાં રાયમંગળ આગળ ઉતારી નાંખવાનો નરેન્દ્રનાથે નિશ્ચય કર્યો હતો. આ નિર્ણયને અમલમાં મૂકવા માટે સર્વ પ્રકારની તૈયારી થઈ ગઈ હતી; પણ મૈવરિક આવ્યું નહિ. અને છેવટે ૧૯૧૫ના જુલાઈમાં અંગ્રેજ સરકાર આ સર્વ યોજના જાણી ગઈ, તેના પરિણામે હિંદમાં ઉપરાઉપરી ધરપકડો શરૂ થઇ.

આ પ્રમાણે નિષ્ફળતા મળ્યા છતાં ફરીથી પણ રાસબિહારીએ અસ્ત્રશસ્ત્રો મોકલવાની યોજના પ્રમાણે જોઇતાં યુદ્ધનાં સાધનો લઇ એક વહાણ આંદામાન મોકલી ત્યાંથી કેદીઓને મુક્ત કરવાના હતા. આ કેદીઓને લઇને બર્મા પર એકદમ છાપો મારવાનો હતો, અને બીજી બાજુએ તેવુંજ વહાણ હિંદના કિનારા પર આવવાનું હતું. બંગાળાના બળવાવીરોને મદદ આપવા માટે સાઠ હજાર ગીલ્ડર્સ (હૉલૅન્ડનો ચાંદીનો સિક્કો) લઈને એક ચીની સજ્જન હિંદ તરફ આવતો હતો, પણ તેને સિંગાપુર ખાતે પકડવામાં આવ્યો. તેની પાસેથી પીનાંગના એક બંગાળી ગૃહસ્થનું અને બે કલકત્તાના વતનીઓનાં સરનામાં મળી આવ્યાં. સિંગાપુરમાં અવનીંદ્ર મુકરજી નામનો એક બીજો પણ બળવાખોર પકડાઇ ગયો. એની નોંધપોથીમાંથી રાસબિહારીનું શાંઘાઈનું સરનામું મળી આવ્યું. આ ઉપરાન્ત શાંઘાઈ વસતા બે ચીનાઓ, ચંદ્રનગરના મોતીલાલ રાય, કલકત્તા, ઢાકા અને કુમિલ્લાના કેટલાક બળવા-વીરો અને શીખ ઇજનેર અમરસિંહ ઈત્યાદિના નિવાસ સ્થાનની સંપૂર્ણ માહિતી મળી આવી. શાંઘાઇમાં ઝડતી લેવામાં આવી, અને અવનીબાબુની નોંધપોથીમાં જણાવેલા સરનામાથી તે બે ચીનાઓની તપાસ થઈ. તેમની પાસેથી કેટલીક રિવૉલ્વરો અને કારતૂસો મળી આવ્યાં. 'હેન્રી એસ.' નામનું વહાણ અસ્ત્રશસ્ત્રો લઈ સીઆમમાં ઉપર્યુક્ત શીખ ઇજનેર અમરસિંહને ત્યાં આવે અને આ સાધનો થોડા પ્રમાણમાં તેમને ત્યાં સંતાડે, એ યોજ-

ના ઘણી સારી હતી. 'અમરસિંહને ફાંસીએ ચડાવવામાં આવ્યા છે.' એમ રાઉલેટ કમિટિનો હેવાલ કહે છે; પરન્તુ આ અમરસિંહની ત્યાર પછી આંદામાનમાં મેં મુલાકાત લીધી છે. એને ફાંસીની સજા થયેલી એ વાત સાચી છે, પણ પછીથી બીજા બળવાવીરોની જેમ એને પણ આ જન્મ કાળાપાણીની સજા ફરમાવવામાં આવેલી.

લડાઇનાં સાધનો લઈ જે થોડાંઘણાં વહાણો હિંદ તરફ આવતા હતાં, તેમાંથી એક વહાણને ડચ સરકારે આન્તરરાષ્ટ્રીય યુદ્ધના નિયમાનુસાર હસ્તગત કરી લીધું હતું; અને બીજા વહાણને અંગ્રેજોના લડાયક વહાણે આંદામાન નજીક ડૂબાવી દીધું હતું. ત્રીજા વહાણનું શું થયું, એ હું કહી શકતો નથી. આ દરમીઆન યતીન-બાબુના મંડળનો એક યુવાન શાંઘાઇ આવ્યો; પણ તે તરતજ પકડાઈ ગયો.

આ રીતે બળવો જગાડવાની ત્રીજી યોજના પણ વ્યર્થ ગઈ! ગત યુરોપી યુદ્ધ શરૂ થયા બાદ દોઢ વર્ષ સુધી હિંદની બહાર જવા આવવામાં કોઇ ખાસ મુસ્કેલી જણાતી નહિ. પરન્તુ જ્યારથી બ્રિટીશ સરકારને બળવાની આ સઘળી યોજના સમજાઈ, ત્યારથી પરદેશ આવવા જવા માટે કેટલાક સખત નિયમો ઘડાયા. આ જ કારણે અસ્ત્રશસ્ત્રો સાથે મોકલેલું વહાણ સરકારની ચાલાક દૃષ્ટિમાંથી છટકી શકયું નહિ. આ ઉપરાંત જર્મનોને પણ પશ્ચિમની સરહદ તરફ એટલું બધું ધ્યાન આપવાની ફરજ પડી, કે તેઓ હિંદ તરફ બરાબર ધ્યાન આપી શકયા નહિ. ભારતના બળવાવીરો પોતાના મંડળના અસ્તિત્વનો આછો સરખો યે પરચો ન આપી શકયા, જેથી અન્ય રાજ્યશક્તિઓનું ધ્યાન તેમના તરફ સ્વાભાવિક રીતેજ ખેંચાય. જો યુદ્ધની શરૂઆત થયા પહેલાં અગાઉથીજ બળવા માટે આ બળવાવીરોએ તૈયારી કરી હોત, તો તેમને ઘણે અંશે સફળતા મળી હોત, એ સહેજે કહી શકાય એમ છે.

જે લોકો એમ વિચારે છે કે રાજાસત્તાક રાજ્યો પાસે સહાયને માટે હિંદી બળવાવીરોએ આશા રાખી હતી, તેથી તેમને નિષ્ફળતા મળી, તેમણે જાણી લેવું ઘટે છે કે, આ પ્રજાસત્તાક રાજ્યોના એકમેક સાથેના કલહને લઇનેજ બૂરી અવસ્થા ભોગવવા છતાં ચીન અત્યાર સુધી પરતંત્ર નથી થઈ શક્યું; તેમજ અફઘાનિસ્તાન, તુર્કસ્તાન ઇત્યાદિ દેશો આ ભિન્ન ભિન્ન રાજ્યશક્તિઓની સહાનુભૂતિ અને સહાય મેળવી ધીમે ધીમે ઉન્નત થતા જાય છે. ગયા બોઅર યુદ્ધમાં જર્મનોએ બોઅરોને યુદ્ધનાં સાધનો પૂરાં પાડી ઓછી મદદ નથી કરી. તેમજ ગયા યુરોપી વિગ્રહને લઇને તુર્કસ્તાનની દશા એકદમ સુધરી ગઈ છે. તે વખતે કમાલપાશાએ તુર્કી સરકારની વિરૂદ્ધ પડકાર કરી મિત્રરાજ્યોનાં સન્ધિપત્રોને અવગણવાની હિંમત ધરી હતી; કારણ કે તેને ફ્રેંચ લોકોની મદદ હતી. આજે વળી લોકોની મદદ પર આધાર ન રાખતાં–તદ્દન સ્વતંત્ર થવા ખાતર એંગોરા સરકાર અમેરિકાની ખુશામત કરી રહી છે.

મૂળ વાત એ છે કે જે માથું ઉંચું કરી ઉભો થાય તેને સહાય આપનાર ઘણા છે. પોતાનાજ બળના અભાવે આપણે પરતંત્રતા વેઠીએ છીએ.*

(૧૨)

બ્રહ્મદેશની કહાણી

હિંદીઓના પ્રયાસથી બ્રહ્મદેશમાં જે બળવાના પ્રયાસ થયા

---

* આ પ્રકરણ રાઉલાટ કમિટીના અહેવાલને આધારે લખ્યું છે. નલિનીબાબુની ચોપડી પર આધાર રાખી શકાયો નથી—લેખક.

તેની ઘણા વખત પૂર્વે પણ કેટલાક સ્વતંત્રતા પ્રેમી બ્રહ્મીઓએ બળવાની બાજીઓ રચેલી; ને એમનામાંના કેટલાય આંદામાનમાં સડતા હતા. લઢાઇ પત્યા કેડે તેઓ છૂટી ગયા. છતાં બ્રિટીશ સરકાર આ બધા બળવાપ્રયાસો તરફ બ્હીકની નજરે નહોતી ભાળતી. એનું કારણ એજ જણાય છે કે આવી ચળવળો કોઇ દેશવ્યાપી રાષ્ટ્રીય જાગૃતિને પરિણામે નહોતી ને તેથી તે એવી શક્તિમાન પણ બની નહોતી. પણ હિંદના બળવાવીરોના પ્રયત્નથી એ પ્રાંતમાં પણ બહુ મોટા પાયા પર બળવાની યોજના રચાઈ. રાઉલાટ અહેવાલમાં લખ્યું છે કે, "એમ છતાં હિંદની બળવા ચળવળ સાથે સંકળાયલી કાવતરાબાજીમાંથી બ્રહ્મદેશ પણ તદ્દન મુક્ત નહોતો. બ્રિટીશ સલ્તનતને ઉથલાવી પાડવાના અને લશ્કરી ટુકડીઓને ઉશ્કેરી મૂકવાના દૃઢ અને મજબુત પ્રયાસ ત્યાં પણ થયેલા."

આ મજબૂત પ્રયાસ કેવા પ્રકારના હતા, તેની કંઇક પિછાન આપું છું.

ગયા તુર્કી–ઇટાલી યુદ્ધ વેળા હિંદના મુસલમાનોએ જે મેડીકલ મીશન ઘાયલોની સેવા માટે તુર્કી મોકલ્યું હતું તેમાં ફૈઝાબાદ પાસેના અકબરપુરનો રહેનાર અલીઅહમદ સિદ્દીકી નામનો એક મુસ્લીમ તરુણ હતો. વાલીઓને કશી ખબર અંતર આપ્યા શિવાયજ એ મીશનમાં એ દાખલ થઇ ગયેલો ને હિંદનો કિનારો છોડ્યા કેડે ઘરના માણસોને એક કાગળ લખી નાંખેલો કે હું તો મેડીકલ મીશનમાં દાખલ થઈ તુર્કી જાઉં છું.

કામકાજને અંગે એને અનવર પાશા સાથે લગભગ ચાર મહિના સુધી રણમેદાનમાં રહેવું પડયું. તે વેળા એણે અનવર પાશાના જીવનની અનેક રસભરી–રહસ્ય ભરી કહાણીઓ જાણી. તુર્ક઼ઇટાલિ અને તુર્કગ્રીક લઢાઇ વેળા ઇંગ્રેજોની કૂટ નીતિ ને મુત્સદ્દીગિરીનો પરચો તુર્ક લોકોએ સારી પેઠે જોયેલો. એ મુત્સદ્દીગિરીની કહાણી,

તુર્કીનું ભાગ્યવિધાન ઘડનાર તરૂણ તુર્ક મંડળની વાત, કેવી રીતે એ તરૂણ મંડળ તુર્કીમાં પ્રથમ પ્રગટયું ને કેવી રીતે એણે તુર્કીમાં ચેતનનો સંચાર કરી બળવાબાજી રચી તેમજ કેવી રીતે અબ્દુલ હમીદ જેવા મજબૂત, જોરાવર ને ક્રૂર સુલતાનને પદભ્રષ્ટ કરી તુર્કીમાં નિયમાધીન રાજતંત્ર સ્થાપ્યું એ બધી વાતો રોજ ને રોજ અનવર પાશા પાસેથી જાણે સ્વપ્નમાં જોતો હોય તેમ અલી અહમદ સાંભળે. મુસ્લીમ જગતની આ વીર કથાઓ અને માનવીના ઉત્થાનનાં પ્રેરણાગીતો સાંભળી એનું હૃદય આનંદે નાચી ઉઠતું અને મુસ્લીમ જગતના ઉજળા ને ગરવા ભાવિનું ચિત્ર કલ્પી કલ્પી એમાંથી એ આનંદ પીતો. તુર્કીના એક મુખ્ય આગેવાન–યુરોપ ખંડમાં ડંકો વગડાવનાર સેનાપતિ, જે તુર્કીની આસમાની સુલતાનીના મુખ્ય આધાર રૂપ હતા તે–હિંદના એક સામાન્ય જુવાનિયા સાથે આમ દિલ ખોલીને નિખાલસ વાતો કરતા ત્યારે એ જુવાનની છાતી ગજ ગજ ફુલતી ને જોરથી ધડકતી; અને બીજીજ પળે જ્યારે હિંદની હીનદીન દશા ને રોજના અપમાનોની વાત એને સાંભરતી ત્યારે જાણેઅજાણે પણ ઘોર બ્રિટન વિદ્વેષ એના હૃદયમાં પ્રજળી ઉઠતો અને એની નસોમાં ધડધડાટ વહેતું લોહી એને ખેંચીખેંચીને બળવા મંડળોમાં ભળવા દોરતું.

પછી અલી અહમદ વગેરે કેટલાક હિંદી નવજુવાનોએ દેશસમસ્ત તુર્કી જોવાની ઇચ્છા પ્રદર્શિત કરી. ઠેર ઠેર રાજપ્રતિનિધિઓએ ભારે ધામધૂમથી અને બાદશાહી ઠાઠથી એમને દેશ બતાવ્યો. આમ દેશમાં ફરતાં ફરતાં જ્યારે શહેર શહેરમાં તુર્કી સ્ત્રી–પુરૂષો ભેળા થઈ જયજયકાર બોલાવી એને માન આપતા અને જ્યારે રાજમાર્ગની બંને બાજુએ ઝરૂખાઓમાં ઉભેલી સુન્દરીઓની ઉત્સુક દૃષ્ટિ અને એમને હાથેથી વેરાયલાં ફુલડાંની એમના ડીલ પર ઝડી પડતી ત્યારે હિંદુસ્તાન કરતાં સોગણો પ્રેમ એને તુર્કી પર ઉપજતો ને તેનેજ

પોતીકો દેશ ગણવાની તમન્ના ઉદ્‌ભવતી. સ્વદેશમાં ઇંગ્રેજોને હાથે જે ટપલા પડતા તેની સાથે તુર્કીમાં મળેલા આ માનની સરખામણી કર્યા વિના ન રહેવાતું. એમ ને એમ અલી અહમદને બળવાના મંત્રોની દીક્ષા મળી ને બીજા ઘણાક હિંદી મુસલમાનોની પેઠે અલી અહમદ પણ યંગ ટર્ક સોસાયટી–તુર્કી તરૂણ સંઘમાં દાખલ થઇ ગયો.

એજ તુર્કી–ઇટાલી યુદ્ધના ગાળામાં પંજાબનો એક બીજો જુવાન અબુ સૈયદની ભલામણ અને સૂચનાથી તરૂણ તુર્કી મંડળના સભ્ય તૌફીકએને સને ૧૯૧૬ માં રંગુન મોકલવામાં આવ્યો. રંગૂનના એક વેપારી અહમદ મુલ્લા દાઉદને તુર્કીના તૌફિકએનો સલાહકાર બનાવવામાં આવ્યો. યુદ્ધના પાછળના વખતમાં આ મુલ્લા દાઉદ તુર્કીના સલાહકાર રૂપે રંગુનમાં હતો.

બાલ્કન યુદ્ધની સમાપ્તિ પછી અને યુરોપી વિગ્રહની શરૂઆત થઈ ગયા બાદ અલી અહમદ દેશમાં પાછો આવ્યો અને થોડાક દિવસ ઘેર રહી પોતાની સ્ત્રીનાં ઘરેણાં વેચવાથી જે થોડા રૂપીઆ મળ્યા તે લઇને વેપાર કરવા રંગુન ચાલ્યો ગયો. કોન્સ્ટેન્ટિનોપલથી કાયમઅલી નામના એક હિંદી મુસલમાનને તરૂણ તુર્ક મંડળનો પ્રતિનિધિ બનાવી તુર્ક લોકોએ હિંદુસ્તાનમાં મોકલ્યો. કાયમઅલી અને અલી અહમદ બંને રંગૂનમાં અરસ્પરસ મળ્યા અને તુર્કીની આગેવાની હેઠળ તેમણે બ્રહ્મદેશમાં બળવો જગાડવાના શ્રીગણેશ માંડ્યા. થોડાક દિવસની અંદર તેમણે સ્થાનિક મુસલમાનો પાસેથી પંદરેક હજાર રૂપીઆનું આ કાર્યને માટે ઉઘરાણું કર્યું. આ સંબંધમાં કહેવું જોઇએ કે બંગાળાના ધનિકો ત્યાંના બળવાવીરોને આર્થિક મદદ નહિ આપતા હોવાથી ત્યાં અવારનવાર ચોરીઓ કરવી પડતી હતી.

એક તરફ જ્યારે પૅનઇસ્લામિક (વિશ્વ–ઇસ્લામી) મંડળના

મુસલમાનો બળવાની યોજના કરતા હતા ત્યારે બીજી તરફ અમેરિકાનું ઘદર મંડળ પણ શાંત થઇને બેઠું ન હતું. પ્રેમચંદ દામાજી નામનો એક ગુજરાતી સજ્જન કોઈ વખતે રંગુનથી અમેરિકા ગયેલો, તે ત્યાં જતાં વેંતજ 'ઘદર' મંડળમાં દાખલ થઈ ગયો. સૌથી પ્રથમ આ પ્રેમચંદની મદદથીજ બ્રહ્મદેશ 'ઘદર' પત્રિકા મોકલવામાં આવતી હતી. યુદ્ધના સમયમાં આ પત્રિકા ગુજરાતી, હિન્દી અને ઉર્દુ એમ ત્રણ ભાષાઓમાં પ્રગટ થતી હતી. યુરોપી યુદ્ધને લઇને બ્રહ્મદેશના કેટલાક મુસલમાનો બળવા માટે ખળભળી તો ઉઠયાજ હતા અને આ પત્રિકાના ઉત્તેજન કાર્યથી તો તેમનામાં બેવડું બળ આવ્યું. આ વખતે બલુચી પલટણના સૈનિકે તેના અંગ્રેજ ઓફીસરનું ખૂન કરી દીધું હતું તેના પરિણામે એ પલટણને યુરોપ ન મોકલાવતાં રંગૂન ખાતે રોકી રાખવામાં આવી હતી. રંગુનના મુસલમાનો 'ઘદર' પત્રિકાની સહાયથી આ પલટણમાં બળવાનાં બીજ વાવવા લાગ્યા. આનું પરિણામ એ આવ્યું કે એ પલટણ જાહેરમાં બળવો કરવાને માટે તૈયાર થઇ ગઈ. પરંતુ આ વાતનો માત્ર આછો ભાસ થતામાં તો તેના સેનાપતિઓએ તેને તરતજ શિક્ષા દેવી શરૂ કરી દીધી. બસો બલુચી સૈનિકોને હિંદની જૂદી જૂદા જેલોમાં પૂરવામાં આવ્યા.

આ સમયે સિંગાપુરમાં બે લશ્કરી થાણાં હતાં આમાંના એકની સાથે બ્રહ્મી મુસલમાન બળવામંડળે મિત્રાચારીનો સંબંધ બાંધ્યો. સિંગાપુરના કાસીમ મન્સુર નામના એક ગુજરાતી મુસલમાને રંગુનમાં વસતા તેના પુત્રને પત્ર લખ્યો હતો, તેમાં તુર્કીના રંગુન ખાતેના સલાહકાર પર પણ પત્ર બીડવામાં આવ્યો હતો. આ પત્રમાં લખવામાં આવ્યું હતું કે સિંગાપુરનું એક લશ્કરી થાણું બળવો જગાડી તુર્કીને મદદ કરવા તૈયાર છે અને આ વખતે તુર્કીનું એક લશ્કરી વહાણ સિંગાપુર ખાતે મોકલવામાં આવે—એ ખાસ યોગ્ય છે. આ પત્ર અંગ્રેજોના હાથમાં જઇ પડયો અને સિંગાપુરના તે

લશ્કરી થાણાને બીજે સ્થળે ખસેડવામાં આવ્યું.

આ વખતે અમેરિકાના 'ઘદર' મંડળના કેટલાક સભ્યો સિંગાપુરમાં આવી પહોંચ્યા હતા. તેમણે એક તરફથી સિંગાપુરના બીજા લશ્કરી થાણામાં બળવાનાં બીજ વાવવાં શરૂ કર્યાં અને બીજી તરફથી રંગુન તરફ પોતાનાં માણસો મોકલવા માંડ્યા. સન ૧૯૧૫ ની શરૂઆતમાં સોહનલાલ પાઠક અને હસનખાં નામના 'ઘદર' મંડળના બે સભ્યોએ બૅંકોકથી રંગૂન આવી ત્યાં પોતાનું થાણું જમાવી દીધું. આ સ્થળે કહેવું જોઇએ કે 'ઘદર' મંડળમાં મુસલમાનોને પણ દાખલ કરવામાં આવતા હતા; પરન્તુ મુસલમાન બળવામંડળમાં હિન્દુઓને માટે બિલકુલ સ્થાન ન હતું.

સિંગાપુરનાં લશ્કરી થાણામાં બળવાની ભાવનાનો પ્રચાર કરવાથી એ પરિણામ આવ્યું કે આ વખતે ખરેખરી રીતે બળવાની શરૂઆત થઈ ગઇ. જો કે અત્યાર સુધી સિંગાપુર અને પંજાબના બળવા–વીરો વચ્ચે કોઈ જાતનો સંબંધ ન હતો; છતાં આશ્ચર્યની વાત એ છે કે બંને મંડળો તરફથી બળવો જગાડવા માટે ૧૯૧૫ના ફેબ્રુઆરીની ૨૧ મી તારીખ નક્કી થઈ. આ ૨૧ મી ફેબ્રુઆરીને દિવસે સિંગાપુરના સૈનિકો ઘણા દિવસોના ગુલામી સંસ્કારો દૂર કરી જાહેરમાં (યુદ્ધ કરવાને માટે) અંગ્રેજોની સામે આવીને ખડા થઈ ગયા. એક અઠવાડીઆ સુધી સિંગાપુર હિંદીઓના હાથમાં રહ્યું. પરન્તુ સિંગાપુર હિંદની મધ્યમાં ન હોવાથી તેણે જગાડેલા બળવાના છાંટા દેશના ખુણે ખુણે ઉડી શક્યા નહિ. અને એક અઠવાડીઆ પછી રૂશિઆ, જાપાન અને બ્રિટનનાં લશ્કરી વહાણોએ તેને ઘેરી લીધું. આ એક અઠવાડીઆ સુધી હિંદી બળવાવીરોએ સ્થાનિક બ્રિટીશ સેના સાથે વીરતાપૂર્વક યુદ્ધ કર્યું; અને તેને હાર ખવડાવી. પરન્તુ ઉપર કહ્યા મુજબ લશ્કરી વહાણોથી એકાએક ઘેરાતાં બેએક દિવસ ટક્કર ઝીલ્યા બાદ છેવટે બળવાવીરોને નાસી

જવું પડયું. જે બળવાવીરો નાસી ગયા, તેમણે જંગલોમાં આશરો મેળવ્યો અને જેમનાથી ન નાસી શકાયું, તે કેદી બન્યા. સિંગાપુરથી બહાર નાસી જઇ છૂટકારાનો દમ લઈ શકાય, એવું કોઇ સ્થળ નહિ હોવાથી થોડા દિવસની અંદર લગભગ ઘણા ખરા બળવાવીરો પકડાઇ ગયા. 'સિંગાપુરમાં એક રમખાણ થયું'–એમ વિલાયતનાં પત્રોએ વાતો ઉડાવી; પણ સરકાર અને હિંદી બળવામંડળ બંને નિઃસંશયપણે સમજી ગયા કે બળવામંડળના દેશી સિપાઇઓને હાથ કરવા એ બહુ કઠિન વાત નથી.

સિંગાપુર ખાતે ઉપરની ઘટના બન્યા પછી એક બે બચી ગયેલા બળવાવીરો બ્રહ્મદેશ આવી પહોંચ્યા અને તેમણે ખરા હૃદયપૂર્વક દેશી સેનામાં બળવાની ભાવના જાગ્રત કરવા માંડી. એક તરફ બર્માની દેશી સેનામાં બળવાની ભાવનાઓનો પ્રચાર થતો અને બીજી તરફ સીઆમમાં જર્મનોની સહાયથી બળવાની યોજના ઘડાતી હતી. સીઆમના ઉત્તર ભાગમાં જર્મન ઈજનેરોની દેખરેખ હેઠળ એક રેલ્વે લાઇન તૈયાર થતી હતી. આ કામમાં રોકવામાં આવેલા મજુરો અને મિસ્ત્રીઓ મોટે ભાગે પંજાબી હતા. તેમની મદદથી આ રેલ્વે લાઇનની દિશા ઉપરથી બ્રહ્મદેશ પર આક્રમણ કરવાની યોજનાઓ ઘડાવા લાગી. આને માટે અમેરિકા, ચીન વગેરે દેશોમાં ભ્રમણ કરી ચૂકેલા શીખો અને પંજાબીઓ સીઆમની સરહદમાં એકઠા થવા લાગ્યા.

શિવદયાળ કપૂર નામનો એક શીખ અમેરિકાથી ભમતો ભમતો શાંઘાઈ આવ્યો. ત્યાંના એક જર્મને તેની મારફતે બૅંગકોકના જર્મન કોન્સલ–એલચી પર કેટલાક રૂપીઆ મોકલાવ્યા. આ રૂપીઆમાંના થોડા રંગુન તરફ જનારા શીખો પાછળ ખર્ચાયા અને બાકીના બંગાળાના એક વકીલની મારફતે બંગાળાના બળવાવીરોને પહોંચાડવામાં આવ્યા. કહેવાય છે કે આ બંગાળી વકીલે છેવટે

બળવાની બધી યોજના સરકારને જણાવી દીધી ! બળવાની તૈયારીઓ યુરોપી વિગ્રહ પહેલાં કરવી જોઇતી હતી, તે મોડી થતાં–વિગ્રહની શરૂઆતમાં થતાં, ઉતાવળને લઇને આવા નાલાયક માણસોને આ કાર્યમાં રોકવા પડ્યા હતા. આ વકીલ કોની ભલામણથી આ કાર્યમાં દાખલ થયો,* એની મને ખબર નથી. ગમે તેમ હોય, પણ આ રીતે પરદેશીઓ તરફથી રચાયેલી બળવાની યોજના નિષ્ફળ ગઈ. પરન્તુ બ્રહ્મદેશના બળવાવીરોએ ફરીથી એક વાર બળવો જગાડવાનો પ્રયત્ન કરી જોયો.

સોહનલાલ પાઠક અને નારાયણસિંહ–એ બંને જણા ફરીથી એક વાર બર્માની ભિન્ન ભિન્ન લશ્કરી છાવણીઓમાં જઇને સિપાઈઓના કાનમાં બળવાના મંત્રો ફુંકવા લાગ્યા. સોહનલાલ બ્રહ્મદેશના ગોલંદાજ સિપાઈઓની છાવણીમાં સરકાર વિરૂદ્ધ અપ્રીતિ ફેલાવવા લાગ્યા. સરકાર પક્ષમાં રહી પ્રાણની આહુતિ આપવામાં કોઈ જાતની સાર્થકતા નથી, એ તેમણે આ સિપાઇઓને સારી રીતે સમજાવ્યું, અને કહ્યું કે જો પ્રાણાર્પણ કરવું હોય તો તે સ્વદેશ કે સ્વધર્મને માટે થવું જોઇએ, જેથી આપણાં નામ ચિરકાળ કાયમ રહે. સિપાઇઓ તો કંઈ ન કરી શક્યા; પણ આખરે તેમના એક જમાદારે એક દિવસે સોહનલાલને પકડી લીધા. આ વખતે સોહનલાલ અને જમાદાર સિવાય ત્રીજું કોઈ તે જગ્યા પર ન હતું. સોહનલાલના પાયજામાના ગજવામાં તે વખતે બે ત્રણ રિવોલ્વરો અને કેટલીક ગોળીઓ હતી; પરન્તુ કોણ જાણે શાથીયે સોહનલાલે તેમની મદદથી તે પ્રાણઘાતક જમાદારના પંજામાંથી મુક્તિ મેળવવા પ્રયાસ સરખો યે ન કર્યો ! તે દિવસે આવી સ્થિતિમાં સોહનલાલના મુખમાંથી આ ઉદ્‌ગારો નીકળ્યા હતાઃ—" અરે ભાઇ, તું મને પકડાવી

* એ હકીકત 'બંગાળાનો બળવો' માં સમજાવીને આપેલી છે.

દેશે ? શું તું ભૂલી જાય છે કે હું તારો ભાઈ છું ? ભાઈ થઇને તું પકડાવી દેશે ? ભાઇને પકડાવી દેતાં શું તને કોઇ જાતનું દુઃખ નથી થતું ? ભાઇ થઇને ભાઇને પકડાવી દે તેવો તું કેવોક ભાઇ છે ?" પરન્તુ જમાદાર તો સોહનલાલને ખેંચીને ચાલવા લાગ્યો. સોહનલાલ બહુ બળવાન ન હતા; છતાં ગમે એવો બળવાન માણસ બીજા માણસને પૂરેપૂરી રીતે કબજે નથી કરી શકતો, એ વાત પણ સાચી છે. ખરી વાત એ છે કે આ સ્વાર્થથી અંધ બનેલા જમાદાર પર સોહનલાલે કોઇ પણ જાતનું શારીરિક બળ વાપર્યું ન હતું. આ રીતે અંગ્રેજોના પંજામાં આવવું પડશે, એનું તેમને સ્પષ્ટ ભાન હતું. ઇચ્છા હોત તો રિવોલ્વરની મદદથી તેમણે આ જમાદારને યમસદનમાં પહોંચતો કરી મુક્તિ મેળવી હોત! પણ કોણ જાણે શા કારણથી તેમણે મુક્તિને માટે કાંઈ પણ જાતનો પ્રયાસ ન કરતાં જમાદારને આધીન થવાનું યોગ્ય ધાર્યું!

સોહનલાલને કેદખાનામાં મોકલવામાં તો આવ્યા; પણ તે કેદના કોઇ કાનૂનોને માન આપતા નહિ. જેલના અધિકારીઓ જ્યારે જેલની મુલાકાતે આવતા ત્યારે સઘળા કેદીઓ ઉઠીને તેમને માન આપતા; પણ સોહનલાલ તેમ કરતા નહિ. તે કહેતા કેઃ— "હું જ્યાં સુધી અંગ્રેજોનું રાજ અન્યાય અને અત્યાચાર પર રચાયેલું જોઉં છું, ત્યાં સુધી કેવી રીતે તેણે ઘડેલા કાયદાઓને માન આપી શકું ?" જેલના સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબ અને જેલર જ્યારે સોહનલાલની સમક્ષ જતા, ત્યારે પણ તે તેમને માન આપવાને ખાતર ઉભા ન થતા. આ કારણને લીધે જ્યારે બ્રહ્મદેશના ગવર્નર સાહેબ સોહનલાલ જે જેલમાં રહેતા હતા, તે જેલની મુલાકાત લેવાને આવનાર હતા, ત્યારે જેલરે તેમને ગવર્નરના માનમાં ઉભા થવા માટે આજીજીભરી વિનતિ કરી; પણ સોહનલાલે તે સ્વીકારી નહિ. સાથે એટલું કહેવું જોઇએ કે દરેક માણસની સાથે તે

ગાણુસાઈભિયો વહેવાર કરવાને ચૂકતા નહિ. જે કોઈ તેમની સાથે વાતચીત કરવા માટે આવતું, તેનો તે સારી રીતે સત્કાર કરતા. કોઇ તેમની સાથે ઉભાં ઉભાં વાતચીત કરતું, તો તેઓ પણ ઉભા થઇનેજ તેની સાથે વાતચીત કરતા. જેલર આ વાત સારી રીતે જાણતો હતો. તેથી તેણે ગવર્નર સાહેબ ત્યાં આવે તે પહેલાં ઉભા ઉભા સોહનલાલ સાથે વાતચીત કરવી શરૂ કરી. સોહનલાલ આથી તેમના નિયમ પ્રમાણે જેલર સાથે ઉભા થઈ વાતચીત કરવા લાગ્યા. આ દરમીઆન જ્યારે ગવર્નર સાહેબ ત્યાં આવી પહોંચ્યા ત્યારે તેમના માનમાં તેમને ઉભા થવાની જરૂર રહી નહિ. આ રીતે જેલરે કુનેહથી પોતાની અને ગવર્નર સાહેબની મર્યાદા સાચવી લીધી!

ગવર્નર સાહેબે લગભગ બે કલાક સુધી સોહનલાલ સાથે વાતચીત કરી. ગવર્નર સાહેબે તેમને એક વખત ક્ષમા માગવાનું કહ્યું, જેથી તેમને મળેલી દેહાન્ત દંડની શિક્ષામાંથી તેમને મુક્ત કરવામાં આવે. ગવર્નર સાહેબને સોહનલાલે સ્પષ્ટ સંભળાવી દીધું કે "દેશમાં આજકાલ જે અન્યાય યા જુલમ પ્રવર્તી રહ્યો છે, તેનું મૂળ અંગ્રેજો છે. અંગ્રેજો કેવળ ડંડાના જોરથી આ દેશમાં ઘુસી જવા પામ્યા છે, અને કેવળ તેનીજ સહાયથી તે રાજ કરી રહ્યા છે. તેથી કરીને જો કોઇએ પણ ક્ષમા યા પ્રાર્થના કરવાની હોય તો તે ખુદ ગવર્નર સાહેબેજ કરવી જોઇએ." આ સઘળી વાતો સોહનલાલે ગર્વનર સાહેબને સારી રીતે સમજાવી દીધી.

• સોહનલાલને ફાંસીને માંચડે ચઢાવવામાં આવે, તે પહેલાં તેમને એક બ્રિટીશ ન્યાયાધીશે પૂછ્યું: "તમે જો એક વાર છેવટ મ્હોંડેથી માફી માગી લો, તો તમને આ દેહાન્ત દંડની શિક્ષામાંથી એકદમ મુક્તિ આપવામાં આવશે. તમને આને માટે વિનતિ કરવાની મને મારા ઉપરી તરફથી ખાસ સૂચના કરવામાં આવી છે." જીવન અને મરણની વચ્ચે ઝોલાં ખાતા સોહનલાલ સામે જેલના બધા અધિકા-

રીઓ એકીટસે જોવા લાગ્યા. સોહનલાલ મુંઝાવા લાગ્યા. તેઓ એકાએક ધીમે સ્વરે બોલી ઉઠ્યાઃ "ક્ષમા જો કોઇને માગવાની હોય, તો અંગ્રેજોએ અમારી ક્ષમા માગવી જોઇએ. હું તમારી પાસે ક્ષમાની યાચના કરૂં?" આ ગોરા અધિકારીએ તેમને ફરીથી પણ નાહક પ્રાણ ન ગુમાવતાં ક્ષમા માગવા વિનતિ કરી અને અનેક વાર આગ્રહ કર્યો તેથી છેવટે તે બોલ્યાઃ "જો તમે મને છૂટો કરી હું જ્યાં જવા ઇચ્છું ત્યાં જવા દો, તો હું માફી માગું." ગોરા અધિકારીએ દુઃખી થઇને કહ્યું કે તેવો કોઈ અધિકાર મારા હાથમાં નથી. સોહનલાલે કહ્યુંઃ "તો જરા પણ વાર ન કરતાં તમે તમારા કર્તવ્યનું પાલન કરો અને તેમ કરી મને મારા કર્તવ્યનું પાલન કરવા દો."

સોહનલાલ ફાંસીને માંચડે લટકયા!

બ્રહ્મદેશના મુસલમાનોએ ફરીથી પણ બકરીઈદના તહેવારોમાં બળવો જગાવવાની યોજના ઘડી. પણ આ યોજનાને અમલમાં મૂકવા જેટલી તૈયારીઓ નહિ થઇ શકવાથી બળવો જગાવવાની તારીખ પાછી હઠાવી ડીસેમ્બરની પચીસમી રાખવી પડી. બર્માના સિપાઇઓના નિવાસસ્થાનમાં રિવોલ્વર વગેરે ઘણી ચીજો પકડાઇ જતાં, સરકાર આગળથી ચેતી ગઈ. અને તેથી તેણે ડિફેન્સ ઓફ ઇન્ડીઆ ઍકટનો ઉપયોગ કરી બર્માના ઘણા ખરા શકમંદ માણસોને એકદમ નજરકેદ કરી દીધા. આ બનાવ બન્યા પછી બર્મામાં કોઈ જાતની પ્રવૃત્તિ થવા પામી નથી.

(૧૩)

પરિણામ

બળવાખીરોના બધા પ્રયત્નો વારંવાર આ રીતે નિષ્ફળ થતા ગયા, તેનું પરિણામ એ આવ્યું કે તેઓ દેશ પરદેશમાં જૂદી જૂદી રાજસત્તાઓથી હડધૂત થતા ગયા. સ્વદેશની વાત તો બાજુએ રહી; પણ પરદેશમાં તેમને એક જગ્યાએથી બીજી જગ્યાએ અવારનવાર નાસતા રહેવું પડયું. હિંદમાં ડિફેન્સ ઓફ ઇન્ડીઆ એકટની રૂએ જરા સંદેહ પડતાં યુવકોના ટોળેટોળાં કેદમાં પૂરી દેવામાં આવતાં. જેમની વિરૂદ્ધ જરા પણ સાક્ષી મળી, તેમનો અંગ્રેજ સરકારના રાક્ષસી પંઝામાં આવ્યેજ છૂટકો થતો. કેટલાકને ફાંસીના માંચડે ચઢાવવામાં આવ્યા અને કેટલાકને કાળાપાણીની સજા થઈ. પોલીસનો અત્યાચાર અને જેલનું કઠોરતાભર્યું જીવન ન સહી શકાયાથી કેટલાક યુવાનોએ આત્મહત્યા પણ કરી ! આ સર્વ કરૂણ કથાઓ સાંભળીને કેટલી યે નિર્દોષ માતાઓની છાતી ભેદાઈ ગઈ હશે ! ધીમે ધીમે બળવા–મંડળ છિન્નભિન્ન થઇ ગયું. તેમના આગેવાનોમાંના કેટલાકને ફાંસીએ ચઢાવવામાં આવ્યા અને કેટલાકને કાળાપાણીની સજા કરવામાં આવી. જ્યારે આવી રીતે બળવા–મંડળ છિન્ન ભિન્ન થઈ ચારે બાજુથી વિખરાઈ જવા લાગ્યું, ત્યારે સ્થળે સ્થળે તેને પોલીસ સાથે કેવી રીતે દાવપેચ રમવા પડ્યા, એ સર્વ વાતો બળવાના ઇતિહાસમાં કાયમનું સ્થાન મેળવશે.

પંજાબના બળવામંડળની ગંભીરતા અને વ્યાપકતા જ્યારે સરકારના જાણવામાં આવી, ત્યારેજ તેને સમજાયું કે આ મંડળની

અવગણના કરવાથી રાજતંત્ર આગળ ચાલી શકે એમ નથી. દેશના રાજદ્વારી નેતાઓએ આ બળવાને 'બાળકોની લીલા' માની તેને મહત્તા ન આપી; પણ સરકાર ચેતી ગઇ, કે જો તેને (બળવા-મંડળને) બરોબર અંકુશ હેઠળ નહિ લાવતાં ઇચ્છાનુસાર કાર્ય કરવાની તક આપવામાં આવશે, તો તે થોડા દિવસમાં સુયોગ મળતાં દેશમાં જબરજસ્ત પરિવર્તન કરી દેશે એમાં શંકા રાખવા જેવું નથી. હિંદી બળવામંડળ શું કરી શકે એમ છે, તેની જે ઝાંખી સરકાર કરી શકતી, તે દેશના રાજપુરૂષો કરી શકતા નહિ. આંદામાન જતાં પહેલાં મારે આ વિષય પર કોઈ કોઈ મોટા અંગ્રેજ અધિકારીઓ સાથે વાતચીત થયા કરતી. આ વાતચીત ઉપરથી હું સારી રીતે જાણી શકયો કે દેશની કોઈપણ પ્રવૃત્તિ માટે સરકારને નિરંતર ચિન્તા અને ભીતી રહેતી હોય તો તે બળવાવીરોની પ્રવૃત્તિને માટેજ. આ પ્રવૃત્તિને મરણને શરણ પહોંચાડવા માટે સરકારની પાસે જેટલું ઝેર હતું, તેનો પ્રયોગ અચૂક રીતે બળવાવીરો પર થતો. આથી કરીનેજ પંજાબના બળવામંડળના અસ્તિત્વની જાણ થતાં વેંતજ સરકારે દેશના ભલાને માટે ડીફેન્સ ઓફ ઇન્ડીઆ એકટ જેવા જુલમી કાયદાઓ ઘડી કાઢી પોતાની રાજ્યપદ્ધતિ વધારે ક્રૂર અને નિર્દય બનાવી મૂકી.

અનાદિથી જે બનતું આવે છે, તે ભારતમાં પણ બન્યું. જ્યારે કોઈ પરાધીન જાતિ જાગૃતિ તરફ પગલાં માંડવાં શરૂ કરે છે, ત્યારે કોઇ ને કોઇ જુલમી રાજ્યસત્તાની લાતો ખાવાનું તેના કપાળે લખાયેલું હોય છે. પરન્તુ જ્યારે તે જાતિ ખરેખરી જાગી ઉઠે છે, ત્યારે દુનિઆમાં એવી કોઈ પણ શકિત નથી, જે તેને આગળ કદમ ભરતી અટકાવી શકે. બલ્કે દમનનીતિથી તો તેની શક્તિની પરીક્ષા થાય છે. તેનામાં જો ખરેખર ચેતન--શક્તિ પ્રકટી હોય, તો દમન-નીતિથી તેનો વિનાશ થવાને બદલે વિકાસ થાય છે. આ કારણને

લઇને પ્રજાકીય જાગૃતિ વખતે સરકાર જે દમનનીતિનો આશ્રય લે છે, તે વસ્તુતઃ ઇશ્વરનો કોપ નહિ પણ કૃપા છે, એમ આપણે માનવું જોઇએ. ભારતના બળવાવીરોએ કદી પણ પોતાના પર થતા અત્યાચારોને માટે સરકારને દોષિત નથી ઠરાવી. ઉલટું તેઓ તો એમ માનતા હતા કે આવી મુશ્કેલીઓ મારફતે ઇશ્વર હિંદી જનતાને પુનર્જીવન આપવા ઇચ્છે છે, માટે તે સૌ આવકારપાત્ર છે. જ્યારે પરાધીન જાતિ અનેકવિધ જુલમોની આગમાંથી બળીજળી બહાર નીકળે છે, ત્યારેજ તેને સ્વાધીનતાની સાચી દીક્ષા સાંપડે છે. જે જે પરાધીન જાતિઓ ઉન્નતિના શિખરે પહોંચવા યત્નો કરે છે, તેમની મહત્તાનો સાચો ખ્યાલ તેમણે જે જુલમો સહ્યા છે, તેના પરથી નીકળી શકશે. ભારતના બળવાવીરોને આ વાતની ખાત્રીજ હતી. આને લઇને તેઓ હસતા હસતા પારાવાર કષ્ટો સહન કરી શક્યા! પ્રાણનાં બલિદાન આપવાથી જાતિમાં પ્રાણ–ચેતન પ્રકટે છે, એ વિશ્વાસને લઇનેજ પોતાના પ્રાણ આપતાં તેઓ કદી ગભરાયા નથી.

ડીફેન્સ ઓફ ઈન્ડીઆ એક્ટ અમલમાં આવ્યા બાદ સમરી ટ્રાયલ્સ(સંક્ષિપ્ત મુકદ્દમા)ની શરૂઆત થઇ. પંજાબના ત્રણ કાવતરાં વિષે સરકારે ખાસ શોધખોળ કરી અને પત્તો મેળવ્યો. દરેક કાવતરામાં ૬૦–૭૦ ઇસમો હતા. આ સર્વ પર સરકાર તરફથી કામ ચલાવવામાં આવ્યું, અને પરિણામે એકીસાથે ૨૮ જણાને ફાંસી મળી. મિરત પલટણમાં ૧૧ જણને ફાંસી થઈ અને સાતમી રાજપૂત સેનામાંથી પણ કોઈ કોઇને દિલ્હી ખાતે ફાંસાને માંચડે લટકાવવામાં આવ્યા. જે બળવા–વીરોને ફાંસી ન થઇ, તેમને કાળાપાણીની શિક્ષા ફરમાવવામાં આવી. આવી સ્થિતિમાં પણ પંજાબના કેટલાક બચેલા બળવાવીરો ફરીથી પણ બળવાની યોજના ઘડવા લાગ્યા. જે બળવા–વીરો જેલમાં સડતા હતા, તેમને છોડાવવાનો મનસુબો કેટ-

લાક અકાલી વીરો કરવા લાગ્યા. શીખોના એક મંડળે વળી હથીઆરોને સંગ્રહ કરવા તરફ ધ્યાન આપ્યું. તે દિવસોમાં મોટાં મોટાં સ્ટેશનો અને પૂલો પર હથીઆરબંધ સિપાઇઓ પહેરો ભરવા માટે ઉભા રહેતા હતા. એક વખતે સાત આઠ બળવાવીરોના એક નાના મંડળે અમૃતસરના પુલ પર પહેરો ભરતા સિપાઇઓ પર એકાએક હુમલો કરી દીધો! ત્યાં પંદર સિપાઇઓ ઓગણીસ રાઈફલો અને સાડાસાતસો કારતૂસ સાથે ઉભા હતા, તેમને મહાત કરી સાત આઠ પિસ્તોલધારી બળવાવીરોએ તેમની રાઈફલો અને કારતૂસ છીનવી લીધાં! પરન્તુ તે વખતે બળવામંડળ બરાબર વ્યવસ્થિત ન હોવાથી થોડા દિવસમાં તે રાઇફલો સાથે પાંચ બળવાવીરો પકડાઈ ગયા. આ પાંચેને ફાંસીએ ચઢાવવામાં આવ્યા. તે સિવાય અઠ્ઠાવીસ જણાને પણ ફાંસીની શિક્ષા થઇ ચૂકી હતી. આટલું બનવા છતાંયે કોઈ નિશાળના કેટલાક શીખ માસ્તરોએ બળવાની જ્યોત ઝળહળતી રાખવા માટે પ્રયત્નો કર્યા, તેને લઇને આજે દેશમાં બળવાની ભાવના જીવતી ને જાગતી રહેલી છે. ડો. મથુરાસિંહ જેવા કોઈ બળવાવીરો ભારત છોડીને અફઘાનિસ્તાનમાં ગયા. અને ત્યાંથી ફ્રાન્સ અને મેસોપોટેમીઆ જઈ ત્યાંની હિંદી સેનાઓમાં બળવાનાં બીજ વાવવા લાગ્યા. હિંદી અને અફઘાનિસ્તાનની વચ્ચેના પ્રદેશમાં ડૉ. મથુરાસિંહ એકાએક પકડાઈ ગયા. તેમને પણ ફાંસીની શિક્ષા થઇ. જે બળવાવીરો ફાંસી કે કાળાપાણીના સકંજામાંથી બચી ગયા, તેમને નજરકેદ તો ભોગવવી પડીજ! આ જમાનામાં પંજાબ અને બંગાળામાં નજરકેદ ભોગવનારનું પ્રમાણ સૌ પ્રાન્તો કરતાં ઘણુંજ વધારે છે. જેટલા પંજાબીઓ કાળાપાણી કે ફાંસીની શિક્ષાને પાત્ર બન્યા છે, તેટલા કોઈ પ્રાન્તના વતની બન્યા નથી.

બનારસ કાવતરાનો મામલો ખલાસ થયા પછી પણ કેટલાક બળવાવીરોએ મૈનપુરીમાં પોતાનું થાણું સ્થાપી એક વર્ષમાં એક

મોટું બળવામંડળ તૈયાર કરી દીધું ! આ બળવામંડળની વાત પણ લગભગ બે વર્ષમાં જાહેરમાં આવી ગઈ. આ સાથે એ વાત પણ કહેવી જોઇએ કે રૂશિઆના બળવામંડળમાં બે માસથી વધારે વખત કોઈ પણ બળવાવીર નામ ઠામ જણાવ્યા વિના કાર્ય કરી શકતો નહિ. આ મંડળમાં દાખલ થયે બે એક માસ થાય કે તરતજ કયાં તો સરકાર તેને પકડી લેતી, યા તો તેને સહીસલામતીને માટે પરદેશ નાસી જવું પડતું. ભારતના બળવાવીરોનું કાર્ય અને તેમનો પરિચય પણ સામાન્ય રીતે બે વર્ષથી વધારે વખત છૂપાં રહી શકયાં નહિ.

બંગાળી બળવાવીરોને નજરકેદ કરતાં ફાંસી અને કાળાપાણીની શિક્ષા વધારે પ્રમાણમાં મળી. આને લઇને ત્યાંનું બળવામંડળ ઘણું ખરૂં વિખેરાવા માંડયું. ધીમે ધીમે આ મંડળ આખા દેશના જૂદા જૂદા ભાગોમાં છૂટું છવાયું પથરાઈ ગયું. આ વખતે જો બળવાવીરોના હાથમાં અસ્ત્રશસ્ત્રો હોત તો તેઓ સરકારી રાજ્યતંત્રને અસ્તવ્યસ્ત કરી શકયા હોત.

અત્યાર સુધી રાસબિહારી કાશીમાં હતા. એક દિવસે બળવા મંડળના મુખ્ય સ્થળેથી સમાચાર આવ્યા કે બંગાળાના પ્રસિદ્ધ બળવાવીર શ્રી. યતીન્દ્રનાથ મુખોપાધ્યાય એકાંતવાસ ગાળવા માગે છે અને તેથી તેમની ઇચ્છા કાશીમાં આવીને રહેવાની છે. મને વિચાર કરતાં જણાયું કે તેમને કાશીમાં ગુપ્તપણે રાખવા એ બહુ અઘરી વાત નથી; છતાં એ પણ ખરૂં કે બહારથી એમના મંડળ તરફથી જો કંઈ ભૂલચૂક થઈ જાય, તો કાશી પર પણ વિપત્તિ આવે એ બનવા જોગ છે. જે મંડળનું સઘળું કામ આપણી દેખરેખ હેઠળ થતું હોય, તેની ભૂલોને માટે આપણેજ જવાબદાર છીએ. આવી સ્થિતિમાં ભૂલોને જોવા તેમજ સુધારવા આપણને સંપૂર્ણ સત્તા હોય છે, પરન્તુ જે મંડળના વ્યવસ્થા તંત્રમાં આપણો કોઈ પણ

જાતનો હાથ ન હોય, તેની ભૂલચુક સુધારવાનો આપણુને સુયોગજ ક્યાંથી હોય? બંગાળાનાં ઘણાં નાનાં નાનાં મંડળો યતીનબાબુની સરદારી હેઠળ ભેગા મળ્યાં હતાં, એ સાચી વાત છે. પરન્તુ તેઓ પૂર્વ બંગાળાની અનુશીલન સમિતિની સાથે કે ચંદ્રનગરના બળવાવીરો સાથે (અથવા રાસબિહારી સાથે) હળીમળી ગયા નહોતા અને તેમ કરવા ઇચ્છિતા પણુ નહોતા. જાપાન જતાં પહેલાં રાસબિહારીએ તેમને મળવા બહુએ યત્નો કર્યા; પરન્તુ ગમે તે કારણે તેઓ મળી શકયા નહિ. ગમે તેમ હોય, પણુ જ્યારે યતીનબાબુની કાશી આવવાની વાત મેં સાંભળી, ત્યારે આજુબાજુની પરિસ્થિતિ જોઇ વિચારી મેં તેમને કાશીમાં રાખવાની જવાબદારી સ્વીકારી; પણુ કોણુ જાણે શાથી યે તેમણે ત્યાં આવવાનો વિચારજ બદલી નાંખ્યો!

તે વખતે પણુ યતીનબાબુ કલકત્તા છોડી ગયા નહોતા. એક દિવસ તેઓ તેમના પાથુરિયા ઘાટાવાળા મકાનમાં આવ્યા હતા. ત્યાં બીજા કેટલાક બળવાવીરો પણુ હતા. તે વખતે તેજ મકાનમાં થોડા દિવસના પરિચયવાળો એક માણુસ પ્રસંગવશાત્ આવી ચઢયો. આ માણુસ જાસુસ છે, એવો તેમને સંદેહ ગયો. આથી કરીને આગળ પાછળનો વિચાર કર્યા વગર એકદમ એક બળવાવીરે તેને ગોળીથી વિંધી નાંખ્યો. તેને જો શુદ્ધિ હોત તો તે યતીનબાબુને સરકાર મારફતે પકડાવી શકયો હોત. યતીનબાબુને બચાવવા ખાતર તે બળવાવીરે તેને ગોળી મારેલી એ સાચી વાત છે; પરન્તુ તે વ્યક્તિએ તો મરતી વખતે એક સ્ટેટમેન્ટ લખાવી ગોળી મારવાનો આરોપ યતીનબાબુ પર ચઢાવ્યો. યતીનબાબુના નામ પર ફાંસીનું વારંટ ફરવા લાગ્યું. જો ઉપરના માણુસને ગોળીથી વિંધી નાંખવાનો હતો, તો પછી તેને સ્ટેટમેંટ આપવાનો વખત શા માટે આપવામાં આવ્યો—એ સમજાતું નથી.

લાચારીપૂર્વક યતીનબાબુને બીજી જગ્યાએ જવું પડયું. યતીન-

બાબુને માટે એક સહિસલામતીભર્યું સ્થાન મળી આવ્યું. ત્યાં જવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તેઓ તેમના સાથીઓને કહેવા લાગ્યા– તમે સૌએ તમારે માટે આવાં સહિસલામતીભર્યાં સ્થળો નક્કી કર્યાં છે, એવી મને પૂરેપૂરી ખાત્રી ન થાય, ત્યાં સુધી તે સ્થળે મને મોકલવાના તમારા બંદોબસ્તને હું માન આપી શકતો નથી. હું તો ખર્ચાઈ ગયેલો એક સિપાઈ છું, હરઘડી હું મૃત્યુની રાહ જોઈ રહ્યો છું, માટે આપણે સૌએ સાથે રહેવું જોઇએ. તેથી આપણે એક જબરજસ્ત હિલચાલ શરૂ કરીએ, તેની જનતા પર સારી છાપ પડતાં આપણું કાર્ય આગળ ધપશે.

છેવટે તેમની ઇચ્છાનુસાર ગોઠવણ કરવામાં આવી; તેથી તેઓ પાંચ જણા બાલેશ્વર (બલેસર–બાલાસોર) ની નજીક એક અડ્ડો ઝમાવી સાથે રહેવા લાગ્યા. અહીં પણ તેમની બળવાની યોજનાઓ અટકી નહિ. બાલેશ્વર જેટલે દૂર રહેવા છતાં હરઘડી બળવાનાજ વિચારો યતીનબાબુના ચિત્તમાં ઘોળાયા કરતા હતા. જો બળવાવીરો કેવળ છુપાઇજ રહે અને કોઇ જાતનું પ્રચારકાર્ય ન કરે, તો તેઓ કદી પણ પકડાઇ જાય નહિ. બળવાવીરો છુપા રહેવા છતાં પોતાના કાર્યમાં અવિરતપણે આગળ ધપ્યેજ જાય છે, અને તેથી કરીને તેઓ અવારનવાર મુસ્કેલીઓમાં આવી પડે છે. કેવળ જીવ બચાવવો એ તેમનો ઉદ્દેશ નથી. જીવન જો દેશના કામમાં ન ખર્ચાયું, તો તેને ધારણ કરવાથી શો ફાયદો?–એમ તેઓ વિચારે છે.

પેલા વકીલે બળવાની સઘળી યોજના સરકારને જણાવી દીધી, ત્યારે કલકત્તામાં બીજી વધારે ધરપકડ કરવામાં આવી. આને પરિણામે યતીનબાબુના અડ્ડાનો પણ પોલીસને પત્તો મળી ગયો. યતીનબાબુને પણ સમજાયું કે પોલીસે છેવટે છેવટે તેમને ખોળી કાઢ્યા છે. તેઓ ધારત તો તેજ વખતે નાસી છૂટ્યા હોત; પણ કેવળ જીવ બચાવવાને માટે નાસી જવાનું તે સમજ્યાજ નહોતા. બીજો કોઇ હેતુ બર

લાવવાને ખાતર જો તેમને બીજી જગ્યાએ જવાનું હોત તો પણ તેઓ પોતાના સાથીઓથી છુટા પડી તેમ કરવાને રાજી નહોતા. તેઓ પોતાના અને સાથીઓના જીવન વચ્ચે કોઈ જાતનો ભેદ ન જોતા.

આથી એવો નિશ્ચય થયો કે બધાએ એક સાથે જવું. પરન્તુ તે વખતે તેમના બે સાથીઓ તેમનાથી બારેક માઈલ દૂર આવેલા એક ગાઢા જંગલમાં વસતા હતા. તેમને છોડી કોઈપણ પ્રકારે જઈ શકાય. એમ હતુંજ નહિ; તેથી યતીન્દ્રબાબુ બીજા બે સાથીઓને લઈ અંધારી રાત્રીએ પહાડી રસ્તાઓવાળા જંગલમાં પોતાના સાથીઓને બોલાવવા નીકળી પડ્યા. અજાણ્યે રસ્તે બાર માઈલ જેટલે દૂર જઈ ત્યાંથી તેટલેજ દૂર પાછા ફરી કોઈ સ્થાને જવું એ અશક્ય હોવા છતાં યતીનબાબુએ તે વખતે પણ તે કામ ઉપાડ્યું. કોઈ કાર્ય તેમને અશક્ય કે અસંભવિત તો લાગતુંજ નહિ. જે ન મળી શકે તે મેળવવું એ એમના જીવનનું મુખ્ય વ્રત હતું. આ કાર્યમાં પણ તેઓજ અગ્રેસર બન્યા. ચાલતાં ચાલતાં રાત્રિ વીતી ગઈ તે વખતે જંગલની આજુબાજુના નદી કિનારાવાળાં ગામોમાં નદીને કિનારે કિનારે ચોકીઓ બેસાડવામાં આવી હતી; છતાં તેઓ વસતીમાં પ્રવેશ કરી બલેસર તરફ છટકી શક્યા. તેમની સાથે ચિત્તપ્રિય, મનોરંજન, નીરેન્દ્ર અને જ્યોતિષ એ નામના ચાર યુવાનો હતા. તે વખતે સવાર થઈ ગયું હતું. ગામડાઓમાં લોકોને પોલીસે કહી દીધું હતું કે તમારા આ ઇલાકામાં ધાડપાડુઓની એક મોટી ટોળી આમતેમ ફર્યા કરે છે, તેને જે પકડશે યા પકડાવશે, તેને સરકાર તરફથી સારૂં ઇનામ આપવામાં આવશે.

બે દિવસ થયા યતીન્દ્રનાથને ખાવાનું કે સુવાનું જરાયે મળી શક્યું નહોતું. બે ઘડી દિવસ ચઢતાં તાપમાં ને તાપમાં તેમને ગામ નદી અને નાળાં વટાવી આગળ મુસાફરી કરવી પડી. રસ્તામાં નદીપાર કરતી વખતે તેમણે એક માછીને કહ્યું, ભાઈ, મારે માટે ભાત રાંધી

આપ, જેથી મારો પ્રાણ બચે. પરન્તુ તે માછીએ જન્મજન્માંતરના સંસ્કારને વળગી રહી એક બ્રાહ્મણને ભોજન કરાવી વટલાવવાનું યોગ્ય ધાર્યું નહિ; તેમ કરીને નરક ભોગવવા તે તૈયાર નહતો. તેને મન પ્રાણરક્ષા કરતાં આ કહેવાતી ધર્મરક્ષા વધુ પ્રિય હતી. તેણે ભાત રાંધી આપ્યો નહિ તેમજ તે કામ માટે પોતાનાં વાસણો પણ આપ્યાં નહિ.

આ તરફ પોલીસને વાત મળી કે યતીન્દ્રબાબુ અમુક ગામની દિશામાં જાય છે. આથી તેમની પાછળ હથીઆરબંધ પોલીસની એક ટુકડી છૂટી. બળવાવીરોનું સારૂં સંગઠન આ પ્રદેશમાં હોત તો આ મુશ્કેલીમાંથી પણ બચી શકાયું હોત. પરંતુ સંગઠનના અભાવે તેમને એક ગામથી બીજે ગામ ભટકવું પડયું. આ રીતે સંધ્યાકાળ પછી તેઓ બલેસર નજીકના એક જંગલમાં આવી પહોંચ્યા. એ વખતે જીલ્લા નો કલેકટર, સુપ્રિન્ટેન્ડન્ટ અને હથીઆરબંધ પોલીસ જરૂરી વસ્તુઓ સાથે યતીન્દ્રનાથની પાછળ દોડતા દોડતા આવતા હતા. યતીન્દ્રનાથ તેમના મંડળ સાથે આગળ ચાલ્યા જતા હતા. અને પોલીસ બે ભાગમાં વહેંચાઇ જઇ તેમને આજુબાજુથી ઘેરી લેવાની યુક્તિ સર્ચલાઇટની મદદથી ચલાવી રહી હતી. આ રીતે પોલીસનાં સકંજામાંથી હવે છટકી જવું યતીન્દ્રનાથને માટે અશકય હતું. અંધારૂં થઈ ગયું. કોઇ તરફ રસ્તો જણાતો હતો નહિ. પોલીસ ઘણી નજીક આવતી જતી હતી.

આ વખતે યતીન્દ્રનાથના સાથીઓએ આંખમાં આંસુ લાવી તેમને પ્રાર્થના કરી કે "અમે મરવાના હોઇશું તો મરીશું, પણ તમે ગમે તેમ કરીને છુપો વેશ ધારણ કરી અહિંથી ચાલ્યા જાઓ."

પરંતુ યતીન્દ્રનાથે એ પ્રાર્થના સ્વીકારી નહિ. તેઓ બોલ્યા, "વ્હાલા બંધુઓ, વિચાર કરો. આપણે બધા માતા પિતાની હુંફાળી ગોદ, સ્ત્રી પુત્રોનાં માયા-બંધન, ભાઈ ભાઇબંધોનો પ્રેમ

અને ઘરની સુખસગવડ—એ સર્વ, દેશને ખાતર માથા સાટે કામ કરવા માટે છોડીને આવ્યા છીએ. આ વિપત્તિના વખતે આપણે આપણો નિશ્ચય કેમ છોડી શકીએ? મનુષ્ય અમર નથી. તેને કોઇ ને કોઇ દિવસે મરવાનું તો છેજ. તો પછી કાયર બનીને મરવાથી ફાયદો પણ શો?"

છેવટે લડાઇ કરવાના નિશ્ચય પર સૌ આવી ગયા. એક બાજુ હથીઆરબંધ પોલીસ, સાથે બારથી પણ વધારે [ગામડીઆ, અને બીજી બાજુ કેવળ પાંચજ બળવાવીરો! તેઓ ફરી જંગલ છોડીને ગામડાં તરફ દોડી આવ્યા. ભૂખ, ઉજાગરા અને મુસાફરીની અથડામણથી સૌ કોઈ થાકી ગયું હતું. એક પૈસાના ચણા લેવા જેવી સ્થિતિમાં તેઓ નહોતા. એટલામાં બંને મંડળોએ એકમેકને જોઇ લીધાં. બંને બાજુથી ગોળીબાર થયા. પોલીસ તરફથી એક અમલદાર બળવાવીરો તરફ આગળ વધતો હતો, તેની ટોપી ચિત્તપ્રિયની એક ગોળીથી આકાશમાં ઉડી ગઇ. આથી તે:આગળ વધતો અટકી ગયો.

બળવાવીરો ઉંચી નીચી જમીન પર સૂઈ નિશાન તાકીને ગોળીબાર કરવા લાગ્યા. પોલીસની તરફથી પણ ગોળીઓનો વરસાદ વરસવો શરૂ થયો. આવા બળવાન શત્રુઓની સામે પાંચ થાકયા, ભૂખ્યા અને તરસ્યા માણસો કયાં સુધી યુદ્ધ કરી શકે? બળવાવીરોની ગોળીઓ ખલાસ થઈ ગઈ. તેઓ સૌ ઘવાઇ ગયા હતા. પરંતુ ઘાયલ થયા છતાં તેમણે હથિયાર દૂર મૂકયાં નહોતાં.

એટલામાં એક પ્રાણઘાતક ગોળીનો ભોગ થતાં ચિત્તપ્રિય અમર ધામમાં પહોંચી ગયો. અને બીજા પણ મરણતોલ ઘાયલ થયા. યતીન્દ્રનાથ તે વખતે પોતાના સાથીઓને કહેવા લાગ્યા: "હવે શક્તિનો વધારે વ્યય કરવામાં કંઈ ફાયદો નથી. ચિત્ત ય તો ગયો અને હું પણ બચવાનો નથી. તમે હવે નાહક પ્રાણ ન ગુમાવશો. જીવતા હશો, તો ભવિષ્યમાં કંઈ કામ કરી શકશો." પરન્તુ તેમના

સાથીઓ તો લડીને પ્રાણ આપવા માગતા હતા. તેઓ તેમનાથી દૂર તો નજ થયા.

ઘણી ખૂનરેજી થયા પછી યતીન્દ્રનાથનો દેહ થાકીને જમીન પર પડી ગયો. તરસથી તેમને ગળે શોષ પડતો હતો. ધીમે અવાજે તેમણે કહ્યું: "પાણી." બાળક મનોરંજનના શરીરમાંથી પણ તે વખતે લોહીની ધારા વહેતી હતી. પરંતુ યતીન્દ્રનાથની આ છેલ્લી ઇચ્છાને પૂર્ણ કરવા માટે તે પાસેના તળાવમાં પોતાની ચાદર પલાળવા નીકળી પડ્યો. આ દૃશ્ય જોતાં પોલીસનો વડો પણ પીગળી ગયો. તેણે મનોરંજનને બેસવાનું કહ્યું, અને જળપાત્ર પાસે નહિ હોવાથી પોતાની ટોપીમાં પાણી લાવી મરતા માણસના, યતીન્દ્રનાથના મુખમાં રેડવા માંડ્યું. પાણી ગળે ઉતરતાં યતીન્દ્રનાથના મુખમાંથી અવાજ નીકળ્યો: આ બાબતમાં હું એકલો જવાબદાર છું. આ મારા સાથીઓએ તો કેવળ મારી આજ્ઞાનું પાલન જ કર્યું છે.

યતીન્દ્રનાથે કટકના દવાખાનામાં પ્રાણ છોડ્યો. મનોરંજન અને નીરેન્દ્રને ફાંસીની શિક્ષા થઈ. જ્યોતિષને જીંદગીભર કાળાપાણીની શિક્ષા મળી. જ્યોતિષ બચી ગયો, તેથી તેની પાસેથી હું આ સર્વ અહેવાલ સૌ દેશબંધુઓને માટે મેળવી શક્યો છું. આંદામાન જેલમાં અનેક પ્રકારની પીડાઓ ન સહી શકતાં જ્યોતિષ ગાંડો-પાગલ બની ગયો. આજે તે બ્હેરામપુરના પાગલખાનામાં છે, એમ સંભળાય છે.*

મૃત્યુની ગોદમાં બેઠા હોવા છતાં, ફાંસીને માંચડે લટકતાં પહેલાં મનોરંજન અને નીરેન્દ્રે જે છેલ્લો પત્ર કલકત્તા મોકલ્યો હતો, તે વાંચતાં કોનાં રૂંવેરૂંવે ખડાં ન થાય? તેમણે લખ્યું હતું:—

"ચિત્તપ્રિય અને યતીનબાબુ ચાલ્યા ગયા, અમે પણ હવે

* **પછીથી** ત્યાંજ તેનું અવસાન થયું છે. એ સમાચાર ફોરવર્ડમાં **આવ્યા હતા!**

જઇએ છીએ. આશા છે કે તમે લોકો પહેલાંની જેમ કાર્ય જારી રાખશો. ઇશ્વિર તમને સફળતા આપો. આજે અમારા જીવનની વિજયા દશમી છે. જેઓ ચાલ્યા ગયા છે, તેમને પાછા લાવી શકાય એમ નથીજ. પરંતુ જ્યોતિષની મુક્તિને માટે શું કરવું જોઇએ, તેનો તેના દેશબંધુઓ નિશ્ચય કરી લે."

આ ચિઠ્ઠીની સાથે બીજી એક ચિઠ્ઠીનો પ્રસંગ યાદ આવે છે. જૈનધર્મના અનુયાયી હોવા છતાં બે જુવાનોએ કર્તવ્યને ખાતર, દેશને ખાતર હિંસાત્મક બળવો જગાડવાનો માર્ગ પકડ્યો હતો.* નિમેઝના મહન્તનું ખૂન કરવાના આરોપસર જ્યારે તેમને ફાંસીના કેદીની કોટડીમાં પુરવામાં આવ્યા હતા, ત્યારે તેમણે પોતાના સાથીઓને જે પત્ર લખ્યો હતો તેનો સાર ઘણે ભાગેઆ પ્રમાણે હતો-"ભાઈ, મરવાથી ડરવું નહિ. ડરવાથી જીવનનું કોઇ કાર્ય સાધી શકાતું નથી. ઇશ્વિર આપણને જે સ્થિતિમાં રાખે, તે સ્થિતિમાં સંતોષપૂર્વક રહી આપણે આપણું કર્તવ્ય બજાવવું જોઇએ."

આ બે યુવાનોમાં એકનું નામ મોતીચંદ અને બીજાનું નામ માણેકચંદ ઉર્ફે જયચંદ હતું.

આ સૌ બળવાવીરોની ધગશ તેમના ત્યાગ અને સંન્યાસની ઉચ્ચ ભાવનાઓને આભારી હતી. એમ જોઇએ તો પ્રતિસ્પર્ધી અંગ્રેજ અમલદારોએ પણ ઘણી વખત તેમના ત્યાગનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે. તે વખતના છુપી પોલીસ ખાતાના વડા અને હાલના કલકત્તાના પોલીસ કમિશ્નર શ્રી. ટેગાર્ટે પરલોકવાસી બેરીસ્ટર જે. એન. રાયને યતીન્દ્રનાથના સંબંધમાં આ પ્રમાણે કહ્યું હતું:

મારે મારૂં કર્તવ્ય બજાવવું પડેલું; છતાં મારા દિલમાં તેને માટે ઘણુંજ માન છે. બંગાળાનો એ એકલોજ બળવાવીર હતો, જે ખુલ્લી લડાઈમાં લડતો લડતો મરણ પામ્યો. ટેગાર્ટ સાહેબે આ

* એ ખૂન ઈ. સ. ૧૯૧૩માં થયું. જુઓ રાઉલાટ રિપોર્ટ.

ઉદ્દગાર કાઢયા પછી ઘણા બંગાળીઓએ ખુલ્લી લડાઈમાં પોતાના જીવનને હોમ્યાં છે, એનો પણ આછો પરિચય વાંચકોને હું આપું છું.

ઈ. સ. ૧૯૧૫ના સપ્ટેમ્બરની તા૦ ૯મીને રોજ યતીનબાબુ અને તેમના સાથીઓએ ખુલ્લી લઢાઈમાં પ્રાણ ત્યાગ કર્યો. પરન્તુ ત્યાર પછી ઈ. સ. ૧૯૧૮ સુધી બળવાવીરોના અસ્તિત્વનો આવી રીતે વિશેષ રૂપમાં આપણને પરિચય મળી આવે છે. ઇ. સ. ૧૯૧૬ ની આખરે બળવાવીરોના સકંજામાંથી બે ત્રણ વાર આબાદ રીતે છટકી ગયેલો છૂપી પોલીસ ખાતાનો ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ વસંત કુમાર બળવાવીરોને હાથે યમલોકમાં પહોંચી ગયો. ઈ. સ ૧૯૧૭માં ગૌહતીમાં બળવાવીરોને પોલીસ સાથે ઝપાઝપી થઈ અને ઈ. સ. ૧૯૧૮માં ફરી ઢાકા આગળ પોલીસ અને બળવાવીરોની સશસ્ત્ર લઢાઈ થઇ, તેમાં કેવળ બે બળવાવીરો જીવતા બચી શકયા. પબ-નામાં પણ એક સાધારણ લઢાઈ થઈ, આ ઉપરાન્ત સ્થળે સ્થળે ખૂન અને ચોરીની બૂમો તો ચાલુજ રહેતી. આ સૌ શસ્ત્રધારી બળવાવીરોનો હું અહિં થોડો પરિચય આપું છું.

બિહારમાં બળવાની ભાવનાનો પ્રચાર કરવા માટે ઈ. સ. ૧૯૧૬માં બળવામંડળ તરફથી વીરભૂમના નલિની બાકચિને ભાગલ-પુરની કોલેજમાં ભણવા મોકલવામાં આવ્યો. થોડા દિવસમાં તો આ બંગાળી તરૂણ પર પોલીસની પ્રેમનજર પડી. તેથી એ ભણવાનું છોડી બીજે ભાગ્યો. નલિની છાત્રવૃત્તિ મેળવતો એક હોંશિયાર વિદ્યાર્થી હતો. તે એકદમ સાધારણ બિહારવાસીનો સ્વાંગ ધારણ કરી બિહારનાં ગામડાંમાં આમતેમ ફરવા લાગ્યો. થોડા દિવસ પછી ફરીથી તેના પર પોલીસની નજર પડી. તેથી તે ઈ. સ. ૧૯૧૭ માં આવ્યો. આ વખતે પોલીસ તરફથી બંગાળામાં અનેક પ્રકારનો જુલમ થતો હતો. ધરપકડ, નજરકેદ, કાળાપાણી વગેરે ભયંકર જુલમોથી સૌ ત્રાસી ગયા હતા. આ કારણને લઇને બળવાવીરો માટે બંગાળામાં રહેવું

સુરક્ષિત નહોતું; તેથી બળવામંડળે સારા કાર્યકર્તાઓને સુરક્ષિત સેના રૂપે આસામમાં ગુપ્ત રીતે રાખવા એવું ઠરાવ્યું. આના પરિણામે નલિની બાકચિ, નલિની ઘોષ, નરેન બેનરજી વગેરે લોકોએ ગૌહતીમાં આવીને આશ્રય લીધો. સૂતી વખતે તેમની પથારી હેઠળ ભરેલી બંદુકો રહેતી અને દરેક જણ બે બે કલાક સુધી પહેરો ભરતો.

કોઇ પકડાયેલા બળવાવીર પાસેથી બળવાવીરોનો પત્તો મેળવી કલકત્તાની પોલીસે ગૌહતીમાં આવી તેમના મકાનને ઇ. સ. ૧૯૧૭ના જાન્યુઆરીમાં ઘેરો ઘાલ્યો. પોલીસને જોતાં પહેરો ભરનાર વીરે ચુપકીથી સૌને જગાડી દીધા. સૌએ રિવોલ્વર હાથમાં લઇ બહાર આવી પોલીસ પર ગોળીઓનો વરસાદ વરસાવવા માંડયો. આમ એકાએક હુમલો થવાથી પોલીસ છિન્નભિન્ન થઇ ગઇ અને બળવાવીરો પહાડ તરફ નાસી ગયા. પરન્તુ બે એક કલાકમાં તો અસંખ્ય હથીઆરબંધ પોલીસે પહાડને ઘેરો ઘાલી તેમની શોધ કરવા માંડી. છેવટે બંને બાજુઓથી ગોળીઓ છૂટી. ઘણા ઘાયલ થયા અને બળવાવીરોની હાર થતાં તેઓ પકડાઇ ગયા. ફક્ત બે જણ પોલીસના સકંજામાંથી આબાદ રીતે છટકી ગયા. આ બેમાં એક નલિની પણ હતો.

૭ દિવસ સુધી લાગલાગટ પગની મુસાફરી કરી પહાડ બહાર નીકળતાં તે લામડીંગ સ્ટેશને આવી પહોંચ્યો. તેની આ પર્વતયાત્રામાં કષ્ટો ઘણાં ભયંકર હતાં. ખાધાપીધા વિના રાત દિવસ ચાલવું, પોલીસની નજર અવારનવાર ચૂકવવી, કોઈ વખત ઝાડ પર ચઢી જવું તો કોઇ વાર ખાડીઓ તરવી—આ બધી મુશ્કેલીઓનો હેવાલ ઘણોજ હૃદયભેદક છે. એક વખત ભૂખેથાકે નલિની ધીમે ધીમે પર્વતમાં ચાલતો હતો, તેવામાં તેના માથા અને પીઠ પર આંધળી આકરણ (પાટલા ઘો) વળગી પડી. ગમે એટલા યત્નો કર્યા છતાં તે શરીરથી અળગી ન થઈ તે નજ થઈ. ને છેવટે તેનું

ઝેર ચઢતાં નલિની બેહોશ બની ગયો. ગમે તેમ પણ આવી રીતે મોતની સાથે અનેક વાર કુસ્તી કર્યા કેડે નલિની પહાડમાંથી બહાર આવી શક્યો.

આસામમાં વધારે વખત રહેવું સુરક્ષિત ન હોવાથી તે બંગાળા તરફ આવવા નીકળ્યો. હાવરા સ્ટેશને ઉતરી જેમને મળવાની તેણે આશા રાખી હતી, તે કોઈ નજર આગળ દેખાયું નહિ. પાસે એક રિવોલ્વર હતી. હવે ક્યાં જવું? પંદર દિવસ થયાં તેણે બિલ્કુલ ખાધું પીધું ન હતું. ઉંઘ તો મળેજ ક્યાંથી? શરીર સુકાઇ ગયું હતું અને આખા શરીરમાં ઝેરની વેદના થતી હતી. હાવરામાં નલિની આ બધાં કારણે ઘણોજ અશક્ત ને માંદો બની ગયો. વિશ્રાન્તિનો કોઇ માર્ગ ન જોતાં તે છેવટે કિલ્લા નજીકના એક ઝાડની છાંય તળે સૂઇ ગયો. મુડદાની માફક તે રાત દિવસ ત્યાંજ પડી રહ્યો, પરન્તુ દૈવયોગે બીજે દિવસે એક ઓળખીતા બળવાવીરના જોવામાં આવ્યો. આ વખતે નલિનીના આખા શરીરમાં શીતળાનાં ચિહ્ન જણાતાં હતાં.

કલકત્તાના બળવાવીરોની સ્થિતિ આ વેળા ઘણી દયાજનક હતી. અને તેમાંના ઘણાખરા તો પકડાઇ ચૂક્યા પણ હતા. કોઈની પાસે એક કોડી પણ રહી નહોતી. જે બે ચાર જણા પકડાયા વિના રહી ગયા હતા, તે પણ આ કારણે આમતેમ નિરાશ બની ફરતા હતા. કલકત્તાની એક નાની કોટડીમાં નલિનીને રાખવામાં આવ્યો. તેનું મ્હોં અને આંખ ઢંકાઇ ગયાં હતાં અને વાચા થંભી ગઈ હતી. ત્રણ દિવસ સુધી તેનાથી વાત પણ થઈ શકી નહિ, ને પાસે પૈસા નહિ હોવાથી કોઈ પણ જાતની દવા કર્યા વિના તેના દિવસો વ્યતીત થતા ગયા. એજ મકાનમાં બીજો એક બળવાવીર પણ છૂપે વેશે રહેતો હતો. મુડદાની પાછળ કરવી પડતી વિધિ કેવી રીતે થઈ શકશે, તે પણ એમની મુસ્કેલી હતી.

ઇ. સ. ૧૯૧૮માં બળવાવીરોની આવી દયાજનક સ્થિતિ થઈ ગઈ હતી. પરન્તુ નલિની એથી પણ ડર્યો નહિ. જરા ઠીક થતાં તે બળવા પ્રચારના બુઝાતા દીવાને જળતો રાખવા ઢાકા આવ્યો. નલિની અને તારિણી મઝૂમદાર બંને એકજ મકાનમાં રહેતા હતા. ઇ. સ. ૧૯૧૮ના જુનની તા૦ ૧૫મીની સવારે પોલીસે ફરીથી આવી નલિ-નીના મકાનને ઘેરો ઘાલ્યો. બંને બાજુએથી ગોળીઓ ચાલી. તારિ-ણીના શરીરમાં ઘણી ગોળીઓ વાગતાં તે મુડદું બની નીચે પડ્યો! નલિનીએ ગોળીઓ ખાધા છતાં નાસી જવાનો પ્રયત્ન કર્યો. પરન્તુ ફરીથી બંદુકની ગોળી વાગતાં તે મરણતોલ ઘાયલ થઇને ભોંય પર પડ્યો!

આમ નલિની ઘાયલ દશામાં ઇસ્પીતાલમાં પડ્યો છે—પોલીસ નામઠામ લેવાની ધમાલમાં છે, ને છેલ્લો મૃત્યુ વેળાનો એકરાર માંગે છે. મૃત્યુને બિછાને પડેલો ઘાયલ બળવાવીર પાર વિનાની પીડા સહેતો ખમતો સ્વર્ગને પંથે પડવાની વાટડી જોઈ રહ્યો છે.

એવે કાળે સામાન્ય વ્યક્તિ પોત નથી છુપાવી શકતી. એને થયા વિના નથી રહેતું કે મારાં કામને દેશવાસીઓ બરાબર જાણે —પ્રીછે તો સારૂં. જેને કાજે એ મરે છે તેઓ જાણે કે કેવી રીતે એણે અન્યને કાજે પ્રાણ આપ્યો. સામાન્ય માનવી એવી ઇચ્છાની ઉપરવટ ભાગ્યેજ થઇ શકે. પણ બળવાવીરો એવી સામાન્ય તૃષ્ણાથી પર રહ્યા .છે. સાચું શિક્ષણ ને સાચી સાધના—આત્મગોપનનું આવું સામર્થ્ય એ બે વિના શક્ય નથી. મને સૌ ઓળખે—મારી કિંમત સૌ આંકે એવી એને તમન્ના નથી. એને કોઇ સંદેશો* આપવાનો નથી. Unwept, Unhonoured, & Unsung એ

* અહિં અસહકારના દિવસો યાદ આવે છે, જ્યારે નાના મોટા બધાજ આગેવાનો ૪ દહાડા જેલ જાય, એટલામાં યે લાંબા લાંબા સંદેશા છાપામાં મોકલવાની પોતાની ફરજ સમજતા!

પરલોકે પરવરવા ઇચ્છે છે.-સ્વજનના આંસુની, દેશજનોની પૂજાની, કવિનાં કીર્તિગીતોની કે કશાની એને તમન્ના નથી.

એજ કારણસર મૃત્યુશય્યા પર પડેલો એ વિપ્લવવીર ક્ષીણ સાદે બોલ્યો: Don't disturb please, let me die peacefully. મને ખલેલ ન કરો–મને શાંતિથી મરવા દો.

પોલિસે અનેક રીતે એની પાસેથી માહિતી કઢાવવાને પ્રયાસ કર્યો. પૂછ્યુંઃ તારૂં ઘર ક્યાં ? પણ એનો તો એકનો એકજ જવાબ હતોઃ મને ખલેલ ન કરો, શાંતિથી મરવા દો.

આ પ્રમાણે મૃત્યુને જે મહિમામય બનાવી શકે છે, આવું આત્મ-ગોપન કરવાનું જે સમજે છે–એની કહાણી પર દેશજનોએ કદિ પણ ગંભીર રીતે વિચાર કરી જોયો છે ? એ જુવાનોની જીંદગીની સઘળી આશા અભિલાષા અધુરી રહી ને દુનીઆમાં એમનું નામ કે નિશાન કંઈ ન રહ્યું. આબરૂ–પ્રતિષ્ઠાની રત્તીભાર પણ કામના એમણે ન રાખી. મૃત્યુને દરવાજે પહોંચી જઇ, જ્યાં કોઈ વાતો ખુલ્લી થઇ જવાનો ડર નથી ત્યાં પણ ખ્યાતિનો ઈન્કાર કરી, એ શાંતિથી મરે છે. પોતાના અંતરાત્મા સિવાય કોઇને સંતુષ્ટ કરવાની એને ઇચ્છા નથી. કોઈની પાસે કશી પણ આશા રાખ્યા વિના શાંતિથી એ મરવા ઇચ્છે છે. દુનિયાની કોઈ પણ વસ્તુ એને જોઇતી નથી–એને ફક્ત આપવુંજ છે, લેવું કંઈ નથી.

આવા આ બળવાવીરોને કહો, શા નામે સંબોધવા ? જાણે એ પાગલ હતા, જાણે એ અણસમજુ, અજ્ઞાન બાલક હતા ! આપણા આ અભાગી દેશના વિદ્વાન ને સમજુ નેતાઓ અને રાજનીતિવિશારદ હોંશિયાર પંડિતો તો એમને એજ શબ્દો વડે સંબોધે છે !

આ બધા બળવાવાદીઓનો સૌથી મોટો ગુન્હો એકજ જણાય છે, તે એ કે તેઓ પોતાનું ધાર્યું પાર પાડવામાં સફળ ન નીવડ્યા ! મહિનાઓ ને વરસો સુધી અથાક પરિશ્રમ કર્યા પછી પણ નિષ્ફળતા

એજ તેમની પ્રાપ્તિ રહી. જેનું છેલ્લું પરિણામ માત્ર નિષ્ફળતાજ હોય એ રસ્તો ખોટો–જૂઠો તો ન હોય? એ નિષ્ફળતાનીયે કંઇ કિંમત છે ખરી? હિંદના વિદ્વાન આગેવાનો ને ચાલાક ટીકાકારો આ જાતના સવાલો પૂછ્યાજ કરે છે.

નિષ્ફળતા, નિષ્ફળતા!—એ એકજ બાજુ તરફ આપણું ધ્યાન જાય છે. પણ એ નિષ્ફળતાની આડેજ જગતની શ્રેષ્ઠ સંપત્તિ કેવી રીતે છૂપાયલી રહે છે, નિષ્ફળતાઓને પરિણામેજ શક્તિનો સંચાર થયાથી એક દિવસ એમાંથીજ સફળતા આવી કેમ ખડી થઈ જાય છે, નિષ્ફળતા અને પરાજયના વિષાદ ગાળામાં આ બધી વાતોની સમજ આપણામાંના ઘણાકને નથી પડતી. બધીજ પ્રજાઓમાં, ને બધે જમાને ડાહ્યા ને સમજુ લોકો બળવાવાદીઓની મશ્કરી કરે છે ને તેમના પર લાંછનનું આરોપણ કરે છે. કારણ કે સર્વ દેશમાં બળવાવાદીઓની શરૂની મહેનત નિષ્ફળ ગઇ છે. સમાજના ડાહ્યા ને સમજુ લોકો એ નિષ્ફળતાના ધોરણ પરજ બધી વાતનો વિચાર કરે છે.

એ નિયમ પ્રમાણે ડાહ્યા ને સમજુ માણસોના મત મુજબ હિન્દના બળવાવીરો પણ અવળપંથી છે. અને ટીકાકારોમાં જે સૌથી હોંશિયાર છે તે તો વળી એમને 'ઈડીયટ'–બુડથલનો ખિતાબ નવાજવાને પણ અચકાતા નથી. મોડર્ન રિવ્યુ જેવા માસિકના વિચક્ષણ તંત્રીએ બળવાવીરો સંબંધે લખતાં જણાવેલું કે હિંદમાં થોડા માણસો હથિયારબંધ બળવાવાદીઓ હોય તો હિંદીઓએ ખરેખર પોતાની બુદ્ધિ સમજ પર શંકા લઇ જવા જેવું છે.

બળવાવાદીઓ અને ટીકાકારોમાં ભેદ એ છે કે બળવાવીરોને પોતાના આદર્શો પર અતૂટ શ્રદ્ધા છે ને તેથી તેમણે અદ્દભુત નિષ્ઠાથી પોતાના આદર્શ પ્રમાણે રચેલું જીવન વીતાડ્યું છે. ને ટીકાકારસાહેબોએ આરામખુરશી પર બેસીને ટીકાઓ કર્યાં કરવાની

કળાનેજ પોતાનો ધંધો બનાવી દીધો છે. કેટલાક તો પોતાનું પેટીયું પણ એમાંથીજ કાઢે છે. ગુજરાન કમાવા માટે ઘણી બાબતોની ગણતરી કરી કરીને ચાલવું પડે છે. પણ આવી રીતની ગણતરી બાજીમાં સત્યની મર્યાદાઓ હંમેશ અતૂટ રહે એ સંભવિત નથી.

એ સિવાય બીજો પણ એક ભેદ એ બંને વચ્ચે છે. ટીકાકારોનો જે 'અભિપ્રાય' હોય છે તે અભિપ્રાયથી આગળ નથી જતો—બળવાવીરો એમાં શ્રદ્ધા મૂકી તેને સક્રિય બનાવે છે. અભિપ્રાય સફળતાના મોહની ઉપરવટ નથી થઈ શકતો. તે હંમેશ ફળની આશા રાખે છે. પણ જેઓ ઈતિહાસને ઘડે છે તેઓ એવા અભિપ્રાય કે સફળતાની પરવા નથી કરતા. તેઓ નિષ્ઠાવાન અને શ્રદ્ધાપૂર્ણ હોય છે. નિષ્ફળતા એમની શ્રદ્ધાનો પાયો નીચે નથી ઉતારી શકતી, તેથીજ તેઓ ઇતિહાસમાં અમર બને છે. શ્રદ્ધાપૂર્ણ માનવોજ જગતમાં કંઇક ને કંઇક ચિરંજીવ કાર્ય કરવાને શક્તિમાન બને છે.

હિંદના બળવાવાદીઓ પણ એવાજ શ્રદ્ધાભર્યાજ હતા. એમને વિષે બેરીસ્ટર નોરટન સાહેબે એક વાર કહેલું: આ બધા બળવાવાદીઓ પોતાનું ધાર્યું પાર પાડી ન શક્યા તેથી આજે તેઓ સરકારના ગુન્હેગાર છે. તેઓ ધાર્યું કરી શકત તો આ જ દુનિયામાં તેઓ સ્વદેશભક્ત ને વીર સાધકો તરીકે પૂજાત!

હિન્દના બળવાવાદીઓએ જે રસ્તો પકડેલો એ રસ્તે હિન્દની મુક્તિ થાય કે નહિ એ વાત તો કોણુજ કહી શકે? કદાચ તેઓ અવળે માર્ગે પણ ચઢ્યા હોય! પણ એમની સાથે મતભેદ હોય તેથી કંઈ એમને બુડથલ તો નજ કહી શકાય. દુનિયાની સુધરેલી પ્રજાઓમાં હિન્દીઓના માન ઇજ્જતનું સંરક્ષણ આ બળવાવીરો દ્વારાજ વધારે થયું છે, કે પેલા વિરોધી ટીકાકારોની જુક્તિભરી વાતો દ્વારા, એ તો કોણ જાણે! તોયે એટલી વાત તો હું જાણું છું કે ગયા ૬૦ વરસ સુધી રૂશિયાના બળવાવીરોના બધા પ્રયાસ નિષ્ફળજ

નીવડેલા; ને પ્રબળ પ્રતાપી આસ્ટ્રીયાની રાજસત્તા સામે ઈટાલીના મુઠ્ઠીભર બળવાવીરોએ પહેલવહેલું માથું ઉઠાવેલું, ત્યાં સુધી આ બંને દેશના બળવાવીરોને એવી મશ્કરી ને ગાળોજ સાંભળવી પડેલી.

૬૦ વરસના અથાક પરિશ્રમ પછી અનેક મુશ્કેલીઓ ને નિષ્ફળતાઓ વેઠી આખા જગતના હાંસીવિરોધ સહીને આજે રૂશિયાના બળવાવીરોની આશા સફળતાની અણી પર છે. લગભગ ૪૦ વરસની કટાકટી પછી, કેટલા ત્યાગ, કેટલાં સંકટ, કેટલીય અશાંતિ વેઠ્યા પછી ઈટાલીએ સ્વતંત્રતા મેળવી હતી. પણ હિંદના આ મુક્તિપંથના પહેલા જાત્રાળુઓને પોતાના નિષ્ફળ પ્રયાસો માટે કેટલીય નિન્દા સહેવી પડી છે !

આ પ્રસંગે આઇરીશ વીરના વચનો યાદ આવે છેઃ "કોઇ આદમી તમને એમ કહે કે હથિયારબંધ સામનો--પછી ભલેને દશજ માણસો તે કરતા હોય, ને તેમની પાસે હથિયારમાં ફક્ત પથરા જ હોય--એવો સામનો કાચો, મુરખાઇભર્યો કે ભયજનક છે, તો તે આદમીના મ્હોં પર થુંકવામાં કંઈ ખોટું નથી. કેમકે કોઈ પણ સ્થળે કોઈ પણ પ્રકારના સામનાનો આરંભ કરવાનો હોય તો તે આરંભ તો કાચો અધુરો ને ભયજનકજ રહેવાનો, ને રહેવો જોઇએ, એ વાત ધ્યાનમાં લેવા અને યાદ રાખવા જેવી છે."

મેં મારી શક્તિ મુજબ આ બળવાવીરોનો ટુંકો પણ સીલસીલાબંધ ઇતિહાસ લખવાનો પ્રયાસ કર્યો છે. પણ ઇતિહાસનો આત્મા તો નિર્ણય--જજમેન્ટ હોય છે. ને એવા નિર્ણય વિનાનો ઇતિહાસ કેવળ બનાવોના માળખા સમાન છે. આથી વખતોવખત બનાવો છોડીને મેં બીજી વાતો પણ અંદર ભેળવી દીધી છે.

મેં બળવાવાદીઓના જે વખાણ કર્યા છે તે પરથી કોઈ એમ ન સમજે કે હું બળવાનો પ્રચાર કરૂં છું. હું કહેવા ઇચ્છું છું કે એમની સાથે મતભેદ હોવા છતાં પણ એમના ચરિત્રબળને અવ-

ગણવાનું મારાથી નજ બને. કોઇની સાથે મતભેદ હોય તેથી કંઇ તેના તરફ તિરસ્કાર ન બતાવાય, તેમ તેના પર ગાળગલોચ ન વરસાવાય. અને આ બળવાવીરોના ચારિત્ર્યની તો તેમના વિરોધ ઇંગ્રેજ અમલદારોએ પણ ભરપટ્ટે પ્રશંસા કરી છે. છતાં તેથી કંઇ એ અમલદારો ખરેખર બળવાવાદી નથી બની ગયા!

ઇતિહાસ લખવા બેઠો છું તેથી તો હિન્દીઓ એ હિન્દી બળ-વાવીરોને કેવી નજરે ભાળતા હતા, શા માટે એવી નજરે ભાળતા હતા ને કયા દૃષ્ટિકોણથી જોવું ઉચિત છે. એ બધી વાતોની પણ મે ચર્ચા કરી છે. બળવાવીરોએ ખરેખર પાગલામી દર્શાવી કે કેમ એ હું નથી જાણતો. પણ મને એમના પાગલપણાની વાત સાંભળી રવિબાબુની એક કવિતાની થોડી લીટી યાદ આવે છે:

કોન આલોતે પ્રાણેર પ્રદીપ
જ્વાલિયે તુમિ ધરાય આસો
સાધક ઓ, ગો પ્રેમિક ઓ ગો,
પાગલ ઓ, ગો ધરાય આસો!

હે સાધક, હે પ્રેમિક, **હે પાગલ,** તું આ ભૂમિ પર આ છે--કઇ જ્યોતિથી પ્રાણનો પ્રદીપ બાળીને તું આ ભૂમિ પ આવે છે?

(૧૪)

બળવાના પ્રયાસ નિષ્ફળ કેમ ગયા?

હિંદના બળવાવીરોના પ્રયાસ ફોગટ કેમ ગયા, એ સમજ માટે તેઓ શું માંગતા હતા તે સમજવું ખાસ જરૂરનું છે. એમ

હેતુ બરાબર સમજ્યા વિના તેઓ કેટલે અંશે નિષ્ફળ થયા અને કેટલે અંશે સફળ થયા, અને વળી એના કારણ શાં, એ નહિ સમજાય. તેથી પહેલાં એમના હેતુઓની તપાસ કરવી જરૂરની છે.

હિંદી બળવાવાદીઓના ઉદ્દેશો વિષે એટલું બધું કહેવાનું છે, કે આ સ્થળે એ બધું સમાઇ જાય એ સંભવતું નથી. કેમકે તે માટે તો એમની ઉત્પત્તિથી માંડીને આખો ક્રમબદ્ધ ઇતિહાસ પણ પૂરેપૂરો જોવો જરૂરનો છે. એ ચર્ચા એટલી મોટી થઈ પડે કે ચાલુ વિષયથી દૂર પણ નીકળી જવાય; એથી તેને માટે બીજો કોઇ અવકાશ શોધવો પડશે. અત્યારે તો જેટલી ચર્ચા ખાસ અનિવાર્ય લાગે છે એટલીજ કરૂં છું.

હિંદી બળવામંડળોમાં ગમે એટલા મતભેદ ભલેને હોય, હિંદની સ્વતંત્રતા તો મેળવવાનીજ છે એ વિષે તેઓ સર્વ પૂરેપૂરા સંમત હતા. એટલે કે હિંદ શિવાય બીજી કોઇ પણ પ્રજા હિંદના હિતાહિત વિષે નિર્ણયકર્તા બની હિંદના કલ્યાણના પ્રશ્નોમાં માથું ન મારે; હિંદમાં કેવું રાજતંત્ર હોવું જોઇયે તે વિષે હિંદીઓજ નિર્ણય કરે; હિંદનો સામાજીક આદર્શ કેવો હોય, હિંદના સંસારી સવાલોના કોયડા કેમ ઉકેલવા, પરપ્રજાઓ સાથે હિન્દે કેવો સંબંધ બાંધવો, હિંદનો વેપાર કેવી રીતે ચલાવવાથી હિંદ અને દુનિયાનું કલ્યાણ થાય વગેરે વગેરે સર્વ બાબતોની લગામ હિંદીઓ સિવાય બીજા કોઈના હાથમાં ન રહેવી જોઇએ. એજ માત્ર આ બળવાવીરોની આકાંક્ષા!

હિંદની આ સ્વતંત્રતા, બ્રિટીશ સામ્રાજ્યમાં રહેવાથી બરાબર સુરક્ષિત નહિ રહી શકે એ વાત, જેમ બાળક પોતાનાં માબાપોને ખાતરીથી ઓળખી શકે છે તેમ બળવાવીરો સારી પેઠે જાણતા હતા. આથી એમના બધા પ્રયત્નોના મૂળમાં મુદ્દો એ હતો કે હિંદને એવો બળવાન બનાવવો જોઇયે કે જેથી જગતની બધી

પ્રજાઓથી તે સર્વાંશે સ્વતંત્ર રહી શકે. 'જગતની બધી પ્રજા' એટલે એમાં ઈંગ્રેજ પણ આવી જાય. ને ઈંગ્રેજો સામેના ઝગડાથી તો આખી પ્રવૃત્તિનો આરંભજ થાય છે; કેમકે ઈંગ્રેજોજ દેખીતી રીતે અત્યારે હિંદની બધી લગામ હાથમાં રાખી રહ્યા છે.

અને એ સૌ સમજતા કે હિન્દને મુક્ત કરવાનો સૌથી મુખ્ય ઉપાય હિંદની સૂતેલી ક્ષાત્રશક્તિને જગાડવાનો છે. આ ક્ષાત્રશક્તિના આદર્શનેજ પોતાનો મુખ્ય આદર્શ બનાવી બળવાવીરોએ એમનું સર્વ કાર્યતંત્ર ગોઠવ્યું હતું. ગાંધીજી હિંદના રાષ્ટ્રક્ષેત્રમાં આવ્યા, તેના ઘણા વખત પૂર્વે આ બળવાવાદીઓમાં ક્ષત્રિયત્વના અને બ્રાહ્મણત્વના આદર્શ વિષે ઘણી ઘણી ચર્ચાઓ અને વિવાદો ચાલ્યા હતા. એ વિષે લાંબી ચર્ચા અહિં કરવી ઠીક નથી. તક મળે તો બીજે કોઈ સ્થળે તે કરવા ધારૂં છું. તોયે બે ચાર શબ્દો લખીશ.

ખરી વાત તો એ છે કે ક્ષાત્ર આદર્શ ને બ્રાહ્મણ આદર્શમાં કશો ભેદ નથી. કેમકે બંનેની અંતિમ સ્થિતિ તો એકજ છે. ક્ષાત્રધર્મી પુરૂષ સાચા જ્ઞાન અનુસાર પોતાનું જીવન રચે અને બ્રાહ્મણધર્મી પણ તેમજ કરે તો બંનેમાં ખાસ કંઈ ફેર રહેતો નથી. આ જગત બ્રહ્મનોજ પ્રકાશ છે ને તે કેટલીક વાર સગુણ તો કેટલીકવાર નિર્ગુણ સ્વરૂપે પ્રગટે છે. આ વિશ્વબ્રહ્માંડ પણ જે નવા નવા રૂપમાં બદલાયા કરે છે તે એનુંજ સગુણ પ્રાગટ્ય છે. અને જે અનિર્વચનીય છે, જે વાણીમાં પ્રગટ નથી, જેને કાંઇ વિશેષણ પણ નથી લાગી શકતું, એટલે કે બ્રહ્મનુંજ જે નિર્ગુણ સ્વરૂપ છે--એ નિર્ગુણ અને સગુણમાં કંઈ ભેદ નથી અને એ નિર્ગુણસગુણ બ્રહ્મના કેવળ જ્ઞાનની પ્રાપ્તિ એજ બ્રાહ્મણ અને ક્ષાત્ર આદર્શનું છેલ્લું ધ્યેય છે. આમ વેદાન્ત કે:ક્ષાત્રધર્મમાં કંઇજ ભેદ રહેતો નથી. પણ વેદાંતના આ ધર્મનો સૌ કોઇ સ્વીકાર નથી કરતા.

બ્રહ્મનું સગુણ સ્વરૂપ સંભવે છે એમ હિન્દના બધા સંપ્રદાયો

નથી માનતા. તેઓ કહે છે કે ગુણાતીત બ્રહ્મનું રૂપ બદલાવાનો સંભવ નથી. એજ એક માત્ર નિત્ય વસ્તુ છે--બીજું બધું અનિત્ય છે, એના સિવાય બીજી કોઈ વસ્તુનું સાચી રીતે તો અસ્તિત્વજ નથી; બહારથી સૌનું અસ્તિત્વ નજરે પડે છે, પરંતુ તે માત્ર એક ભ્રમ છે, ને એ ભ્રમ માયા કહેવાય છે. આ માયા ક્યાંથી આવી, અને એનું સ્વરૂપ શું છે તે વિષે તેઓ કહે છે, કે એ કહી શકાય તેમ નથી, અનિર્વચનીય છે. એટલાજ કારણસર તેઓ સંસારને પણ અનિત્ય જણાવે છે અને તેથી સંસાર ત્યજી નિર્જન જંગલ, પહાડ, કે ગુફામાં જઈ સંન્યાસી રૂપે તપસ્યા કરવી, ભગવદોપાસના કરવી એજ તેમનો આદર્શ બને છે. બ્રાહ્મણ વડે ચાલતા હિંદ સમાજનો સનાતન ને સર્વશ્રેષ્ઠ આદર્શ આ જ ગણાતો આવ્યો છે એવી ઘણાકની માન્યતા છે. એ આદર્શને જ જેઓ માનવ સમાજ રૂબરૂ રજુ કરવા ચાહે છે તેઓ બ્રાહ્મણધર્મના હિમાયતી ગણાય અને તેથી તેમના આદર્શને મેં એ નામે ઓળખાવ્યો છે.

જે આદર્શમાં જગતને નિર્ગુણ બ્રહ્મ સાથે એકાકારજ માનવામાં આવે છે, જે આદર્શની પ્રાપ્તિ માટે દુનિયાને અવગણવાની કે એનો ત્યાગ કરવાની જરૂર રહેતી નથી, દુનિયાનાં સુખદુઃખ, ઇષ્ટાનિષ્ટ, હિંસાઅહિંસા, રાગદ્વેષને સરખાં સમજી, એ ભીષણ જાદવાસ્થળીની મધ્યમાંજ રહી, જીવજગતમાંનું સાચું ખોટું બધું બ્રહ્મનુંજ સ્વરૂપ છે એ સત્યનો પરચો મેળવવા માટે દુન્યવી કામોમાં લિપ્ત રહી કર્મયોગને પંથે સાધના કરવી એ આદર્શ--એવો હું ક્ષાત્રધર્મનો અર્થ કરવા ઇચ્છું છું. એનેજ હું ક્ષાત્રધર્મ કહી સંબોધું છું. આ બંને આદર્શોમાં ચોકખો તફાવત દેખાય છે. એકનો આદર્શ શંકર, બીજાનો ઋષિ જનક. એકનો બુદ્ધ, બીજાનો કૃષ્ણ. એકનો આદર્શ શ્રી ચૈતન્ય, બીજાનો ગુરૂ ગોવિન્દ. એક આદર્શમાં દુનિયાને નવે નવે સ્વરૂપે ઘડવાની છે; યુગે યુગે ઉદ્દામ પ્રેરણાઓ વડે એને

તોડી ફોડી નવી ને નવી રીતે શણગારવાની છે. કોઈ વાર જ્ઞાનનાં અજવાળાં દુનિયામાં ફેલાવી, કોઇ વાર તલ્વાર વડે લોહીની રેલ રેલાવી, કોઇ વાર પ્રેમના પ્રવાહમાં ધરતીને ભીંજાવી, દુનિયાના સૌંદર્યને અદ્દભુત કારીગરી અને વિવિધ રંગોથી રંગી, શણગારી અજવાળી તેને વિસ્મયકર બનાવવાની છે.

આવા આદર્શોનું આ જોડકું કેવળ વાક્ચાતુરી અથવા જીભાજોરીનુંજ જોડકું નહોતું. અમારા મંડળમાં જેમણે જે આદર્શને સાચો માન્યો તેમણે તેનીજ પાછળ આખું જીવન ગુજાર્યું. એ પ્રમાણે કેટલાઓએ સ્વપરિવાર કે રાજતંત્ર તરફની પાર વિનાની યાતનાઓ ભોગવી, જીવનના ભોગવિલાસને તુચ્છ સમજી આફતમાં ને વિપદમાંજ જીવન વીતાડી દીધું. ગમે તેમ, બળવાવાદીઓએ આજના જમાનામાં ક્ષાત્ર આદર્શનેજ ઉંચું આસન દીધેલું. અને હિંદની જનતામાં એ ક્ષાત્ર આદર્શનોજ પ્રચાર કરવાને માટે તેઓ મહેનત કરતા રહ્યા.

ને 'હિંદ'નો અર્થ બળવાવાદીઓ 'હિંદની ગરીબમાં ગરીબ પ્રજા' કરતા. પણ તેઓ એ ન સમજી શકયા કે કેવી રીતે આ સામાન્ય અને ગરીબ પ્રજા પોતાની ઇચ્છાઅભિલાષાને પ્રગટ કરી શકે. કેવી રીતે આ વિશાળ જનસમુદાયની ઇચ્છાઓ બરાબર જળવાય, દેશના ગરીબ ને માલદારોમાં, જમીનદારો અને તેમની રૈયતની વચ્ચે, મીલમાલિકો અને કુલિમજુરો વચ્ચે, દેશી અને વિદેશી વેપારીઓ વચ્ચે જે જાતજાતના વિરૂદ્ધ સ્વાર્થની આળપંપાળ ઉભી થઈ છે, અને એ સામસામા સ્વાર્થોની લદવાડ વડે દુનિયામાં જે અનેક તરેહવાર અશાંતિ, અણસરખાપણું ને વિષમતાઓ ઉભાં થયાં છે, અનેક પ્રકારના જુલમો પીડાઓ ને ખૂનરેજીઓ ઉદ્દભવી છે, એ બધાંનો મેળ કેમ બેસાડી શકાય અને સાચા બળવાવાદી બન્યા પછી દુનિયાના ચાલુ ઘડતરને તોડી ફોડી નવી રચના

કેમ કરવી એ બધું તેઓ ન સમજેલા. અને આ બધા કોયડાઓ વિચારીને હિંદની પ્રજાનું ભાવી ઘડતર કયે પ્રકારે હોવું જોઇએ એ બાબત પર પણ તેમણે ખાસ ગંભીર વિચાર ન કરેલો. તોયે મોટા ભાગનો મત એવો ખરો કે હિંદનું ભાવી રાજતંત્ર પ્રજાતંત્રજ હોવું ઘટે. *

એ ગણતરીમાં ઘણાખરા બળવાવાદીઓ રાજાઓ માટે કશું સ્થાન ન રાખતા. કેટલાક એવું પણ માનનારા હતા, કે પોતાને સ્વતંત્ર મનાવનારો હિંદનો કોઈ રાજા હિન્દના સ્વતંત્રતાના યજ્ઞમાં તન મન અને ધન કુરબાન કરે તો એને હિન્દનું રાજ્યાસન આપી શકાય ને એવા સંજોગમાં હિંદનું રાજતંત્ર વિલાયતને ધોરણે રચવું. મહારાષ્ટ્રમાંની 'અભિનવ ભારત' નામની ગુપ્ત મંડળી તરફથી 'ભારતના રાજવીઓ, તમારો માર્ગ નક્કી કરો' નામની એક નાનકડી ચોપડીનો ગુપ્ત રૂપે પ્રચાર કરવામાં આવ્યો હતો. તેમાં વડોદરાના રાજા ગાયકવાડનું નામ સાફ સાફ લખીને ઉપર લખેલા વિચારને ચર્ચેલો હતો. પંજાબના શીખોમાંથી પણ ઘણાકની ઇચ્છા એવી હતી કે હિંદમાં ફરીથી ખાલસા રાજ્ય સ્થાપવું. વળી બળવાવાદીઓમાંના ઘણાખરા હિન્દુ હતા એટલે તેમનામાંથી કેટલાકના દિલમાં એવું પણ ખરૂં કે સ્વતંત્રતા એટલે હિન્દુ રાજ્યની ફરી સ્થાપના. પણ ધીમે ધીમે એ ભાવ બિલકુલ લુપ્ત થતો ગયો; અને તેઓ માત્ર હિન્દુઓના સ્વાવલંબન પર નિર્ભર રહીનેજ આગળ વધતા હતા, તોયે સ્વતંત્ર ભારતમાં કોઈ એક જાતિને પોતાના કબજામાં રાખે એવી કલ્પના તેમણે ન રાખી. એટલે કે સ્વતંત્રતા માટે પ્રયાસ હિન્દુઓજ મુખ્યત્વે કરે તો પણ સ્વતંત્ર ભારતમાં બધીજ કોમોના સરખા હક રહેવા જોઇએ: આ હતો હિન્દી બળવાખોરોનો આદર્શ.

---

* આ જ વિષયની વિશેષ ચર્ચા ડૉ૰ ભૂપેન્દ્રનાથ દત્તના 'બંગાળાનો બળવો' માં વાંચવા જેવી છે. ગાંડીવ, ૧૧ ૩૧.

આપણા દેશના લગભગ બધા માણસો એકે અવાજે કહેતા આવ્યા છે કે હિન્દનો બળવાપ્રયાસ તદ્દન નિષ્ફળ ગયો છે, ને એ નિષ્ફળ જવાનેજ સરજાયો છે. તેઓ કહે છે કે આજના જમાનામાં વિજ્ઞાનની શોધખોળોને લીધે કોઈ પણ પ્રજા રાજસત્તા સામે લડાયક શક્તિ વડે બળવો કરી નથી શકતી. અને તેઓ વિચારે છે કે ઇંગ્રેજો જેવા શત્રુને લડાયક શક્તિ વડે હરાવી સ્વતંત્રતા મેળવવાનો ખ્યાલ એ નર્યું ગાંડપણ છે. તેથી તેઓ હિન્દના બળવાવાદીઓને ગાંડા, મૂરખ કે છેકજ અજ્ઞાન સમજે છે. અલબત્ત, આ ટીકાકારોની આવી વાતો સાચી હોય તો તો હિંદને કપાળે કાયમનીજ ગુલામી લખાયેલી ગણાય; કેમકે પૂર્ણ સ્વતંત્રતા મેળવવાનો બીજો કોઈ રસ્તો એ ટીકાકારો બતાવી શક્યા નથી. અને આજના જમાનામાં પણ રૂશિઆ અને જર્મનીમાંના બળવામંડળોએ જબરદસ્ત રાજ-સત્તાઓને હરાવી દીધી છે; એ વાતેય માન્યા વિના છૂટકો નથી. એટલે ચાલુ જમાનામાં સુદ્ધાં પ્રજાશક્તિ બળવાને માર્ગે તથા લડા-યક સરંજામની મદદથી મજબૂત રાજસત્તાને નજ હરાવી શકે એ વાત કંઈ મનાય એવી નથી.

પણ હિંદી બળવામંડળો સાથે રૂશિયન ને જર્મન બળવામંડ-ળોને સરખાવતાં એક વાત ખાસ ધ્યાનમાં આવે છે, કે એ જર્મન મંડળોને પોતાનાજ લોકો વિરૂદ્ધ ઝગડવું પડેલું. કોઇ પરદેશી સત્તા સાથે ઝગડવાનું હોત તો તમામ દેશજનોની સહાનુભૂતિ અને મદદ મળવાની વકી રહે. એટલે કે પરદેશી રાજસત્તા સામે બળવો ખેડવાનું આપસઆપસના યુદ્ધ–સીવીલ વૉર કરતાં ઘણે અંશે સહેલું છે. છતાં આપણે જોઇએ છીએ કે હિન્દના પ્રયાસ નિષ્ફળ ગયા.– રૂશિયાના અને જર્મન પ્રયાસ સફળ થયા. આ વાત ભલે સાચી હોય, પણ એ નિષ્ફળતાના વિષયમાં તો મારે ઘણાયની સાથે મતભેદ છે. અને અહિં હું એ કારણો વિષેજ ચર્ચા કરૂં છું. હિન્દીઓએ

ખરેખર બળવાને પંથે ચઢવું કે નહિ એ વિષે હું કશી ચર્ચા નથી કરતો. અત્યાર સુધી તો વિરૂદ્ધ પક્ષવાળાઓની વાતોનુંજ પૃથક્કરણ મેં સહેજસાજ કરી બતાવ્યું છે.

વળી એક વાત વાંચક ખાસ યાદ રાખે, કે હું ભૂતકાળનીજ વાતો કરતો આવ્યો છું. ઇતિહાસ લખતી વેળા એજ પદ્ધતિ સારી છે. તેથીજ ભવિષ્યમાં શું થશે અથવા શું થવું જોઇએ એ મારી ચર્ચાનો વિષય નથી. ગમે તેમ, હવે મૂળ વિષય પર આવીએ ને બળવાપ્રયાસ કેમ નિષ્ફળ થયા તેનીજ વાતો કરીએ.

ઘણા માણસો કહે છે કે હજુ યોગ્ય વખત નથી આવ્યો, તેથી એ પ્રયાસ અફળ ગયો. એટલે એવો પ્રયાસ સાર્થક કરવા માટે જેવા સંજોગોની જરૂર છે તેવા હજુ હિંદમાં પગભર નથી થયા. મતલબ કે ભારતની સર્વસામાન્ય પ્રજા (આમવર્ગ)ને હજુ સ્વતંત્ર-તાની તાલાવેલી લાગી નથી—પરાધિનતાની જ્વાળા તેને દાહ દેતી નથી, તેથી તે બળવાના માર્ગે આગળ નથી ધપતી અને તેથીજ આ પ્રયાસ નિષ્ફળ ગયા.

પણ હિંદવાસીઓને ખરેખર સ્વતંત્રતા નથી જોઈતી, તેઓને પરતંત્રતા સાલતી નથી, એ વાત તો હું નથી માનતો. એ સ્વતંત્રતા મેળવવા માટે જે ત્યાગ, જે શૂરાતનની જરૂર પડે છે એ ગુણોનો હિંદીઓમાં તદ્દન અભાવ છે એમ કહ્યા વિના છૂટકો નથી. જે લોકો કહે છે કે દેશની અભણ પ્રજાએ-આમવર્ગે આ બળવા ચળવળમાં સાથ ન દીધો, તેથી આ બળવાપ્રયાસ નિષ્ફળ ગયો તેમની વાત મને સાચી નથી લાગતી; કેમકે બળવ'વાદીઓએ કદિ પણ કોઈ દેશમા-દેખીતી રીતે કે ગુપ્ત રીતે-ખેડુતો કે મ રોને હાકલ કરી નથી; તથા જ્યારે ને જે રીતે દેશના ભણેલા વર્ગોએ અભણ પ્રજાને હાકલ કરી છે ત્યારે ને તે રીતે સામાન્ય પ્રજાએ ભારે ત્યાગ કરીને પણ એ હાકલને યોગ્ય જવાબ આપ્યો છે. દેશના

ભણેલા લોકો સમજવા છતાં પોતાનો જે ધર્મ બજાવી નથી શકતા, તે ધર્મ ઘણીવાર અભણ પ્રજા સહજ રીતે ને અનાયાસે બજાવી નાંખે છે. અલબત્ત જનસમુદાય માત્ર કર્તવ્ય ખાતર લાંબો વખત સંકટ વેઠી નથી શકતો, તેથી તેની ગણતરી ને ટેકા પર આધાર રાખી કોઈ પણ સ્થાયી કે ભારે કામ કરવું સંભવિત નથી.

અને જેઓ એમ કહે છે કે દેશનો મોટો ભાગ અભણ છે તેથીજ બળવો સફળ નથી થયો, ને જ્યાં સુધી દેશનો મોટો ભાગ શિક્ષણ નહિ મેળવે ત્યાં સુધી બળવો સફળજ ન થાય, તેમને હું રૂશિયાનો દાખલો આપી જણાવી દઉં કે બળવાની સફળતા-નિષ્ફળતાનો આધાર પ્રજાના ભણતર પર જરાયે નથી.

તો પછી આ પ્રયાસ નિષ્ફળ કેમ ગયો? હાં હાં, બળવાવાદીઓનો આટલો ત્યાગ, આટલું અજબ સાહસ શૂરાતન વ્યર્થજ ગયું છે? એમણે કેટલીય દારૂણ યાતનાઓ સહન કરી, કેટલીય મુશીબતોમાં પણ પોતાની નિષ્ઠા અચળ અટલ રાખી, કેટલાય આઘાત ને પરાજય સહન કર્યા, અને કેટલાય વિશ્વાસઘાતકીઓના ક્રૂર વર્તન ખમવા છતાં યે પોતાની અજબ દૃઢતા સાથે તેઓ પોતાના ધાર્યા કામમાં આગળ ને આગળજ ધપતા રહ્યા—એ બધું શું નિષ્ફળજ ગયું? ક્ષાત્રશક્તિનો આદર્શ દેશમાં સહેજ પણ વધારે પ્રતિષ્ઠા ન મેળવી શક્યો? મરવાનો ડર હિંદીઓના દિલમાંથી થોડો પણ દૂર ના થયો? દેશની બીજી ચળવળો પર શું એની કશી અસર ન થઈ? દુનિયાના રાજકારણ પર દુનિયાની સુધરેલી પ્રજાઓમાં હિંદીઓની આ ચળવળની શું કશીજ છાપ ન પડી? શું હિંદનું ગૌરવ સહેજ પણ ન વધ્યું? આ સંબંધે હાર્વર્ડ વિદ્યાપીઠના પ્રોફેસર શ્રીયુત એશરે લખેલું પેન-જર્મનીઝમ, તથા બર્નહાર્ડી કૃત જર્મની એન્ડ ધી નેક્સ્ટ વૉર વગેરે ચોપડીઓ જોવા વાંચકને ભલામણ કરું છું. તે પરથી મારી વાતની મતલબ તેઓના ખ્યાલમાં આવી જશે.

ઘણા માણસો કહે છે કે બળવાવાદીઓએ ફાયદા કરતાં નુકસાનજ વધારે કર્યું. ઇંગ્રેજ સરકારને એમણે દમનનીતિ ચલાવવાની તક આપી. એમનેજ લીધે નવા નવા કરડા ને કડક કાયદા હિંદની કાયદેસર ચળવળો પર પણ લદાયા. પણ સાચેસાચી વાત કહું, તો ખુલ્લી કાયદેસર ચળવળ પર દાબદબાણ ને જુલમ ચાલવાથીજ—ચાલ્યા પછીજ બળવાનું કામ શરૂ થયેલું; ને રાઉલાટ રિપોર્ટમાં અજાણપણે પણ ઇંગ્રેજોએ એવી ચર્ચા કરી નાંખી છે કે બળવાવીરોની ધાંધલને લીધેજ અવારનવાર હિન્દને રાજદ્વારી હકો અપાયા છે.

એટલું તો ઘણાયે * કબુલે છે કે હિન્દને જે કંઈ સામાન્ય રાજદ્વારી હક મળ્યા છે તે હિંદના મક્કમ બળવાવાદીઓના પ્રયાસથીજ મળ્યા છે.

ખેર, ગમે તેમ, બળવાવાદીઓને જે જોઈતું હતું તે તો નથીજ મળ્યું. તેઓ દેશને સ્વતંત્ર કરવા ઇચ્છતા હતા, તે નથી કરી શક્યા. તેમનો મુખ્ય પ્રયાસ નિષ્ફળ ગયો.

હું માનું છું કે વિચારશીલ પ્રભાવશાળી આગેવાનના અભાવેજ આ નિષ્ફળતા મળી. રૂશિયા કે જર્મનીના બળવામંડળોમાં તો એવી બહુયે વ્યક્તિઓ હતી અને છે, જે દુનિયાભરના શ્રેષ્ઠ વિચાર-

---

* એમાંના એક તે બિપિનચંદ્ર પાલબાબુ. હમણાંજ ૧૯૨૯ના નવેમ્બરની ૧૯મીએ સુરતમાં 'ગયા સૈકાનું હિંદનું રાજકારણ' એ વિષય પર ભાષણ કરતાં એમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવેલું કે "સને ૧૯૦૯ના મોરલી–મિંટો સુધારા બળવાવાદીઓની ચળવળથી ગભરાઇનેજ આપવામાં આવેલા. દેશની લાગણી તીવ્ર થતી જાય છે માટે દેશને થોડા વધુ હક આપવા અનિવાર્ય છે એવું જોઈનેજ એ સુધારા અપાયલા; અને તે પછી હિંદીઓને મોટા મોટા ઓદ્ધા મળવા લાગ્યા, તે પણ એનેજ પરિણામે." બિપિન બાબુએ સ્પષ્ટ કહ્યું કે "કોઇ પણ પ્રજા બીજી પ્રજાને દાન દેતી નથી. જ્યારે અનિવાર્ય જરૂરત ઉભી થાય છે ત્યારેજ છૂટ મૂકાય છે." અનુ૦

કોમાં પોતાનું સ્થાન લઇ શકે. પણ હિંદમાં એવો કોઇ વિચારક નહોતો,–એવો કોઈ શક્તિશાળી પુરુષ નહોતો. એટલેજ, બળવામંડળ પોતાનું કાર્ય ધપાવી ન શક્યું ને તેનો પ્રભાવ ન પડ્યો. એટલું ખરૂં, કે હિંદના બળવાવાદની પાછળ સ્વામી વિવેકાનંદનો જ્વલંત આદર્શ ખડો હતો. ને એ મહાન નરમાંથીજ પ્રેરણા મેળવનારા ઘણાય એમાં હતા. પણ ખુદ વિવેકાનંદ **જેવીજ** કોઈ વિભૂતિ એમાં નહોતી. શ્રી અરવિંદ ઘોષ અને લાલા હરદયાળ ઠેઠ સુધી એમાં રહેતે તો ઘણો ફેર પડતે. પણ તેઓ તો જતા રહ્યા. એ અરવિંદ સંબંધેજ એક જણ મને એક કવિના વારંવાર સંભળાવ્યા કરતો, તે અહિં ઉતાર્યા વિના નથી રહેવાતું.

He is gone to the Mountain
and He is lost to the forest
The Spring is dried in the fountain
when the need was sorest

વારૂ; વિભૂતિની વાત બાજુએ રાખીયે તો પણ કોઈ સમર્થ સાહિત્યકાર, પત્રકાર, કે કવિએ પણ એમાં સાથ ન દીધેલો. એક રીતે એમ કહીએ તો ચાલે કે એ પંથમાં બુદ્ધિશાળીઓ–ઇન્ટેલેક્ચ્યુઅલ્સ નહોતા, તેથી એ પંથ પોતાનું પ્રચારકાર્ય ન ચલાવી શક્યો. જે થોડી છૂપી પત્રિકાઓ અવારનવાર પ્રગટ થઈ વહેંચાતી તે ફક્ત લદાયક, આવેશમય, હિંસાભરી વાતોજ ફેલાવતી. તેના લેખોમાં વિચારશીલતા ન જણાતી, જીવનનો કોઇ નવો આદર્શ નહોતો પ્રગટ થતો. એ બળવાવીરો કંઇ સાચું કે શાશ્વત સાહિત્ય નીપજાવી ન શક્યા. એ નજરે બળવાપ્રયાસ નિષ્ફળ ન થાય તો બીજું શું થાય? તો યે શરૂઆતમાં બારીન્દ્ર ને ઉપેન્દ્રની યુગાન્તર પત્રિકાએ એ દિશામાં ઘણું કામ કરેલું. એ પત્રિકાનો પ્રભાવ હજુ આજે પણ દેખાય છે. એથીજ બારીન્દ્ર

એક દહાડો સગર્વ આંદામાનમાં બોલેલાઃ :જે રસ્તો મેં એક વાર બતાવ્યો તેજ રસ્તે બંગાળા હજુ ચાલ્યા કરે છે. કોઇએ હજુ બીજો રસ્તો બતાવવા જેટલી શક્તિ પણ નથી બતાવી, છટ્ !!

આ શિવાય બળવામંડળ ખુલ્લી રીતે પોતાનું કશું કામ ન કરી શક્યું. એવો એમનો કોઇ આગેવાન નહોતો જે ગાંધીજી કે તિલક જેટલી પ્રતિષ્ઠા મેળવી શકત. એટલેજ એ પંથ સાંકડો રહ્યો ને સામાન્ય પ્રજા તેનાથી અલગ જ રહી. આ પ્રમાણે ખુલ્લી ચળવળની આગેવાની ન કરી શકાઇ, એટલું જ નહિ પણ દેશની અભણ પ્રજાને પોતાના આદર્શનું આછું ઉણું ભાન પણ ન કરાવી શકાયું—એ વાત પણ બળવાપંથના નેતાઓ સમજી ન શક્યા, અથવા એ કામ કરી શકે તેવા તેમની પાસે માણસોજ નહિ, એટલે તેઓ એ કામ પ્રત્યે ઉદાસીન રહ્યા. સારા નેતાને અભાવે બીજા રાજદ્વારી પંથના આગેવાનોએ ઘણી વાર આ મંડળોને ઠગ્યાં છે. ભલે; એનાથી દેશને તો બહુ નુકસાન નથી થયું. માત્ર બળવા પંથની દીનતાજ સ્પષ્ટ દેખાઈ આવી છે.

એ શિવાય તો આ ચોપડીમાં રજુ થયેલો ઇતિહાસ જ ઘણી વાત સ્પષ્ટ કરે છે. તે લખવાની જરૂર રહેતી નથી.

પણ અહિંની બળવા—ચળવળ નિષ્ફળ ગયા પછી ઘણાય બળવાવીરોએ પોતાની શક્તિ બતાવી આપી છે. જે અજાણ્યા જુવાનોનો કોઈ અહિં ભાવ નહોતું પૂછતું—જેઓ બળવાપંથમાં પણ આગેવાન ન થઇ શકેલા, લોકો જેને અભણ જેવાજ ગણાત', તેમણે પરદેશોમાં પોતાની શક્તિનો પરચો બતાવ્યો છે. સુધરેલી દુનિયામાં આજે એમનું સ્થાન આપણા બીજા પ્રસિદ્ધ નેતાઓ કરતાં વધારે છે, ઓછું નથી. અરે, લાલાજી કરતાં પણ વધારે ખ્યાતિ આવા જુવાનોએ મેળવેલી સંભળાય છે. એમ હોવાનું કારણ એ છે કે એ જુવાનોએ દુનિયાના સૌથી શ્રેષ્ટ આગેવાનોના સમાગ-

મમાં આવીને અને પરદેશની 'સ્વતંત્ર હવા ચાખીને નિહાળ્યું છે કે એ જૂનો પુરાણો ગુપ્ત માર્ગજ એકલો એક માર્ગ નથી; બીજાયે ઘણા રસ્તા પડ્યા છે. તેમણે એ માર્ગોમાં કદમ મૂક્યા એટલે તેમની સૂતેલી શક્તિઓ અવસર આવ્યે પૂર્ણપણે ખીલી નીકળી.

આ બધા પરદેશવાસી બળવાવીરોના જીવન પરથી એટલું કહી શકાય કે એ પંથમાં ખરેખર એવા ઘણા નવજુવાનો હતા, જેમને વિષે દેશ કશું યે નથી જાણતો. પણ તેઓને અવકાશ ને અવસર મળ્યાં હોત તો તેઓ દુનિયાભરના ઉત્તમ વિચારકોમાં પોતાનું સ્થાન મેળવી શકત. પુસ્તકો વાંચવાથી કે પરીક્ષાઓ પસાર કરવાથી કંઈ વિચારક નથી થવાતું–એ વસ્તુજ જુદી છે. હર્બર્ટ સ્પેન્સર જેવાને એજ ભાષા માત્ર આવડતી હતી. ઘણાય પંડિતોને અનેક ભાષા આવડે છે, છતાં તેઓ હર્બર્ટ સ્પેન્સરથી કેટલેય નીચે છે. આપણાજ દેશમાં વિવેકાનંદ કરતાં વધારે પાંડિત્યવાળા ઘણાય વિદ્વાનો હતા, પણ વિવેકાનંદ જેવા વિચારક કેટલા નીવડ્યા? જગતના અનેક વિચારકો, કવિઓ ને પંડિતોની જીવનકથા નીરખતાં જણાય છે કે પંડિતાઈ ને વિચારશીલતા એ કેવળ જુદાં છે.

"જેમ ઝાડ નથી જાણતું કે મને ફુલ આવશે, પક્ષી નથી જાણતું કે કયારે ગાવાની ઈચ્છા જાગશે, પ્રાણની સમગ્ર શક્તિમાંથીજ એનો એ ક્રમ નીપજી આવે છે, અને તે માટે જાણી બુઝીને વિચાર નથી કરવો પડતો,–તેમ જે વિચારશીલ છે, સાચા વિચારક છે, તે પંડિત બન્યા વિના, પોથી પરીક્ષાની લાયકાત બતાવ્યા વિના, દુનિયાના અનેક અજબ રહસ્યોનો સ્ફોટ કરી શકે છે."

બળવાવીરોનાં કામોને ઘણાક ગાંડાઈ કહે છે–મગજની ખરાબી કહે છે; તેમનામાં સુબુદ્ધિનો–અક્કલનો અભાવ હતો એમ જણાવે છે પણ રવિબાબુએ કહ્યું છેઃ

સુબુદ્ધિ નામથી ઓળખાતી વસ્તુ પૃથ્વી પર નજરે

પડે છે, પણ ઉચ્ચ કોટિનું સાચું પાગલપણું તો દેવલોકની વસ્તુ છે; એટલેજ સુબુદ્ધિએ બનાવેલી મજબૂત વસ્તુઓ ભાંગી તૂટી જાય છે, અને પાગલ-પણું ઉઠીને જે વસ્તુઓને ખેંચી આણે છે તે બીજની પેઠે જંગલના જંગલ રૂપે ઉગી નીકળે છે.

સમાપ્ત

પરિશિષ્ટ

સરકારી ચશ્માંમાંથી

(૧) પંજાબમાં બળવાની હીલચાલો
(૨) સંયુકત પ્રાંતોમાં બળવાના પ્રયાસો

રાઉલાટ કમિટીના રિપોર્ટ

પ્રકરણ ૧૧ મું: પૃષ્ઠ ૧૪૧ થી ૧૬૧
પ્રકરણ ૯ મું: પૃષ્ઠ ૧૩૧ થી ૧૩૬

આ રીપોર્ટનો સાચો તરજુમો છે. સરકારી ભાષા જેમની તેમ રાખી છે. માત્ર ગુજરાતી ભાષામાં બોલેલું લખવાની 'ઇનડાઇરેક્ટ' પદ્ધતિ છે જ નહિ તેથી તેવા સ્થળોએ સ્વાભાવિક ગુજરાતી જાળવવા 'ડાઇરેક્ટ' એટલે સીધી પદ્ધતિ વાપરી છે. અને મૂળ રિપોર્ટમાં આપેલી, બીજા પ્રકરણોમાંનો નિર્દેશ બતાવતી, અહિં બીનજરૂરી, ફુટનોટો કાઢી નાંખી છે. એ સિવાય બીજો કંઇ ફેરફાર કર્યો નથી.........

૧ પંજાબમાં બળવાની હીલચાલો.

૧૯૦૭ વાળી ગડબડ

૧૨૭ વાયવ્ય પ્રાંતો (સરહદ પ્રદેશ) અને પંજાબ વડે હિંદ અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાથી છૂટું પડે છે. વરસો થયાં પંજાબ હિંદી લશ્કરને માટે સૌથી વધારે ફળપ્રદ ભરતીસ્થાન રહ્યું છે અને આજે પણ એનું એ ગરવું પ્રથમ સ્થાન એ ભોગવેજ છે. એની વસતીમાં ૫૫%. મુસ્લીમ, ૩૩% હિન્દુ અને ૧૧%. શીખ છે. તેમાંય સૌથી લડાયક કોમ તો શીખજ છે. પોતે હિંદની કુલ વસતીનો માંડ એકશતાંશ ભાગ છતાં ચાલુ* મહાયુદ્ધમાં લઢેલા હિંદી લશ્કરમાં એ શીખ કોમનો ફાળો ૧/૬ (એક ષષ્ઠાંશ) હતો. પણ પંજાબ સુદ્ધાં બળવાપ્રવૃત્તિના એ ચેપથી કોઈ પણ રીતે કેવળ મુક્ત રહ્યું નથી, અને અમારો આ સારરૂપ ઇતિહાસ પણ છેક ઈ. સ. ૧૯૦૭ ના પ્રારંભના મહિનાઓથીજ શરૂ કરવો રહ્યો; તે વેળા એજ પંજાબના લેફ્૦ ગવ૦ સર ડેન્ઝીલ ઇબ્બટસને એક વાર કહ્યું હતું તેમ સર્વત્ર લોકોને કંઈક નવા ફેરફારનું ભાન થઇ રહ્યું હતું–"કોઇક નવીજ હવા" માણસોના મગજમાં ફુંકાઈ રહી હતી એમ સૌને લાગતું હતું, અને આગળ ઉપર શું નીપજે છે એ જોવા સૌ આતુર હતાં. સૌને યાદ આવશે કે આ જ વખતે યુગાંતર અને બીજાં પ્રકાશનો દરરોજ બંગાળના હ-

---

* હવે 'ગયા'. અનુ૦

જારો લોકોમાં ઝેર રેડી રહ્યા હતા, અને ઢાકા તથા આલિપોરના કાવતરાંખોરો પોતાની બાજી રચી રહ્યા હતા, પોતાનું સંખ્યાબળ વધારી રહ્યા હતા અને હથિયાર ભેગાં કરી રહ્યા હતા. એટલે હિંદમાં અન્યત્ર પણ એજ ગાળામાં નવા વિચારોનો ઉભરો પ્રગટે એમાં નવાઇ ન ગણાય.

૧૨૮ સર ડેન્ઝીલ ઇબ્બટસને કરેલી એક નોંધ પરથી એપ્રિલ ૧૯૦૭ ની આખરમાં પંજાબનું વાતાવરણ કેવું હતું તે સારી પેઠે સમજાય છે, તેથી તેમાંથીજ અમે ટાંચણ ઉતારીશું. એમણે લખેલું કે "પ્રાંતના પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં નવા વિચારો ફક્ત કેળવાયલા લોકોમાંજ પ્રવર્તે છે,—તેય ખાસ કરીને વકીલો કારકુનો ને વિદ્યાર્થીઓમાં; પણ જેમ જેમ પ્રાંતના મધ્યબિન્દુ તરફ જતા જઇએ, તેમ તેમ શહેરોમાંની લાગણી વધારે તીવ્ર દેખાય છે અને વધારે પ્રવૃત્તિ તથા વધારે બેચેનીનાં ચિહ્નો નજરે પડે છે. અમૃતસર અને ફિરોઝપુરમાં લાહોરના ચળવળીયાઓએ બેવફાઈ (Disloyalty) ની વૃત્તિ સળગાવવા પ્રયાસ કર્યો છે. તેમાં ફિરોઝપુરમાં એમને સફળતા પણ ઠીક મળી, અમૃતસરમાં ઝાઝી નહિ. રાવળપીંડી. શિયાળકોટ, લાયલપુરમાં ખુલ્લી રીતે અને ખંતભેર ઇંગ્રેજદ્રોહી (Anti English) પ્રચારકાર્ય ચાલી રહ્યું છે. લાહોર–રાજધાનીની નગરીમાં તો ચળવળ ખૂબ જબરી છે અને તેને લીધે ઓછાવત્તા પ્રમાણમાં પણ સર્વસામાન્ય બેચેની ફેલાઇ ગઇ છે." સર ડેન્ઝીલે નોંધ કરી છે કે 'અહિં (લાહોરમાં) યુરોપિયનોનું તેવા હોવા ખાતરજ બે વાર અપમાન થયું છે. એક છાપાના અધિપતિ અને માલિકને સજાઓ થઈ તે પર પણ હુલ્લડ થયું. વળી ભણેલા ઉદ્દામ ચળવળીયાઓ જાહેર ભાષણો દ્વારા ધમાલ મચાવી રહ્યા છે ને ચિનાબ કેનાલ કોલોની અને બારી દોઆબના ગામડાઓમાં ચોકખું ઇંગ્રેજદ્રોહી પ્રચારકાર્ય આદરી રહ્યા છે. આ ગામડાઓમાં, કેનાલ કોલોનીની

મહેસુલમાં ફેરફાર કરવાને લગતા કાયદા સામે, અને બારી દોઆબ-માંનો નહેરવેરો વધારવાને થયેલી સૂચના સામે અસંતોષ પ્રગટ્યો છે. વધુમાં એમણે લખ્યું કે "આ અસંતોષનો વધારેમાં વધારે દુરૂપયોગ કરવા અને શીખોને ઉશ્કેરવા માટે ખૂબ જહેમત ઉઠાવાઈ રહી છે; ચળવળને અંગે પોલિસોને સ્વજનદ્રોહી તરીકે નિંદવામાં આવે છે અને સરકારી નોકરી છોડી દેવાની સલાહ અપાય છે, તથા હિંદી સિપાઇઓને પણ એજ જાતનું આહ્વાન કરવામાં આવે છે. વળી જમાનાની ફેરફારીનું બીજું એક ચિહ્ન એ છે, કે પન્દરેક દિવસ પર એ બાજુની વાયવ્ય સરહદની રેલ્વે જેનો રસ્તો ચિનાબ કોલોનીમાં થઈને છે તેના હલકા પગારના નોકરોએ હડતાળ પાડી, ત્યારે તેમના તરફ સહાનુભૂતિ દર્શાવવા માટે સભાઓ થઇ હતી અને તેમના નિભાવ ને ટેકા માટે સારી જેવી-સંગીન રકમોનું ઉઘરાણું થયું હતું. હું માનું છું કે કેટલાક આગેવાનોનો મનોભાવ તો બ્રિટીશોને દેશમાંથી અથવા કંઇ નહિ તો સત્તાપરથી તો દૂર કરવાનો છેજ, પછી તે બળ વડે અથવા તો સમગ્ર પ્રજાના નિષ્કર્મ પ્રતિકાર (Passive Resistance) વડે; અને જે પદ્ધતિથી આ લોકો સરકારનું તંત્ર થંભાવી દેવાની તજવીજમાં પડ્યા છે તે કોમી વિદ્વેષની લાગણી જોશભેર સળગાવી મૂકવી એજ છે. હું એ આખી વસ્તુસ્થિતિને ખૂબ જોખમભરી અને તાકીદે ઉપાય કરવાની જરૂર વાળી લેખું છું."

અને ૧૮૧૮ના ત્રીજા રેગ્યુલેશનની કલમો મુજબ ચળવળના હિન્દુ ને શીખ આગેવાનો–લાજપતરાય અને અજીતસિંહની ધરપ-કડ અને દેશનિકાલી રૂપી ઉપાય યોજાયો. કેનાલ કોલોનીને લગતા કાયદા વિષે હિન્દી સરકારે નન્નો વાસ્યો (veto) પણ એ આખી ગડબડનું મૂળ ખેડુતના અસંતોષમાં છે એ જાતની સૂચના સેક્રેટરી ઓફ સ્ટેટ લોર્ડ (તે વેળા મી૦) મોરલીએ કબુલ ન રાખી.

૧૯૦૭ના જુન મહિનાની છઠ્ઠી તારીખે દિવાને આમમાં બોલતાં એમણે કહેલું: "૧લી માર્ચ અને ૧લી મેના ગાળામાં આગેવાન ચળવળખોરો તરફથી ૨૮ સભાઓ થયાનું જાણમાં આવ્યું છે. એમાંની ફક્ત પાંચ, દેખીતે રૂપે ખેડુતોના દુઃખને લગતી હતી. બાકીની ૨૩ ચોકખી રાજદ્વારી હતી!"

એ પછીના નવેમ્બરની પહેલી તારીખે પોતાની ધારા સભામાં રાજદ્રોહી સભાઓ અટકાવવાને લગતા કાયદાનો ખરડો રજુ થયો, ત્યારે વાઇસિરોયે, આખા વરસનાં આગળ પડતાં લક્ષણોનો સાર આ પ્રમાણે રજુ કરેલો: "વસંતઋતુના પ્રારંભકાળમાં બનેલા બનાવો તરફ દુર્લક્ષ કરવું આપણને ન પરવડે; લાહોરનાં તોફાન, યુરોપિયનોનાં ઈરાદા પૂર્વકનાં અપમાન, રાવલપિંડીનાં હુલ્લડ, પોતાના પ્રાંતની પરિસ્થિતિ વિષે પંજાબના લે૦ ગવર્નરને થયેલા ગંભીર વિચારો, અને તે પછી થયેલી લાજપતરાય અને અજીતસિંહની ધરપકડ, ઓરડીનાન્સ લાગુ પાડવામાં આવ્યું તે, અને આ બધાની સાથે સાથેજ પૂર્વ બંગાળા તરફથી લુંટ, ધાડ, બોયકોટ અને સામાન્ય કાયદાભંગની વૃત્તિને લગતા રોજ ને રોજ આવતા નવાનવા કિસ્સાઓ!—ને આ કાયદાભંગની વૃત્તિને તો, પરિણામ ગમે તેવા ભયંકર આવે તેની કશીયે દરકાર વિના, ચળવળીયાઓએ જાહેર ભાષણો, રાજદ્રોહી છાપાંઓ અને પત્રિકાઓ, તથા ધંધાદારી છૂપા કાવતરાંબાજો વગેરે દ્વારા ઉશ્કેરી અને વધારી મૂકી છે અને વળી કોમી દ્વેષભાવનું ખરાબમાં ખરાબ સ્વરૂપ પ્રગટાવવાની કોઇ પણ તક એમણે જવા દીધી નથી!"

૧૨૯ કેટલાકને દેશનિકાલની સજાઓ થયા પછી થોડો વખત તો બધું શાંત રહ્યું. પણ ઇ. સ. ૧૯૦૯ની સાલમાં લાહોરથી ધોધમાર બહાર પડતા રાજદ્રોહી સાહિત્યને અટકાવવા માટે પગલાં લેવાની જરૂર ઉભી થઇ.

૧૯૦૯વાળા બનાવો

અજીતસિંહ જેને દેશનિકાલની સજા થયાને છ જ મહિના થયા હતા, તે મુખ્ય ગુન્હેગાર હતો અને ઇરાન ભાગેલો; પણ એનો ભાઈ અને લાલચંદ ફલક કરીને એક એમ બે જણા વળી એવીજ ખટપટમાં આગેવાની કરતા જણાયા અને દ્રોહભાવના ફેલાવવાના આરોપસર:તેમના પર કામ ચાલ્યું, તથા કેદની સજા થઇ. વળી એજ વરસમાં એક ભાઈ પરમાનંદ નામનો માણસ જે પાછળથી લાહોર કાવતરાં કેસમાંના આરોપીઓમાં હતો અને જીંદગીભર દેશનિકાલ થયો હતો તેના પર પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની રૂએ કામ ચાલ્યું અને સારી ચાલચલગતની બાંહેધરી લેવાઇ. એની પાસેથી, બોમ્બ બનાવવાને લગતી જે ચોપડી આલિપોરના કાવતરાંખોરો વાપરતા હતા તેની એક નકલ અને બીજા ઓાચરીયાંઓ પણ મળી આવ્યા; વધુમાં લાજપતરાયે લખેલા બે ખાસ નોંધપાત્ર કાગળો પણ તેમાં હતા. આ પત્રો, પરમાનંદ વિલાયત હતો ત્યારે ૧૯૦૭ની સાલની ગડબડોના ગાળામાં લખાયલા હતા. પહેલા પર તા. ૨૯ મી ફેબ્રુ૦ ૧૯૦૭ની તારીખ હતી, બીજા પર ૧૧મી એપ્રિલ ૧૯૦૭ની. બંને લાહોરથી લખવામાં આવેલા હતા. પહેલા પત્રમાં લાજપતરાયે પેલા નામીચા* કૃષ્ણવર્માને વિનવવા માટે પરમાનંદને લખેલું કે: "એને કહો કે તારા થોડા નાણાં અહિંના વિદ્યાર્થી વર્ગ માટે રાજકારણને લગતા સાચ્ચા ખ્યાલો રજુ કરનારી ચોપડીઓ મોકલવામાં વાપર." વળી એણે પરમાનંદને એમ પણ લખેલું કે કૃષ્ણવર્માએ રાજદ્વારી સેવકો (મીશનરીઓ)માટે જે રૂા. ૧૦૦૦૦ કાઢેલા છે તેમાંથી થોડાક એ આપણને આપે કે નહિ, તે વિષે ચોખો ચાંપી જોવો.

બીજા કાગળમાં લાજપતરાયે લખેલું: લોકો બધા બેચેન મનો:શામાં છે. ખેડુવર્ગે પણ હવે તો ચળવળ કરવા માંડી છે. મને

* શ્યામજી કૃષ્ણવર્મા.

ડગડગો એ લાગે છે કે પરિપક્વ થયા વિના—યોગ્ય મુદ્દત વિનાજ કંઈ સળગી ન ઉઠે તો સારૂં. જ્યારે પરમાનંદ સામેનો કેસ અદાલતમાં ચાલુ થયો, ત્યારે લાજપતરાયે એવું જણાવ્યું કે 'ઉપલા વાક્યોનો અર્થ હું એટલોજ કરૂં કે ખેડુતો રાજદ્વારી ચળવળથી અપરિચિત હોવાને લીધે કદાચ એ પ્રવૃત્તિ શાંત રીતે ન ચલાવી શકે; બસ એટલોજ એનો અર્થ, બીજો કશો નહિ. ખેડુત વર્ગ રાજદ્વારી ચળવળમાં આ ગાળામાં પડે તેની તરફેણમાં હું નથી. વળી મેં જે ચોપડીઓ માંગેલી તે તો આ બીજા કગળમાં જણાવી છે તેવી હતી.' અહિં એક બીજો કાગળ એણે રજુ કર્યો તેમાં પ્રતિષ્ઠિત પુસ્તકોનીજ એક યાદી હતી, અને તેમાં રાજદ્વારી, ક્રાન્તિવાદી અને ઐતિહાસિક નવલકથાઓનાં નામ હતાં. વળી એણે કહ્યું: છેક, હું દેશનિકાલની મારી સજા પૂરી કરી પાછો આવ્યો ત્યાં સુધી રને શ્યામજી કૃષ્ણવર્માના રાજદ્વારી ખ્યાલો અને અત્યારે એ દર્શાવે છે તેવા હિંસક અને તોફાની વિચારો બિલકુલ જ માલમ નહોતા. અને એ માલમ પડ્યા પછી મેં એની સાથે કશો સંબંધ રાખ્યો નથી.

૧૩૦ દિલ્હી કાવતરા કેસ એ પછી બળવા પ્રવૃત્તિનું પહેલું ચિન્હ માલમ પડયું તે તો ૧૯૧૨ના ડીસેમ્બરમાં જે બોમ્બ પડયો તે. એ વેળા લોર્ડ હારડીંજ સાહેબની જીંદગી પર હુમલો થયો અને એમના હજુરિયામાંથી એક મરણ પણ પામ્યો. એ ગુન્હાનો કરનાર જડયો નહોતો એટલામાં પાંચ મહિના રહીને એક હિંદી—દેશી સિપાઇના ઉપર લાહોરમાં બોમ્બ પડયો ને તે મરી ગયો. આને અંગે એક ખૂબ જાણવા જેવો કેસ ચાલ્યો અને ઘણી અજબ હકીકતો બહાર આવી.

એમ માલમ પડયું કે હરદયાળ નામનો એક જુવાન, (દિલ્હીનો એક વેળાનો રહીશ અને પંજાબ વિદ્યાપીઠનો હિન્દુ

વિદ્યાર્થી) રાજ્ય તરફથી એક શિષ્યવૃત્તિ મેળવી પોતાનો અભ્યાસ ઓકસફોર્ડ ખાતે પૂરો કરવા ઇ. સ. ૧૯૦૫માં વિલાયત આવ્યો. હિંદમાં જે ઈંગ્રેજી કેળવણી અપાય છે તેની પદ્ધતિ મને પસંદ નથી એમ કહી એણે પોતાની શિષ્યવૃત્તિ છોડી દીધી અને તેનો છેલ્લો હફ્તો પોતાને મળતો હતો તે પણ જતો કર્યો. પછી એ હિંદ પાછો આવેલો અને લાહોરમાં ઈ. સ. ૧૯૦૮માં એણે એક વર્ગ ચલાવ્યો, તેમાં સર્વસાધારણ બહિષ્કાર અને દરેક જાતના નિષ્કર્મ પ્રતિકાર (Passive Resistance) થી બ્રિટીશ રાજ્યતંત્રનો નાશ કરવા વિષે ઉપદેશ આપ્યો. એના વિદ્યાર્થીઓમાં બે જુવાનો હતાઃ (૧) જે. એન. ચેટરજી (બંગાળી) અને (૨) દીનાનાથ, એક ઉત્તર પ્રાંતીય હિન્દુ. એ (હરદયાળ) હિંદ તજી બહાર ગયો, અને તે પછી અમેરિકામાં ઘદર પક્ષ (બળવા પક્ષ)ના સ્થાપક તરીકે નામચીન બન્યો. એના જવા પછી ચેટરજીએ દીનાનાથને ખબર આપી કે દિલ્હીવાળા અમીરચંદ, જેઓ કેમ્બ્રીજ મિશન હાઇસ્કુલમાં શિક્ષકની નોકરી કરે છે, તે તારૂં રાજદ્વારી શિક્ષણ પૂરૂં કરી આપશે. દીનાનાથ દિલ્હી ગયો, ત્યાં અમીરચંદે એને પોતાની પાસે રાખ્યો પણ એના (દી૦ના) બાપે એને પાછો બોલાવી લેવાથી એ લાહોર આવ્યો. ચેટરજીના બાપને પણ જ્યારે ખબર પડી કે પોતાનો દીકરો લાજપતરાયના ઘરમાં ને હરદયાળની સાથે રહે છે ત્યારે તેણે પણ એને ઘેર પાછા આવવા ફરમાવેલું, એ વાત ખાસ જાણવા જેવી છે.

લાહોર આવ્યા કેડે પણ દીનાનાથે ચેટરજી સાથેનો સંબંધ તો જારીજ રાખ્યો. ચેટરજીએ, પોતે બેરીસ્ટર થવા વિલાયત ગયો તે પહેલાં, એને પેલા નામચીન રાસબિહારી સાથે ઓળખાણ કરાવી આપી. આ રાસબિહારી મૂળે બંગાળી અને તે વેળા દહેરાદૂનના જંગલ શોધખોળખાતાનો હેડકલાર્ક હતો. રાસબિહારીએ દીનાના-

થને વધુ કેળવણી આપી. અને વધારામાં બે હિન્દુ જુવાનો અવધવિહારી અને બાળમુકુન્દને પણ કેળવ્યા અને તેમના દ્વારા રાજદ્રોહી સાહિત્ય ફેલાવવાનો તેમજ બોમ્બો નાંખવાનો પ્રબંધ કર્યો, તથા વધારામાં પોતાના એક નોકર વસંતકુમાર વિશ્વાસને પણ એમની મંડળીમાં જોડી આપ્યો. અવધવિહારી લાહોરની સેંટ્રલ ટ્રેનીંગ કોલેજમાં ભણતો હતો પણ રહેતો દિલ્હીમાં, અને ઉપર જણાવેલા અમીરચંદનો ખાસ દોસ્ત હતો. અમીરચંદ પણ કાવતરાંબાજીમાં ભળ્યો. પાછળથી દિલ્હીના સેશન્સ જજે એને માટે જણાવેલું કે એણે જીંદગીભર કંઇ કંઇ ખૂની યોજનાઓ ઘડ્યાં અને ધપાવ્યાં કરી, જો કે પોતે તો તેમાં ભાગ લેવા અથવા તે પાર પાડવા કેવળ અશક્ત હતો–એટલો એ બાયલો. આ કાવતરાંખોરોની ખટપટો વિષે વધુ લંબાણ લખવું જરૂરી નથી. પાછળથી એવું પુરવાર થયેલું કે તેમણે લોર્ડ હારડીંજની જીંદગી પર થયેલા હુમલાની પ્રશંસા કરતી એક પત્રિકા વિદ્યાર્થીઓમાં અને બીજાઓમાં છૂટથી વહેંચેલી. તે પત્રિકામાં એમ લખેલું હતું કે "શ્રી ભગવદ્‌ગીતા, વેદો અને કુરાન એ સૌ આપણને ફરમાન કરે છે કે જ્ઞાતિ, પંથ કે રંગના ભેદ શિવાય આપણી માતૃભૂમિના બધા દુશ્મનોને તો ઠારજ કરવા. બીજી નાની મોટી બાબતો તો બાજુએ રહી, પણ ગયા ડીસેમ્બરમાં દિલ્હી ખાતે ઈશ્વરી સત્તાનો જે ખાસ પરચો દેખાયો તે પરથી બેલાશક પુરવાર થાય છે કે ભારતનું ભાગ્ય ઇશ્વર પોતે ઘડી રહ્યો છે." આ બધાનો કેસ ચાલ્યો તેમાં રજુ થયેલી સાબિતીઓ પરથી ભારે શક પડે છે કે દિલ્હીવાળું કાવતરૂં પણ તેમણેજ રચેલું; અને એ તો પુરવારજ થાય છે કે રાજાબજારના કાવતરાંબાજોવાળા પ્રેસમાંજ છપાયેલી બીજી ઘણીક ખૂબ તોફાની પત્રિકાઓ તેમણે કલકત્તેથી મેળવેલી અને પ્રચારેલી. એટલું પણ નક્કી થયેલું કે આ કાવતરાંબાજોએ રચેલી યોજના મુજબ વસંતકુમાર વિશ્વાસે અમુક થોડા

યુરેપિયનોને મારવા કે ઇજા કરવાના હેતુથી ૧૯૧૩ના મે મહિનાની ૧૭મી તારીખે સાંજે લોરેન્સ ગાર્ડનમાંના રસ્તા પર એક બોમ્બ ગોઠવેલો. પણ એ બોમ્બથી કોઈ બીજું તો ન મર્યું, માત્ર એક કમનસીબ દેશી ઓર્ડરલી (પટાવાળો) અંધારામાં સાઇકલ પર જતો હતો તે એના ઉપર થઇ પસાર થતાં મરણ પામ્યો. દીનાનાથ તો સરકારી સાક્ષી થયો. અમીરચંદ, અવધવિહારી, બાળમુકુન્દ અને વસંતકુમાર વિશ્વાસને સજા થઇ અને ફાંસીએ ચઢયા. પણ રાસબિહારી નાસી છૂટયો અને પાછળથી એણે બીજાં કેટલાંય ખૂની કાવતરાં રચ્યાં. અત્યાર સુધી એના મળતીયાઓ ઓછા હતા, અને એના કામકાજમાં લોકો તરફથી તો કશોજ ટેકો એને મળ્યો નહતો.

મુસ્લીમોનું વૈમનસ્ય

૧૩૧ હવે આપણે મહાયુદ્ધ ફાટી નીકળ્યું, તે પછીના તુરતના ગાળા પર આવીયે—એજ આપણને ઉપયોગી છે. અત્યાર સુધી તો બધી ગડબડ હિન્દુઓનીજ હતી. પણ તુર્કી અને ઇટાલિ વચ્ચે જે લઢાઇ થઇ તે અને ગ્રેટબ્રિટને બાલ્કન યુદ્ધ વખતે જે સંપૂર્ણ ઉદાસીનતા બતાવી તેને લીધે પંજાબના કેટલાક મુસલમાનો ખૂબ ગુસ્સે થયા. બ્રિટીશ રાજપુરૂષોના કેટલાંક વિવેચનોનો અર્થ એવો કરવામાં આવ્યો કે તુર્કીની વિરૂદ્ધ બીજાં રાજ્યો ભેગાં થાય એ વાત બ્રિટનને ગમે છે. એક માવજતમંડળ માટે અને તુર્કી રેડક્રેસંટ ઉઘરાણા માટે ફાળા ઉઘરાવાયા અને ૧૯૧૨ના શિયાળામાં 'ઝમીનદાર' નામના લાહોરના એક મુસ્લીમ છાપાનો અધિપતિ ઝાફરઅલીખાન નામનો માણસ એ ઉઘરાણું ગ્રાંડવઝીરને ભેટ આપવા માટે કોન્સટાંટીનોપલ ગયો. ૧૯૧૩ના સપ્ટેમ્બરમાં આ માણસના છાપા તરફથી સારી ચાલચલગત માટે અનામત મૂકવામાં આવેલી જામીનગીરી જપ્ત કરવાની જરૂર પડી; કેમકે પાસેનાજ જોડીયા પ્રાંતોમાં આવેલા કાનપૂર ગામમાં થયેલા એક ધાર્મિક રમખાણ વિષે એમાં બેવફા અને હુલ્લડખોર લેખો

પ્રગટ થયા હતા. વળી ૧૯૧૪ ની શરૂઆતમાં, નાણાંમદદરૂપી જે સહાનુભૂતિ તુર્કી તરફ દર્શાવાઈ તેની કૃતજ્ઞતાના ચિન્હ રૂપે ત્યાંના સુલતાનના હુકમથી બાદશાહી મસ્જીદને ભેટ આપવા એક શેતરંજી લઈ તુર્કોનો મુખ્ય એલચી ખલીલ ખાલીદ બે લાહોર આવ્યો. આ મુખ્ય એલચીની પાછળ પાછળ પખવાડીયા બાદ રેડક્રેસન્ટ સોસાયટીના બે તુર્કી દાક્તરો પણ આવ્યા. આવી જાતની પ્રવૃત્તિની અસરથી મહાયુદ્ધ જાગ્યું તે વેળા પંજાબના મુસ્લીમોનો એક નાનકડો વર્ગ બ્રિટીશ સરકારની વિરૂદ્ધ વિચારો ધરાવતો થયો. પણ એ વસ્તુનું બીજું કશું પરિણામ તે વેળા તો ન જણાયું, અને પંજાબમાં જે ખાસ નોંધવા લાયક બનાવો ૧૯૧૪ના ઓગસ્ટ પછી બન્યા તે ખાસ કરી શીખોને લગતા જ હતા.

પહેલાં તો બધું સીધું ચાલ્યું અને હરચંદસિંહ નામના એક શીખે, દિલ્હીના એક જૂના શીખ દહેરાની દિવાલની હદ વાંકી હતી તે સીધી કરવાના વિષયમાં એક મૂરખાઇભરી ચળવળ ઉપાડેલી તે તો ધીમેધીમે લુપ્ત થઇ ગઇ. પછી જ તોફાનનું એક નવું ને જબરજસ્ત—જોરાવર તત્વ નજરે પડ્યું.

હરદયાળ અને ઘદરની પ્રવૃત્તિ

૧૩૨ અમે હરદયાળ વિષે તો કહી ગયા. એ માણસ ૧૯૧૧ માં સાનફ્રાન્સિસ્કો આવ્યો, ત્યારે એનું મગજ ઇંગ્રેજદ્વેષથી તરબોળ થઇ ગયેલું હતું અને બને તેટલા પોતાના દેશજનોમાં પણ પોતાનો આ નવો જુસ્સો જગાડવાનો તેનો નિશ્ચય હતો. એણે યુના૦ સ્ટે૦માં ઠામઠામ ભાષણો કર્યાં અને હિંદમાંના બ્રિટીશ રાજ્યનો નાશ કરવાની પ્રતિજ્ઞા પર રચાયલા મંડળો સ્થાપ્યાં. એણે 'ઘદર' નામનું છાપું કાઢ્યું. પોતાના અનુયાયીઓ સાથે મળીને એણે હિંદમાં 'ઘદર' છૂટે હાથે વહેંચવાનું નક્કી કર્યું.*

* લાહોર કાવતરાં કેસના કાગળોમાંથી આ હકીકત લીધી છે.

તેમનું છાપખાનું યુગાંતર આશ્રમ (નવા યુગની શાળા×) નામે ઓળખાતું. એમનું છાપું હિંદની એક કરતાં વધુ ભાષાઓમાં છપાતું. અમેરિકામાં રહેતા હિંદીઓમાં તે ખૂબ વહેંચાતું અને હિંદ પણ એ મોકલવામાં આવતું. એ તો સજડ બ્રિટીશવિરોધી હતું. દરેક પ્રકારની મનોદશાનો લાભ લેવા એ મથતું, વાકયે વાકયે ખૂન અને બળવાનો ઉપદેશ દેતું અને તમામ હિંદીઓને ખૂબ ભારપૂર્વક જણાવતું કે ખાસ ખૂન અને બળવો કરવાના તથા કોઇ પણ અને દરેક ઉપાયે બ્રિટીશ સરકારને કાઢી મૂકવાના ચોકખા હેતુપુરઃસરજ તમે હિન્દ જજો. છૂપાં મંડળો કાઢવાની એ વારંવાર શીખ દેતું. કામચલાઉ પ્રખ્યાતિ મેળવનાર પ્રત્યેક ખૂની કે રાજ-દ્રોહીની એ પ્રશંસા કરતું અને તેનો દાખલો લેવા–તેનું અનુકરણ કરવા બીજાઓને સૂચવતું. હરદયાળ અને એના અનુયાયીઓએ પુષ્કળ સભાઓમાં વિવેચનો કરેલાં અને ૧૯૧૩ના ડીસેમ્બરની ૩૧ મીએ સેક્રામેન્ટો ખાતે મળેલી એક સભામાં "પ્રખ્યાત રાજ-દ્રોહીઓની અને ખૂનીઓની છબીઓ પડદા પર બતાવવામાં આવેલી અને બળવાખોર મુદ્રાલેખો પણ ટાંગવામાં આવેલા. છેવટે હરદયાળે શ્રોતાવર્ગને જણાવ્યું કે જર્મની વિલાયત સાથે મેદાનમાં ઉતરવાની તૈયારી કરે છે અને પાસે આવતી ક્રાન્તિને ખાતર હિંદ જવાનો –હિંદ જવા તૈયાર થવાનો–વખત હવે પાકી ગયો છે." એના આ બધા કામકાજમાં ઘણાક મદદનીશોની એને મદદ હતી; ખાસ કરીને રામચન્દ્ર નામનો એક હિન્દુ, જેણે હિંદમાં બે રાજદ્રોહી છાપાંઓ ચલાવ્યાં હતાં તેની અને બરકતુલ્લા નામના એક મુસ-લ્માનની. હરદયાળે કરેલાં ભાષણો તરફ યુના૦ સ્ટે૦ ના સત્તાવાળા-

× આ બધું જેમનું તેમ રાઉલાટ રિપોર્ટમાંથી લીધું છે. એ રિપોર્ટ ખાસ કરી ઇંગ્રેજો અને પરદેશીઓને સમજ પડે એ રીતે લખા-યલો છે. આવા આવા અર્થો આપ્યા છે તેની સાર્થકતા એ પરથી સમજાશે.–અનુવાદક

ઓનું ધ્યાન ખેંચાયું અને ૧૯૧૪ની ૧૬મી માર્ચે અનિષ્ટ પરદેશી તરીકે દેશપાર કરવાના હેતુથી એને પરહેજ કરવામાં આવ્યો. એ જામીન પર છૂટયો અને સ્વિટ્ઝરલાંડ નાસી છૂટયો, તથા ઘદર છાપું પ્રગટ કરવા અને યુગાંતર આશ્રમ ચલાવવાના કામ માટે રામચંદ્રને રાખતો ગયો. એ હમણાં બર્લિન હોય એમ મનાય છે. પણ એણે અમેરિકા છોડયું તે પૂર્વે એણે ને એના સાથીઓએ એક જબરદસ્ત મંડળ ઝમાવેલું, જે હિંદમાં બળવો અને ખૂનરેજી શરૂ કરવા તૈયાર હતું. હરદયાળે "પોતે વિણી કાઢેલા બેવકૂફોને વિનાશને માર્ગે જવા ઉશ્કેર્યા ખરા, પણ પોતે કાળજીપૂર્વક જોખમથી મોકળોજ રહ્યો અને પોતાના મુખ્ય સાથીઓને પણ રાખ્યા."

જે સિદ્ધાંતો એ ઉપદેશતો અને પ્રચારતો તે શીખોને અને બ્રિટીશ કોલંબીયામાં રહેતા બીજા હિંદીઓને પહોંચી ગયા. ૧૯૧૩ના ડીસેંબરમાં વાનકુવરમાં મળેલી એક સભામાં ઘદર છાપામાંની એક કવિતા વંચાઇ હતી, તેમાં બ્રિટીશોને હિંદમાંથી કાઢી મૂકવાની હિંદુઓને દબાણપૂર્વક ભલામણ કરવામાં આવી હતી. વાનકુવરના હિંદીઓનું મુખ્ય દુઃખ તો કેનેડાના દેશપ્રવેશ (ઇમીગ્રેશન) કાયદાનું હતું, જેની રૂએ એ દેશમાં પ્રવેશવા ઇચ્છતા દરેક એશિયાવાસીએ ત્યાંના સત્તાવાળાઓની ખાતરી કરી આપવી પડતી કે પોતાની પાસે ૨૦૦ ડોલર છે અને પોતાના દેશમાંથી સીધો (એક ટીકીટથી) એકસરખી મુસાફરી કરીનેજ તે કેનેડા ચાલ્યો આવે છે. ઈ. સ. ૧૯૧૩ માં ત્રણ શીખ પ્રતિનિધિઓ પંજાબ આવ્યા. તેઓ અમેરિકાથી ત્યાં આવેલા અને ઘદરપક્ષના સભ્ય હોઈ તેના તરફથી અહિંના સંજોગોનો ક્યાસ બાંધવા આવેલા. તેમનો મૂળ હેતુ તેઓ ચાલ્યા ગયા પછીજ માલુમ પડયો. કેનેડામાં હિંદીઓને પડતાં દુઃખો વિષે જુદા જુદા ગામોમાં તેમણે ભાષણો આપ્યાં, અને તે સંબંધે વિરોધના ઠરાવો કરાવ્યા. આ ઠરાવો કરવામાં બધીજ કો-

મોના માણસો સામેલ હતા, જો કે એ વિષય ગુંચવણીયો હતો અને એમના શ્રોતાજનોમાંના મોટા ભાગને સમજાતો તો નહિજ. પણ ૧૯૧૪ના સપ્ટેમ્બરમાં એકાએક એમાં ખૂબ રસ જગાડે એવું બની ગયું.

બજબજનું હુલ્લડ.

૧૩૩ એ મહિનાની ૧૯ મી તારીખે પેલું ભયંકર 'બજબજનું હુલ્લડ' થયું. જે સંજોગોમાંથી એ ઉભું થવા પામ્યું ને બની ગયું તેની, પાછળના બનાવો પર કેટલીક અસર થઇ છે તેથી તે સ્પષ્ટતાથી સમજવા જોઇશે.

એ દાસ્તાનનું મુખ્ય પાત્ર પંજાબના અમૃતસર જીલ્લાનો વતની ગુરૂદત્તસિંગ નામનો શીખ. પન્દર વરસ પર એ હિંદમાંથી પરદેશ નીકળી ગયેલો અને કેટલાક વખત સુધી એણે સિંગાપોર તથા મલય રાજ્યોમાં કંટ્રાકટરનો ધંધો કરેલો. ઇ. સ. ૧૯૦૯ માં એ હિંદમાં પાછો આવેલો એમ માનવાને કારણ છે; સિંગાપોરમાંથી અમુક ગાળામાં એ ગેરહાજર હતો એટલું તો નક્કીજ. અને જ્યારે એ હોંગકોંગ જતાં પાછો ત્યાં આવ્યો ત્યારે એણે પંજાબીઓને કેનેડા લઇ જવા માટે એક આખું વહાણ પટે રાખવાની (Chartering) ખટપટ શરૂ કરી. પંજાબીઓ, ખાસ કરીને શીખો ઘણીયે વાર દૂરના પૂર્વ—ચીન—માં નોકરીઓ મેળવવાની શોધમાં રહે છે, અને કેટલાક વખતથી તો કેનેડામાં મળતા ભારે પગારને લીધે ત્યાં જવા પણ લલચાય છે. પણ તે દેશમાં તેમનું દાખલ થવું અમે આગળ વર્ણવી ગયા તેવા દેશપ્રવેશને લગતા કાયદાને અંગે અમુક અંશે ભારે નડતરમાં આવી પડ્યું છે.

અત્યાર પૂર્વે કેનેડામાં ૪૦૦૦ હિંદીઓ તો હતાજ—મુખ્યત્વે પંજાબીઓ. આમાંના કેટલાક હરદયાળના ટોળાના બળવાવાદીઓ હતા અને કેટલાક વફાદાર હતા. વળી કેટલાક યુનાઇટેડ સ્ટેટસ-

માંથી મજુરીને લગતા કોઇ વાંધેસાંધે ત્યાં આવેલા. પાછળથી એ આખા યે પ્રસંગની તપાસ કરનારી તપાસ સમિતિને લાગ્યું કે ગુરૂદત્તસિંહ અને તેની પ્રવૃત્તિ પર મોટે ભાગે કેનેડાવાસી હિંદીઓએ તેને આપેલી સલાહ અને પ્રોત્સાહનનો ખૂબ પ્રભાવ પડયો હતો. ગમે તેમ, પણ કલકત્તેથી એને વહાણ ન મળ્યું એટલે એણે હોંગકોંગથી એક જર્મન દલાલ મારફતે કોમાગાટામારૂ નામનું જાપાની વહાણ પટે લીધું. એણે ટિકીટો કાઢી અને તે બંદરેથી, શાંઘાઇથી, મોજીથી અને યોકોહામાથી મુસાફરો મેળવ્યા. કેનેડાના પેલા કાયદા વિષે એને નક્કી ખબર તો હતીજ, પણ કદાચ એને આશા હશે કે અદાલતમાં અપીલ બપીલ કર્યાંથી એ કાયદાની ચુંગાલમાંથી છટકી જવાશે; અથવા તો પછી કંઇક રાજદ્વારી દબાણ લાવી શકવાની પણ એને આશા હોય. એટલું પણ નક્કી કે ઘણાક મુસાફરોને આગળ ઉપર શું થશે એ વિષે કશો ખયાલ ન હતો. જે ખાસ અદાલતે (ટ્રીબ્યુનલે) પાછળથી લાહોરના કાવતરાંખોરોની પહેલી ટુકડીનો કેસ ચલાવ્યો તેનો અભિપ્રાય એવો પડયો કે કદાચ ગુરૂદત્તસિંગનો મુખ્ય હેતુજ કંઇક તોફાન જગાડવાનો હતો; કેમકે એક સાક્ષી એવું કહી ગયો કે ગુરૂદત્તસિંહે પોતાના આ અનુગામીઓને કહેલું કે જો તમને ત્યાં દાખલ ન કરે તો તમારે હિંદ આવી બ્રિટીશોને કાઢી મૂકવાની તજવીજ કરવી. ૧૯૧૪ના એપ્રિલની ચોથી તારીખે કોમાગાટામારૂ હોંગકોંગથી ઉપડી. વચ્ચેના બંદરોમાંથી 'ઘદર' છાપાંઓની નકલો સ્ટીમર પર આવી અને યોકોહામા ખાતે યુનાઇટેડ સ્ટેટસમાંના બે હિંદી બળવાવાદીઓ વહાણમાં આવી ગયા. ૨૩મી મેને દિવસે ૩૫૧ શીખો અને ૨૧ પંજાબી મુસલીમોને લઇને કોમાગાટામારૂ વાનકુવર આવી લાગી. ત્યાંના સ્થાનિક સત્તાવાળાઓએ અમુક જૂજ માણસો શિવાય બીજાને દાખલ થવા દેવા ના પાડી, કેમકે બીજાઓએ કાયદા પ્રમાણેની શરતો પૂરી

નહોતી કરી. વાંધો ખૂબ ઉઠાવવામાં આવ્યો અને એ વાટાઘાટ ચાલતીજ હતી તે દરમ્યાન, વહાણના ભાડામાં ૨૨૦૦૦ ડોલર આપવા બાકી હતા તે વાનકુવરમાં રહેતા હિંદીઓએ ભરી દીધા અને વહાણનો પટો એ મુખ્ય અને આગેવાન તોફાનીઓનાં નામ પર ચઢાવી દેવામાં આવ્યો. ખૂબ તોફાની બળવાસાહિત્ય વહાણમાં આણવામાં આવ્યું ને તેનો પ્રચાર થયો. વહાણે બંદર તજી જવું એવા કેનેડીયન સરકારના હુકમની અમલ બજાવણી કરાવવા પોલિસ ટુકડી પણ મોકલાઈ. પણ બંદુકાદિ હથિયારો વડે પોલિસને તો હાંકી કાઢવામાં આવ્યા અને જ્યારે પાકા લશ્કરી સરંજામવાળું સરકારી વહાણ બોલાવવામાં આવ્યું ત્યારેજ કોમાગાટામારૂમાંના મુસાફરો જેઓ પોતાના કપ્તાનને નહોતા લંગર નાંખવા દેતા કે નહોતા ઉપડવા દેતા, તેઓ ઠેકાણે આવ્યા. તા૦ ૨૩મી જુલાઇએ કેનેડીયન સરકારની રજાથી મળેલો પુષ્કળ ખોરાકનો જથ્થો લઇને તેઓ પાછા આવવા ઉપડ્યા. એ વેળા તેઓનો મિજાસ ગયેલો હતો, કેમકે તેમનામાંના ઘણાકે તો આ સાહસમાં ઝોકાવવા ખાતર પોતાની બધીય મિલ્કત પાર મૂકી હતી અને બ્રિટિશ સરકાર એક ખૂબ સમૃદ્ધિવંતા દેશમાં તેમનો પ્રવેશ થાય એવું તો નક્કી કરીજ આપશે એવી પૂર્ણ શ્રદ્ધાથી તેઓ ઉપડેલા હતા. બળવાવાદીઓનો સીધો પ્રભાવ તેમના ઉપર પડ્યો હતો તેથી વળી તેમને આ આફત વધારેજ કારમી લાગેલી, ને ગુસ્સો વધારેજ ચઢેલો. વળી બળવામંડળે વાનકુવરમાંથી હથિયારો છાનીછૂપી રીતે સ્ટીમર પર લાવી ભરવાનો પ્રયાસ પણ કર્યો હતો.

તેઓ પાછા ફરતા હતા એજ અરસામાં લડાઈ જાગી ઉઠી. યોકોહામામાં એવું જાણ્યું કે પોતાના વહાણની મંડળીને હોંગકોંગમાં તો નહિજ ઉતરવા દેવામાં આવે, ત્યારે ગુરૂદત્તસિંહે જવાબ દીધો કે અમને ખોરાકીનો બંદોબસ્ત કરી આપો, તો પછી અમે હિંદને કોઈ

પણ બંદરે ખુશીથી જઈશું. યોકોહામાના બ્રિટીશ એલચીએ તો એની માંગણીઓ જે ઘણી ગંજાવર હતી તે પૂરી પાડવા ના પાડી, પણ કોબેનો એલચી વધારે નરમ હતો તેથી જાપાન અને હિંદ વચ્ચે તાર વડે સામસામી વાટાઘાટ થયા કેડે સ્ટીમર કોમાગાટામારૂ કલકત્તે આવવા ઉપડી. હોંગકોંગ કે સિંગાપોર કશે મુસાફરોને ઉતરવા દેવામાં ન આવ્યા. આને લીધે તેમનો ગુસ્સો વધ્યો, કેમકે આગળ ઉપર તપાસ કમિટીને માલમ પડ્યું તેમ એમનામાંના ઘણાકનો હિન્દ પાછા આવવા મુદ્દલ વિચાર નહોતો.

કોમાગાટામારૂ સ્ટીમર ૧૯૧૪ના સપ્ટેંબરની ૨૭મી તારીખે હુગલી નદીના મુખ પાસે આવી પહોંચી; અને તા૦ ૨૯મીએ સવારે ૧૧ વાગે બજબજ ખાતે તેણે લંગર નાંખ્યું. ત્યાં આગળ તેમાંના બેસારૂઓને કશા પણ ટિકીટ ખર્ચ વિના પંજાબ પહોંચાડવા માટે એક ખાસ આગગાડી તેમની રાહ જોતી ઉભી હતી. સરકાર તે વેળા નવાજ પસાર થયેલા હિંદપ્રવેશ કાયદા (Ingress into India Ordinance) ની કલમોને અનુસરીને કામ કરી રહી હતી. એ કાયદા વડે રાજ્યની સલામતી માટે, જરૂર હોય તો, તા૦ ૫મી સપ્ટે૦ ૧૯૧૪ પછી હિંદમાં પ્રવેશ કરનાર કોઈ પણ ઇસમની સ્વતંત્રતા પર અંકુશ મૂકવાની સત્તા સરકારને મળી હતી. ગુરૂદત્તસિંહના અને એના સાથીઓના સ્વભાવ અને મનોદશા વિષે માહિતી મળી ચૂકી હતી. જે બનાવો બન્યા તેમાંથી એનો પુરાવો મળ્યો. શીખોએ આગગાડીમાં બેસવા ના પાડી અને સંઘબદ્ધ થઈ કલકત્તા પર ધસારો કરવા પ્રયાસ કર્યો. તેમને મારી હઠાવવામાં આવ્યા, અને જે હુલ્લડ જાગ્યું તેમાં બંને પક્ષે પ્રાણહાનિ થઈ. ઘણાક શીખો પાસે અમેરિકન રિવોલ્વરો હતી કુલ ફક્ત ૬૦જ મુસાફરો, જેમાં સ્ટીમર પરના ૧૭ મુસલમાનોનો પણ સમાવેશ થાય, એટલાનેજ ટ્રેનમાં બેસાડી લઈ જવાનું તે દિવસે સાંજે બની શક્યું. હુલ્લડમાં

૨૧ શીખો મરણ પામ્યા. તેજ વેળા કે પાછળથી–એમ ઘણાક પરહેજ થયા અને ગુરૂદત્તસિંહ વગેરે ૨૯ માણસો ગેબ થઈ ગયા. જે પરહેજ થયા હતા તેમાંના ઘણાકને પછીના જાનેવારીમાં પોતાને ઘેર જવા દેવામાં આવ્યા. ૩૧ને જેલમાં પૂરવામાં આવ્યા.

તપાસસમિતિને માલમ પડ્યું, કે ઘણાક મુસાફરોની મનોવૃત્તિ પોતાની આફતો માટે સરકારનોજ વાંક કાઢવાની હતી. રિપોર્ટમાં લખ્યું છે કે "જગજાહેર વાત છે કે સાધારણ હિંદીને ગ્રેટબ્રિટનના મહારાજ્યની સરકાર કે કેનેડાની સરકાર કે હિંદની બ્રિટીશ સરકાર કે કોઈ પણ સંસ્થાનની સરકાર એ સૌમાંના ભેદતફાવતની ખબર હોતી નથી–તે તો સૌને એકજ માને છે." અને કોમાગાટામારૂના આખા પ્રસંગને લગતો આ ખ્યાલ માત્ર વહાણ પરજ મર્યાદિત થઈ ન રહ્યો. પંજાબના કેટલાક શીખોને એ પરથી એમ લાગ્યું કે સરકારના મગજમાં અમને હેરાન કરવાનું ભૂતજ ભરાયું છે. અને આને લીધે ઘદરવાળા બળવાખોરો જેઓ પરદેશ ખેડતા શીખોને દેશ જઇને એમના કહેવા મુજબ તુરતજ શરૂ થનારા બળવામાં જોડાવાનું દબાણ કર્યા કરતા હતા, તેમના ટાંટીયામાં વિશેષ જોર આવ્યું. સંખ્યાબંધ પરદેશવાસીઓ એ આહ્વાન પરથી તૈયાર થઈ કેનેડાથી, યુના૦ સ્ટે૦માંથી, ફીલીપાઇનથી, હોંગકોંગથી, ચીનથી હિંદ દોડ્યા.

અટકાયતના ઉપાયો.

૧૩૪ હિંદી સરકારે તે પૂર્વે તા૦ ૨૯મી ઓગસ્ટે અનિષ્ટ પરદેશીઓને હિંદમાં આવતા અટકાવવા માટે એક Foreigners' Ordinance "પરદેશીઓને લગતો કાયદો" ક્યારનો પસાર કરી દીધો હતો. વધારામાં તા૦ ૫મી સપ્ટેમ્બરે તેણે ઇન્ગ્રેસ (દેશપ્રવેશ) કાયદો એટલા ખાતર પસાર કર્યો કે ઘદરવાળાઓની સમજૂતિ વડે દેશમાં આવતા હિંદીઓની પ્રવૃત્તિ પર પણ કાબુ રાખી શકાય. બજબજના હુલ્લડ પરથી લાગ્યું કે ચેતવણીના

અડધાપડધાજ લેવાશે તો પરિણામ ગંભીર આવશે; તેથી પાછળથી જેમ જેમ બીજા પરદેશવાસીઓ આવતા ગયા તેમ તેમ તેમની તપાસ કાળજીપૂર્વક થતી ગઈ અને જેઓ ભયાનક જણાયા તેમને ક્યાં તો જેલમાં પૂરવામાં આવ્યા, અથવા તો તેમના વતનના ગામ શિવાય બીજે જવાની તેમને પાકી બંધી થઇ. પણ આવતા'તા હજારો; સંપૂર્ણ ને પૂરૂં સાચું વર્ગીકરણ શક્ય નહોતું, અને આવનારામાંના નહિ જેવાજ, મળેલા સમાચાર પ્રમાણે, અંગત ગુન્હામાં સંડોવાયલા હતા. જે આગંતુકો ગોંધાયા નહોતા તેમણે પંજાબમાં તુરતજ પોત પ્રકાશ્યું. અને અગમચેતીના જે પગલાં લેવાયા તેણે કરીનેજ તુરતમાં મોટા પાયા પર બળવો ફાટી નીકળતો અટકયો. એટલે બન્યું એમ, કે મામલો ધીમે ધીમે ઘેરો બનતો ગયો.

૧૩૫ મામલો ભયંકર રૂપ ધરે છે. ૧૬મી ઓકટોબર ૧૯૧૪ની રાત્રે ફીરોઝપુર લુધિયાના લાઇન પરના ચૌકામાન સ્ટેશન પર રિવોલ્વરસજ્જ ત્રણ કે વધુ માણસોએ હુમલો કર્યો. રેલ્વે નોકરો શિવાયના માણસોને ચાલી જવાને ફરમાવવામાં આવ્યું અને સ્ટેશનમાસ્તર પર બાર કરવામાં આવ્યા. તે બિચારાને પેટ પર જખમ થયા અને એક કમનસીબ જળભરિયાને પેઢુમાં તેજ વેળા ચોટ લાગી. બદમાશોએ તે પછી સ્ટેશન પરનું રોકડ નાણું લઈ લીધું અને ભાગી ગયા. એ લોકો આજ સ્ટેશને આવનારા હથિયારોના એક પાર્સલને માટે પધાર્યા હતા, એ તો પાછળથી જણાયું.

તા૦ ૨૯મી ઓકટોબરે ટોસામારૂ નામનું વહાણ કલકત્તે આવ્યું, તેમાં અમેરિકા, મનિલા, શાંઘાઇ, હોંગકોંગના શીખો મોટે ભાગે, અને બીજા થોડા મળી કુલ ૧૭૩ હિંદીઓ હતા. વહાણ આવતાં પહેલાંજ રંગુન અને હોંગકોંગથી ખબર મળી ગઈ હતી કે એના ઉપરના મુસાફરો હિંદ પહોંચીને બળવો શરૂ કરવાની વાતો

ખુલ્લેખુલ્લી રીતે કરતા હતા. એમાંના ૧૦૦ માણસોને જેલમાં ગોંધ્યા. જે નહોતા ગોંધાયા, તેમાંના ૬ પાછળથી પંજાબમાં ખૂની હુલ્લડોના વાંકસર ફાંસીએ ગયા, ૬ જુદા જુદા કાવતરાં કેસોમાં પકડાઈ જેલ પડ્યા, ૬ પાછળથી પકડાયા અને પોતાની પ્રવૃત્તિઓને અંગે ગોંધાયા * અને બે પાછળથી જાગેલી બળવાપ્રવૃત્તિના મુખ્ય આગેવાન હતા તથા સરકારી સાક્ષી બનેલા. મૂળેજ જેલમાં ગોંધાયલા માણસોમાંથી ૬ પર પરદેશમાં કરેલા ગુન્હાઓસર પહેલાજ કાવતરા કેસમાં કામ ચાલ્યું અને જીંદગીભર દેશનિકાલની સજા પામ્યા. એ ઓકટોબર નવેમ્બરમાં જેટજેટલાં વહાણ એવા આગંતુકોથી લદાઇને આવ્યાં, તે સૌમાં ટોસામારૂ સૌથી ભયાનક હતું. એમાંના તોફાનીઓએ પોતાની ટુકડીઓ પાડી દીધી હતી અને દરેક ટુકડીએ અકેક આગેવાનના હાથ હેઠળ પંજાબના અમુક અમુક ભાગમાં કામ કરવાનું હતું. પણ મોટા ભાગના મુસાફરોને ગોંધી દીધા તેને લીધે તેમની જંગી યોજનાઓ પડી ભાંગી. નવેમ્બરમાં પંજાબ સરકારે હિંદી સરકારને જણાવ્યું કે કેટલાક (પોતપોતાના ગામમાં) ગોંધાયલા આગંતુકો દેશમાં છૂટા ફરતા હતા, પણ સામાન્ય રીતે તેમના તરફ જોઇએ તેવું લક્ષ અપાતું નહોતું. આવા માણસો ભયંકર અને તોફાની ભાષા વાપરતા હોવાના કિસ્સા ગામના મુખી પટેલે સ્થાનિક સરકારમાં લખી જણાવ્યા હતા. છૂપી સભાઓ ભરાતી હતી, મળતિયાઓ ગામડાઓમાં જતા હતા, અને ટોળીઓ ઝમાવતા હતા. ૨૭મી નવેમ્બરને દિવસે પન્દર માણસોની આવી એક ટોળી ફિરોઝપુર તાલુકામાં આવેલા મોગા ગામમાંની સરકારી (સબ ડીવીઝનલ) ત્રિજોરી લુંટવા માટે જતી હતી, એવામાં રસ્તે અકસ્માત એક પોલિસ ઈન્સ્પેકટર અને જેલદાર સાથે તેમનો ભેટો થઈ ગયો. આ બે જણાએ તે ટોળી સામે પડકાર કર્યો. થોડી વાત-

---

* મૂળ ઈંગ્રેજી શબ્દ Interned છે.　　　　　　　　અનુ૦

ચીત કેડે એમને તો પેલાઓએ ગોળી મારી ઠાર કર્યા; પણ પાછળથી તેમનો પીછો લેવામાં આવ્યો અને પોલિસો તથા ગામડીયાઓ તેમને ઘેરી વળ્યા. બે મરાયા, સાત પકડાયા; બાકીના ભાગી ગયા. પકડાયલા બધા કયાં તો ચીન કે પછી અમેરિકાથી તાજાજ આવેલા હતા. તા૦ ૨૮મી નવેમ્બરે અમૃતસર તાલુકામાં એક નિર્જન જગાએ આવેલા ઝારસાહેબ નામના શીખોના એક દહેરા આગળ એક ટોળકી ભેગી મળેલી. ત્યાં એક કોઈક લાલસિંહ અને તેના સગાંઓએ સૌને મિજબાની આપી અને પછી તેઓ પોતાના હુલ્લડી હુમલાઓના બેત રચતા હતા, એવામાં પોલિસો અને પાછળથી સવારો આવી પહોંચ્યા એટલે ગભરાઇને સૌ વિખરાઈ ગયા.

અંબાલા તાલુકાના ગામ લારૂના વતની પૃથુ રાજપુત નામના એકની સામે પરહેજગીરીનો હુકમ નીકળી ચૂકયો. એ હિંદ આવ્યા કેડે રાજદ્રોહ ફેલાવવાનું કામ જોરશોરથી કરતો હતો. તા૦ ૮મી ડીસેમ્બરે એને પકડવા માટે મોકલાયલા પોલિસ ઓફીસરનું ખૂન કરવા એણે પ્રયાસ કર્યો અને તેમાં લગભગ ફાવ્યો પણ ખરો.

હિસાર તાલુકાના દાલવાલી વિભાગમાં આવેલા પીપળી ગામમાં તા૦ ૧૭મી ડીસેમ્બરની રાત્રે એક બ્રાહ્મણને ઘેર ધાડ પડી અને શક પ્રમાણે પરદેશથી આવેલા આંગતુકોનીજ હોય એવી એક ટોળકી ૨૨૦૦૦ રૂપિયાની લુંટ લઈ ગઇ. એમાંના બેની પાસે બંદુક હતી એવા ખબર મળ્યા છે.

૧૩૬ ડીસેમ્બરની અધવચ પંજાબ સરકારે હિંદી સરકારને લખ્યું કે પાછા ફરેલા શીખ આગંતુકોની પ્રવૃત્તિ પાછળજ અમલદાર વર્ગનું ધકધ્યાન રોકાયાં કર્યું છે; વળી એ લોકો એવી આશાથી આવેલા કે હિંદમાં ખૂબજ અશાંતિ હશે અને તેમાંથી આપણે બળવો પ્રગટાવી

પંજાબ સરકાર પરિસ્થિતિનુ સાર તત્વ ખેંચે છે.

દઈશું. એજ મહિનાની તા૦ ૧૯મીએ પંજાબ સરકારે હિંદી સરકારની વિચારણા અને યોગ્ય ફરમાન માટે એક કાયદાનો ખરડો મોકલી આપ્યો. એ ખરડો તોફાની ગુન્હાઓને અંગે આગળ કામ ચલાવી શકાય અને તેના પર અંકુશ પણ રાખી શકાય એ વિષયને લગતો હતો. સાથે સાથે એવી માંગણી થઈ કે આખા આ કાયદો એકદમ લાગુ પાડી દેવો જોઇશે.

પંજાબ સરકારના એ કાગળમાં આખા મામલાનો ખૂબ સ્પષ્ટ અને જોરાવર ભાષામાં સાર અપાયો હતો. આગંતુકોને લીધે સરકારની સલામતી ગંભીર ધાસ્તીમાં આવી પડશે એવો એમાં ઈશારો નહોતો; પણ એવી બ્હીક દર્શાવવામાં આવી હતી કે અશાંતિ ઉપજાવવાના આ લોકોના પ્રયાસને પરિણામે જાનમાલના રક્ષણ વિષે ધાસ્તી અને ગભરાટ ફેલાશે અને તેથી પ્રાંતની શાંતિમાં ખલેલ થશે. થોડા મહિના થયાં કેટલાક ભયંકર ગુન્હાઓ, ટપાલના કોથળાઓની લુંટ, આગગાડીઓને પાટેથી ગબડાવી પાડવાના પ્રયાસ વગેરે આ આગંતુકો તરફથી અને તેમના સ્થાનિક ગોઠીયાઓ તરફથી થયા હતા. સરકાર પાસે એવી ખબર પણ આવી હતી કે આમાંના કેટલાકે લશ્કરી ટુકડીઓની વફાદારી ચળાવવા પણ પ્રયાસ કર્યો હતો અને તોફાન તથા ત્રાસનીતિની એક જંગી યોજના વિચારી રાખી હતી. લેફ્ટેનંટ ગવર્નર સાહેબ માનતા હતા કે "તોફાન કરવાની તજવીજ માટે કે સ્પષ્ટ ગુન્હો કરતાં પકડાયલા આવા બળવાવાદી રાજદ્રોહપ્રચારકોના કેસ અત્યારના ક્રીમીનલ પ્રોસીજર કાયદા પ્રમાણે ચાલે, અને વકીલ બારીસ્ટરોની ચતુરાઇથી તે લંબાય તથા વળી સેશન્સ કમિટ થાય ને તે પર અપીલ થાય, વગેરે પદ્ધતિ અત્યારના ગાળામાં ચાલવા દેવી એ ઇષ્ટ નથી." તેથી તેમણે નવા કાયદા(ઓર્ડીનાન્સ)નો ખરડો રજુ કર્યો. એ કાયદામાં સ્થાનિક સરકારની મંજુરીથી આવા કેસોમાં (૧) રાજદ્વારી કે અર્ધરાજદ્વારી ગુન્હાઓને લગતા પ્રસંગોમાંથી સેશન્સ કમિટ કરવાની

પદ્ધતિ કાઢી નાંખી શકાય (૨) એવા કિસ્સાઓમાં અપીલ પદ્ધતિ પણ બંધ રહે (૩) સાધારણ કાયદાએ ફરમાવ્યા કરતાં વધુ ઝડપી રીતે આવા વર્ગના માણસો પાસે જામીનગીરીઓ લઇ શકાય (૪) અને બળવાખોરોને સંતાડનારા કે તેમના મળતિયા થઈ બેઠેલા ગામડીયાઓને ખોળી કાઢી શકાય તેમજ તેવા ગ્રામ્ય અમલદારોને સજા કરી શકાય—આટલી વસ્તુઓની તજવીજ હતી. એ કાયદા વડે "શંકાજનક સંજોગોમાં હથિયારો લઇને ફરવું" એ વસ્તુ ગુન્હા રૂપે અંકાય. આ કલમ સરહદ પરની ટોળીઓને લગતા કાયદા પરથી લેવામાં આવી હતી. પંજાબ સરકારના આ પત્રમાંના છેલ્લાં વાક્યો આ રહ્યાં: "પ્રજાનો બળવાખોર અને રાજદ્રોહી વર્ગ જે જાતના ગુન્હા ઘણુંખરૂં કરે તેવા ગુન્હાઓને બને તેટલે અંશે અટકાવવા અને દબાવી દેવાની તજવીજ થઇ શકે એ આ કાયદાનો હેતુ છે. મોટે ભાગે પ્રજા સારી લાગણીવાળી છે પણ મહાયુદ્ધને અંગે એવા સંજોગો ઉભા થયા છે કે સરકારના શત્રુઓ પોતાની ગેરકાયદે પ્રવૃત્તિ અને કાયદેસર સ્થપાયલી સત્તાની વિરૂદ્ધ થવાની ખટપટ માટે આ ગાળાને ખૂબ અનુકૂળ માને છે. એ જાતની ગડબડ સામે પગલાં લેવામાં જરા પણ ઢીલ કે નબળાઈ રખાય તો નક્કી એવી મનોવૃત્તિ ઉત્તેજન પામે અને બળવાખોર ટોળકીઓમાં તોફાની અને રખડેલ બારકસો, જેમને રાજદ્વારી હેતુ સાથે કશા લેવા દેવા ન હોય પણ કેવળ લુંટફાટમાંજ મઝા પડતી હોય, તેઓ ભરાઈ બેસે. આવી જાતની ખટપટોની અસર પડતી હોય ને વળી દુકાળને અંગે મોંઘવારી ચાલતી હોય ત્યારે જાહેર મિલ્કત પર વ્યવસ્થિત હુમલા મોટા પ્રમાણમાં થવાનો ભય રહે અને પરિણામે જાનમાલની ધાસ્તી અને ગભરાટ સર્વત્ર ફેલાવા પામે. આથી લેફ્૦ ગવર્નરે એ કાયદાના ક્ષેત્રમાં રાજદ્રોહના ગુન્હાઓ અને 'હથિયારો તથા ભડાકીયા ઓજારોને લગતા કાયદા'માં (Arms & Explosives' act).

આવતા ગુન્હાઓ ઉપરાંત મિલ્કત પરના હુમલાઓનો પણ સમાવેશ કર્યો છે." એ પગલું અપવાદ રૂપે હોય અને એક કામચલાઉ જરૂરતને પહોંચી વળવા માટેજ યોજાય, તેથી પ્રાંતની તમામ વફાદાર અને નિયમનપ્રેમી પ્રજાનો એનો ટેકો મળે.

મામલો વધુ બગડે છે

૧૩૭ આ કાગળ મોકલાયો ન મોકલાયો, ત્યાં તો મામલો એકદમ ઝપાટાભેર આગળ વધવા લાગ્યો. ધદરની પત્રિકા નામે ધદર-ઈ-ગંજ (બળવાનો પડઘો)માં લખ્યું હતું: "આપણે સરકાર પર ધાડો પાડીને આખા પંજાબને જગાડવું જોઇએ" "ગોરાઓને લુંટો અને તે પૈસો તમે પોતાને કાજે વાપરો" અને ધદર પક્ષમાંથી ફરી બેઠેલા સૌથી પહેલા સરકારી સાક્ષી નવાબખાને અદાલતને કહ્યું કે ટોસામારૂ પર થયેલા ઠરાવોમાં વફાદાર પંજાબીઓની મિલ્કત લુંટવા વિષે પણ એક હતો. લાહોરની પહેલી ટ્રીબ્યુનલે આ હેતુઓ પાર પાડવાને લગના બનેલા પાંચ કિસ્સાઓ ટાંકયા છે. પણ એ ઉપરાંત ડીસેમ્બર ૧૯૧૪ અને જાન્યુ૦ તથા ફેબ્રુ૦ ૧૯૧૫ના મહિનાઓ દરમ્યાન, પરદેશથી પાછા ફરેલા તોફાનીઓએ જ મુખ્યત્વે કરેલાં મનાતાં, નીચેનાં તોફાનો પણ થયાં હતાં.

(૧) ૨૪મી અને ૨૫મી ડીસેમ્બરે ફરાલા અને કરનામા (જીલ્લે જલંધર)માં પડેલી ધાડ.

(૨) એજ તારીખોએ ફિરોઝપુર જીલ્લામાં થયેલી બે લુંટ.

(૩) ૨૭મી ડીસેમ્બરે ગુરૂદાસપુર જીલ્લામાં ચૌરીયન ખાતે પડેલી એક ધાડ.

(૪) હોશિયારપુર અને જલંધર જીલ્લાઓમાં ૧લી તથા ચોથી જાન્યુઆરીએ પડેલી ધાડો. એમાંની એકમાં ગામડાના ચોકીયાતનું ખૂન પણ થયેલું.

(૫) મોંટગોમરી જીલ્લામાં નહેરોના એક સબઓવર-સીયરના ઘર પર આઠ શીખોએ કરેલો હુમલો. રિવોલ્વરની ગોળીથી ઘરધણીનો હાથ પણ ભાંગ્યો.

(૬) ગુરૂદાસપુર જીલ્લામાં શ્રી ગોવિંદપુર ખાતે તા૦ ૧૬મી જાનેવારીએ પડેલી ધાડ.

(૭) કપુરથલા રાજ્યના એક ગામમાં ૨૧મી જાનેવારીએ કેટલીક હિંદુ દુકાનો પર ચાલેલી લુંટ. ટોળકીમાંના કેટલાક પાછળથી પકડાયા, તે વેળા તેમની પાસેથી રાજદ્રોહી સાહિત્ય, એક રિવોલ્વર અને દારૂગોળાના ૨૪૫ બારનો સરંજામ મળી આવેલો.

હવે અમે અદાલતમાં પુરવાર થયેલી "રાજદ્વારી" ધાડ પર આવીએ.

(૧) એમાંની પહેલી તા૦ ૨૩મી જાનેવારીએ પડી. લુધિયાના જીલ્લાના શાહનેવાલ ગામના એક હિન્દુ દુકાનદારના ઘરેણાં લુંટાયાં. એ બિચારાને, એની વહુને અને એના દીકરાની વહુને માર પડ્યો. પોતે તો એ ઈજામાંથી મરણ પામ્યો. લુંટની રકમ નાની હતી.

(૨) તા૦ ૨૭મી જાનેવારીએ ૧૦ કે ૧૫ ધાડપાડુઓ એજ જીલ્લાના માનસુરન ગામે એક હિન્દુના ઘર પર ધસી ગયા. તેઓ ખૂબ માલ લઈ ગયા જેનો ઉપયોગ બળવા પ્રવૃત્તિમાં થયો. તેમણે એક બાઈ તથા એક છોકરા પર હુમલો કર્યો ને ભેળા મળેલા ગામડીયાઓ આગળ જાહેર કર્યું કે અમે તો બ્રિટીશોને કાઢી મૂકવા સારૂ નાણાં ભેગાં કરીએ છીએ અને અમને જર્મનો મદદ કરનાર છે. જે ગામડીયાઓ સામા થયા તેમના પર ગોળીઓ અને બોમ્બ પડયા. લુધિયાનાના કેટલાક વિદ્યાર્થીઓ આ હુલ્લડમાં ભેરવાયલા હતા.

(૩) ૨૯મી જાનેવારીએ માલેરકોટલા રાજ્યના ઝાનીર ગામના એક શાહુકારનું ઘર લુંટાયું. માલિકને બીજા એક ઘરમાં જવાનો રસ્તો બતાવવા લુંટારૂઓએ બળાત્કારે ફરજ પાડી અને તે ઘર પર પણ ગોળીબાર થયા. એક ખાસ અદાલતને પાછળથી માલમ પડયું કે આ કામ પણ પોતાની રાજદ્રોહી પ્રવૃત્તિ આગળ ધપાવવા માટે નાણાં મેળવવાના હેતુથી બળવાખોરોની એક ટુકડીએજ કરેલું.

(૪) તા૦ ૨જી ફેબ્રુઆરીએ એજ હેતુથી બળવાવાદીઓએ અમૃતસર જીલ્લાના છાબા ગામનું એક ઘર લુંટયું. તેમની પાસે તો બોમ્બ, પિસ્તોલ અને દંડુકા હતા. તેમણે ઘરધણીને મારી નાંખ્યો; પણ ગામડીઆઓના એક ટોળાએ તેમના પર ધસારો કર્યો, એકને પકડયો, બીજાને હાંકી કાઢયા અને જ્યારે ધાડપાડુઓએ નાસતાં કેટલાકને ખૂબ જખમી અને જીંદગીભરના અપંગ બનાવી મૂકયા ત્યારેજ તેમનો પીછો મૂકયો. આ કિસ્સામાં તો બળવાવાદીઓને સ્થાનિક ભામટાઓની પણ મદદ હતી. અને તે પછીજ પોલિસ સત્તાવાળાઓએ એક જાસુસની મારફતે આખાયે મંડળની પ્રવૃત્તિના પરિચયમાં રહેવા માંડયું અને ત્યારેજ તેમને માલમ પડયું કે અત્યાર પૂર્વે યોજાયલા કોઈ પણ તોફાન કરતાં ઘણુંજ મોટું ને ભારે સાહસી હુલ્લડ રચાઇ રહ્યું હતું. પણ એ વિષે લખતાં પૂર્વે અમારે નીચેની એક ધાડ ગણાવી દેવી જોઇએ.

(૫) રાબોન ઉંચી (જીલ્લે લુધિયાના) ખાતે તા૦ ૩જી ફેબ્રુઆરીએ ધાડ પાડેલી. તેમાં એક સ્ત્રીની પાસેથી ૪૧૯૮ રૂપિયાનો માલ લુંટાયલો અને બળવા પ્રવૃત્તિમાં વપરાયલો.

ઉપરાંત આગગાડીઓને ઉથલાવી પાડવાના પ્રયાસ તા૦ ૩જી, ૬ઠી, ૭મી, ૧૫મી, ૧૮મી અને ૨૧મી જાનેવારીએ થયા

હતા. વળી ૧૨મી ફેબ્રુઆરીએ ચાર કોન્સ્ટેબલ અને એક હેડ કોન્સ્ટેબલની બનેલી એક ચોકીયાત ટુકડી અમૃતસર જીલ્લામાંના એક રેલ્વે પુલ પર ગોઠવાયલી હતી તે વેળા તેના પર આઠથી દશ માણસોની એક ટોળી તૂટી પડી હતી.

લાહોરનું કાવતરૂં

૧૩૮ પાછળથી અદાલતમાં નક્કી થયેલું અને આ બધી હકીકતપરથી પણ સ્પષ્ટ થાય છે કે પરદેશથી આવેલા (આગંતુક) કાવતરાંખોરોમાં જે નિરાશા અને ફાટફુટ છવાયલાં, તે પાછળથી નવી પ્રવૃત્તિ અને નવી શ્રદ્ધાને પરિણામે દૂર થઈ ગયેલાં. કોમાગાટામારૂમાંના ઘણાક ગોંધાયલા મુસાફરોને જાનેવારીમાં છોડી દેવામાં આવ્યા હતા. જર્મનીના ભાવિ વિજયની પૂર્ણ શ્રદ્ધા, ઇંગ્રેજોને ગાલિપ્રદાન અને બીજી કડવાશથી છલાછલ ભર્યાં કાગળો અમેરિકા વસતા ભારતવાસીઓ તરફથી હિન્દ આવ્યે જતા. વળી આગંતુકોમાંના એક આગેવાને સત્તાવાળાઓને જણાવી દીધેલું હતું કે મારા સાથીઓ બંગાળની બળવામંડળીની સાથે અને સ્થાનિક રાજદ્રોહીઓના પરિચયમાં છે. વળી એમ પણ સાબીત થયું કે ૧૯૧૪ના ડીસેમ્બરમાં વિષ્ણુ ગણેશ પિંગળે નામનો એક જુવાન દક્ષિણી બ્રાહ્મણ પંજાબ આવેલો અને પેલા તોફાની આગંતુકોને બંગાળીઓ તરફના સહકારનું વચન આપી ગયેલો. પિંગળે પૂના જીલ્લાનો રહીશ હતો. તે જુવાનીમાંજ દેશબહાર ગયેલો અને કેટલાક શીખ ઘદરિયાઓ સાથે અમેરિકાથી પાછો આવેલો. એ પંજાબમાં આવ્યો તે પછી એક સભા મળેલી તેમાં રાજ્ય ઉથલાવી નાંખવા વિષે, સરકારી ત્રિજોરીઓ લુંટવા વિષે, હિંદી લશ્કરને ફોડવા વિષે, હથિયારો ભેગાં કરવા તથા બોમ્બ બનાવવા અને ધાડો પાડવા વિષે ચર્ચા થયેલી. પિંગળેએ કહ્યું કે હું બંગાળી બોમ્બનિષ્ણાતને મોકલી આપું. એ વાત કબુલ થઈ અને બોમ્બ બનાવવાનો મસાલો ભેગો કરવા માટે

માણસો મોકલાયા. લુધિયાનાના કેટલાક વિદ્યાર્થીઓની મદદ પણ આ કામમાં લેવાઇ અને પેલો દિલ્હી કાવતરાં કેસથી નામચીન બનેલો રાસબિહારી બસુ કાશીમાં નિવૃત્તિથી રહેતો હતો ત્યાંથી આવ્યો. એને માટે અમૃતસરમાં ઘર રાખવામાં આવ્યું. ત્યાં એ ૧૯૧૫ના ફેબ્રુઆરીની શરૂઆત સુધી બીજા બંગાળીઓ સાથે રહ્યો. અહિં એણે આગેવાન શીખ બળવાવાદીઓ સાથે મળીને કામ પણ કર્યું. ફેબ્રુઆરીની શરૂઆતમાં લાહોરને મુખ્ય મથક તરીકે યોજી તા૦ ૨૧મી ફેબ્રુઆ-રીએ સાર્વત્રિક બળવો થાય એવી એણે ગોઠવણ કરી. એ પોતે ત્યાં ગયો અને પેલા મુકરર કરેલા દિવસે લશ્કરી મદદ મળે તે માટે તજવીજ કરવા ઉત્તર હિન્દની લશ્કરી છાવણીઓમાં માણસો મોકલ્યાં. બળવામાં ભાગ લેવા માટે એણે ગામડાવાસીઓની ટોળીઓ ભેગી કરી તેમનું સંગઠન કરવાનો પણ પ્રયાસ કર્યો. બોમ્બો તૈયાર થયા; હથિયાર ભેગાં થયાં; વાવટા બન્યા, યુદ્ધનું જાહેરનામું પણ ઘડાયું; રેલ્વેગાડીઓ અને તારનાં દોરડાંનો નાશ કરવાના ઓજારો પણ એકઠાં થયાં. પણ એ દરમ્યાન આ જંગી સાહસ માટે નાણાં ભેગાં કરવા પંજાબના કેટલાક બળવાવાદીઓએ કેટલીક ધાડો પાડેલી. આ યોજાયલા બંડ વિષેની વિગતો એક જાસુસ મારફતે સરકારને મળી. ૧૯મી ફેબ્રુઆરીએ રાસબિહારીના મુખ્ય મથક પરજ હલ્લો કરવામાં આવ્યો અને ત્યાંથી સાત આગંતુકો, કેટલાક બોમ્બ, બોમ્બનો મસાલો, એક રિવોલ્વર, અને ચાર બળવાવાદી વાવટાઓ મળી આવ્યા. બીજે દિવસે બે વધુ બળવાખોરો પકડાયા. કુલ ૧૩ માણસ હાથમાં આવ્યા અને ચાર ઘરની જડતી લેવાઈ. ૧૨ બોમ્બ પકડાયા, તેમાંના પાંચ તો સંગીન ભરેલા બંગાળી પદ્ધતિ મુજબના હતા રસાયણી પરીક્ષકે તેના પર જે અભિપ્રાય આપ્યો તેમાંથી જણાયું કે એમાંના બે કંઈક જૂના હતા અને બે તાજાજ બનેલા હતા. એવા જ બોમ્બોના ટુકડાઓ હિન્દુસ્તાનમાંના બીજા ચાર બળવાખોર

હુલ્લડોને અંગે મળી આવ્યા હતા. રાષ્ટ્રીય વાવટા પણ મળી આવ્યા. એટલું જણાઇ આવ્યું કે કાવતરાંબાજોએ એકી સાથે લાહોર, ફિરોઝપુર, અને રાવળપિંડીમાં બંડ જાગી ઉઠે એવી જાતની રચના કરી હતી. અને પાછળથી માલમ પડયું કે તેમની ખટપટો તો એથીયે વધારે બહોળા ક્ષેત્રમાં વિસ્તાર પામે એવી રીતે યોજાઈ હતી. કાશી ને જબલપુર સુધી તો એનો ફેલાવો થયેલોજ; અને વધુમાં અમને મળેલા પાકા પુરાવા પરથી અમારી ખાતરી થઇ છે કે પૂર્વ બંગાળમાં નહિ નહિ તોયે બે ત્રણ બળવાવાદીઓને શું બનવાનું છે તેની ૮મી ફેબ્રુઆરીએ ખબર હતી અને જો શીખ બળવો બરાબર ઝામે તો ઢાકામાં પણ તેવોજ જગાડવાની તજવીજ તેઓ કરી રહ્યા હતા.

રાસબિહારી અને પિંગળે નાઠા: પણ પિંગળે તો મહિના પછીજ બોમ્બ સાથે મીરતમાં ૧૨મી કેવેલ્રીની બરાખમાં પકડાઇ ગયો. ૨૦મી ફેબ્રુઆરીએ એટલે કે પહેલી પકડાપકડીને બીજે દિવસે એક હેડ કોન્સટેબલનું ખૂન થયું અને એક પોલિસ સબ ઇન્સ્પેકટર જખમી થયો—એટલાજ માટે કે કેટલાક આગંતુકોને તેમણે પોલિસ થાણા પર આવવા માટે કહેલું. અને તા૦ ૧૪મી તથા ૨૦મી ફેબ્રુઆરીએ ફરીદકોટ રાજ્ય અને લાયલપુર જીલ્લામાં ધાડો પડી હતી.

પંજાબ સરકારનાં વધુ નિવેદનો

૧૩૯ આવી ગંભીર અશાંતિના મામલાને પહોંચી વળવા માટે ચાલુ સાધારણ કાયદા વડે અને પોલિસ તથા સવારોના રોનની યોજના કરી પંજાબ સરકારે પ્રયત્ન કરેલો. પણ એ પગલાં પૂરતાં નહોતાં અને ડીસેમ્બર મહિને લખેલા પત્રનાજ સાંધણમાં તા૦ ૨૫મી ફેબ્રુઆરીએ તેમણે એક પત્ર હિંદી સરકારને લખ્યો, તેમાં પેલા આગંતુકો અને તેમના જોડીદારોએ કરેલા ભયંકર ગુન્હાઓ અને ધાડોની વિગતો સામેલ કરી. પત્રમાં ફક્ત પાંચજ મહિનાના આંકડા તરીકે કુલ ૪૫ કિસ્સાઓ ગણાવ્યા

તથા ખાસ અને અસાધારણ કાયદા માટે ફરી પાછી માંગણી કરી. પંજાબ સરકારે લખ્યું કે "મામલો બહુ ગંભીર ને ભયાનક રૂપ ધારણ કરી બેઠો છે, અને મધ્યવર્તી જીલ્લાઓમાંની ગામડાવાસી પ્રજા પર ઘદરવાળા પક્ષે શરૂ કરેલી અને પ્રજાના તોફાની અને ભામટા વર્ગે વધારે ને વધારે પોષેલી હુલ્લડ અને રાજદ્રોહની પ્રવૃત્તિની ખોટી અસર થવા પામી છે. ગામડાઓના અગ્રણીઓ અને અમલદારો પર ત્રાસ વર્તાવવામાં આવે છે. લશ્કરી ટુકડીઓની વફાદારીને તોડી પાડવા બળવાવાદીઓ તરેહવાર પ્રયાસ કરી રહ્યા છે. તા૦ ૧૯મી વાળી ભાંગી પડેલી હુલ્લડ યોજનાનો મુખ્ય હેતુ એક લશ્કરી ટુકડીના દારૂગોળા અને બીજા સરંજામ પર હુમલો કરવાનોજ હતો. એજ તારીખે ૪૦ માણસો આગગાડી મારફતે ફિરોઝપુર ઉતરેલા; તેમાંના કેટલાક માણસો પાસે હથિયાર પણ હતાં ને ઘણું કરી તેઓ દારૂ-ગોળા અને હથિયારના મથકો પર હુમલો કરવા માટે આવેલા; પણ લશ્કરે લીધેલા અગમચેતીના ઉપાયોથી તેમનું ધાર્યું ધૂળ મળેલું. પંદર મુસલમાન વિદ્યાર્થીઓ સરહદ પરના હિંદુસ્તાની ઝનૂનઘેલડાઓ (Fanatics) સાથે ભળવા દોડી ગયા હતા. લશ્કરી ટુકડીઓ અને પોલિસનો રોન રીતસર ચાલુ છે પણ મામલો આથી જરા પણ વિફરવા દેવાય એવો નથી. તેથી સરકાર એવા હુલ્લડ અને રાજદ્વારી ગડબડ સામે પગલાં લઈ શકે તે વાસ્તે જેમ બને તેમ જલદી પૂરતી સત્તા આપવી જરૂરની છે. બળવાવાદી પ્રચારકાર્યનો ફેલાવો એક-દમ અટકાવવો જોઇએ; તોફાની અને રાજદ્રોહી ગુન્હાઓને તાત્કા-ળિક સજા થવી જોઇએ; એના દોરી સંચા ચલાવનારા માણ-સોને પકડી પકડીને ગોંધવા જોઇએ; છાપાંઓની તોફાની પ્રવૃત્તિ પર કાપ મૂકાવો જોઇએ; અને ખુલ્લા બળવાના ઝેરી ઉપદેશમાંથી લશ્કર અને જે પ્રજામાંથી લશ્કર માટે ભરતી થાય છે તે પૂરેપૂરાં મુક્ત રહે એવાં અગમચેતીના બધાં પગલાં લેવાવાં જોઇએ.

૨૮મી ફેબ્રુઆરીએ લખાયલા એક બીજા પત્રમાં પંજાબ સરકારે જણાવ્યું કે લાહોરમાં પકડાયલા શીખ કાવતરાંખોરો તો મુખ્યત્વે "અભણ શીખ ખેડુતો હતા, જેઓ સમાનતા અને પ્રજાતંત્રના કાચાકાચા વિચારો અમેરિકાથી મગજમાં ભરી લાવેલા, અને હરદયાળ તથા તેના સાથીઓના કહેવાથી માનતા થયેલા, કે માત્ર ઈંગ્રેજોને હાંકી કાઢવાના એક ઉપાયથીજ હિંદુસ્તાન પૂરેપૂરૂં સ્વર્ગ સરખું બની શકશે, જેમાં સૌ સમાન હશે અને પ્લેગ તથા દુકાળ તો જરાયે રહેશેજ નહિ" તા૦ ૧૬મી માર્ચે લેફ્ટેનંટ ગવર્નરે કાગળ લખી લશ્કરને ફોડવાનો પ્રયાસ કરતાં પકડાયલા ત્રણ ઘદરિયા આગંતુકોની ધરપકડ વિષે, લુધિયાના જીલ્લામાં મળી આવેલા છ બોમ્બ વિષે અને પશ્ચિમ પંજાબમાં પડેલી જબરી ધાડો વિષે ખબર આપી. તેમાં ધાડ વિષે લખેલું કે એક સ્થળે લાગલાગટ ચાર રાત સુધી દુકાનો અને ઘરો લુંટાયા કર્યાં અને બીજા ભાગમાં 'સરકાર ખૂબ મુંઝવણમાં છે ને જર્મનો ધસી આવે છે' એવું જાહેર કરીને બદમાશોએ લુંટ ચલાવેલી. બનવા જોગ છે કે આ છેલ્લા સૂચવેલા હુલ્લડો ખાસ પાછા ફરેલા પેલા આગંતુકોએજ ન કર્યાં હોય, પણ ગેરકાયદે વર્તવાનો સામાન્ય ચેપ ફેલાયો છે તેને અંગે પણ હોય. પણ ખરેખર તો ૧૯મી ડીસે૦ ૧૯૧૪ને દિવસે પંજાબના ગવર્નર સાહેબે લખેલા પત્રમાં જેની આગાહી કરેલી તેજ આ માલમિલકત પરના વ્યવસ્થિત હુમલા લેખાય. આ ૧૬મી માર્ચ ૧૯૧૫ના કાગળમાં એમણે વધુમાં લખ્યું કે અત્યાર સુધીમાં કલકત્તા અને લુધિયાના ખાતે પોલિસનાં હાથમાંથી પસાર થયેલા કુલ ૩૧૨૫ આગંતુકોમાંના ફક્ત ૧૮૯ જેલમાં ગોંધાયા, ને ૭૦૪ને તેમના વતનમાંજ પૂરાઈ રહેવાનું ફરમાન થયું, જ્યારે ૨૨૧૧ પર તો કશાજ પ્રકારના અંકુશ મૂકાયા નથી. વળી જણાવ્યું કે આવા આગંતુકો સાથે પગલાં લેવાના કામમાં મદદ કરવા માટે અને ખાસ

ફરીને નજરકેદ કોને કરવા એ સંબંધે સલાહ આપવા માટે જીલ્લાવાર શીખોની કાયમી (ઉભી) સમિતિઓ નીમવામાં આવી છે. અત્યાર સુધીના પરિણામ પરથી જણાય છે કે આ સમિતિઓ છૂટા ફરતા આગંતુકોમાંના ઘણાકને જેલમાં ગોંધવાની ભલામણ કરશે.

હિંદ રક્ષણ કાયદાનું પસાર થવું અને તે પછી સ્થિતિનું સુધરવું

૧૪૦ હિંદી સરકાર કોઇપણ અંશે અદાલતની અને ચાલુ સામાન્ય કાયદાની પદ્ધતિને બદલી કાઢવાને નારાજ હતી. પણ પંજાબમાં તેમજ બંગાળમાં બંને સ્થળે મામલો ખૂબ ઝડપથી બગડતો જતો હતો. હિંદ રક્ષણ કાયદો (Defence of India act) જેમાં મોટે ભાગે પેલા રજુ થયેલા મૂળ ખરડાની કલમો આવી જતી હતી તે ઝટપટ વડી ધારાસભામાંથી પસાર કરવામાં આવ્યો. એની ખાસ મહત્વની કલમો બળવાવાદી ગુન્હાઓના ફેંસલા આપવા માટે ખાસ અદાલતો (સ્પે૦ ટ્રીબ્યુનલો) સ્થાપવાને લગતી હતી. એમાં આ ટ્રીબ્યુનલોમાંના કેસ સેશન્સ કમિટ કરવાની કે એના કાયદા પર અપીલ લઇ જવાની છૂટ આપી નહોતી. તા૦ ૩૧મી માર્ચે પંજાબ સરકારે લખેલા કાગળમાં એ કાયદાની રૂડી અસરનું વર્ણન હતું. અને એ પછીના મહિનાઓમાં, એક ખૂબ વિફરેલો મામલો ઝડપથી થાળે પડી ગયો એ વિષે તો કશી શંકાજ નથી. એ કાયદાને લીધે અને એને અંગે બનાવાયલા પેટા નિયમોને લીધે જે મદદ મળી તેની સાચી કિંમત-કદર તા૦ ૩૦મી સપ્ટે૦એ પંજાબ સરકારે હિંદી સરકારને લખેલા એક કાગળમાંના નીચેના ઉતારા પરથી અંકાશે: "હિંદ રક્ષણ કાયદાના ૧૨મા વિભાગની રૂએ બનાવેલા ત્રીજા નિયમ પ્રમાણે ગયા પખવાડીયામાં ૨૫ માણસો સામે પગલાં લેવાયાં છે. એમાંના ૧૯ જણા એક મણિસિંગના અનુયાયીઓ છે, જેમની પાસેથી ઝંદ સ્ટેટમાંથી ૨૬મી જુને રાજદ્રોહી

કાગળોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. એ કાગળો મણિસિંગે લખેલા હતા, ને જાણે ઈશ્વરી જ્ઞાન થયું હોય એવી મતલબના હતા અને તાજામાં તાજા તો વળી છેકજ વાંધા ભરેલા હતા. તેમાં જર્મનીના લશ્કરના વિજય પરત્વે હરખાઈ હરખાઇને આનંદ પ્રદર્શિત કરેલો હતો અને બ્રિટીશોની પડતીની આગાહી કરવામાં આવી હતી. મણિસિંગના બ્રિટીશ હદમાંના ૧૯ અનુયાયીઓ જે કાવતરાંબાજીમાં અને મહાયુદ્ધ વિષે ખોટી અફવાઓ ફેલાવવામાં પરોવાયલા હતા તેમની સામે કામ ચલાવવામાં આવ્યું છે."

૧૪૧ અમારે અહિં નોંધવાજ જોઇએ એવા બાકીના બળવાવાદી ગુન્હાઓ આ રહ્યાઃ

થોડાં બાકીનાં હુલ્લડો

(૧) ઠીકરીવાલા (જીલ્લે ગુરૂદાસપુર) માંથી ત્રીજી એપ્રિલ ૧૯૧૫ને દહાડે હથિયારો અને રાજદ્રોહી સાહિત્ય મળી આવ્યું તે.

(૨) એજ મહિનાની ૨૫મીએ હોંશિયારપુર જીલ્લામાં ચંદાસિંગ નામના એક વફાદાર જેલદારનું ખૂન થયું તે. એને માટે બે આગંતુકોને ફાંસીએ ચઢાવવામાં આવ્યા.

(૩) સરદાર બહાદુર અચ્છાસિંગ * નામના એક વફાદાર ગૃહસ્થનું અમૃતસર જીલામાં તારીખ ચોથી જુન ૧૯૧૫ને દિવસે બે આગંતુકોએ ખૂન કર્યું. બંને પકડાયા ને ફાંસીએ લટક્યા.

(૪) એજ મહિનાની ૧૨મીએ બળવાવાદીઓની ટોળકીએ એક રેલ્વે પુલ પર ગોઠવવામાં આવેલી લશ્કરી ટુકડી પર હુમલો કરેલો. એ ટુકડીનો મુખ્ય અમલદાર (નોનકમિશન્ડ) અને સંત્રી બંને માર્યા ગયા. ચાર સિપાઇઓ ઘવાયા તથા તમામ રાઈફલો અને દારૂગોળો લુંટાઈ ગયો. પણ એ ટોળી તુરતજ પકડાઇ અને હથિયારો પાછાં મેળવી લેવાયાં.

---

* ઇંગ્રેજી જોડણી Accharsingh છે.

(૫) ત્રીજી ઓગસ્ટ ૧૯૧૫ને દિવસે કપુરસિંગ જેણે લાહોર કાવતરાં કેસમાં જુબાની આપેલી તેનું ખૂન થયું.

વ્યવસ્થાની સંપૂર્ણ સ્થાપના

૧૪૨ તા૦ ૧૬મી જુલાઇ ૧૯૧૫ને દિવસે અમૃતસર જીલ્લાના આગેવાન શીખોનું એક પંચ ડેપ્યુટી કમિશનરને મળવા આવ્યું; તેઓ પોતાની કોમ પર પેલા આગંતુકોની વર્તણુંકે લગાડેલો કાળો ડાઘ કાઢી નાંખવા ઇચ્છતા હતા. આ બનાવ ઘણું કરી ખૂબ વિસ્તાર પામેલી એવીજ લાગણીનો સૂચક હતો, કેમકે પંજાબમાંથી ઘદર ચળવળ હવે ઝપાટાભેર લુપ્ત થતી જતી હતી.

તા૦ ૩૧મી જાનેવારી ૧૯૧૬ને દિવસે પંજાબ સરકારે લખ્યું: શીખોમાંના પેલા આગંતુકો હવે ઠરીઠામ થતા હોવાની ખબરો આવે છે; અને શીખોની લાગણી તો આગલાં કેટલાંક વરસો કરતાંય ઘણી વધારે સંતોષકારક હોવાના પણ સમાચાર મળ્યા છે. શીખ ટુકડીઓએ લડાઇના મોખરા પર બતાવેલી બહાદુરીને લીધે એ કોમને પેલા આગંતુકોના ગુન્હાઓને લીધે પોતાની પ્રતિષ્ઠા ખોઇ બેસવાની જે બ્હીક હતી તે ગઈ છે ને તેમની વફાદારી ફરી ઝામતી જાય છે. સરકારના કાયમીપણામાં લોકોના વધતા વિશ્વાસનો સૌથી સારો પુરાવો તો એ છે કે ૧૫૦૦૦ એકર સરકારી પડતર જમીન તા૦ ૨૦મી અને ૨૧મી જાનેવારીને દિવસે મોંટગોમરી જીલ્લામાં એકરના રૂ૦ ૧૮૦ને ભાવે વેચાઈ ગઈ. ઘણાક ખરીદનારા શીખ સરદારો કે ખરા ખેડુતો (Peasant Propriotors) હતા.

લાહોર કાવતરાંની સુનાવણીઓ

૧૪૩ હિંદ રક્ષણ કાયદાને અંગે રચાયલી ખાસ અદાલતોએ કાવતરાંખોરોની નવ ટોળકીઓ સામે કામ ચલાવ્યું ને ફેંસલા આપ્યા. એમાંના એક કિસ્સામાં તો ૬૧ આરોપીઓ હતા, ૪૦૪ સરકાર તરફના સાક્ષી હતા અને બચાવપક્ષ

તરફથી ૨૨૮ માણસોની જુબાની રજુ થઇ હતી. બીજા કેસમાં આરોપી ૭૪ હતા, સરકારી સાક્ષી ૩૬૫ હતા અને બચાવના સાક્ષી ૧૦૪૨ હતા. ત્રીજા એકમાં ૧૨, ૮૬ ને ૪૪ અનુક્રમે હતા. બધા કેસને પરિણામે ૨૮ને ફાંસી થઈ, ૨૯ છૂટી ગયા, અને બાકીના કયાં તો જેલ કે કયાં તો દેશનિકાલ પામ્યા. એ ટુકડીઓના કેટલાક બંડખોર સિપાઇઓ પર લશ્કરી અદાલતમાં કામ ચાલ્યું અને થોડાક ખૂનીઓ, ધાડપાડુઓ, તથા આગગાડી ગબડાવનારાઓ સામે ચાલુ સાધારણ અદાલતોમાંજ કેસ થયા.

કાવતરાં કેસોમાં બહાર આવેલી મુખ્ય હકીકતો અમે ક્યારના વર્ણવી ચૂકયા. પહેલી ટ્રીબ્યુનલે પોતાના ફેંસલામાં શેરો કર્યો કે; "૧૯૦૭થી માંડીને પંજાબમાં રાજદ્રોહનું મોજું ઉછળતું પડતું રહ્યું છે." અમેરિકામાંની હરદયાળની પ્રવૃત્તિ, પંજાબમાં આગંતુકોનું આવવું, ગણેશ પિંગળે*નું આગમન, બળવાવાદીઓએ કરેલા મુખ્ય ગુન્હાઓ અને રાસબિહારી તથા તેના સાથીઓએ એક સાર્વત્રિક બંડને માટે કરેલી ગોઠવણો-વગેરેનું બયાન એ ફેંસલામાં અપાયું; વળી બીજી બધી બાબતો સાથે યુદ્ધનું એક જાહેરનામું તૈયાર થયા વિષે અને રેલ્વેગાડીઓ તથા તારનાં દોરડાં ભાંગી નાંખવા વિષેના હથિયારો ભેગાં થયેલાં તે વિષે પણ નિર્દેશ થયો. નિવૃત્ત થયેલા છતાં હથિયારબંધ ઘરડા સોલ્જરો હુસલાવાળા ગામમાં હોવા કારણે લુંટારાઓ હિમ્મત હાર્યા હશે તેથી, અથવા પોલિસને પહેલેથી ચેતવણી મળી હશે તેથી કે બીજે ગમે તે કારણે નિષ્ફળ ગયેલા પ્રયાસો વિષે તથા નાની ધાડો વિષે ખાસ અદાલતના ફેંસલામાં ચર્ચા હતી. એ જજોએ વધુમાં લખ્યું કે ઘદર ન્યુસપેપરે બીજી બધી પ્રવૃત્તિઓમાં મોખરે તો લશ્કર ફોડવાની હિલચાલને જ મૂકી હતી, અને આ હેતુ પાર

* વિષ્ણુ ગણેશ પિંગળે જોઈએ. રાઉલાટ કમિટીના મૂળ રિપોર્ટમાં એ રીતે હિન્દુ મુસ્લીમનાં નામોનો ઠીક ઠીક છબરડો વાળ્યો છે. અનુવાદક.

પાડવા માટે એ પક્ષના મળતિયાઓએ દેશની અંદર તેમજ હિંદ આવતાં રસ્તે બંદરો પર, તરેહવાર પ્રયાસ પણ કર્યા હતા. આ બધાને ભેળા કરવામાં રાસબિહારી આગેવાન હતો અને તેણે પોતાના સાધન તરીકે પિંગળે તેમજ સચ્ચાસિંગ નામના લુધિયાનાના એક વિદ્યાર્થીનો ઉપયોગ કરેલો. ઘદરનું સાહિત્ય વપરાયલું. મીરત, કાનપુર, અલ્હાબાદ, કાશી, ફૈઝાબાદ, લખનૌ અને જોડીયા પ્રાંતોમાંના હિંદી સિપાઇઓ પર પ્રયાસ થયેલો. એમાં સફળતા ઘણી ઓછી મળેલી, અને ૨૧મી ફેબ્રુઆરીએ થનારા સામટા બળવાને ઉગતોજ ડામી દેવાયો ન હોત તો આ વવાયલાં બીજમાંથી ઘણાક કરૂણ કિસ્સા નીપજત. કાવતરાંખોરો બોમ્બ બનાવવાના કામને અને બળવા-સાહિત્યના પ્રચારને ખૂબ મહત્વનું ગણતા. આ બીજી વસ્તુ માટે ફેંસલો જણાવે છેઃ પોતાની યોજનાઓ પાર પાડવા માટેની પદ્ધતિ-ઓમાં હિંદમાં છાપાંઓની સ્થાપના એ પણ એક ખાસ હતી, એમાં શંકા નથી. લોકોને ફોસલાવવામાં 'ઘદર' પત્રને જે સફળતા અમેરિકામાં મળેલી, તે એવીજ પદ્ધતિ હિંદમાં અખ્ત્યાર કરવા માટે પૂરતા ઉત્તેજન રૂપે હતી. અને એ વાત તો સૌને જાણીતી છે કે છપાયલી વસ્તુ વડે હિંદીઓ સહેલાઇથી ચળી જાય છે." અમૃતસરમાં મળેલો બો-બનો મસાલો અને ઝાબેવાલ નામના લુધિયાના પાસેના એક ગામમાં બોમ્બના કારખાનાની સ્થાપના વિષે અદાલતના ફેંસલામાં વર્ણન અપાયું છે. લાહોતવાડી નામના એક ગામડાને પણ બોમ્બનું મથક બનાવાયું હતું.

૧૩મી જાનેવારી ૧૯૧૪ના ઘદર પત્રના અંકમાં હિંદીઓને પર-દેશ ખેડવાની, રાઈફલ બનાવતાં શીખવાની, અને તેના વડે ભરેલી પેટીઓ પંજાબમાં આણી 'આખી પ્રાંત પર બન્દુકોનો એક મીઠડો વરસાદ વરસાવી દેવાની' ખાસ સલાહ અપાઈ હતી. કેટલીક પિસ્તોલ અને દારૂગોળો અમેરિકાથી આણેલો અને ચાર રિવોલ્વરો રાસબિહારી-

એ આપેલી. બીજા હથિયારો પણ ભેગા કરવામાં આવેલા, પણ ખુબ સદ્‌ભાગ્યે પૂરતા હથિયાર મેળવવા એ પ્રજા માટે ભારે મુશ્કેલીનુંજ કામ રહેતું; તથા મિયાંમીરનાં હથિયારખાનાંઓ પર હુમલો કરવાની યોજનાઓ પડી ભાંગી.

પહેલવહેલા કેસમાં જે માણસો લેવાયા તેઓ ખાસ સંચાલકો ને આગેવાનોજ હતા. એમણેજ ખૂન, કતલ અને અત્યાચારોથી સરકારને ઉથલાવી પાડવાનો પ્રયત્ન કરેલો અને બાજી રચેલી. પણ બીજા કેસોમાં જેઓ આવ્યા તે માણસો તો, જૂજ અપવાદ શિવાય, પ્રાસંગિક તોફાન માટેના સાધન રૂપેજ હતા; અને તેવા એકાદેક ગુન્હામાં ભાગ લીધા પછી ચળવળમાંથી છૂટા પણ થઈ ગયેલા. સૌથી પહેલા જેલ જનારાઓમાં પેલો ૧૯૦૯વાળો નામચીન ભાઇ પરમાનંદ પણ હતો.

એ માણસ થોડો વખત હિંદ છોડી બહાર ગયેલો, પણ પછી અમેરિકાથી ઇગ્લાંડ થઇને ૧૯૧૩ ડીસેં૦ મહિનામાં પાછો આવેલો. અમેરિકામાં એ હરદયાળની સાથે ભળેલો. મહાયુદ્ધ જાગ્યા કેડે એણે એક 'હિંદનો ઇતિહાસ' નામનું પુસ્તક પ્રગટ કરેલું. તેનો હેતુ, ખાસ અદાલતને "શ્રીમાન સમ્રાટની હિંદી સરકાર તરફ દ્વેષ અને ઘૃણા પ્રગટાવવાનો તથા ધદર કાવતરાંના સર્વ સામાન્ય ઉદ્દેશોને આગળ ધપાવવાનો" લાગેલો. કાવતરાંખોરોની બાજીઓમાં એક આગેવાન તરીકે એ માલમ પડ્યો હતો. બીજો એક ગુન્હેગાર પેલો મરાઠો પિંગળે જેને વિષે લખી ગયા, તે હતો.

૧૪૪ બીજા કેસનો ચુકાદો અમેરિકાથી આવેલા પેલા બળવાવાદી મુસાફરો—આગંતુકો—ના આગમન વિષે વધુ વિગતો આપે છે. એમાં જણાવેલું છે કે ગામડાઓમાં જોશભેર રાજદ્રોહનો ઉપદેશ દેવાતો હતો; અને લશ્કરી ટુકડીઓમાંનાં માણસોને એવી સૂચના આપવામાં આવેલી કે સંકેત થાય ત્યારે બંડ અને કતલ કરવા

માટે તૈયાર રહેજો. ફેબ્રુઆરીની બાજી ધૂળ મળ્યા કેડે પણ પ્રયાસો ચાલુજ રહ્યા અને ઘુડાઇલ નામની જગા બળવાવાદીઓનું મિલન-સ્થાન બની. ત્યાં તો સ્થાનિક મહેતાજીની મદદ મેળવવામાં આવેલી અને શાળાનું મકાન મળતિયાઓની મુલાકાતો માટે વારંવાર વપ-રાવા લાગ્યું. ૧૧મી જુન ૧૯૧૫ને દિવસે એક રેલ્વેપુલ પરની ચોકીયાત લશ્કરી ટુકડી પર હુમલો થયો; તેમાં બે માણસ મરાયા; અને ખૂનીઓએ ઘેર જતાં વળી બીજા બેને માર્યા. પણ ટોળીમાંના પાંચ જણા તો તુરતજ પકડાયા ને ફાંસીએ ચઢ્યા.

એ ફેંસલો એવા પુરાવા ટાંકે છે જે પરથી માત્ર હથિયારોને અભાવેજ એક જંગી બળવો ડીસે૦ ૧૯૧૪માં થતો અટક્યો એમ જણાય છે. જજોને માલમ પડ્યું કે પ્રત્યેક પ્રસંગ પર વિદ્યાર્થી-ઓને ફોડવાની પ્રવૃત્તિ તો ચાલ્યાંજ કરતી અને તેમને એવી એવી લાલચો અપાતી કે "અભ્યાસ તો માત્ર ગુલામીજ શીખવે છે માટે તે છોડી દ્યો; જેઓ (બળવામાં) મદદ કરશે તેમને ભારે ભારે હોદ્દાઓ મળશે; પરદેશોમાંથી વિમાનમાં બેસીને આવનારા મોટા મોટા આગેવાનોના આગમનથી બળવાનો શુભ પ્રારંભ થશે; અને રાજ્ય તરફથી **હરદયાળને** રાજાનો મુગટ પહેરાવવામાં આવશે." ગામડીયાઓને પણ દાખલ કરતા; કેટલાક પર ઝનૂની ઉશ્કેરણીની અસર થતી, ત્યારે કેટલાક બીજા ત્રીજા મોહ અને લુંટની આશાએ જોડાતા; વળી કેટલાક તો કદાચ એમ બ્હીને પણ દાખલ થતા કે નહિ તો બળવાવાદીઓ પોતાની બાજીમાં ફાવી જાય ત્યારે આપણે પાછળ રહી જઇશું. દિલ્હીના દહેરાની દિવાલને લગતા કિસ્સાનો દુરૂપયોગ કરીને કેટલા ધર્માંધ શીખોને એમ પણ સમજાવાતું કે તમારો ધર્મ જોખમમાં છે.

ચુકાદામાં લખ્યું છે કે "**ઘદર છાપું અને એનાં બચ્ચાં કચ્ચાં (પત્રિકાઓ, કવિતાઓ) જયાં જયાં બળવવાદીઓને**

લાગ્યું કે સાથીઓ મળશે તે તે દરેક જગાએ છૂટથી વહેંચાતા. અને ખાસ કરીને લશ્કરી ટુકડીઓમાં તો ખરાંજ.''

ચુકાદામાં છેલ્લે લખ્યું છે કે મૂળ કેસમાં બતાવાયલા ગુન્હાઓ તો થયેલાજ; પણ સાથે સાથે બીજાં ખૂન પણ થયેલાં અથવા યોજાયેલાં.

લાહોરના ત્રીજા કાવતરા કેસમાં પડેલા પુરાવાથી તો માંડલેની ખાસ અદાલતે શોધી કાઢેલી એક વાતને પુષ્ટિ મળી–તે એ, કે કેટલાક બળવાવાદીઓ–કેનેડામાંના ત્રણ તો ખરાજ–એકોક ખાતે ભેગા થયેલા અને બ્રહ્મદેશમાં થઇને હિંદ પર હુમલો લઈ જવાની તરકીબમાં ગુંથાયેલા. પંજાબની ટ્રીબ્યુનલે લખ્યું: "અમારી પાસે ચોકખો પુરાવો છે કે આ બાજી રચાયલી જ, અને વળી એ ધદર ચળવળના અંગ કે અંશ રૂપે હતી અને એમાં જર્મનીના માણસો પણ ભળેલા હતા. જર્મનો સાથે મળીને સાનફ્રાન્સિસ્કોમાં ધદર ચળવળના આગેવાને બ્રિટીશ સરકારને જોખમમાં નાંખવા માટેની ને સિયામમાં બરાબર થાળે પાડવાની કોઇક યોજના રચી હતી એ ચોકખું છે." ચુકાદો આગળ ઉપર જણાવે છેઃ "અમને માલમ પડયું છે કે સાનફ્રાન્સિસ્કોના યુગાંતર આશ્રમ પર એક કાગળ લગાવેલો હતો તે પર મોટે અક્ષરે લખેલું: "જર્મનો સામે લઢશો માં. તેઓ આપણા દોસ્ત છે." અને મહાયુદ્ધ પછી ધદર પ્રવૃત્તિનો સ્પષ્ટ મુદ્રાલેખજ એ હતો. અમને માલમ પડયું છે કે ધદરના કાર્યાલયમાં છપાયેલું સાહિત્ય જર્મન એલચી વહેંચવા માટે જાતે ને પોતે લઈ જતો. વળી જર્મનીએ, બ્રિટનની સામે તોફાન જગાડવાના હેતુસર, અમેરિકાથી અફઘાનિસ્તાન, સિયામ, મનિલા, તિબેટ અને તુર્કી જવા માટે હિંદીઓને પૈસા આપ્યા હતા; સાનફ્રાન્સિસ્કોના જર્મન એલચીને રામચંદ્ર સાથે ગાઢો સંબંધ હતો અને ન્યુયોર્ક-માંનો [જર્મન] મુખ્ય એલચી (કોન્સલ જનરલ) બની શકે તેવી

મદદ કરવા માટે હિંદી બળવાવાદીઓને પોતાને ખરચે જર્મની મોકલતો હતો. ચુકાદો એ પછી એક સાક્ષી "જે એક વેળા જર્મનીનો પગારદાર જાસુસ હતો, ને ૧૯૦૭ના બળવાવાદીઓમાંના એક હરદયાળ સાથે ઈંડીયા હાઉસમાં અને બીજા અજીતસિંહ સાથે રીયોજાનેરોમાં જેને સંબંધ ઝામેલો અને એમનીજ ઉશ્કેરણીથી જે બળવાકાર્ય માટે બર્લિન જવા ઉપડેલો" તેને વિષે ઈશારો કરે છે. એ માર્ચ ૧૯૧૫માં બર્લિન પહોંચ્યો; અને ત્યાં હરદયાળ તથા બીજા જાણીતા હિંદી બળવાવાદીઓ જેઓ બર્લિનમાંની એક હિંદી બળવામંડળીના આગેવાનો હતા તેને મળ્યો. આ મંડળી, જેનો હેતુ હિન્દમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાનો હતો તે વારંવાર સભાઓ ભરતી. તેમાં તુર્કો, મિસરવાસીઓ, જર્મન અમલદારો—અને ખાસ નોંધવા લાયક તો માજી જર્મન પ્રોફેસરો અને પાદરીઓ જેઓ પહેલાં હિંદમાંની બ્રિટીશ સરકાર તરફથી સારી પેઠે ખાતરબરદાસ પામેલા તેઓ—એ બધા આવતા.+ હરદયાળ અને ચટ્ટોપાધ્યાય રોજ ને રોજ જર્મન પરદેશખાતા સાથે વાટાઘાટ ચલાવતા. હિંદમાં રાજદ્વારી ઉથલપાથલ કરવા માટે એક ઓરીયેન્ટલ બ્યુરો—પૌર્વાત્ય સંસ્થા પણ નીકળી હતી તે દ્વારા તોફાની સાહિત્યનો તરજુમો કરવાનું અને જર્મનીમાં કેદ પડેલા હિંદી સિપાઈઓમાં તે પ્રચારવાનું કામ થતું. જર્મન સરકારે ઘડેલા, અને જાણે જર્મન સત્તાવાળાઓએ હિંદના રાજાઓને ઉદ્દેશીને લખેલા તોફાની કાગળોના તરજુમા કરવામાં આવેલા ને તે છપાયલા; અને જર્મની તથા હિંદના એકસરખા ધ્યેયો વિષે ખૂબ ચર્ચાઓ કરવા સભાઓ થતી. આ સભાઓમાં પ્રમુખ તરીકે કેટલીક વાર તો તો ભારેમાં ભારે જર્મન અધિકારીઓ બેસતા." પેલા સાક્ષીને

+ આની વિશેષ વિગતો ને પૂરી માહિતી મેળવવા વાંચો ડૉ૦ ભૂપેન્દ્રનાથ દત્ત કૃત "બંગાળાનો બળવો." ગાંડીવ. ૧।। રૂ.

પછી અમેરિકા મોકલવામાં આવ્યો. ત્યાં એ જર્મન એલચીને મળ્યો, તેણે એને ગુપ્ત સાથે અને હિંદમાંના બળવાવાદીઓને જર્મની તરફથી આપવાના ૨૦૦૦૦ ડૉલર પહોંચાડવા માટે નીમાયલા વેહદે નામના જર્મન સાથે મેળવી આપ્યો. અમેરિકામાં એ [સાક્ષી] બીજા જર્મનોને પણ મળ્યો: જેવા કે બોહમ, જેકબસન અને સ્ટરનેક; અને આ માણસો સાથેનો એનો સંબંધ અને સિયામી ચઢાઈવાળી વાત અમે આગળ ચર્ચી ગયા છીએ.

બીજા કેસો વિષે અહિં ખાસ લખવા જેવું નથી. એકમાં ૧૯૦૯ના વખતથી નામચીન બનેલા લાલચંદ ફલક પર શ્રીમાન મહારાજાધિરાજ સામે યુદ્ધે ચઢવાનું અને રાજદ્રોહનું કાવતરૂં કરવાનો ગુન્હો સાબીત થયો અને એને ૧૦ વરસ કાળાપાણી મોકલવામાં આવ્યો.

૧૪૫ હિંદ રક્ષણ કાયદાને અંગે લેવાયલાં પગલાં

હિંદ રક્ષણ કાયદાની રૂએ ૩૦ ઈસમોને જેલમાં ગોંધવામાં આવેલા, ૧૧૩ને તેમના ગામડાંમાંજ રહેવા ફરમાન થયેલું, અને ૨૫ને બીજા અમુક ગામડામાંજ રહેવા આજ્ઞા અપાયેલી. હિંદ પ્રવેશના કાયદાની રૂએ ઓકટોબર ૧૯૧૪થી ડીસેં૦ ૧૯૧૭ના ગાળામાં કુલ ૩૩૧ને જેલમાં ગોંધવામાં આવ્યા, તેમાંના ૨૨૪ની સંખ્યા તો ઓકટોબર ૧૯૧૪થી એપ્રિલ ૧૯૧૫ના ગાળામાંજ થઈ ગયેલી. ૩૩૧ માંથી ૨૪૨ને છોડી દીધા છે. આગંતુકો બળવાવાદીઓમાંના કુલ ૨૫૭૬ને તેમના પોતાના વતનમાંજ રહેવાનું (બહાર કયાંય ન નીકળવાનું) ફરમાન થયું હતું. અમને સમાચાર મળ્યા છે કે ગામબંધીઓ, જેલ ગોંધણી, અને છૂટછાટો તથા મૂક્તિ આપવા વિષેનું પેલી શીખ સલાહકાર સમિતિઓનું કામ એટલું બધું કિંમતી હતું અને ' કાયદો તથા વ્યવસ્થા ' ની દિશા

માં તેમનો પ્રભાવ એટલો સંગીન પડેલો કે તોફાની ગાળા પછી પણ શંકાજનક માણસો પંજાબમાં પુષ્કળ આવ્યા–ખાસ કરીને ચીનમાંથી, તો પણ ૧૯૧૭ની આખરે હિંદપ્રવેશ કાયદાની રૂએ કોઇપણ રીતે બંધન પામેલા અને પછીથી તેમાંથી મુક્ત થયેલાની સંખ્યા વધીને ૧૫૧૩ સુધી ગયેલી તથા એક સરખી વધ્યાજ કરતી હતી. એમ છતાં એક શીખ અમલદાર સાક્ષી તરીકે અમારી સમક્ષ રજુ થયેલો તેના નીચેના શબ્દોમાં ઠીક સંગીન ઠપકો હતોઃ "બળવાવાદી વિચારો સાથે હિંદ પાછા ફરેલા માણસો તો હજારો છે; તેમાંના જેમની સામે અમારી પાસે ચોકસ માહિતી હતી, તેમનેજ માત્ર ગોંધવામાં આવ્યા કે નજરકેદ કર્યા. પણ મોટો ભાગ તો કેવળ છૂટોજ રહ્યો." પંજાબ સરકારે અમને ખબર આપી કે અમે નીચેનાં અગમચેતીભર્યાં પગલાં પણ લીધાં છેઃ

(૧) અમે હુકમ કાઢીને ચાર છાપાંઓના તંત્રીઓને જર્મનીની તરફેણવાળી કે ગભરાટ ફેલાવનારી હકીકતો છાપતાં અટકાવ્યા છે. વળી ઝમીનદારના તંત્રી ઝાફરઅલિખાંને એક છાપું કાઢવા રજા અપાઇ છે પણ તે છાપું પ્રગટ થતાં પહેલાં તેમાંનાં લખાણની મંજુરી મેળવવી જોઇએ (Pre-censorship) એવો પણ હુકમ કાઢ્યો છે.

(૨) મેસર્સ તિલક અને બિપિનચંદ્ર પાલને પ્રાંતમાં દાખલ થતા અટકાવ્યા છે. એવી ખબર મળેલી કે આ બે ગૃહસ્થો હોમરૂલનું પ્રચારકાર્ય કરવા માટે પ્રાંતમાં બધે ભાષણ કરતા ફરવાના હતા. સરકારને મતે પ્રજાનો અભણ વર્ગ ભણેલા માણસોને વાજબી લાગતી હોમરૂલની માંગણીનો શો અર્થ કરી મારે તે ઘદર કાવતરાં પરથી જણાઈ આવ્યું છે. વળી, જ્યારે હિંદી લશ્કરમાં વધારેમાં વધારે સિપાઇઓ ભરતી કરવાની આ પ્રાંત પાસે માંગણી હતી તે વેળા,

આ ગૃહસ્થો જે જાતની ઉશ્કેરણી કરવા માંગતા હતા તે જાતની ઉશ્કેરણી જાહેર સલામતીને માટે નુકસાનકારક થઇ પડે અને લશ્કરભરતીના કામ પર તો ઘણી ખરાબ અસર પહોંચાડે એ વિષે તો કંઈ સવાલજ રહેતો નથી. તેથી, પંજાબમાં દાખલ થવાની મનાઇનો હુકમ કાઢવામાં આવ્યો અને તેનો અમલ હજુ ચાલુ છે."

ઉપસંહાર

૧૪૬ એ તો ચોકખું છે કે પંજાબમાંની ધદર પ્રવૃત્તિ બહોળા પાયા પર ખૂનરેજી કરાવતી સહેજમાંજ અટકી ગઈ. જુસ્સાદાર અને સાહસિક શીખોને વિચાર અને વર્તન-કર્તવ્ય વિષે ન જોવા ગાળોજ રહે છે. ભડભડતી ભાષામાં અપીલ કરી તેમને ભુરકવામાં આવે ત્યારે તેઓ સંપૂર્ણ ધગશથી અને કાયદો અને વ્યવસ્થાના સમગ્ર તંત્રને જોખમકારક થઈ પડે એવી રીતે કામમાં ઝંપલાવી પડે તેવા છે. અમે સારરૂપે કહેલા આ આખા ઇતિહાસની સમાલોચના પછી પંજાબ સરકારના નીચેના ઠરેલ વિચારને અનુમતિ આપવા તરફ ન ઢળે એવા ભાગ્યેજ કોઈ હોય: કે "જો સરકારને હિંદરક્ષણ કાયદા અને હિંદપ્રવેશ કાયદાને અંગેની વિશાળ સત્તાઓ રૂપી શસ્ત્ર મળ્યું નહોત તો ધદર પ્રવૃત્તિ આટલી ઝડપથી દાબી શકાઈ ન હોત અને આવા પ્રસંગે અટકાયત તથા શિક્ષાની પ્રવૃત્તિમાં ઢીલ થતે તો અવ્યવસ્થાનું પ્રમાણ ઘણુંજ વધી પડતે."

સંયુક્ત પ્રાંતોમાના બળવા પ્રયાસો

૧૨૦ આગ્રા અને અયોધ્યાના સયુંક્ત પ્રાંતો બિહાર અને ઓરિસ્સા વડે બંગાળથી છૂટા પડે છે અને ભૌગોલિક દષ્ટિએ ઉત્તર હિંદના હાર્દરૂપ છે. એમનામાંજ કાશી અને અલ્હાબાદ [પ્રયાગ] હિન્દુઓના બે પવિત્ર ધામો, એક વેળા જુના મોગલ સામ્રાજ્યના મધ્યસ્થ મથક રૂપ આગ્રા, અને લખનૌ જે આગળ એક મુસ્લીમ રાજ્યની રાજધાની હતું તે–એવા એવા શહેરો આવેલાં છે. એ પ્રાંતો જ ઈ. સ. ૧૮૫૭નું મુખ્ય રણક્ષેત્ર હતાં.

:હવે તો શાંતિમય બનેલા આ પ્રાંતોમાં બળવા પ્રવૃત્તિ તરફ સૌથી સ્પષ્ટ અને મજબુત લાગણીનો ઉછાળો પહેલવહેલો ૧૯૦૭ ના નવેમ્બરમાં અલ્હાબાદ ખાતે શાંતિનારાયણ નામના માણસે સ્વરાજ્ય નામનું છાપું કાઢયું ત્યારથી આવ્યો. એ માણસ સંયુક્ત પ્રાંતનોજ વતની, અને પહેલાં એણે પંજાબના એક છાપામાં ઉપ-તંત્રી તરીકે કામ કરેલું તથા એ પંજાબના દેશનિકાલીઓ લાજપત-રાય અને અજીતસિંહની મુક્તિના પ્રસંગનું સ્મારક કરવા ઇચ્છતો હતો. આ છાપાનું વલણ પહેલેથીજ સરકારવિરોધી હતું અને ધીમે ધીમે તે વધારે ને વધારેજ તોફાની બનતું ગયું. છેવટે મુઝ-ફ્ફરપુરના ખૂનોને લગતા વાંધાભર્યા લેખો લખવા માટે શાંતિનારાયણને લાંબી ટીપ (કેદ) મળી. છતાં સ્વરાજ્ય તો એક પછી એક એમ આઠ તંત્રીઓ વડે ચાલતુંજ રહ્યું. તેમાંના ત્રણ પર તો વાંધા ભર્યાં લેખો માટે કામ ચાલ્યું અને લાંબી લાંબી સજાઓ થઈ.

આમાંના સાત તંત્રીઓ પંજાબથી આવેલા. જ્યારે ૧૯૧૦નો નવો 'હિંદી પ્રેસ એક્ટ' અમલમાં આવ્યો ત્યારેજ એ છાપાને બંધ કરી શકાયું. આવા તોફાની લેખોમાંનો એક તો મુઝફ્ફરપુરવાળા ખૂની ખૂદીરામ બોઝની પ્રશસ્તિનો હતો અને બીજા લેખો "બોમ્બ અને બહિષ્કાર" "જાલિમ અને સિતમગર" એવા એવા વિષયો પર હતા. આટઆટલી ખંતથી એ છાપું સરકાર સામે લડત ચલાવતું રહ્યું. છતાં પ્રાંતોપર કશી દેખીતી અસર નહોતું નીપજાવી શક્યું. એવાજ વલણવાળું અલ્હાબાદથીજ ૧૯૦૯ના પાછલા ભાગમાં પ્રગટ થયેલું ને ૧૯૧૦માં બંધ પડાવવામાં આવેલું કર્મયોગી પણ એવુંજ અસરહીણું હતું.

૧૯૦૮માં હોતિલાલ વર્મા નામનો એક જાટ જેણે પંજાબના છાપાંઓમાં થોડુંઘણું કામકાજ કરેલું અને વળી જે કલકત્તા ખાતે અરવિંદ ઘોષ અને એના કેટલાક મળતિઆઓના તંત્ર હેઠળ ચાલતા 'વંદેમાતરમ્' પત્રનો અલિગઢ ખાતેનો ખબરપત્રી હતો, તે બળવાખોર પ્રચારકાર્ય કરીને નામચીન બન્યો અને દશ વરસની દેશનિકાલની સજા પામ્યો. એણે ચીનમાં અને યુરોપમાં પ્રવાસ કરેલો અને ઘણા ખરાબ વાતાવરણની અસર હેઠળ એ આવેલો. કલકત્તા અનુશીલન સમિતિએ રચેલી બોમ્બ બનાવવાની ચોપડીને પૂરેપૂરી મળતી આવતી એવીજ એક ચોપડીના કેટલાક અંશો એની પાસેથી મળી આવેલાં, અને અલિગઢ જેવા મહત્વના શિક્ષણમથકના જુવાનોમાં રાજદ્રોહ ઉપદેશવા એણે પ્રયાસ કરેલો, પણ ફોગટજ. એના કેસની સુનાવણીમાં સ્થાનિક પ્રજાને કશો રસ નહોતો.

૧૨૧ હવે અમે કાશી કાવતરા કેસના કિસ્સા પર આવીએ.

કાશી કાવતરાં કેસ

કાશીની પ્રખ્યાત નગરીમાં ઘણીક સ્કુલો અને બે મહત્વની કૉલેજો છે. કાશીની કાયમી વસતીમાં બંગાળીઓનો ભાગ મોટો

છે, તેમ વળી હિંદના બધા ભાગમાંથી હિન્દુ જાત્રાળુઓ આવે એ રીતેય બંગાળીઓ ત્યાં ખૂબ આવે છે. એટલે વહેલી કે મોડી, પણ બીજે સ્થળે મજબૂત બનેલી ઝેરી પ્રવૃત્તિઓની અસર કાશીમાં સુદ્ધાં કંઈક અંશે પગપેંસારો કરે એ અનિવાર્ય હતું.

૧૯૦૮માં શચીન્દ્રનાથ સાન્યાલ નામનો એક જુવાન બંગાળી જે તે વેળા બંગાળીતોલા હાઇસ્કુલના છેક ઉપલા વર્ગમાં અભ્યાસ કરતો હતો, તેણે બીજા જુવાનો સાથે મળીને અનુશીલન સમિતિ નામની મંડળી કાઢી. નામ તે વેળા ખીલતી જતી ઢાકા અનુશીલન સમિતિ પરથી લીધેલું; પણ જ્યારે તે સંસ્થા સામે ફોજદારી પગલાં લેવાયા ત્યારે કાશી વાળી સમિતિએ જુવાનોની મંડળી (યંગમેન્સ એસોસિયેશન) નું નામ ધારણ કર્યું. ખાસ સમજવા લાયક એ છે કે પાછળથી કાવતરાં કેસમાં આરોપી બનેલા બધા કાશીવાસીઓ–માત્ર એક અપવાદી શિવાય–આ સંસ્થાના સભ્ય હતા, અને જે અપવાદ હતો તેય એવીજ બીજી સંસ્થા નામે વિદ્યાર્થી ઐક્ય મંડળ—સ્ટુડંટસ યુનિયન લીગ–નો સભ્ય હતો. મૂળે સમિતિનો દેખીતો ઉદ્દેશ તો સભ્યોની નૈતિક, બૌદ્ધિક અને શારીરિક ઉન્નતિ સાધવાનો હતો, પરંતુ કાશી કાવતરાં કેસની સુનવણી કરનારા કમિશનરોના શબ્દોમાં। તો "કશોયે શક નથી કે શચીન્દ્રનો હેતુ રાજદ્રોહના પ્રચાર માટે સમિતિને સાધન રૂપે વાપરવાનો હતો. એક આગલા સભ્ય દેવ નારાયણ મુકરજીએ અમને કહ્યું છે તે પ્રમાણે સભ્યો સરકારી પ્રવૃત્તિઓ વિષે ખૂબ સખત ભાષામા બોલતા. વિભૂતિ*ના કહ્યા મુજબ તો સમિતિની અંદર એના ખરા હેતુથી પૂરેપૂરા પરિચિત સભ્યોનું વળી પાછું એક નાનું પેટામંડળ હતું, અને રાજદ્રોહનો પ્રચાર ખાસ કરીને નૈતિક શિક્ષણના એક વર્ગ મારફતે થતો; ત્યાં ખૂન કરવાં એ પણ

* જુઓ પાનું૧૩૨ મું

ન્યાયી અને યોગ્ય છે, એવો **અર્થ ભગવદ્‌ગીતા**માંથી કઢાતો. દર વરસે થતી કાલિ પૂજા વખતે હંમેશા એક સફેદ કોળું વધેરવામાં આવતું. એ વસ્તુ ક્રિયાનું એક હંમેશનું અંગ હોઈ એનો બીજું કશો ખરાબ અર્થ નથી. પણ અહિં તો એને ગોરી પ્રજાના એક પ્રતીક રૂપે ગણતા, અને તેમને દેશમાંથી હાંકી કાઢવા માટે એક ખાસ પ્રાર્થના પણ કરવામાં આવતી." એવો પુરાવો પણ પડયો છે કે આ અનુશીલન સમિતિ સ્થપાઇ તે પૂર્વે બંગાળાની બળવા પ્રવૃત્તિમાં સંડોવાયલી કેટલીક વ્યક્તિઓ કાશી આવી ગયેલી; અને શચીન્દ્ર તથા તેના ગોઠીયાઓ, જે તે વેળા માત્ર છોકરાઓજ—ને તેય મુખ્યત્વે બંગાળી—હતા તેમની ઉશ્કેરણી આમાંના જ એક કે બીજા માણસે કરેલી એ પણ નક્કી છે.

સમિતિ ૧૯૦૯થી ૧૯૧૩ સુધી ચાલી, પણ તેમાં ફાટફુટ થયેલી ખરી. પહેલાં કેટલાક સભ્યોએ એની રાજદ્વારી પ્રવૃત્તિ અને સરકારવિરૂદ્ધતા સામે વાંધો લીધો ને તેઓ છૂટા પડી ગયા. પછીથી એમાંના ખૂબજ તોફાની સભ્યો છૂટા પડી ગયા. તેઓમાં શચીન્દ્ર પોતે પણ હતો. વાણીને વર્તનમાં ઉતારવાની અને સિદ્ધાંતોને કર્તવ્ય રૂપે સાધવાની ઇચ્છા એ લોકોને ખૂબ ડંખી રહી હતી. તેમણે એક નવોજ પક્ષ સ્થાપ્યો, તે બંગાળાની સમિતિઓ સાથે ખૂબ ગાઢો સંબંધ રાખી કાર્ય કરવા ઇચ્છતો હતો. પાછળથી અદાલતમાં સરકારી સાક્ષી બનેલા એકે જુબાની આપી તે મુજબ શચીન્દ્ર અવારનવાર કલકત્તે જતો હતો. ત્યાં રાજાબજાર કેસવાળા નામચીન શશાંકમોહન હાજરા ઉરફે અમૃત હાજરા સાથે તેની ઓળખ થયેલી અને નાણાં તથા બોમ્બ બંને એ લઈ આવેલો. ૧૯૧૩ની હેમંત ઋતુમાં એના સાથીઓએ કાશીની શાળાઓ અને કોલેજોમાં પુષ્કળ રાજદ્રોહી પત્રિકાઓ વહેંચી તથા બીજી કેટલીક ટપાલ દ્વારા મોકલી. સરકારી સાક્ષી બનેલા વિભૂતિના કહ્યા મુજબ તેઓ ગામડાઓમાં

પણ ઉતરી પડતા અને ગામડીઆઓ સમક્ષ ભાષણ આપતા. એ સાક્ષીએ કહેલું કે "એ ભાષણનો વિષય 'યુરોપીયનોને હાંકી કાઢવા અને એ રીતે આપણી દશા સુધારવી' એ રહેતો." દિલ્હી ને લાહોર કાવતરાં કેસોવાળો રાસબિહારી ૧૯૧૪ની શરૂઆતમાં કાશી આવ્યો અને એ પ્રવૃત્તિની લગામજ હાથમાં લઇ લીધી એમ કહીએ તો ચાલે. એની ધરપકડ વાસ્તે એક ઈનામ જાહેર થયેલું અને એની છબીનો પણ ખૂબ પ્રચાર કરવામાં આવેલો, છતાં કાશીમાં ૧૯૧૪ની સાલનો ઘણોખરો ભાગ એણે ગાળ્યો ને દેખીતુંજ છે કે પોલીસને તેની કશી ખબરે ન પડી. કાશી પચરંગી (કોસ્મોપોલીટન,) શહેર છે અને એ જુદી જુદી કોમો શહેરના અમુક અમુક લત્તાઓમાં ગીચોગીચ વસ્તીમાં નોખી નોખી રહે છે. બંગાળીઓના રહેવાસનો ખાસ ભાગ બંગાળીતોલા પણ એ રીતે મોટે ભાગે બંગાળીઓથીજ વસાયલો છે. આમ ઉત્તરહિંદની પોલિસ જે બંગાળી ભાષા બોલી નથી જાણતી તેને માટે એ ભાગના લોકોની પ્રવૃત્તિ તથા ત્યાંની આવજા વિષે બરાબર માહિતી રાખવાનું કામ ભારે મુસ્કેલ ગણાય. રાસબિહારી બંગાળીતોલા પાસેજ રહેતો અને બહાર ઘણુંખરૂં રાત્રેજ નીકળતો. શચીન્દ્રટોળકીના જુદા જુદા સભ્યો એની મુલાકાતે જતા અને એક પ્રસંગે તો બોમ્બના અને રિવોલ્વરના વપરાશ વિષે પ્રયોગો પણ એણે કરેલા. ૧૯૧૪ના નવેમ્બરની ૧૮મીએ એ બે બોમ્બનાં ઢાંકણો જોતો હતો એવામાં તે ફુટી ગયા અને એને તથા શચીન્દ્ર બંનેને ઇજા થઇ. પછી એણે રહેઠાણ બદલી બંગાળી તોલામાંનાજ એક ઘરમાં કર્યું. અહિં મુંબઈ પાસેના પૂના જીલ્લાનો વતની એક જુવાન દક્ષિણી નામે વિષ્ણુ ગણેશ પિંગળે એની પાસે આવેલો. પિંગળે અમેરિકા ગયો હતો અને ઘદર પક્ષના કેટલાક શીખોની સાથે સાથે ૧૯૧૪ના નવેમ્બરમાંજ હિંદ પાછો આવેલો. "એણે કહ્યું કે બળવાના કામ માટે ૪૦૦૦ માણસો અમેરિકાથી

આવ્યા છે અને બળવો જાગી ઉઠતાંજ આવવાને બીજા ૨૦૦૦૦ ત્યાં તૈયાર છે. વળી જણાવેલું કે બળવો જાગે ત્યારે આવી પડવાને કલકત્તા ખાતે ૧૫૦૦૦ માણસ છે" રાસબિહારીએ પંજાબમાં શું કરી શકાય એમ છે તેની તપાસ કરવા શચીન્દ્રને પંજાબ મોકલેલો. શચીન્દ્રે પોતાનું કામ બરાબર કર્યું, કેટલાક ધદરિયા બળવાખોરોને બોમ્બ બનાવવા વિષેનું જ્ઞાન જોઇતું હતું તેને ખબર આપી કે એ જ્ઞાન સહેલાઇથી મળશે, અને વળી બંગાળ તરફની મદદનું વચન આપ્યું.

૧૯૧૫ના જાનેવારીમાં શચીન્દ્ર પિંગળે સાથે કાશી આવ્યો અને તેમના આવ્યા પછી રાસબિહારી જેણે વળી પાછું પોતાનું રહેઠાણ બદલ્યું હતું તેણે તેમની રૂબરૂમાં ટોળકીની એક મહત્ત્વની સભા ભરી. એણે જાહેર કર્યું કે બળવાની તૈયારી સર્વત્ર ચાલી રહી છે, અને શ્રોતાજનોને જણાવ્યું કે તમારા દેશને ખાતર મરવાને તમારે તૈયાર થઇ જવું જોઇશે. અલ્હાબાદ ખાતે દામોદર સરૂપ નામનો શિક્ષક આગેવાન બનવાનો હતો. રાસબિહારી પોતે શચીન્દ્ર અને પિંગળે સાથે લાહોર જવાનો હતો. બે માણસોને બંગાળાથી બોમ્બ અને હથિયારો લાવવાનું કામ સોંપાયું હતું અને વિનાયકરાવ કપિલે* ને બીજો એક એમ બે જણને પંજાબ બોમ્બ પહોંચાડવાનું સોંપાયું છે. બીજાં એક જોડકાએ–વિભૂતિ અને પ્રિયનાથે–કાશીની

---

* શચીન્દ્રનાથે સૂચવેલા કાપલે તે આજ. દક્ષિણીઓમાં મુખ્યત્વે એકારાંત અટક હોય છે અને તે એવી જાતજાતની અને તરેહતરેહની હોય છે કે કાપલે ખરૂં હશે કે કપિલે તે કોણ જાણે, પણ કપિલે જ ખરૂં લાગે છે. બંગાળીઓ બીજા પ્રાંતોનાં નામ વગેરેના ઉચ્ચાર શુદ્ધ ભાગ્યેજ કરી શકે છે; જેમકે સરદારસિંહ રાણાને પણ શ્રી શચીન્દ્રનાથના મૂળમાં દક્ષિણી તરીકે ઓળખાવ્યા છે પણ તેઓ ગુજરાતના હતા. એ વિષે આગળ ખુલાસો આવી ગયો છે. આ કપિલેનું પાછળથી લખનૌમાં ખૂન થયેલું, એવી આ સ્થળે રાઉલાટ રિપોર્ટમાં ફુટનોટ છે. અનુવાદક

લશ્કરીની ટુકડીઓને ફોડવાની હતી અને નલિની નામના એક બંગાળીને પણ મધ્ય પ્રાંતોમાં એજ કામ કરવાનું સોંપાયું હતું. આ બધી ગોઠવણો પાર પાડવાને ખટપટો ચાલુ હતી. શચીન્દ્ર અને રાસબિહારી દિલ્હી અને લાહોર ગયા, પણ શચીન્દ્ર કાશીમાં સરદારી લેવા માટે તુરતજ પાછો આવ્યો. ફેબ્રુઆરીની ૧૪મીએ મણિલાલ જે પાછળથી સરકારી સાક્ષી થયેલો, અને વિનાયકરાવ કપિલે—બંને પશ્ચિમ હિંદનાજ વતની—૧૮ બોમ્બ બનાવવાના મશાલાની એક બીંદડી લઇને કાશીથી લાહોર ઉપડ્યા. ગાડીમાં ઘણી ભીડ હતી, તેથી બીંદડીને અકસ્માતમાંથી બચાવી લેવા ખાતર તેઓ લખનૌથી ઇન્ટર વર્ગમાં બેઠા અને તે માટે લખનૌ તથા મુરાદાબાદમાં વધારાનું ભાડું પણ આપી દીધું. બાકી મૂળે તેઓ ત્રીજા વર્ગમાંજ બેઠેલા લાહોર આવતાંજ. મણિલાલને રાસબિહારી તરફથી ખબર મળી કે એક સામટા હથિયારબંધ બળવા માટેની તારીખ ૨૧મી (ફેબ્રુઆરી) ઠરી છે. આ તારીખને લગતી માહિતી કાશી મોકલાઇ. પણ પાછળથી તારીખ બદલવામાં આવી, કેમકે લાહોરી કાવતરાંબાજોને શક પડ્યો કે પોતાનામાંથીજ એક કોઇકે પોલિસને ખબર આપી દીધી છે; પણ શચીન્દ્રની સાથે કાશીમાં રહી ગયેલા કાવતરાંખોરોને આ ફેરબદલીની બિલ્કુલ ખબર ન પડી. અને તા૰ ૨૧મીની સાંજે બળવાની આશામાં ને આશામાં તેઓ પેરેડગ્રાઉન્ડ પર રાહ જોતા ઉભેલા. દરમ્યાન લાહોર ખાતે તો કાવતરાંનો ભડાકો ફુટી ગયેલો અને પુષ્કળ ધરપકડો થયેલી. રાસબિહારી અને પિંગળે કાશી પાછા આવ્યા, પણ થોડાકજ દિવસ રહ્યા અને પિંગળે બોમ્બ લઇને મીરત ગયો. ત્યાં તે તા૰ ૨૩મી માર્ચને દિવસે "અડધી ટુકડીને જમીનદોસ્ત કરી નાંખે એટલા જોરાવર" દશ બોમ્બની સાથે ૧૨મી હિંદી ઘોડેસ્વાર ટુકડીની બરાખમાંજ પકડાઈ ગયો; પછીથી લાહોરના કાવતરામાં ભાગ લેવા માટે એને ફાંસીની સજા

થઈ. વિભૂતિના જણાવ્યા મુજબ એની પાસે મળી આવેલા બોમ્બ મૂળ કલકત્તેથી કાશી આવેલા અને ત્યાં સાચવી રાખેલા. પિંગળે પાસેથી મળી આવ્યા ત્યારે તે પતરાની પેટીમાં હતા. પાંચ પર ઢાંકણુ સુદ્ધાં હતાં, અને ગનકોટન ભરેલાં બે ઢાંકણુ તદ્દન છૂટાજ હતા.

કલકત્તા ખાતે પોતાના થોડાક કાશીવાસી શિષ્યોને છેલ-વહેલાં મળી લઇ રાસબિહારી તો દેશ તજી ચાલ્યો ગયો. એ મુલાકાત દરમ્યાન એણે જણાવેલું કે હું તો "પહાડોમાં" જાઉં છું અને બે વરસ સુધી પાછો ફરવાનો નથી; તો પણ એમણે તો એમનું કામ-કાજ અને રાજદ્રોહી સાહિત્યનું પ્રચારકાર્ય એની ગેરહાજરીમાં શચીન્દ્ર અને નગેન્દ્રનાથ દત્ત ઉર્ફે ગિરિજાબાબુની આગેવાની હેઠળ કર્યાંજ કરવાનું હતું. આ ગિરિજાબાબુ ઢાકા અનુશીલન સમિતિનો એક પીઢ ને કસાયલો સભ્ય હતો, ને એનું નામ બંગાળી–જર્મન–હથિયારવાહન-કાવતરાને અંગે સિંગાપોરમાં પકડાયેલા એક બંગાળી અવની મુકરજી*ની નોટબુકમાંથી મળી આવ્યું હતું. શચીન્દ્ર, ગિરિજાબાબુ અને ટોળકીના બીજા સભ્યો પાછળથી પકડાયેલા અને હિંદ રક્ષણ કાયદા હેઠળ રચાયલી એક ખાસ અદાલત આગળ તેમની સુનાવણી ચાલેલી. કેટલાક સરકારી સાક્ષી બન્યા; દશને લાંબી લાંબી જેલ મળી અને શચીન્દ્રને તો જીંદગીભર કાળાપાણીએ મોકલવામાં આવ્યો. સુનાવણી વેળા પડેલા પુરાવા પરથી ઉપર વર્ણવેલા બનાવો અને લશ્કર ફોડવાના પ્રયાસની તથા રાજદ્રોહી પત્રિકાઓ વહેંચવાની વાત ખરી હતી એમ નક્કી થઈ ચૂકયું.

પોલિસ તપાસ દરમ્યાન વિભૂતિ જે સરકારપક્ષે માહિતી આપનારો બનેલો, તેણે જણાવેલું કે હું અને મારા સાથીઓ ચંદ્ર-નગરમાં એક સુરેશબાબુના મકાનમાં રહેતા હતા. આ ઘર પર તુરત હલ્લો કરવામાં આવ્યો. ત્યાંથી તો ખાસ્સું હથિયારખાનુંજ મળી

* વધુ માટે વાંચો બંગાળાનો બળવો, ગાંડીવ ૧।। રૂ.

આવ્યું: એક છ બારની .૪૫૦ રિવોલ્વર, તેને માટેના કારતુસોની એક પેટી, એક બ્રીચલોડીંગ રાઈફલ, એક ડબલબેરલ બન્દુક, ૧૭ ખંજરો, બીજા કારતુસો તથા એક ગનપાવડરનું પડીકું અને થોડી ' સ્વાધિન ભારત ' અને ' લિબર્ટી ' નામની પત્રિકાઓ. આગળ એ ઘર પર જરાયે શક નહતો. શચીન્દ્રનાથ સાન્યાલ પાસેથી જુગાંતર પત્રના જુના અંકો અને રાજદ્વારી ખૂનીઓની છબીઓ મળી આવેલી. જ્યારે પકડાયો તે ક્ષણે પણ એ રાજદ્રોહી પત્રિકાઓ ટપાલમાં નાંખવા માટે તૈયાર કરતો હતો. અને પટણા વાળા બંકિમચન્દ્રના ઘરમાં 'મેઝીનીનું જીવનવૃતાંત' નામની ઇંગ્રેજી ચોપડી મળી આવેલી, તેમાં શચીન્દ્રે પુષ્કળ ટીપ્પણો કરેલાં તથા તે ચોપડી પર એનું નામ પણ હતું. "૩૪મે પાને કેટલાક વાક્યો નીચે લીટીઓ દોરેલી હતી અને હાંસિયામાં પેન્સીલ વડે નોંધ કરેલી કે 'લખાણ દ્વારા શિક્ષણ.' લીટીવાળા વાક્યો આ હતાં: 'એના લખાણો દેશમાં ઠેરઠેર ચોરી છૂપીથી પ્રચારવામાં આવ્યા તેના વડે અનેક જુવાન વિચારકો પર નિશ્ચયાત્મક અસર થઈ અને એ નિશ્ચયોનું પરિણામ પાછળથી દેખાયું.' નિશાન–લીટીવાળું બીજું એક વાક્ય આ હતું: જેકોપો રફીની જીનોઆમાં પોતાના સાથી બળવાખોરોને સંબોધી બોલ્યો: જુઓ, જરા ધ્યાનમાં લઈ લ્યો કે આપણે પાંચજ જુવાન માણસો છીએ, આપણાં સાધનો પણ મર્યાદિત છે, અને એક મક્કમ સ્થપાયલી સરકારને ઉથલાવી પાડવા જેવું મહાભારત કામ આપણે માથે આવ્યું છે."

કાશીના ગુન્હેગારોમાંનો એકજ સંયુક્ત પ્રાંતોનો અસ્સલ વતની હતો. મોટે ભાગે બંગાળી હતા અને હિન્દુ તો બધાજ હતા. આખાયે કેસના સંજોગોનું અવલોકન કરતાં એમ કહી શકાય કે બંગાળમાંથી મૂળે પ્રેરણા મેળવનારા એ તોફાનીઓ ધીમે ધીમે વંઠતા જતા હતા, પણ રાસબિહારીના હાથમાં લગામ આવતાં તેમણે

સુદ્ધાં ઘણી કટોકટીને કાળે ખૂબ જબરદસ્ત ખૂનરેજી કરાવતાં સહેજ માં છટકી ગયેલી એક ગંજાવર બળવાબાજી રૂપી સાંકળના મહત્વન અંકોડાનું રૂપ ધારણ કરેલું.

હરનામસિંહનો કિસ્સો

૧૨૨ ઘદરની મોટી બાજી જેમાં કાશી કાવતરાંનેય ગણ લઇએ તે પડી ભાંગ્યા કેડે તુરતજ, ભોપા ળની પાયદળની નવમી ટુકડીનો હવાલદા અને પાછળથી એક લશ્કરી છાવણીન બજારનો ચૌધરી નામે હરનામસિંહ, જાટ પંજાબનો જાટ શીખ, અયોધ્યાના ફૈઝાબાદ નગરમાં કાવતરાં ખોરોની બાજીઓમાં ભાગ લીધા બદલ પકડાયો. રાસબિહારીએ મોકલેલા સચાસિંગ નામના લુધિયાના (પંજાબ)ના એક વિદ્યાર્થીએ આપેલા બળવાખોર સાહિત્ય વડે એ બગડેલો એમ પુરવાર પણ થયેલું. એ પાછળથી પંજાબ ગયેલો અને પત્રિકાઓ વહેંચેલી; એણે એક બળવાવાદી વાવટો અને અહલાને જંગ નામની ચોપડીનો હવાલો પણ લીધેલો. અહલાને જંગમાં હિંદના લોકોને અપીલ હતી કે ઉઠો અને દેશના તમામ ગોરાઓની કતલ કરો અથવા તેમને કાઢી મૂકો. ચોપડી એના ઘરમાંથી મળી આવી. પણ એની પ્રવૃત્તિનુ પરિણામ કશું નહોતું. એ ગુન્હેગાર ઠર્યો અને દશ વરસ જેલ પામ્યો

જુગાંતર પત્રિકાઓ

૧૨૩ ૧૯૧૬ના નવેમ્બરમાં બે બંગાળી જુવાનોને શહેરમ જુગાંતરની ચાલુ પદ્ધતિની પત્રિકાઓ જાહે રમાં ચોંટાડવા માટે બનારસના જીલ્લ માજીસ્ટ્રેટે સજા કરેલી. એમાંનો એક નારા યણ ચંદ્ર દે ફક્ત ૨૪ વરસનો હતો પણ જુવાનોને બગાડવાનું કામ એણે ખૂબ કરેલું, અને બંગાળામાં એક આગગાડી પર બોમ્બ નાંખેલો. ઓરીયેન્ટલ સેમીનરી નામની કાશીની એક નિશાળમ એ માસ્તર હતો ને ધંધો શિક્ષણનોજ કરતો. બીજો ફક્ત ૧૯

વરસનો જ હતો. તે અત્યાર પહેલાં જ જેલ ભોગવતો હતો, કેમકે રાજદ્વારી હેતુઓસર સિક્કા પાડવા માટે એ પકડાયેલો. આ ભયંકર વ્યવસાય એ સુરનાથ ભાદુરી નામના કાશીના એક નામચીન બંગાળીની દેખરેખ હેઠળ ચલાવતો હતો.

બીજા બનાવો

૧૨૪ આ બધા બનાવો પરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે અત્યાર સુધી સંયુક્ત પ્રાંતના લોકોના કોઈ પણ વર્ગમાં બળવાની ચળવળ ઝામી નથી, પણ કાશીનું થાનક અને સંજોગો એવા છે કે એ શહેર હંમેશા ખાસ ભયનું સ્થાન રહેવાનું જ. એ પરથી સાબીત થાય છે કે ચેપ જ્યારે ફેલાયો ત્યારે ઝેરી સાહિત્ય અને વિવેકહીણા તથા લાગણીવશ જુવાનોમાંના પ્રચારકાર્ય વડે બહુ ધીમે ધીમે અને છૂપો પ્રસરતો ગયો; વળી એ સંકુચિત ક્ષેત્રમાં વરસો સુધી એનું તોફાન નિરંકુશ ચાલ્યું, અને છેવટે એક ભયંકર આફત પ્રગટાવવામાંથી માંડમાંડ છટકી ગયેલા કાવતરાંનું રૂપ પામ્યું. કાશીના ગુન્હેગારોના ફેંસલા અપાયા પછી એ શહેરમાં જુગાંતર પત્રિકાઓ જાહેર સ્થળોએ ચોંટાડવામાં આવતી અને ત્યાં શંકાજનક બંગાળીઓની ધરપકડ થતી. સંયુક્ત પ્રાંતોની કૉલેજોમાં દાખલ થયેલા નિશાળીયાઓ બંગાળી બળવાવાદીઓને મળેલા હોવાનું અથવા તેમની સાથે સાંકેતિક ભાષામાં પત્રવહેવાર ચલાવતા હોવાનું ત્રણ વેળા જણાઈ આવ્યું છે. ૧૯૧૮ના ફેબ્રુઆરીની ૧૧મી તારીખે રાત્રે, કાશી કાવતરાં કેસનો નાસી ગએલો આરોપી વિનાયકરાવ કપિલે લખનૌમાં ગોળીથી વિંધાઈ ઠાર થયો, અને એમ માની શકાય કે એના કોઈ બળવાખોર સાથીએજ એને માર્યો. એનું ખૂન કરવામાં વપરાયલી ગોળી મૉઝર પિસ્તોલની હતી એ તો નક્કીજ. પછીની પોલિસ તપાસમાં એક શંકાજનક બંગાળી પકડાયો અને તેજ ઘરમાંથી રોડા કંપનીના ચોરાયલા પાર્સલમા-

નીજ હોય એવી જણાઇ આવતી એ .૪૫૦ રિવોલ્વરો તથા મોઝર પિસ્તોલમાં વપરાતા દારૂના ૨૧૯ પડીકાં મળી આવ્યું. તંબાકુ-પતરાંનો બોમ્બ બનાવવાનો નુસ્ખો સુદ્ધાં મળી આવ્યો. આ બધું મળ્યા પછી એવીજ ચાલુ પત્રિકાઓ જુદા જુદા પ્રાંતોના જુદા જુદા ગામોમાં જાહેરમાં ચોંટેલી દેખાઈ હતી, સત્તાવાળાઓને ડરવવાને વાસ્તેજ. આ તોફાન ઘણું કરી ઠેઠ જુવાનિયાઓનું હશે.

સમાપ્ત